# સેવા સુવાસ



## અનિલભાઈ વિશેષાંક

1941-2019

## સેવા સુવાસ

૧૯૮૪થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતા.

વર્ષ ૨૦૧૨થી બન્ને સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બન્ને સંસ્થાના સમાચારો માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો રજૂ કરતાં રહે છે.

આપણાં સહુના પરમ હિતકારી અને સેવા રૂરલના સ્થાપક ડૉ. અનિલભાઈ દેસાઈનું દુઃખદ અવસાન તા. ૧૬–૪–૨૦૧૯ના રોજ થયું. તેમના જીવન અને કાર્યો આધારિત આ અંક પ્રકાશિત કર્યો છે.

આપ સહુના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું

**નોંધ : આ અંકમાં અનિલભાઈના જીવનના વિવિધ પાસાંઓ નીચે મુજબ પાંચ ભાગમાં આવરી લેવામાં આવ્યાં છે.**


ભાગ–૧. **અનિલભાઈને મેં જેવા જોયા અને જાણ્યા**

ભાગ–૨. **આવા હતા આપણા અનિલભાઈ**

ભાગ–૩ **અનિલભાઈ પછી શું ? અવસાન બાદ સેવા રૂરલના કાર્યકરોનું મનોમંથન**

ભાગ–૪ **અનિલભાઈને ગમતાં ભજનો**

ભાગ–૫ **અનિલભાઈ– તસવીર સ્વરૂપે**




### સેવા સુવાસ સમિતિ

| | | |
|---|---|---|
| જાગૃતિ શાહ | ઘનશ્યામ પટેલ | વિક્રમ વાંસદીયા |
| મૂકેશ પરીખ | મંજુલા માછી | ગાયત્રી પટેલ |
| મનીષ ચૌહાણ | રમેશ ગોસ્વામી | બંકિમ શેઠ |


**ખાસ નોંધ : વાચક મિત્રો, દર ત્રણ માસે પ્રસિદ્ધ થતું સેવા સુવાસ મુખપત્ર આપની અનુકૂળતાએ વેબસાઈટ www.sewarural.org પર પણ વાંચી શકાશે.**

# અનિલભાઈના પ્રેરણાસ્ત્રોત




શ્રી રામકૃષ્ણ દેવ



મા શારદા



સ્વામી વિવેકાનંદ



ગાંધીજી

# પ્રસ્તાવના અને આભાર

અભ્યાસકાળ દરમિયાન સ્વામી વિવેકાનંદના ખિસ્સામાં રહી જાય તેવા પુસ્તક “Thus Spake Vivekananda” ની અસરમાંથી જેનો જન્મ થયો તેનું નામ “સેવા રૂરલ”. અનિલભાઈ અને લતાબહેન, ડૉ.દિલીપભાઈ અને પ્રતિમાબહેન, અરવિંદભાઈ, દિનકરભાઈ, ડૉ. હરેશભાઈ અને ચૌલાબહેન વિગેરે મિત્રોએ ૨૬મી ઓકટોબર ૧૯૮૦માં સેવા રૂરલની શરૂઆત કરી. આ સેવાયાત્રાના રાહબર અનિલભાઈનું અવસાન તા. ૧૬/૪/૨૦૧૯ ના રોજ થયું. અનિલભાઈનું સેવા રૂરલ અને વિવિધ સામાજીક સંસ્થાઓમાં નોંધપાત્ર યોગદાન રહ્યું. ખાસ કરીને, સેવા રૂરલનાં પાયામાં રામકૃષ્ણદેવ તથા વિવેકાનંદ અને ગાંધીજીના જીવન અને કાર્યોમાંથી પ્રેરણા મેળવીને “દરિદ્રનારાયણ” ની સેવાને પરિણામે આજે સેવા રૂરલ સત્ય, પ્રામાણિકતા, પ્રેમ, ઊંચનીચના ભેદભાવ નહિ, સર્વધર્મ સમભાવ અને સમાનતાના મૂલ્યોને ચરિતાર્થ કરે છે, જેને માટે અનિલભાઈએ પોતાની જાત ઘસી નાંખેલી. અમોને ઘણીવાર કહેતાં કે ઈશ્વરે “સેવા રૂરલની યાત્રામાં અમને નિમિત્ત બનાવ્યાં, જેથી અમે ધન્ય બની ગયાં.”

અનિલભાઈનું જીવન અને કાર્ય સેવા રૂરલના કાર્યકરો તથા સમાજના છેવાડાના માણસો માટે મથનારા કર્મશીલો માટે પ્રેરણારૂપ હતું. આથી “સેવા સુવાસ વિશેષાંક” દ્વારા તેમનું વ્યકિતત્વ સમાજ સમક્ષ મુકવાનો એક નમ્ર પ્રયત્ન કર્યો છે. સેવા સુવાસના આ અંકમાં કુલ પાંચ ભાગમાં અનિલભાઈની વાતોને વણી લેવાનો પ્રયત્ન કર્યો છે. આ વિશેષાંકમાં સ્થૂળ રીતે અનિલભાઈના વિવિધ પાસાંઓની વાત કરી છે, પરંતું આપણાં સહુના હૃદયમાં હંમેશ માટે તેમનું સ્થાન એક અનોખી રીતે રહ્યું છે.

આ અંકના પ્રથમ ભાગમાં જે શુભેચ્છકો અને કાર્યકર્તાઓએ પોતાને થયેલા નાનામોટા અનુભવો અને લાગણીઓ વ્યકત કર્યા છે તે સર્વના અમે આભારી છીએ. બીજા ભાગમાં અનિલભાઈ વિશે 'નવનીત સમર્પણ'માં શ્રી વિદ્યુતભાઈ જોષી, શ્રી મનસુખભાઈ સલ્લાએ 'કુમાર' માસિકમાં તથા શ્રી ભીખુભાઈએ અને શ્રી ઈન્દુભાઈ જાનીએ નયા માર્ગમાં શ્રદ્ધાંજલી આપી છે. તે સર્વના અમે હૃદયપૂર્વકના અનુગ્રહી છીએ. ત્રીજા ભાગમાં અનિલભાઈના અવસાન બાદ, સેવા રૂરલના કાર્યકરો સાથે ચાલેલા મનોમંથનનો નીચોડ આપ્યો છે. અંતિમ ભાગમાં અનિલભાઈને ગમતાં ભજનો અને કેટલીક લાક્ષણિક તસવીરો મૂકી છે.

સેવા સુવાસના આ વિશેષાંક માટે વડોદરા શ્રુતિ મંદિરના પૂ. સ્વામી બ્રહ્માત્માનંદજી મહારાજે આમુખ લખીને અમોને ઋણી બનાવ્યા છે.

સેવા રૂરલના કાર્યકરો.......

# આમુખ

## यो मद्भक्तः स मे प्रियः ।।

જે સર્વના પ્રત્યે દ્વેષ રહિત, સર્વનો હિતૈષી, દુઃખીના પ્રત્યે દયાવાન, જીવનમાં જે કાંઈ મળ્યુ છે તેના પ્રત્યે માલિકીભાવ રહિત, નિરંતર મારા અનુસંધાનના કારણે અહંકારથી મુકત, સુખ–દુઃખાદિ દ્વન્દ્વમાં સમભાવ રાખનાર, ક્ષમાવાન, દેહસ્થિતિ બની રહે તે માટે મળ્યું છે તેનાથી સંતુષ્ટ, નિરંતર યોગાભ્યાસ થકી સમાહિતચિત્તવાળો, મને પામવા માટે દ્રઢનિશ્ચયી, નિર્મળ, સરળ તથા સઘળા કર્મો નિષ્કામભાવ રાખી મને સમર્પિત કરનાર મારો ભકત મને પ્રિય છે. શ્રીકૃષ્ણ ભગવાને આપણને આંગળી ચિંધીને દર્શાવવાનું હોય તો કહે, "જો આ મારો ભકત અનિલ મને અતિ પ્રિય છે."

મારી દ્રષ્ટિમાં શ્રી અનિલભાઈએ બાહ્ય સંપત્તિ ભેગી કરવાનું કદી વિચાર્યુ નહી અને આંતરિક રીતે સમૃધ્ધ થવાની એક પણ તક જતી કરી નહીં. ઘણી બધી સંસ્થાઓમાં એવું જોવા મળે છે કે વ્યકિત કરતાં સંસ્થા વધારે મહત્વની હોય અને તેથી વ્યકિતના ભોગે સંસ્થાને મોટી કરવાની હોય. વળી ઘણી જગ્યાએ વ્યકિતને મોટી બનાવવા માટે અથવા વ્યકિતગત સ્વાર્થ સિદ્ધ કરવા માટે સંસ્થાને સાધન બનાવવામાં આવતી હોય છે. આના પરિણામે સંસ્થાપકના મૃત્યુ પછી સંસ્થા પણ નષ્ટ થઈ જતી હોય છે. કોઈ પણ સંસ્થાનો પ્રાણ તેની સાથે સંકળાયેલી વ્યકિતઓ હોય છે. શ્રી અનિલભાઈએ સંસ્થાના વિકાસ અને જોડાયેલ વ્યકિતઓના ઉત્કર્ષને અભિન્ન ગણી સેવા રૂરલને પુષ્ટ કરી છે. તેથી જ આ જીવંત સંસ્થા છે અને ચિરકાળ સુધી બની રહેશે. શરૂમાં ઘણા બધા યુવાનોને સંસ્થા સાથે જોડાતા જોઈને આશ્ચર્ય થયેલું અને શ્રી અનિલભાઈને તેનું રહસ્ય જાણવા માટે પૃછા કરી હતી. તેમનો પ્રત્યુત્તર હતો, "સ્વામીજી હું દરેક વ્યકિતને જેવો છે તેવો ઈશ્વરના સુંદર સર્જનરૂપે જોઉં છું. દરેકમાં ઘણી બધી ક્ષમતા રહેલી જ છે તેમ હું માનું છું. I over - trust the person and therefore the best comes out of him / her." વ્યકિતમાં મૂકેલો વિશ્વાસ જ તેનામાં રહેલ સુંદરતાને બહાર કાઢી લાવે છે. સ્વામીજી (શ્રી દયાનંદજી) કહેતા, "Share the credit and shoulder the responsibility". શ્રી અનિલભાઈમાં આ સ્વાભાવિક હતું. નાની વ્યકિતના મુખમાંથી નીકળેલા શબ્દોમાં પણ ઉન્નતિનો આધ્યાત્મિક સંદેશ વાંચી લેતા મેં તેમને જોયા છે. તેમનામાં બૌદ્ધિક તેજસ્વિતા, કાર્યકુશળતા તથા હૃદયની નિર્મળતાનો સુભગ સંયોગ હતો. ગૃહસ્થ જીવનના આદર્શને તેમણે ચરિતાર્થ કરી બતાવ્યો. ઝઘડિયા જેવું નાનું ગામ તેમની કર્તવ્યનિષ્ઠાને કારણે 'સેવાતીર્થ' માં ફેરવાઈ ગયું.

મારી દ્રષ્ટિમાં શ્રી અનિલભાઈ બુદ્ધિજીવી (બુદ્ધિને અર્થોપાર્જનનું સાધન ગણનાર) ન હતા, બુદ્ધિવાદી (બુદ્ધિને વાદ– વિવાદમાં વાપરનાર) પણ ન હતા પરંતુ તેઓ બુદ્ધિયોગી (પોતાની બુદ્ધિને ઠાકુરને પામવા માટેનું સાધન સમજી જીવનાર) હતા. તેમની વિચાર–વાણી તથા વ્યવહારની શુદ્ધિ તથા ત્રણેયની એકસૂત્રતા અને ઠાકુરમાં અનન્ય શ્રદ્ધા આપણા બધા માટે પ્રેરણારૂપ બની રહેશે. યોગેન્દ્રસિંહ રહેવરે જે ભાવ વ્યકત કર્યો છે કે, 'મને જો બીજો જન્મ મળે તો આ વડીલની સાથે રહીને સેવાની તક મળે તેવી પ્રાર્થના..... ' આનાથી વિશેષ શ્રદ્ધાંજલી શું હોઈ શકે !

અનિલ (પવન)ને કોઈ પકડી શકતું નથી. પરંતુ ચતુર પક્ષી પોતાની પાંખો ફેલાવી વંટોળમાં પોતાને સ્થાપિત કરી દે છે અને પવન તેને ઊંચે ઊંચે આસમાનમાં પહોંચાડી દે છે. (પક્ષી અનાયાસે guide થાય છે.) તેમ બધા અનંતના યાત્રીઓ શ્રી અનિલભાઈએ પોતાના જીવન દ્વારા ચીંધેલા માર્ગે સમર્પિત થઈને જીવશે તો પ્રભુ આધ્યાત્મિક ઉન્નતિના ચરમ શિખર પર પહોંચાડી દેશે તેવો મને વિશ્વાસ છે. જેમનું જીવન એક ઉત્સવ સમાન હતું તેમની વિદાય પણ મહોત્સવ છે તેમ જાણવું. આ ગૃહસ્થ સાધુને મારા શત્ શત્ પ્રણામ.

**શ્રુતિમંદિર** **સ્વામીશ્રી બ્રહ્માત્માનંદ**

**વડોદરા**

**તા. ૨૬–૧૦–૨૦૧૯**

◈

# અનુક્રમણિકા


- અનિલભાઈ દેસાઈનું જીવનચરિત્ર ૧
- સેવા રૂરલની જન્મગાથા ૪

**ભાગ ૧ : અનિલભાઈને મેં જેવા જોયા, જાણ્યા** ૧૩

૧. પ્રેમ સભર અનિલભાઈ –પ્રવ્રાજીકા જ્ઞાનમયપ્રાણા ૧૪
૨. મારા ઈષ્ટમિત્ર – ડૉ. લતા દેસાઈ ૧૭
૩. રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓના સત્સંગ અને સાંનિધ્યમાંથી –એક ઈષ્ટમિત્ર ૧૮
૪. જીવનમાં આચરણ – ડૉ. હસમુખભાઈ સાધુ ૨૦
૫. આદર્શ જીવન જીવનારા – પીયુષભાઈ ઓ. દેસાઈ ૨૧
૬. અનિલભાઈ : સેવા અને ભકિત માર્ગના યાત્રી – ડૉ. ભરત ભગત ૨૨
૭. "Don't seek, Don't Avoid " – ડૉ. હેમા રાજેશ મહેતા ૨૩
૮. એક વિશેષ નેતૃત્વ – ડૉ. રાજેશ મહેતા ૨૫
૯. ડૉ. અનિલ : એક તબીબી સંત – ડૉ. પ્રદીપ દેસાઈ ૨૬
૧૦. અનિલભાઈ –કર્મ, ભકિત અને જ્ઞાનયોગનો સમન્વય – ડૉ. કિશોર–વર્ષા મિસ્ત્રી ૨૭
૧૧. સત્ય અને મૂલ્યોને આચરણમાં ઉતારનારા – ડૉ. ધિરુભાઈ શાહ ૨૭
૧૨. મારા અનિલકાકા – પ્રાચી ત્યાગરાજન ૨૮
૧૩. અનિલભાઈ સાથેની એ યાદગાર પળો – અરવિંદ દેસાઈ ૨૯
૧૪. અનિલભાઈ દીર્ઘદષ્ટા અને કર્મયોગી – ડૉ. રોહન ચરીવાલા ૩૦
૧૫. યાદ ન જાયે બીતે દિનોકી – ડૉ. મુકેશ – માયાબેન દવે ૩૨
૧૬. પૂજય અનિલભાઈ સાથેની યાદો – બિમલ – ઝંખના શેઠ ૩૪
૧૭. અણમોલ માનવરત્ન : ડૉ. અનિલ દેસાઈ – ડૉ. પંકજ એમ. શાહ ૩૫
૧૮. "Let life be an offering" – ડૉ ઉષા અને અજીત મહેતા ૩૬
૧૯. અમારા વ્હાલા અનિલભાઈની યાદમાં – મહેન્દ્ર અને વંદના જાની ૩૭
૨૦. "જન સેવા એ જ પ્રભુસેવા"ના મારા આદર્શ પ્રણેતા– શ્રધ્ધા પટેલ ૩૯
૨૧. શ્રી અનિલભાઈને અમારી હાર્દિક શ્રધ્ધાંજલિ– ગીતા રમેન્દ્ર પરીખ ૪૧
૨૨. તુમિ જીવન ભૂલે કોન અંનત સાગરે...– ડૉ. ચંદ્રકાંત વોરા ૪૩
૨૩. મારી દષ્ટિએ ડૉ. અનિલભાઈ દેસાઈ– ફીરદૌશ એમ. મન્સુરી ૪૫
૨૪. Happy Birthday to My Manomay – શાંતા પટેલ ૪૫
૨૫. સેવા રૂરલને આદર્શ સંસ્થા બનાવનાર – સુભાષભાઈ શાહ ૪૭
૨૬. ઝઘડિયાનું તીર્થસ્થાન : સેવા રૂરલ – ઈન્દુભાઈ વાળંદ ૫૨
૨૭. અમારા માતા–પિતા સમાન લતાબેન –અનિલભાઈ– સુનિતા વસાવા ૫૪
૨૮. આદરણીય સ્વ. અનિલભાઈ (દાદા)ની યાદમાં – યોગેન્દ્રસિંહ રહેવર ૫૪

૨૯. મારી દષ્ટિએ સેવા રૂરલના રાહબર એવા અનિલભાઈ– મયંક પંડયા ૫૫
૩૦. સેવા રૂરલ : મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ – બંકિમ શેઠ ૫૮
૩૧. અમારા પ્રેરણાસ્ત્રોત : ડૉ. અનિલભાઈ દેસાઈ – ૫રવિન્દા પટેલ ૫૯
૩૨. વિરલ – નેહા ૫રીખ ૬૦
૩૩. અમારા નર્સ બહેનોના પિતા સમાન અનિલભાઈ – મંજુલા વસાવા ૬૧
૩૪. અમારા બુર્ઝુગ – નફીશા શેખ ૬૨
૩૫. પૂ. અનિલભાઈની પ્રેરણાથી આવેલ મારા જીવનમાં ફેરફાર– ગાયત્રી પટેલ ૬૨
૩૬. સ્વવિકાસ માટે હંમેશા પ્રોત્સાહન આપનાર – દિલીપ પટેલ ૬૩
૩૭. અનિલભાઈની વાત– ડૉ. કલ્પના ગીરીશ શાહ ૬૪
૩૮. સ્થાનિક સમુદાય માટે આશીર્વાદ સમાન– રમેશ ગોસ્વામી ૬૫
૩૯. પરોપકારી જીવનનું ઉદાહરણ– બકુલ લિંબચીયા ૬૭
૪૦. ડૉ. અનિલભાઈ દેસાઈ....અમારા પથદર્શક – વિનોદ, જાગૃતિ શાહ ૬૮
૪૧. હંમેશા પ્રોત્સાહન આપનાર અનિલભાઈ – રંજન અટોદરિયા ૬૯
૪૨. અનિલભાઈ મારે મન – ડૉ. શોભા અને ડૉ. પંકજ શાહ ૭૦
૪૩. અનિલભાઈએ આપેલું નામ– KD – કુમુદબેન દેસાઈ ૭૧
૪૪. અમારા પૂ. અનિલભાઈ કેવા હતા ! – વિક્રમસિંહ વાંસદીયા ૭૨
૪૫. અનિલભાઈ, આધ્યાત્મિક જીવન જીવી જનાર સંતપુરુષ – ડૉ. ધીરેન મોદી ૭૩
૪૬. આધ્યાત્મિક દષ્ટિકોણના પ્રણેતા : ડૉ. અનિલભાઈ – સરાધ વસાવા ૭૪
૪૭. મારી ચિંતા કરતા દાદા – આર્જવ શ્રેય દેસાઈ ૭૫
૪૮. મને દાદા બહુ ગમે – અસ્મી શ્રેય દેસાઈ ૭૬
૪૯. અનિલભાઈ : અમારા પિતા, મિત્ર, આદર્શ અને સાધનાપથના સહયાત્રી – ડૉ. શ્રેય દેસાઈ અને ડૉ. ગાયત્રી દેસાઈ ૭૬
૫૦. અમારા આત્મીય અનિલકાકા – હેમાંગિીની– ધર્મેશ દેસાઈ ૭૮

**ભાગ–૨. આવા હતા આપણા અનિલભાઈ** ૮૦
૫૧. ડૉ. અનિલભાઈ – મનસુખ સલ્લાં ( "કુમાર" માંથી ) ૮૧
૫૨. ડૉ.અનિલ દેસાઈ અને સેવા રૂરલનો યજ્ઞ–વિદ્યુત જોષી("નવનીત સમર્પણ"માંથી) ૮૫
૫૩. 'બી ગુડ–ડુ ગુડ' – ઈન્દુકુમાર જાની ( "નયામાર્ગ"માંથી) ૮૯
૫૪. શાશ્વત મૂલ્યો જયોતિર્ધરઃ અનિલભાઈ દેસાઈ–ભીખુભાઈ વ્યાસ("નયામાર્ગ"માંથી)૯૦

**ભાગ–૩ અનિલભાઈ પછી શું ? અવસાન બાદ સેવા રૂરલના કાર્યકરોનું મનોમંથન** ૯૩

**ભાગ–૪ અનિલભાઈને ગમતાં ભજનો** ૧૦૨

**ભાગ–૫ અનિલભાઈ તસ્વીર સ્વરૂપે** ૧૧૩

# શાશ્વત મૂલ્યોના પહેરેગીર,
# શૂન્યવત્ બની સેવા કરનારા ડૉ. અનિલ દેસાઈનું જીવનચરિત્ર

ડૉ. અનિલભાઈ છોટુભાઈ દેસાઈનો જન્મ મેમિયો, બર્મામાં ૨૦ નવેમ્બર ૧૯૪૧ ના દિને થયો હતો. તેઓ પિતા છોટુભાઈ અને માતા જીણીબહેનના સૌથી નાના સંતાન હતા. તેમનાથી મોટા બે ભાઈ અને એક બહેન. વલસાડના અનાવિલ છોટુભાઈ બર્મામાં ધીકતો ધંધો કારોબાર કરતા હતા. દુર્ભાગ્યવશ બીજા વિશ્વ યુધ્ધના પ્રતાપે તેમના ભાગ્યનું ચક્ર ફેરવાઈ ગયું અને બધો કારોબાર અને સંપત્તિને છોડી રાતોરાત જીવ બચાવવા બર્મા છોડવું પડયું. બર્માથી ઉપડેલા છેલ્લા વહાણમાં સર્વ પરિવારજનોને ભારત મોકલી આપી તેઓ પણ કારોબાર આટોપી ભારત આવી ગયા. આ સમયે અનિલભાઈ નાના બાળક હતા. પરિવારની પલટાયેલી પરિસ્થિતિને માતાનું મગજ સહન ન કરી શકતાં માનસિક બિમારીમાં સપડાઈ ગયા. એમ હવે ચાર સંતાનો સાથે પરત આવેલા આ કુટુંબને કોઈ આધાર ન રહેતા તેઓને નજીકના સગા વહાલાઓએ અપનાવી લીધા. પણ તેમ કરતાં દરેક સભ્ય જુદાજુદા પરિવારમાં જવાના કારણે પરિવારનો માળો વિખરાઈ ગયો. આ સિલસિલામાં અનિલભાઈને વલસાડ ખડકી–ભાગડાના શ્રી ગોપાલજી દેસાઈ અને ગજરાબેને પુત્ર તરીકે સ્વીકારી લીધો. એમના નાના પુત્રનું અવસાન થયું હતું તેથી તેનું સ્થાન બા ગજરાબહેન અને પિતા ગોપાલજીના હૃદયમાં અનિલભાઈએ પુત્રરૂપે પ્રાપ્ત કર્યુ. શ્રી ગોપાલજી દેસાઈને અનિલભાઈ ઉપરાંત બે પુત્રો અને એક પુત્રી હતા. આ નવો સંબંધ તેમણે સમગ્ર જીવનમાં ખૂબ હેતથી નિભાવ્યો છે.

તેમનો સ્વભાવ આનંદી અને રમતિયાળ હતો. અભ્યાસ કરતાં તેમને રમતગમતમાં ખૂબ રસ પડતો અને આ કારણે સ્કુલમાં અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી બનીને રહ્યા. આમ એમનું જીવન પોતાની રીતે ચાલતું રહ્યું; પણ પ્રભુએ કંઈ જુદું વિચારેલું. સાયન્સ કૉલેજમાં આવતાં જ અભ્યાસમાં ખૂબ ગંભીર થઈ ગયા અને ઈન્ટર સાયન્સમાં સારા માર્કસ પ્રાપ્ત કરી સીધી બી. જે. મેડીકલ કૉલેજ, અમદાવાદમાં છલાંગ મારી અને M.B.B.S.માં પ્રવેશ મેળવી લીધો. અભ્યાસ પૂર્ણ થયો અને ઈન્ટર્નશીપ શરૂ થઈ તે દરમિયાન બાવળા હૉસ્પિટલમાં ઈન્ટર્નશીપ માટે પહોંચી ગયા અને ત્યાં એક નવા મધુર પ્રકરણનો પ્રારંભ થયો. લતાબહેન મનમોહનદાસ શાહ તેમના જ સહાધ્યાયી, બાવળામાં ઈન્ટર્નશીપ કરતાં હતાં. બન્નેનો પરિચય થયો, જે પછી પરિણયમાં ફેરવાઈ ગયો અને બન્નેએ જીવનસાથી બનવાનું નકકી કર્યુ. આમ જોઈએ તો બંનેની પ્રકૃતિમાં ઘણો ફેર હતો અને છે. પણ પ્રકૃતિભેદની સામે બન્નેએ એક પ્રકારની ઉચ્ચ સમજ કેળવી અને એકબીજાના સાચા અર્થમાં પૂરક બની ગયા. સમગ્ર જીવન એ જ મધુર લયમાં પસાર કર્યુ. લતાબહેનના કાકા સ્વાતંત્ર્ય સેનાની હતા અને વૈચારિક રીતે સાંગોપાંગ ગાંધીયન હતા. તેમના સત્સંગથી લતાબહેનમાં પણ એવા જ ઉત્તમ અને થોડા ક્રાંતિકારી વિચારો આવી ગયેલા. આમ તેમનું જીવન ગાંધીયન તત્વથી પ્રેરિત હતું. જેમાં હવે ભળ્યો અનિલભાઈનો સ્વામીજીનો સંદેશ. આમ ગંગા–જમનાનું મિલન થતાં બન્નેએ બન્ને વિચારધારાઓ જીવનમાં અપનાવી લીધી. પ્રકૃતિભેદે તેમને બન્નેને જીવનના રાહને અલગ બિંદુથી જોવાનું અને તેનું સુભગ આયોજન કરવાનું શીખવી દીધું. બન્ને વાચાળ, આદર્શવાદી હતા. અનિલભાઈએ

લતાબહેન ને સાથ, સહકાર, હુંફ, સન્માન અને સ્વતંત્રતા આપી, જે આજે પણ આપણે ખૂબ ઓછા દંપતિઓમાં જોઈ શકીએ છીએ. તેમણે ન તો ગ્રહો મેળવ્યા, ન તો લગ્નના દિવસ, ન ચોઘડિયું જોયું; બસ પરણી ગયાં ને દેવદુર્લભ દંપતિ બનીને એકમેકને પ્રેરણારૂપ જીવન જીવી ગયાં. અનિલભાઈ વિશિષ્ટ હતા, તો લતાબહેન પણ કમ ન હતા. તેઓ પણ ઊંચા આદર્શ સેવતા હતા. તેમના જીવનમાં ધન, માન કે સુખ સગવડને બહુ સ્થાન ન હતું. એથી બન્ને એકબીજા માટે એક અનુપમ આદર્શ બનીને જીવ્યાં.

ઈન્ટર્નશીપ દરમિયાન ઘણા મિત્રો સાથે બન્ને સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળ્યા અને રાત્રે ટ્રેનમાં અંધારપટ થઈ ગયો. ખબર પડી કે ૧૯૬૫નાં ભારત–પાક યુધ્ધ દરમિયાન પાકિસ્તાને બોમ્બમારો શરૂ કરેલો. આગળ તેમને જાણવા મળ્યું કે લશ્કરમાં ડૉકટરની તીવ્ર તંગી છે અને દરેક રાજય પાસે ૨૫ વોલેન્ટીઅર ડૉકટરની માંગ મૂકી હતી. તે સમયે ગુજરાતમાંથી સૈન્યમાં જવું ખૂબ કઠિન લાગતું; પણ આ બન્નેએ તો બીજા મિત્રો સાથે મળીને દેશની સેવા કરવાનો નિર્ધાર કરી લીધો અને જરૂરી કાર્યવાહી કરી, ખરેખર આર્મીમાં ભરતી થઈ ગયાં. અનિલભાઈને ઝાંસી હૉસ્પિટલમાં અને લતાબહેનને લખનૌ આર્મી હૉસ્પિટલમાં મોકલ્યા. સમયે સમયે મળતા રહેતાં અને છેવટે જુલાઈ ૧૯૬૭માં લગ્નગ્રંથિથી જોડાયાં.

યુધ્ધ તો કયારનું પૂરું થઈ ગયું; પણ આર્મીમાંથી મુકત થવું સહેલું ન હતું. સાથે સાથે જીવનમાં સેવેલા જીવનના આદર્શોને પણ ચરિતાર્થ કરવાના હતા. અનિલભાઈને સલાહ મળી કે બાની તબિયત નાજુક હોવાથી તેના આધારે રાજીનામું આપવું અને છૂટા થઈ જવું. પણ આદર્શને વરેલાથી અસત્યનો આશરો કેમ કરી લેવાય? તેથી તેવો ખોટો રસ્તો નથી જ લેવો તેમ નકકી કર્યું. આવી મુશ્કેલીના સમયે દૈવી સહાય મળી જ જશે તેવી તેમની શ્રધ્ધા હતી. આવી શ્રધ્ધા ઈશ્વરને મદદ કરવા મજબુર કરતી હોય છે. સંજોગો બદલાતા ૧૯૬૯માં આર્મીએ પહેલા લતાબહેનનું અને પછી અનિલભાઈનું રાજીનામું સ્વીકારી આર્મીમાંથી મુકત કર્યા. તે પછી તેમણે બન્નેએ મેડિકલ કૉલેજમાં પરત જઈ આગળ અભ્યાસ શરૂ કર્યો. અનિલભાઈ સર્જરીમાં એમ.એસ. થયા અને લતાબહેન બાળરોગના નિષ્ણાત (એમ. ડી.) થયા. ભાવિ જીવન માટે શિક્ષણનું ભાથું તો ભરી દીધું પણ બંને હતા ફકકડ ગિરધારી! હવે સેવા કઈ રીતે કરવી? એટલે નિર્ધાર કરી અમેરિકા ગયાં. એક જ આદર્શ કે બને તેટલા ટુંક સમય માટે ત્યાં રહી ખપ પૂરતાં નાણાં મેળવી ભારત પાછા ફરી મૂળ આદર્શ માટે કામ શરૂ કરવું.

અહી આવીને સૌપ્રથમ મૂળ આદર્શ માટેની કર્મભૂમિની શોધખોળ મિત્રો સાથે આરંભી. ગુજરાતમાં ઠેરઠેર ફર્યા. ખૂબ અભ્યાસ કર્યો અને જાણવા મળ્યું કે ઝઘડીયામાં ૧૨ પથારીની ટ્રસ્ટ સંચાલિત મેટરનિટિ હોમમાં ડૉકટરની તાતી જરૂર છે. તેના સંચાલકોએ આ મિત્રો સાથે વાર્તાલાપ દરમ્યાન પરિચય મેળવી તેમને આ સ્થાન સ્વીકારી કામ શરૂ કરવાનું ઉદાર હૃદયે આમંત્રણ આપ્યું. આમ ૧૯૮૦ના ઑકટોબરમાં નવા ઈતિહાસનો પ્રારંભ થયો. અનિલભાઈ અને લતાબહેને પોતાની ભાવિ (SEWA) સંસ્થા સેવા રૂરલ ટ્રસ્ટને રજીસ્ટર કરાવી તેના નેજા હેઠળ અહી કામ શરૂ કર્યુ. જેનાં અન્ય સાથીઓ હતા અનિલભાઈના બાળ મિત્ર દિલીપભાઈ દેસાઈ, પ્રતિમાબહેન, અરવિંદભાઈ, ડૉ. હરીશભાઈ, ચૌલાબહેન, દિનકરભાઈ કે જેઓ અમેરિકામાં અને ભારતમાં ઉચ્ચ શિક્ષણ મેળવી ચુકેલાં. સહકાર્યકરોનું આ નવું જૂથ હવે કામે લાગી ગયું.

સ્થાન મળી ગયું, સહકાર્યકરો મળી ગયાં, કામ શરૂ થઈ ગયું. સાથે સાથે મુશ્કેલીના પહાડો પણ ઊભા થવા લાગ્યા. સાવ અજાણ્યા નવા આગંતૂકોને શરૂઆતમાં ગામમાં કોઈ ભાડે ઘર આપતાં સ્વાભાવિક રીતે ખચકાય. જેથી બાથરૂમ–સંડાસ વિનાના, જૂની વખાર (જીન) જેવા ઘરમાં અમેરિકાથી આવીને રહેવાની શરૂઆત કરી. મોટો વિરોધાભાસ તો હતો જ; પરંતુ હૃદય આદર્શ, ઉમંગ અને આધ્યાત્મિક ભાવથી રંગાયેલું, એટલે આ કંઈ નડી ન શકયું. કાળાબજારમાં મળતો ગેસ સિલીન્ડર કેમ સ્વીકારે ? સત્યની સાથે બાંધછોડ તો ન જ કરાય. એટલે રસોઈ શરૂ થઈ ચૂલા અને પ્રાઈમસ પર. પાણીની સગવડ નહી એટલે દૂરથી પાણી લાવવું પડે. એ. સી. તો છોડો, વીજળી વારંવાર જતાં મચ્છરના ત્રાસ વચ્ચે પંખા વગર પણ ચલાવવું પડયું.

સેવા રૂરલની સ્થાપના (૧૯૮૦)માં તે સમયે અનિલભાઈ અને લતાબેનની ઉંમર ૪૦ વર્ષની, પણ અદમ્ય ઉત્સાહ અને કાર્યશકિત યુવાન જેવા. ૧૯૮૫માં જયારે અનિલભાઈને આંતરડાનું કેન્સર થયું તે ખરેખર એક વસમી વેળા હતી. તે સમયે તેમણે જીવનમાં પ્રાપ્ત કરેલી આધ્યાત્મિક સમજણ અને ગંભીરતાથી આ પરિસ્થિતિનો ગહન સમર્પણ ભાવથી સ્વીકાર કર્યો. ઈશ્વરકૃપાથી સર્જરી અને કિમોથેરાપીના ઉપચારથી તેઓ રોગમુકત થયા તે ચમત્કાર જ ગણી શકાય. આ ઘટના પછી તેઓ આધ્યાત્મિક સાધનામાં ઊંડા ઊતરી ગયા. દૈનિક કાર્યને ઓછું પ્રાધાન્ય આપ્યું, પણ તેને છોડી ન દીધું. તે પછી પણ શારીરિક બિમારીના નિતનવા હુમલા આવતા રહ્યા. પોતાના અદમ્ય આત્મવિશ્વાસ, ઈશ્વરકૃપા અને સમર્પણભાવથી દરેક જીવલેણ પરિસ્થિતિનો સામનો કરતા રહ્યા અને ફરીફરીને સહજ તંદુરસ્તી પાછી મેળવી કાર્યરત રહ્યા. શરીર અશકત રહ્યું પણ આંતરિકશકિત અખૂટ રહી. ૨૦૦૪માં બ્રેઈન સ્ટ્રોક આવ્યો. તે પછી બ્રેઈન હેમરેજ થયું અને તાત્કાલિક સર્જરીથી સ્વસ્થ થયા. આગળ જતાં કમરની તકલીફ શરૂ થઈ અને કમરની બે સર્જરી કરાવવી પડી. તેમાંથી સ્વસ્થ થયા પછી પણ બિમારીએ જીવનભર તેમનો પીછો છોડયો નહીં.

૨૦૧૬માં કિડની કામ કરતી બંધ થઈ ગઈ અને રેગ્યુલર ડાયાલિસીસ શરૂ થયું. પરંતુ, આ બિમારીઓ તેમના જીવનના મુખ્ય કાર્યથી તેમને વિમુખ ન કરી શકી. તે તો અવિરત ચાલુ જ રહ્યું. એક તરફ શારિરીક પીડા, તો બીજી તરફ આત્મબળ અને ઈશ્વરમાં પૂર્ણ શ્રધ્ધા દ્વારા તેમણે પોતાના ઉત્સાહ અને આનંદને ખંડિત ન થવા દીધા. ઊલટાનો એ ઉત્સાહ અને આંનદ બીજાને પણ આપી ગયા. ઉપરાઉપરી થયેલા હુમલા અને વિઘ્નો વચ્ચે પણ એ કહેતા કે ડાયાલિસીસના ચાર કલાક મને સંપૂર્ણ એકાંત આપે છે જેમાં મને જપ– ધ્યાન–ભજન દ્વારા ઈશ્વરની નજીક રહેવાનો મૂલ્યાવાન સમય મળે છે. આ ઉપાસના દ્વારા પીડાને પ્રાર્થનામાં ફેરવવાની વાત કેટલી પ્રેરણાદાયક છે ? ડિસેમ્બર ૨૦૧૮માં તેમને કમરમાં ઈન્ફેકશન થયું, તે ખૂબ પીડાજનક બનતાં તેને દૂર કરવા એંટીબાયોટીક દવા અનિવાર્ય બની. એંટીબાયોટીક દવાની આડઅસરમાં તેમણે સાંભળવાની ક્ષમતા કાયમ માટે ગુમાવી દીધી. આ થવાથી ભજન સાંભળવાની એમની અતિ પ્રિય પ્રવૃત્તિઓનો અંત આવ્યો. આ કદાચ એમના માટે ખૂબ દુઃખદાયી નીવડયું, પણ તેને પણ એમણે સમર્પણભાવથી સ્વીકારી લીધું. એમનું સંપૂર્ણ જીવન પ્રેમમય હતું. લોકોની સાથે વાતો કરવી અને સર્વેને આનંદ, ઉત્સાહ, માર્ગદર્શન આપવા તેમને ગમતું. તેમની શૈલી રસાળ, હળવી અને વિનોદવૃત્તિથી પૂર્ણ હતી. હમેશાં તેમની નજીક હાસ્યના ફુવારા ઉડતા

રહેતા, જેના ઉપર સાંભળવાનું બંધ થતાં વિરામ આવી ગયો. આમ છતાં, તેમનું આધ્યાત્મિક ઊંડાણ, સમજ અને પ્રભુપ્રીતિ સૌને માટે પ્રેરણાદાયક પણ હતાં અને આશ્ચર્યજનક પણ હતાં. કમરની અસહ્ય પીડા દૂર કરવા ફરી એક વખત આ સર્જન ઑપરેશન ટેબલ પર તા. ૧૬ માર્ચના રોજ ગયા. ઑપરેશન સારું થયું. થોડી રાહત પણ મળી. પણ તેમણે ભવિષ્ય ભાખેલું કે એક મહિનામાં પૂર્ણ સારું ન થઈ જાય તો તેઓ બાજી સંકેલી લેશે. થયું પણ તેમ જ. બરોબર તા. ૧૬ એપ્રિલે તેઓ દેહમુક્ત થઈ હંમેશ માટે પ્રભુમાં લીન થઈ ગયા.

**(લેખક: સેવા રૂરલ પરિવાર**
**ભૂમિપુત્ર તા. ૧૬–૫–૨૦૧૯**
**અંકમાંથી સાભાર)**

## સેવા રૂરલની જન્મગાથા

બાળકનો જન્મ થાય ત્યારે અને ૨–૩ વર્ષનો થાય કે સૌ કોઈ–મિત્રો, સગાંવહાલા વિ. આનંદમાં ભાગીદાર થાય–ખૂબ વાહ વાહ કરે એ સ્વાભાવિક છે પણ તે પહેલાં મા–બાપે ભણી–ગણી, નોકરી–ધંધો કરી, જીવનમાં સ્થિરતા લાવી, બાળકનાં જન્મનો નિર્ણય કરી, જાત જાતનાં સંકટો વેઠી માએ નવ માસ અને જન્મ વખતનું કષ્ટ વેઠી જે પોતાની જાતને ભૌતિક – માનસિક રીતે તૈયાર કરી હોય એનો ખ્યાલ તો સૌને ન જ હોય, એ પણ સમજી શકાય છે. આમ સેવા રૂરલનાં જન્મ પહેલાંની સઘળી તૈયારીની કેટલીય વાતો સૌથી અજાણ હોય એમ માની અનિલે અને મેં લગ્ન પહેલાં અને અમે ચારે એ લગ્ન પછી કેવી રીતે સેવા રૂરલ ૧૯૮૦માં ચાલુ કર્યું અને શરૂઆતનાં વર્ષોની મુશ્કેલીઓ નવ મિત્રોએ પાર કરી એ વિશે અત્યારના સેવા રૂરલનાં સૌ સહભાગીઓને જણાવવા પ્રયત્ન કરીશ.

અનિલના અને મારા સંબંધો તો વલસાડમાં પ્રાઈમરી– સેકન્ડરી હાઈસ્કુલથી શરૂ થઈ આજ સુધી જીવંત રહ્યા છે.

અમારી બન્નેની ગાઢ મિત્રતા તો Int. Sc. (અત્યારનું 13th Year)થી જ થઈ. બંને 1st year college માં વલસાડથી બહાર ગયા અને Int. Sc. માં B group લઈ વલસાડ કૉલેજમાં આવ્યા. અનિલ તો ભણવામાં હોશિયાર અને ખૂબ આત્મશ્રધ્ધા ધરાવતો અને હું તો સામાન્ય વિદ્યાર્થી અને પરિક્ષામાં ગભરાટ થાય એવી મનોવૃત્તિવાળો 1st year college માં મુંબઈ ભણવા ગયો ત્યાં મારો ગભરાટીયો સ્વભાવ જોઈ એક પ્રોફેસરે મને 'Thus spake vivekanand' ની Pocket book આપી અને કહ્યું 'આ વાંચતા તારો

ગભરાટ દૂર થઈ જશે.' 1st year અને Int. Sc. માં તો મન પર સામાજિક દબાણ એટલું હતું કે એ Booklet નો કોઈ ફાયદો થયો નહિ. પ........ણ ઠાકુર (કે જેને અમે જાણતા પણ નો'તા) કેવી–ક્યારે–કેટલી કૃપા કરે એનો ખરો તાગ તો બીજા બે–ત્રણ વર્ષ પછી જરા–તરા સમજાવા લાગ્યો અને બીજા ૧૦–૧૫–૨૦... વર્ષમાં તો કૃપાસાગરમાં ન્હાતા જ રહ્યા – મઝા કરતા જ રહ્યા – આજે પણ એ જ મહાસાગરમાં તરવાની મઝા લઈએ છીએ. ટૂંકમાં **'Thus spake vivekanand' અને ઠાકુરકૃપાએ મને અને અનિલને એક કરી દીધા. અને 'એક' એટલે એવા કે કદી છૂટા જ ન પડીએ. વળી વિચારોની એકતા અને એકબીજાને સમજવાની એકતા પણ એવી કે બંને એક જ વાકયમાં આખા પરેગ્રાફની Detail સમજી લઈએ. આમ ભવિષ્યના 'સેવા રૂરલના બીજ અમારી જાણ વગર રોપાયાં.**

અનિલ તો 1st class લાવી. Medical college માં અમદાવાદ ગયો અને હું વલસાડ કોલેજમાં B. Sc. માં. પણ ૧૯૬૧ પછી જેટલો સમય અમે વલસાડ હોઈએ ત્યારે વેકેશનમાં કે બીજી રજાઓમાં અને હું અમદાવાદ જાઉં ત્યારે Medical college ની Hostel માં જ રહું. (આથી જ C. K. - ધીરૂ વિ. ને ત્યારથી જ ઓળખતો અને દિનકરની ઓળખાણ પણ C. K. ને લઈને થઈ.) અમે જરાય છૂટા પડીએ જ નહીં. અને હમેશાં વાત–વાત ને વાત ચાલુ જ. અનિલના બાપુજીના શબ્દોમાં 'વાત–વાત... એવી તે શું કરો કે પૂરી જ ન થાય?' આ રીતે સ્વામીજીને વાંચી–વિચારી વાતો (Discuss) કરી **એક નિર્ણય પર બંને આવ્યા કે 'સ્વામીજીના આદર્શોને પગલે એણે ચીંધેલા માર્ગે ચાલી, ભારતનાં ગરીબોની સેવા કરવી કે જેથી જીવન આનંદથી સંતોષકારક જીવાય.'**

હવે ખરી આંતરિક તૈયારી શરૂ થઈ. ઠાકુરકૃપાએ દરરોજ પ્રાર્થના–વાંચન (સ્વામીજી–ગાંધીજી વિ. ના વિચારોનું) ચાલુ કર્યા. સ્વામીજીના એક વિચારને કે 'સૌ યુવાનો એ અમેરિકા જવું કે જેથી **'You learn to breath freedom and also learn how to organize as these two are key strength of America'** અમે બન્નેએ તૈયારીનાં ભાગરૂપે U. S. જવાનું વિચાર્યું. હું અને પ્રતિમા Ph. D. કરવા 1965-66 માં ગયા અને Ph. D.પત્યું. ત્યારે ૧૯૭૨માં અનિલ – લતાભાભી મીરાં અને બા M.S.-M.D. કર્યા બાદ અમેરિકા આવ્યાં.

એક વખત મને Prayer વખતે છાતીમાં દુઃખી આવ્યુ. Prayer પછી વાત કરી કે તરત જ અનિલે કહ્યું 'કાલે જ EKG લઈ જોઈ લેવું પડે' EKG એ તો મહામાયાનો ખેલ ચાલુ કર્યો પછી Result નીકળ્યું, 'Nonspecific change in T' અનિલે કહે 'Oh Boy ' આવો EKG ભારતમાં જુએ તો ૩ માસ સૂઈ જવું પડે. આ Risk દિલીપનાં hyperactive સ્વભાવ સાથે લેવાય નહિ કારણ કે બાકીનાં બધાને ટેન્શન ઊભું થાય. બધા ડૉક્ટર મિત્રો મળ્યા અને નિર્ણય પર આવ્યો કે જો Nonspecific નું specific conclusion કરવું હોય તો 'કોરોનરી એન્જીયોગ્રાફી કરવો પડે પણ તે સમયમાં તો અમેરિકામાં આ Procedureમાં ૧૦–૧૨ દિવસ હોસ્પિટલમાં રહેવું પડતું અને 4% death થતા (40 per thousand). વાત સાંભળતા સ્વાભાવિક રીતે પ્રતિમાનું tension વધી ગયું. બધાએ સમજાવી – આમ પણ હિંમત તો હતી જ અને ઠાકુર પરની શ્રધ્ધાએ બધાની હિંમત વધારી. નક્કી થયું, અનિલે એના Sr. Prof. લીવોવીટઝને કહીને એની જ હોસ્પિટલમાં એન્જીયોગ્રામ શક્ય તેટલી બધી જ કાળજીથી ઠાકુરકૃપાએ ૯૬%માં નંબર

લાગ્યો અને **આજે પણ અનિલની દૂરંદેશી અને કાળજીને લઈને હિમાલયે પણ જઈ શકાય અને બનારસ પણ!**

અમેરિકા મળ્યા તે પહેલાં Medical College માં અતિ અગત્યનો પ્રસંગ બન્યો. અનિલ યુવાનીનાં દિવસોથી જ ખૂબ પ્રમાણિક. વિચાર અને વર્તનમાં એકરૂપતા હોવી અતિ અગત્યની એ જીવનમાં એણે પચાવેલી. તેનો પ્રસંગ જાણવા જેવો. ૧૯૬૫ની India-Pak War થઈ ત્યારે Army એ appeal કરી કે 'ગુજરાતે' 30 Medical doctors army માં Short service માટે મોકલવા. આ વખતે અનિલ વિ. ની Internship ચાલે. સમાચાર વાંચી ને હોસ્ટેલમાં બધા Classmate discuss કરવા માંડયા કે – It is shame કે એક પણ doctor ગુજરાતમાંથી જવા તૈયાર નથી. આ બધા Senior doctors ખૂબ કમાયા છે તો તેમણે આટલો ૨–૩ વર્ષનો ભોગ આપવો જોઈએ. વિ. વિ. થોડીવારમાં અનિલે કીધું 'બીજા Senior ની વાત શા માટે કરો છો. આપણે પણ M.B.B.S. પૂરું કર્યુ છે. આપણામાંથી કોણ જવા તૈયાર છે?' કોઈએ સામો હુમલો કર્યો– 'તુ જવા તૈયાર છે – બહુ હોશિયારી મારે છે તે '. તરત અનિલે કહ્યું 'હા, હું તૈયાર છું' **કેવી ગજબ પ્રમાણિકતા, હિંમત ! અને એટલું જ નહિ, એની બીજાને તૈયાર કરવાની** capacity **પણ એવી કે ચાર મિત્રોને તૈયાર કર્યા.** જેમાં લતાભાભી અને C. K. પણ ખરા. આમ પાંચ ડૉકટરો આર્મીમાં જવા તૈયાર થયા એ સમાચારે Medical college માં કે અમદાવાદમાં જ નહિ, પણ આખા ગુજરાતમાં વાહ–વાહનો તરખાટ મચાવી દીધો.

૧૯૭૧–૭૨માં હું Post-doctorate માટે નોર્થ વેસ્ટર્ન યુનિ. માં હતો અને મેહુલ પણ ૩ માસનો થયો ત્યારે અનિલ–લતાભાભી, બા અન મીરાં પણ ન્યુયોર્કમાં Residency ચાલુ કરતાં પહેલા ત્યાં જ આવ્યા અને **૬ વર્ષ પહેલાં વાગોળેલી વાતો આગળ ચાલી. આ ૬ વર્ષો દરમ્યાન ૬ લાંબા પત્રો લખ્યા હશે.** એ સિવાય કોઈ વાત નહિ **છતાં વાતનો દોર તૂટયો જ નો'તો** – ફરી શું કરવાના એના Plans ચાલુ થયા, પ્રતિમા અને હું આ વર્ષોમાં ભવિષ્યનાં કામ વિશે જ મનન કરતા હતા. અમારા બીજા મિત્રોને પણ કહેવા માંડેલું કે 'ભારત પાછા જઈ ગામડામાં ગરીબો માટે કામ કરવાના છીએ.' વળી શિકાગોમાં અનિલ ભટ્ટ અને મધુ મહેતા સાથે Organization નાં નામનો વિચાર કરી બે–ત્રણ નામો વિચારેલાં. એમાં 'SEWA' નામ (Society for Education welfare & Action) અમને ચારેને ગમી ગયું. વળી Medical Comm. Health ની વાતો કરતાં હતાં અને 'સતુ (Sam Pitroda) એક દિવસ આવ્યો તો એની Style માં 'શું આટલા દિવસોથી Discuss કર્યા કરો છો? લાવો હોસ્પિટલનો Plan કરી આપું', કરી જોડાયો. **મારા અને અનિલના આવા અમેરિકાના અને ભારતના કેટલાયે મિત્રો જુદી જુદી રીતે 'સેવા રૂરલ' માં જોડાયા જ છે અને એ જ આવા કામ માટેનો ખૂબ કિંમતી ખજાનો છે.**

૧૯૭૨નાં અંતમાં મારી Post-doctorateનું કામ પત્યું. મેહુલ પણ આઠ માસનો થયો. અમે ૬–૭ વર્ષથી ભારત ગયા ન હતા અને બધા સગાં–વહાલા મેહુલની રાહ જોતા હતા. ન્યુયોર્ક જતા પહેલાં અનિલ વિગેરે સાથે અમે નકકી કર્યા મુજબ એક માસ ન્યૂયોર્ક સાથે રહ્યા અને કામનાં Plan મુજબ અમે ભારત જઈએ ત્યારે 'SEWA' ટ્રસ્ટ રજીસ્ટર કરાવી દેવું એ નકકી કર્યું કે જેથી બંને ઘરનાં સગા–મિત્રો વિ.ને પણ સમજાતું જાય કે આ લોકો ચોકકસ પાછા આવી આ ટ્રસ્ટના કામમાં મંડી

પડવા માંગે છે. આ અતિ જરૂરી હતું કારણ કે અમેરિકા ગયેલા ભારતીય યુવાનો, ૯૮% થીયે વધુ પાછા આવવા માંગતા નો'તા, અને **અમે તો ગયા હતા જ પાછા આવવા માટે.**

હું – પ્રતિમા ભારત આવ્યા કે તરત જ 'સેવા'નાં કામ માટે મંડી પડયા. રાજકોટ રામકૃષ્ણ મિશનમાં પૂ. આત્માસ્થાનંદજી સાથે કામનું dissuasion ચાલુ કર્યું. હું તો પહેલીવાર જ મળ્યો. મેં જેવી ઓળખાણ આપી કે કહે 'હા, મને બધી જ ખબર છે, તેં અનિલને 'ઠાકુર'ની વાતો કરી હતી ને !' આમ એમણે ખૂબ જ રસ લઈને પૂ. સુબોધ મહારાજ સાથે કચ્છમાં ભૂજ વિ. જગ્યાઓએ બે દિવસ મોકલ્યો કારણ કે એમની તીવ્ર ઈચ્છા કે અમે કચ્છમાં કામ કરીએ. પાકિસ્તાની બોર્ડરનો Sensitive area અને સેવાની જરૂર તો ખરી જ. મીશનનું કામ પણ કચ્છમાં ચાલતું જ હતું. વળી શ્રી કાંતિસેન–જે કચ્છી, મોટા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ સેવાભાવી અને ઠાકુરના ભકત –સાથે ઓળખાણ કરાવી. જયારે મેં કચ્છમાં કામ કરવાનું અંતરમાં જામતું નથી એમ કહ્યું – તો કાંતિસેન કહે તમે સૌરાષ્ટ્રનું માંગરોળ જોઈ આવો. ત્યાં ગાધીજીના ભકત શ્રી જોબનપુત્રાએ કરાંચીથી આવી 'શારદાગ્રામ' આઝાદી પછી ઊભુ કર્યું છે. એ ૮૦ વર્ષ ઉપરના થયા. ત્યાં હું ટ્રસ્ટી છું. તમારા જેવા યુવાનો જોડાય તો સારું. અમે બંને ત્યાં પણ એક દિવસ જોઈ આવ્યા. આ રીતે ગુજરાતમાં ચાલતી સેવાની પ્રવૃત્તિની વિગતે માહિતી મેળવી. ડૉ. નવનીતભાઈ (પીંડવળ), ડૉ. કનુભાઈ વૈદ્ય (વાંસદા), મોહનભાઈ પરીખ (બારડોલી) વિગેરે ઘણાને મળ્યા– જોયુ– શીખ્યા અને આ બધા જ જયારે ૧૯૮૦માં કામ ચાલુ કર્યું ત્યારે બધી રીતે મદદગાર થયાં.

'સેવા' ટ્રસ્ટ રજીસ્ટર કરવાનું કામ મુખ્ય હતું. મારા પિતા જે વકીલ પણ હતા અને ઘણી સમાજસેવી સંસ્થા સાથે જોડાયેલા – એમને કહ્યું કે 'આ 'સેવા' ટ્રસ્ટ તો અમારાં બધાંની આખી જિંદગી સાથે જોડાશે; માટે તમારા અનુભવનો લાભ લઈ, યોગ્ય બંધારણ તૈયાર કરવામાં મદદ કરવી જ પડશે'. પહેલાં તો ઉતાવળ નહી કરો– જયારે હંમેશ માટે આવો ત્યારે થશે વિગેરે કહેવા મંડયા; પણ જોયું કે દિલીપ ગાંઠે એવું નથી એટલે મંડી પડયા. રીટાયર્ડ ચેરીટી કમિશ્નરશ્રીની સલાહથી, બે–ત્રણ અમદાવાદ Visit કરી–ખૂબ discussion અને ફેરફારને અંતે **final બંધારણ તૈયાર કર્યું. 'સેવા ટ્રસ્ટ' રજીસ્ટર થયું તા. ૨૫મી જાન્યુ. ૧૯૭૩ એ.** (જેની Copy– સ્વામીજીનાં ફોટાવાળી–આપણી ઓફિસમાં જોઈ શકશો) ત્યારે તો જે હાજર હોય અને સહી કરી શકે એ જ ટ્રસ્ટી થઈ શકે એથી હું પ્રતિમા, અરવિંદ, મોટાભાઈ (પિતાજી) અને ભરત ત્રિવેદી એમ પાંચ ટ્રસ્ટી બન્યા, પણ એ સમજ સાથે કે જયારે અમે હંમેશ માટે પાછા આવી કામ ચાલુ કરીએ ત્યારે જે 'કામમાં' સાથે જોડાવાનાં ન હોય તે રાજીનામું આપી દે અને અનિલ–લતાભાભી જોડાય. (જો કે ૧૯૭૯–૮૦માં હંમેશ માટે આવ્યા ત્યારે સુરત 'આઈ. જે.'ની સલાહથી 35-AC નાં Income Tax માં 100% માફીનો લાભ લેવા 'Rural work' ના Clauses જોડી – બાકીની બધી સેવા ટ્રસ્ટની જોગવાઈ ચાલુ રાખી એ ટ્રસ્ટમાં ફેરફાર ન કરતાં નવું ટ્રસ્ટ 'સેવા રૂરલ' રજિસ્ટર કર્યું અને ટ્રસ્ટીઓ પણ ત્યારે જે નવ વ્યકિતઓ કામમાં જોડાયા તેનાં નામ મુકાઈ ગયાં.) **'સેવા' ટ્રસ્ટની પહેલી મીટીંગ તા. ૨૬ જાન્યુ. ૧૯૭૩એ કરી હતી.**

૧૯૭૩માં પાછા અમેરિકા જઈ નકકી કર્યા મુજબ અમે પણ અનિલ સાથે જ ન્યૂયોર્ક રહ્યા. એ બન્નેને

તો હોસ્પિટલમાં Residency હતી. પણ અમારા Chemistry અને Education માં Ph. D. Level ની Job જ ન મળી. High-School Level ની Job હતી. બંન્ને જણ એક નાની Chemical Industry માં બહુ ઓછા પગારે કામ કરતા પણ ચારેને સાથે રહી 'SEWA' નું બધું Solid કર્યા વિના છૂટા પડવું નહોતું; કારણ કે એ જીવનનો Goal હતો. નહીં તો Mid-westમાં અમેરિકામાં Jobનાં chances વધુ હતા. સતુનાં ફોન દર બે મહિને આવતા કે શિકાગો આવી જાવ – સારી Job મળી જ જશે. 'યોગ્ય સમયે ચોકકસ આવીશ અત્યારે નહીં' એવો જ જવાબ આપતો.

**હવે આંતરિક તૈયારી ઘટ્ટ કરવાં મંડી પડયા.** Prayer નો છૂટો રૂમ, સવાર–સાંજ Prayer-Reading તથા ન્યૂયોર્કના રામકૃષ્ણ મીશનનાં સ્વામીશ્રી આદિશ્વરાનંદજીનો તથા અન્ય Visiting સ્વામીજીઓનો સંગ, દર રવિવારે મંદિર મિશનમાં જવાનું જ. દર શનિ–રવિ જેટલો સમય મળે તે ચારે જણ discuss કરીએ. શું કરવું, કયાં કામ શરૂ કરવું (ગુજરાતમાં), કયા મુખ્ય સિધ્ધાંતો પર બાંધછોડ નહિ કરવી, વિગેરે વિગેરે બધી જ વાતો જુદાજુદા વાંચનના સંદર્ભમાં પણ discuss કર્યે જ જઈએ. વળી વચ્ચે બીજા મિત્રો પણ જોડાય. અનિલ–લતાભાભીનું Hospital work schedule તો એટલું સખ્ત લાંબા કલાકો. રાત્રે પણ હોસ્પિટલમાં રહેવું પડે. આમ એ બન્ને તો સાથે મળીને વાત કરે એ કરતાં ત્રણ ગણી વાત વચ્ચે વચ્ચે ટેલીફોન પર જ કરે.

'બા'ની મદદથી મીરાં અને મેહુલ પણ અમારી આ બધી મુશ્કેલીઓમાં ઠાકુર કૃપાએ ખૂબ જ સમજપૂર્વકનો સાથ આપતા. સ્વામી આદિશ્વરાનંદજીને પણ અમારા બધાં માટે ખૂબ જ પ્રેમ અને અનિલ માટે તો બધા કરતાં બમણો પ્રેમ. એમના પણ સતત સલાહ–સૂચનો તથા આશીર્વાદ મળ્યા કરતાં. ઉનાળામાં Thousand Island Park પર ૮–૧૦ દિવસ રહેવાનું મળ્યું. વળી એમનાં પ્રેમ–વિશ્વાસને લઈને અનિલ અને હું જયારે ૧૯૭૪માં 'સેવા' ના કામની જગ્યા નકકી કરવા (Broad Area) ભારત આવ્યા ત્યારે સ્વામી નિખીલાનંદજીનો Ashes નો કુંભ અમારી સાથે બેલુર મઠ મોકલ્યો પણ શરત એવી કે ઘરે ગયા વિના, સીધા બેલુર મઠ જવું. અમે તો તૈયાર જ.

કલકત્તાથી મુંબઈ થઈ તા. ૧–૪–૧૯૭૪ની રાત્રે વલસાડ આવ્યા. વલસાડ અરવિંદને તૈયારીઓ કરવાનું કામ સોંપેલું. અરવિંદ પણ અતુલની Job માં રજા લઈ અમારી સાથે જોડાયો. વળી વાતચીતની નોંધ પણ એ જ રાખતો. તા. ૨ જીએ વલસાડનું કામ પતાવી, ૩જીએ અમદાવાદ. નાથુકાકા સાથે ભરૂચ જિલ્લાની visitનો plan કરી, રાજકોટ ગયા. ૪થી એ સ્વામીજી સાથે discuss કરી ખેડા ગયા. ખેડાથી ૫મીએ સવારે બરોડા. મધુભાઈ– અનિલ ભટ્ટ સાથે discuss કરી, ગાંધી–વિનોબા–જે. પી.નાં ભકત કમળાશંકર પંડયાને ત્યાં જમવા ગયા. એમણે લખેલ 'વેરાન જીવન' અમે ન્યુયોર્કમાં discuss કરી એમને પત્ર લખ્યો હતો. Dr. K. C. Mehta જે, અનિલથી ૨–૩ વર્ષ Senior Surgeon અને અનિલ માટે ખૂબ પ્રેમ. એમણે Govt.ના પૈસાનો સદ્‌ઉપયોગ કરી ગરીબોની સેવા કરવા ગોધરામાં Civil Surgeon ની Post લીધેલી. અમે એમને ઘરે રહી એમના અને આપણા Plan discuss કરી પંચમહાલની tour શરૂ કરી.

- તા. ૬/૪/૧૯૭૪ પીપળોદ–દાહોદ ઠક્કરબાપાનાં ભીલ સેવા સમાજ આશ્રમમાં રાત્રિ રોકાણ.

- તા. ૭/૪/૧૯૭૪ – ભીલ સેવા સમાજનાં ૩–૪ આશ્રમોની મુલાકાત.

આ સાત દિવસનાં ખૂબ જ વ્યસ્ત – દોડાદોડવાળા પ્રોગ્રામ પરથી ખ્યાલ આવી જશે કે એક માસમાં કેટલીયે જગ્યા અને ૧૦૦–૨૦૦થી વધુ વ્યકિતઓનો સંપર્ક કર્યો. આમાં દેવગઢબારિયાનાં નરેશ (જે M. P. પણ હતા.), રાજપીપળા મહિડા બંધુઓ જે ભરૂચ જિલ્લા પંચાયતનાં પ્રમુખ (રત્નસિંહ) અને M. P. (હરિસિંહ) વિગેરે કેટલાય લોકોને મળ્યા.

**આ ટ્રીપમાં** નાથુકાકા સાથે **ઝઘડિયાનાં** પ્રિયવદનભાઈની જૂની ઓળખાણે કસ્તુરબા મેડીકલ એઈડ સોસાયટીનાં **ટ્રસ્ટીઓ સાથેની મુલાકાત મુખ્ય થઈ પડી. અમને બંનેને બધી રીતે ઝઘડિયા સૌથી વધુ ગમ્યું.** આથી વલસાડ મોટાભાઈને કહ્યું કે ઝઘડિયામાં અમને બહુ આવકાર્યા – હાર પહેરાવ્યા વિ. વિ. એટલે મોટાભાઈ (મારા પિતા) એ એમની ટેવ મુજબ કહ્યું 'ભણેલા–ગણેલા અમેરિકા રીટર્ન વેઠિયાઓ અમને મળતા હોય તો રોજ હાર પહેરાવું.' સૌ હસ્યા. પણ અમે ત્રણ પાછા ઝઘડિયા ગયા ત્યારે જાતે બધાને મળ્યા–જાતે ખાતરી કરી કે અમારી પસંદગી યોગ્ય છે. વળી અમદાવાદ જઈ નાથુકાકા – લલીતચંદ્ર દલાલ (Ex. Chief Sec. Gujarat) વિ. સાથે Overall plan discuss કર્યાં. અંતે પાછા આવીએ ત્યારે હાંસોટ, અંકલેશ્વર–રાજપીપળા Area માં નર્મદાની નજીક કોઈ સ્થળ નકકી કરી કામ શરૂ કરીશું એમ નકકી કર્યું. અને એમાં ઝઘડિયા એટલું ગમ્યું કે ન્યૂયોર્ક બધા મળ્યા ત્યારે ઝઘડિયા ૬ માસ સુધી મુખ્ય રહ્યું. **(પાછા હંમેશ માટે આવ્યા ત્યારે, ૬ માસ દર શનિ–રવિ અંકલેશ્વર બધા મળી કેવી રીતે finally ઉચેડિયા– ઝગડિયા નકકી થયું તે મેં દિનકરનાં 'સ્મરણિકા' માં લખ્યું છે માટે પુનરાવર્તન નથી કરતો.)** અનિલ અને હું ચાર–પાંચ દિવસ બેલુર મઠ મારી દીક્ષા માટે અને ઠાકુર–મા–સ્વામીજીનાં સ્થાનોનાં દર્શન માટે ગયા. વળી બીજા યોગ્ય કામો પતાવી તા. ૨૯મી એપ્રિલે અનિલ પાછો ન્યૂયોર્ક ગયો. હું તો બીજા ચાર માસ રહી 'સેવા' નાં જ કામે ખૂબ લોકોને મળ્યો. (એક માસ અલ્મોરા રામકૃષ્ણ કુટીરમાં રહ્યો.)

આ દરમ્યાન **ડૉ. હરેશ** જે વલસાડના અમારા મિત્ર ડૉ. મહેશનો રૂમ પાર્ટનર હતો– તેનો પત્ર મળ્યો કે **એણે પણ અમારી સાથે આવા કામમાં જોડાવું છે** – તરત જ હું મોટરસાઈકલ પર વલસાડથી સચીન (PHCમાં એ Internship કરતો હતો) મળવા ગયો. **Young Doctor ને છોડયો જ નહીં** અને અમે બન્નેએ સંપર્ક ચાલુ જ રાખ્યો કે જેથી હરેશ–ચૌલા પણ પાછા આવ્યા ત્યારે સેવા રૂરલમાં જોડાયા. વળી **સોમૈયાકાકા** (Industrialist-મુંબઈ)ને ૩–૪ વખત મળ્યો જે સેવા રૂરલ સાથે વર્ષો જોડાયેલા રહ્યા. **દિનકર** સાથે પણ સુરેન્દ્રનગર–ચૂડા– અમદાવાદ રખડયો કે જેથી **એનું જોડાવાનું પણ નકકી થયું. અરવિંદ મફતલાલ**ને મુંબઈ મળ્યો. (તા. ૧૮–૭–૧૯૭૪) જે પણ આપણી સાથે સંપર્કમાં રહ્યા. **કાકાસાહેબ કાલેલકર**ને રાજકોટ આશ્રમમાં મળ્યો. વાત કરી તો 'સેવા'ને આશીર્વાદ અને શુભેચ્છા લખીને આપ્યા. હું સપ્ટે. ૧૯૭૪માં ન્યૂયોર્ક પાછો ગયો. મારો, ચાર માસનો અહેવાલ બધાને આપ્યો.

હવે 'સેવા' માટેની Basic તૈયારીઓ લગભગ પૂરી થઈ. હવે બંને Families પોતે જયારે બધી રીતે Ready થાય ત્યારે ભારત જઈ કામ શરૂ કરીશું એમ વિચારી પ્રતિમા અને હું એકાદ વર્ષ કવીન્સમાં (ન્યૂયોર્કનાં બ્રુકલીનમાં અનિલ– લતાભાભી સાથે ૩ વર્ષ રહેતા હતાં.) રહેવા ગયા. ત્યાંથી ૧૯૭૫–૭૬માં Ph. D level ની Job માટે શિકાગો ગયા,

૩–૪ માસ સતુ સાથે 'Wescom' માં Job કરી, બે વર્ષ Research chemistની Job Illinois માં કરી, પાછા જવાની તૈયારી કરવા માંડી.

૧૯૭૬માં ભારતમાં ઈન્દિરા ગાંધીએ ઈમરજન્સી જાહેર કરી. બધા જ મિત્રો આનો વિરોધ કરવા તૈયારી કરવા મંડયા. એ દરમ્યાન અનિલનો મારા પર ફોન આવ્યો. અડધો એક કલાક ખૂબ દુઃખી હૃદયે ભારતની વાતો કરી. અનિલ કહે 'હું કામ છોડી, ન્યૂયોર્ક, લંડન ... અને મુંબઈમાં ન્યુઝ Conference કરી, ઈમરજન્સીનો વિરોધ જાહેર કરી જેલમાં જવા માંગું છું.' મે એ પગલાંની નિરર્થકતા બતાવી છેવટે કહ્યું 'તુ ઠાકુરને ખૂબ પ્રાર્થના કરી, છેવટે હૃદયનો અવાજ આ કરવા માટે ખૂબ તીવ્ર થાય તો એ જ કર. મારો તને પૂરો સાથ છે જ. અહીંની ચિંતા કરીશ નહી વિ. વિ.' છેવટે વધુ ચિંતન–મનન–પ્રાર્થનાને અંતે એણે આ તીવ્ર પગલું માંડી વાળ્યું.

અમે ૧૯૭૭નાં અંતમાં ભારત હંમેશ માટે જઈ 'SEWA'નું કામ ચાલુ કરવાનું નકકી કર્યું. રસ્તે ઈંગ્લેન્ડમાં મહેશ–પ્રભા સાથે એક માસ રહી, યુરોપ જોવા જવાનો પ્લાન કર્યો. ઈંગ્લેન્ડ હતા તે દરમ્યાન અનિલનો અગત્યનો ફોન આવ્યો. 'પૂ. આત્મસ્થાનંદજીનો બેલુર મઠથી પત્ર–ફોન આવ્યા છે. North-Eastમાં અરૂણાચલ રાજયમાં રામકૃષ્ણ મિશનની હોસ્પિટલ ચાલુ કરવા લતાએ અને મારે ૩ થી ૫ વર્ષ જવાનો તીવ્ર આગ્રહ છે. અમે બંને પણ મીશનના Prayerful માહોલમાં સાધુસંગ સાથે વધુ આંતરિક તૈયારી કરવા જવાનો plan કરીએ છીએ. ત્યાંથી આવ્યા બાદ 'સેવા'માં જોડાઈ જશું. વિ.' વાતચીતને અંતે મારો એ જ જવાબ હતો કે 'પ્રાર્થના' ને અંતે હૃદય તીવ્ર જવાબ આપે કે પહેલાં 'ઈટાનગર' પછી 'સેવા' તો તે જ યોગ્ય હશે.' અમે ઈંગ્લેન્ડ રહ્યા ત્યારે–ડીસે.૧૯૭૭માં પ્રતિમા અમીના જન્મ માટે મહેશ– પ્રભા સાથે રહી ગઈ. હું ૨–૧–૧૯૭૮એ મુંબઈ પહોંચ્યો. પ્રતિમા અમીને લઈને એપ્રિલ, ૧૯૭૮માં ભારત આવી.

અમે બંને Settle થવા તૈયારી ચાલુ કરી. અમે તો ફકત ૧૮ હજાર રૂપિયા લઈને જ ભારત આવ્યા હતા. ( પૂ. આત્મસ્થાનંદજીની પ્રેકટીકલ સલાહને નકારી, ઠાકુર–મા ભરોસે જ તો). આમ પ્રતિમાએ વડોદરા યુનિ. માં Dev. officerની Job લીધી કે જેથી એના પગારમાંથી અમારા કુટુંબનું–ચાર જણનું ભરણપોષણ થાય અને હું 'સેવાના' અને બીજા સંલગ્ન કામ કરવા Free રહું. પ્રતિમા પણ ઘરે discussion માં અને શનિ–રવિ કે રજાઓમાં તો સાથે જોડાય જ. હરેશ–ચૌલા અને દિનકર–ભાભીનો સંપર્ક કર્યો. એ લોકો પણ તૈયાર જ હતા. અરવિંદ પણ અતુલની Jobમાંથી જે સમયે મળે તે સેવા માટે આપવા તૈયાર જ હતો.

ફરી અનિલની જ વાત કરૂં. અનિલ–લતાભાભી–મીરાં–શ્રેય ૧૯૭૯– Middleમાં હંમેશ માટે ભારત આવી, ઈટાનગર જવાની તૈયારી કરવા મંડયા. અમે બધાએ મળી તે દરમ્યાન શું કરવું તે discuss કર્યું. અનિલ કુટુંબ સાથે બેલુર મઠ – કલકત્તાથી ઈટાનગર જવા ૨૧ દિવસ મઠમાં રહ્યો. ગુરુદેવ દરરોજ ફોન કરી, North-East નાં તોફાનોનો અહેવાલ પૂછે–બધું 'કાલ' પર જ જતાં છેવટે **'ઠાકુરની ઈચ્છા તમે 'સેવા'નું કામ જ ચાલુ કરો એવી લાગે છે' એ નિર્ણય લઈ ગુરૂદેવે અનિલ વિ. ને પાછા ગુજરાત મોકલ્યા. રસ્તે ટ્રેઈનમાં બધુ જ ચોરાઈ ગયું. છતાં અનિલ તો હિંમતથી સ્થિતપ્રજ્ઞ રહી. આવીને 'સેવા' નાં પ્લાનમાં જ જોડાઈ ગયો.**

અગાઉ જણાવ્યું તેમ 'I. J. Desai ' ની સલાહથી નવું SEWA Rural Trust રજીસ્ટર કરાવ્યું. જે ૯

જણ Fully કામમાં Involve થવાનાં હતા, એ બધા ટ્રસ્ટી થયા. વળી શરૂઆતથી બને તો પતિ–પત્ની બંને રસ લઈ સાથે કામ કરી શકે એવા જ પ્રયત્નો ચાલુ કર્યા. શકય એટલા બધા મળી કામ કયાં ચાલુ કરવું તેને માટે શનિ–રવિ અંકલેશ્વર મળી – રાજપીપળા–હાંસોટ વચ્ચેનાં ગામોમાં ફરી, discuss કરી, **ઉચેડિયા, સર્વાનુમતે કેવી રીતે નકકી કર્યું તે દિનકરની સ્મરણાંજલિમાં (જે '૯માં પહેલો ઠાકુર પાસે ગયો) લખ્યું જ છે.** છેવટે પ્રિયવદન કાકાનાં અથાગ પ્રયાસે ઝઘડિયા કસ્તુરબા મેટરનીટી હોમ (હોસ્પિટલ), ત્રણ વર્ષ માટે બંને ટ્રસ્ટ વચ્ચે કરાર કરી સેવા રૂરલે લઈને કામ ચાલુ કરવાનું નકકી થયું. આ માટેની બન્ને ટ્રસ્ટની મિટીંગો પણ રસપ્રદ રહી.

**હવે બે અગત્યનાં કામો પાર પાડવાનાં હતાં. (૧) કામ શરૂ કરવા માટે જરૂરી ફંડ કયાંથી લાવવું** અને (૨) શરૂઆતનું Medical work 25 bedની નાની હોસ્પિટલ ઊભી કરી, એકાદ વર્ષ બાદ Community Healthનું કામ શી રીતે ચાલુ કરવું. જરૂરી Working અને Support staff, physical equipments, rooms, furniture, fixture વિ. વિ. તથા કેવી રીતે કરવા–વાહનો (Motor-cycle જ તો), રહેવાનાં ઘર અને જરૂરી સગવડ વિ. વિ. માટેના પ્લાન કરવા માંડયા. **નવી જગ્યા હતી માટે બધું શૂન્યમાંથી સર્જન કરવાનું હતું. ધારવા કરતાં ખૂબ જ મુશ્કેલ હતું** (આથી જ સામાન્યતઃ આવા કામો લોકો પોતાનાં ઘર–ગામમાંથી જ ચાલુ કરે.)

અમે તો અમેરિકાથી પૈસા બચાવીને કે ભેગા કરીને આવ્યા નો'તા. શરૂઆતમાં બેન્કની Loan માટે પ્રયત્નો કર્યા. (તેનો ઈતિહાસ બીજી વખત), એ નિષ્ફળ જતાં દિનકરની મદદથી વાલોડનાં ભીખુભાઈ–અલ્લુભાઈનાં ટ્રસ્ટ પાસે બે લાખ રૂા. Seed-moneyની અને મધુ મહેતાની વડોદરાની (Industryમાંથી દોઢ લાખ રૂા. ની Interest Free Loan લઈ કામ ચાલુ કર્યું. (આ ફંડ બાબતનો રસપ્રદ કીસ્સો પણ **દિનકરની સ્મરણાંજલિમાં લખ્યો જ છે.**)

તે વખતે ઝઘડિયા ગામમાં જાજરૂ–બાથરૂમ સાથેનું ઘર કોઈ ભાડે આપવા તૈયાર નહી. Campus પરનું એક સાદું ડોકટર્સ કવાર્ટર, મહામહેનતે એક ઘરભાડે મળ્યું. કામ ચાલુ કરવા બીજા મિત્રો સહિત ૧૫–૨૦ જણ એક જ ઘરમાં વારાફરતી જાજરૂ–બાથરૂમ વાપરે, બધાની રસોઈ પણ ત્યાં જ બને. અને રાત્રે કેમ્પસ પર દર્દીના સગાને રહેવા માટેનાં ચાર રૂમનાં ધાબા પર બધા ગોદડાં નાંખીને સૂવા મંડયા. આવી તો જાતજાતની મુશ્કેલીઓનો સામનો કરી, તા. ૨૬–૧૦–૧૯૮૦એ પૂ. વ્યોમાનંદજી–રાજકોટ રામકૃષ્ણ મિશનનાં મહંતના આશીર્વાદ લઈ, છાણનાં લીંપણવાળી ઝૂંપડીનાં 'ઠાકુર–મા–સ્વામીજીનાં' દરિદ્રનારાયણ મંદિરમાં, દીવો પ્રગટાવી, ગામ લોકોની અને બીજા મિત્રો–GIDC અંકલેશ્વરનાં ઉદ્યોગપતિઓ વિ. ની હાજરીમાં ઉદ્‌ઘાટનનાં functionથી કામ શરૂ કર્યું.

જે, નવા યુવાન મિત્રોને આવા કામો કરવાં હોય એ બધાંને આ વાંચી–વિચારી–પ્રાર્થનામય થઈ રસ્તો સૂઝે, બળ મળે, એ આશયથી આ લખ્યું છે. અનિલ અને હું હજી ઠાકુરકૃપાએ આ પ્રોત્સાહન યુવાનોને આપતા જ રહીશું.

શરૂ કરતી વખતે અને શરૂઆતનાં વર્ષોમાં જાતજાતનાં રસપ્રદ અનુભવોનાં Titleનું List આપું.

- ઝૂંપડાનું મંદિર બનાવવું.
- કે.એમ. એ. સોસાયટીનાં ટ્રસ્ટીઓનો પ્રિયવદન કાકાની મદદથી સાથ–સહકાર મેળવવો છતાં

ખાસ વ્યકિત વિશેષ નહી ગણવું, Home visit નહી કરવી, દર્દીનાં સગાંની રૂમનું ભાડું ન આપવા વિ.વિરોધો ઠંડા પાડવા.

- રજપૂત યુવક મંડળનો સાથ.
- સામે સ્કુલનાં શિક્ષક–વિદ્યાર્થીઓનો સહકાર.
- થોડા વખત પછી થોડા અસંતોષી લોકોનો વિરોધ – ટીકા (આ લોકો તો 'સેવા ' કરવા નહિ– મેવા ખાવા આવ્યા છે.)
- બંકિમ–પંકજનું ચિંતિત મને જોડાવું અને થોડા જ વખતમાં બધા સાથે એકરૂપ થઈ........ મેનેજીંગ ટ્રસ્ટી થવું.
- લલિત–અનિતાની સેવા રૂરલથી 'અંજલી' ની અને ફાલ્ગુન–પારૂલની 'શૈશવ'ની યાત્રા.
- નિમિષાની સેવા રૂરલથી 'ઓળખ'ની યાત્રા.
- સેવાભાવી–સરકારી કામનાં અનુભવી આનંદપુરાનું સેવા રૂરલ સાથે અતિ પ્રેમાળ જોડાણ.
- મુંબઈથી સુભાષભાઈ શાહનું ટી. બી.નાં કામના નેજા હેઠળ અને બાબુકાકા (ડૉ. વસંતભાઈનું) CHP નાં સહુ કાર્યકરો સાથે ઉત્કૃષ્ટ–નિર્મળ પ્રેમનું જોડાણ.
- વલસાડ–અંકલેશ્વર–વડોદરાનાં ડૉકટરોનો Health Consultantના નેજા હેઠળ હંમેશનો સાથ.
- ભરૂચનાં D. D. O. - Collector S. R. Rao જેવા અતિ પ્રમાણિક, સેવાભાવી, પ્રેમાળ ઓફિસરની મિત્રતા જેણે કેટલાયે સરકારી કામો સરળ કરી આપી, 'Health for All in 2000' નો Project SEWA Rural માટે લઈ આવ્યા.
- વળી આ Projectનાં 1st recipient SEWA Rural નાં ગુજરાત–દિલ્હી સરકાર તથા U. S. Aid સાથેના અનુભવો (જેણે **પાંચ વર્ષમાં Best Comm. Health in the Worldનો 'સાસાકાવા એવોર્ડ' અપાવ્યો.**)
- 'I. J.' નાં મિત્રો અશોકભાઈ–મહેશભાઈ ભણશાળીનું બે દિવસ સેવા રૂરલમાં રહી, (મોટર સાઈકલ / રીક્ષા તથા એલ્યુમીનીયમનાં વાસણોને બદલે)જીપ તથા સ્ટીલના વાસણોના Set અપાવવા ખૂબ જ પ્રેમથી Cash Donation લેવા દબાણ.

  આવા કેટલાયે સુખદ પ્રસંગનાં Titles યાદ આવે છે.

  તે ઉપરાંત પહેલાં પાંચ વર્ષમાં જ.

- દિનકર–ભાભી તથા હરેશ–ચૌલાનાં સેવા રૂરલ છોડવા.
- અનિલને કેન્સર થવું અને ઠાકુરકૃપાએ અને સાવલીવાળા મહારાજનાં આશીર્વાદે ચમત્કારિક રીતે બચી જવું.

આવા મુશ્કેલી ભર્યા પ્રસંગો પણ ઘણા યાદ આવે છે.

પણ આ બધું વિગતે લખવા જઈએ તો આખું પુસ્તક જ લખવું પડે.

**આમ ૧૯૬૧થી શરૂ કરી ઠાકુરકૃપાએ અનિલને અને મને એમનાં ચરણમાં સ્થાન આપી, એકરૂપ કરવાને લઈને જ ૧૯૮૦માં સેવા રૂરલ શરૂ થઈ પાંચ વર્ષમાં પગભર થયું એ વાતની સહુને ખાત્રી થઈ હશે, એમ આશા રાખી અતિ ભારી હૃદયે અનિલને યાદ કરતાં લખવાનું બંધ કરું છું.**

**ડૉ. દિલીપભાઈ દેસાઈ**
**ડૉ. પ્રતિમાબેન દેસાઈ**
**બાળપણના મિત્રો,**
**સેવા રૂરલના સ્થાપક ટ્રસ્ટીઓ**
**વડોદરા**

◈

## ભાગ–૧



# અનિલભાઈને મેં જેવા જોયા જાણ્યા

(અનિલભાઈના ઘનિષ્ઠ સંપર્કમાં આવેલા વ્યકિતઓના સ્મૃતિ લેખ)

## ૧. પ્રેમસભર અનિલભાઈ

અનિલભાઈની દીકરી તરીકે, જેનાં જીવન પર અનિલભાઈનો ખૂબ જ પ્રભાવ રહેલો છે તેના માટે, અનિલભાઈ જેવી અત્યંત પ્રતિભાશાળી વ્યકિત વિશે લખવું ખૂબ જ અઘરું છે. છતાં પણ હું તેમના વ્યકિતત્વના કેટલાંક અંશો વિશે લખવા અહીં પ્રયત્ન કરી રહી છું.

અનિલભાઈની મુખ્ય લાક્ષણિકતા હતી, તેમનો લોકો પ્રત્યેનો હૃદયપૂર્વકનો પ્રેમ. તે જ તેમની લીડરશીપનો પાયો હતો. તેમનામાં લોકો સાથે જોડાવાની અને લોકોને સમજવાની આંતરિકશકિત હતી. તેઓ લોકોની ઈચ્છાઓ, જરૂરિયાત, દુઃખ અને પ્રતિક્રિયાઓનો 'અનુભવ' કરી શકતા. આ રીતે તેઓ જે–તે વ્યકિતને સમજી, તેને પ્રોત્સાહિત કરી, તેમને શ્રેષ્ઠ બનાવતા હતા. આજકાલ મેનેજમેન્ટના ઘણાં પુસ્તકો માર્કેટમાં મળે છે. પરંતુ તેઓ તેની પર નજર કરતા અને પુસ્તક એક તરફ મૂકી દેતા. તેમણે જે કંઈ પણ શીખ્યું તે પોતાના અનુભવથી, કુદરતી રીતે શીખ્યું છે. તેમનો લોકો સાથેનો વ્યવહાર કયારેય ગણત્રીપૂર્વકનો ન હતો. તેમના શબ્દોમાં કહીએ તો કોઈ 'આર્ટ (કળા)' નહી પરંતુ 'હાર્ટ (હૃદયપૂર્વકના વ્યવહારથી)' લોકોના દિલ જીતી શકાય છે. તેમણે પોતાની જાતને બુદ્ધિશાળી તરીકે ઓળખાવી ન હતી. આવું કહીને તે બુદ્ધિને ભણતર સુધી સીમિત કરી બોલતા હતા. તેમનો ઈકયુ આંક (ઈમોશનલ આંક) અસાધારણ હતો. જેમાં આપણે એલકયું (લીડરશીપ આંક), એસકયું (સ્પીરીચ્યુઅલ આંક) અને બીજું ઘણું બધું ઉમેરી શકીએ.

લોકો પ્રત્યેના આ પ્રેમમાં મહિલાઓ અને ગરીબોને પ્રધાનતા મળી. તેમને માટે કામ કરવાની તેમની તીવ્ર ઈચ્છા કૉલેજમાં પ્રવેશતા પહેલાની હતી. એક રીતરીવાજ અનુસાર દિવાળી દરમિયાન કેટલાક લોકો ઘરે માંગવા આવતા હતા. ત્યારે અનિલભાઈ તે લોકોને ઘરની અંદર આવવા જણાવતા. તે લોકો કહેતા, તેમની જાતિને કારણે તેઓ ઘરની અંદર આવી શકે નહી. અનિલભાઈ તેઓને ઘરની અંદર ન આવે ત્યાં સુધી કંઈ પણ આપવાની ના પાડતા. તેમના વ્યવહારમાં સમાજના રીતરિવાજો અને ધારાધોરણોને કોઈ સ્થાન ન હતું. એટલું જ નહી, તેમના વિચારો અને સિદ્ધાંતોને અનુરૂપ ન હોય તે રીતરીવાજો તોડવામાં તેમને આનંદ પણ આવતો. તેમણે પોતે કાર ન રાખવાનું નકકી કર્યું, કારણ કે તેઓ પોતાને સેવામાં પ્રસ્થાપિત કરવા માગતા હતા. પરંતુ વાહન જરૂરી હોવાથી, તેમણે રીક્ષા ખરીદવાની ગંભીરતાપૂર્વક વિચારણા કરી. તે પણ કેવી રીતે ચલાવવી તે શીખવાનું શરૂ કર્યું. તેવું કરવામાં તેમને સામાજિક પ્રતિષ્ઠા વિશે કોઈ જ ચિંતા થતી ન હતી. સ્ત્રીઓ માટે તેમના હૃદયમાં એકદમ નરમ ખૂણો હતો અને તે તેમના વ્યવહારમાં સ્પષ્ટ જણાતો હતો; પછી ભલે તે પોતાની પત્ની હોય, પુત્રી હોય, નર્સો હોય કે પછી બીજી કોઈ દુઃખી સ્ત્રી હોય.

બીજી કોઈ મહત્વની બાબત પ્રત્યે તેમને પ્રેમ હોય તો તે ભારત ભૂમિ પ્રત્યેનો પ્રેમ. ૧૯૭૫માં જયારે ભારતમાં કટોકટી જાહેર કરવામાં આવી ત્યારે અમે યુ. એસ. એ. હતાં. તેમને મેં ખૂબ જ દુઃખી અને અપસેટ જોયા હતા, હું ત્યારે માત્ર દસેક વર્ષની હોઈશ. પરંતુ મને સારી રીતે યાદ છે કે તેમના મૃત્યુના થોડા દિવસો પહેલા મેં જયારે તેમને પૂછયું કે "તમે તમારો મત આપવા જવાના છો ? " ત્યારે તેમણે ખૂબ જ જોશપૂર્વક હા પાડી હતી. તેમની બીમારી જોતાં મત આપવા જવાનો વિચાર પણ મુશ્કેલીવાળો લાગે.

એક યુવાન તરીકે તે એકદમ અલગ હતા. તેમની પાસે ગુજરાતીમાં જેને ખુમારી કહેવામાં આવે છે–

સ્વાભિમાન સજજ એવા સ્પર્શથી યુવા આદર્શવાદ તેમણે સેવેલો. તેમની પાસે શબ્દોની તાકાત હતી કે જે તેના સિદ્ધાંતો સાથે વિરોધાભાસ થાય તો જોરદાર પ્રત્યાઘાત આપી શકે. તેમનું માનવું હતું કે, જો કોઈ વ્યકિત પોતાના આદર્શો પ્રમાણે જીવવા માંગતી હોય, તો આવું વર્તન આવશ્યક છે. આ રીતે જગતના સાધારણ પ્રવાહ સામે ઊભા રહેવાય અને અલગ રીતે પોતાના રસ્તા તરફ જઈ શકાય છે.

અનિલભાઈ ભગવાનના આશિક હતા. તે જયારે કિશોરવયના હતા ત્યારે શ્રી રામકૃષ્ણએ તેમના જીવનમાં પ્રવેશ કર્યો હતો અને ધીમે ધીમે તેમના જીવનમાં એકરૂપ થઈ ગયા હતા. શ્રી રામકૃષ્ણએ તેમને મુગ્ધ અને મોહીત કરી દીધા હતા. છેલ્લે છેલ્લે શ્રી રામકૃષ્ણ વિશે તેમણે જે શબ્દો વાપર્યા હતા તે હતા. 'અદ્ભુત'. ભકત અને તેમના ઈષ્ટદેવ વચ્ચેના સંબંધને સમજાવવો સહેલો નથી તેનો કદાચ બીજા ભકતને થોડો ખ્યાલ આવી શકે. તેમની છેલ્લી ઈચ્છા પોતાના ઈષ્ટદેવનું નામ લેતા લેતા વિદાય લેવાની હતી. અમે કોઈ સાંભળી શકયા ન હતા, પરંતુ મૃત્યુ સમયે જપ માટે ફરી રહેલી તેમની આંગળી તેમની ઈચ્છાપૂર્તિની પુષ્ટિ કરે છે.

**પૂજય પ્રવ્રાજિકા જ્ઞાનમયપ્રાણામાતાજી**
**રામકૃષ્ણ સંઘની સદસ્યા**
(અનિલભાઈ તેઓના પૂર્વાશ્રમના પિતા હતા)

◈

## Anilbhai : Full of Love

***Original English writeup from Pravrajika Jnanamayaprana***

It is very difficult to do justice in writing about a personality such as Anilbhai's, especially being his daughter, on whom he had limitless influence. Nevertheless, I shall touch upon some of his traits.

Perhaps Anilbhai's most dominant characteristic was his genuine love for people. This was the basis of his extraordinary leadership. He had an innate ability to connect with and understand others. He could 'feel' a person's motives, desires, anguishes, experiences and responses. Depending on these, he could inspire, motivate and bring out the best in that person. Manuals and books on management are very popular nowadays, what to speak of actual courses and degrees. But whenever he would even glance at their insides, he would put them down. He knew that he lived, untaught and naturally, what they merely preached. But there was no simulated conniving, manipulation or calculation in his dealings with people. In his own words, it was not an 'art', it was the 'heart'. He never thought of himself as intelligent. But by intelligence, I believe he considered academic excellence. He had an enormous EQ (emotional quotient) as opposed to IQ, and to this we can even add LQ (leadership quotient), SQ (spiritual quotient) and many more!

In this genuine love for people, women and the poor got priority. His burning desire to work for them was inflamed even before he entered college, and continued to blaze till the very end. During a certain Diwali season, a group of outcastes came singing to our doorstep asking for some food and money. This is an age-old tradition. When Anilbhai asked them to come inside, they said it was not allowed because of their caste. Anilbhai then refused to give them anything if they didn't enter. Not only did society's customs and norms have no place in his book, he took delight in breaking the ones which did not meet his ideas and principles. He had decided not to have a car since he wanted to align himself with the ones he served. Since a vehicle was necessary, he seriously considered buying a rickshaw and even started learning how to drive one, so unconcerned he was about social standing and decorum. The utterly soft corner he had for women was obvious in his dealings with them, be it his wife, daughter, nurses he worked with or distressed women he encountered.

Another thing he had great love for was his motherland, India. When in 1975, Emergency was declared throughout India, we were still in the US. He was terribly upset and shaken. Though I was barely ten then, I remember it vividly. Just days before his passing when I asked him whether he would go to give his vote in the upcoming election, he vigorous said yes. This was quite something considering his advanced illness.

As a young man, he was quite different. He had what is called in Gujaratikhumaari, a fiery vocal youthful idealism with the touch of the ego. He had a way with words and could give an inflamed retort to anyone or any situation at odds with his principles. He believed this attitude is necessary if one wants to live one's ideals and thus go against the current, against the 'world and its ways'. Later he matured into the gentle, soft and humble person that people now know him as.

Anilbhai was a lover of God. Sri Ramakrishna entered his life when he was in his teens and slowly encompassed his life and very being. He was awed, fascinated and spellbound by Sri Ramakrishna. The word he used for him towards the end was 'adbhuta'. It is not possible to articulate the relationship between a devotee and his Ishtha, only another devotee can have some idea of it. His

last wish was to say his name before departing. That this was granted was obvious, for though none of us surrounding him could hear it, his fingers doing japa testify to it.

◈

## ૨. મારા ઈષ્ટમિત્ર

અમે મિત્રો બન્યા હતાં જુલાઈ ૧૯૬૫ની સાલમાં એમ. બી. બી. એસ. પછી ઈન્ટર્નશીપ વખતે. બંનેના એક કોમન મિત્રના સંપર્કથી, ઈશ્વરકૃપાથી કોમન સ્વપ્ન અને વિચારોને આધારે મિત્રતા ગાઢ બનતી ગઈ. અનિલના રમૂજી સ્વભાવથી હું એમના મોહમાં પડી ગઈ. પછી તો પાકિસ્તાનની લડાઈ વખતે લશ્કરમાં સાથે જોડાયાં. વર્ષ ૧૯૬૭માં લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. મને ગાંધી વિચારોનો વારસો તો જન્મથી જ મળેલો. અનિલના સંપર્કથી સ્વામી વિવેકાનંદના વિચારોમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મળતા રહ્યાં. આ બન્ને મહાપુરુષોએ ગામડામાં રહીને વંચિતો માટે કામ કરવાના અમારા વિચારોને સંકલ્પરૂપે નકકર સ્વરૂપ આપી દીધું. અમે ઘણાં સ્વપ્નાંઓ જોવા લાગ્યાં. સ્વપ્નાંઓને સાકાર બનાવવા પૈસાની જરૂર તો પડે જ. અમે બન્ને ઉછરેલાં મધ્યમ કુટુંબોમાં. પૈસા કમાવા અમેરિકા જવાનુ નકકી કર્યુ. લશ્કરમાંથી છૂટીને MD-MS કર્યા પછી અમેરિકા પણ સાથે ગયાં. અમેરિકા જતા પહેલાં રામકૃષ્ણ મિશન, રાજકોટના તે વખતના અધ્યક્ષ સ્વામી આત્માસ્થાનંદજીના આગ્રહને વશ થઈને મંત્રદિક્ષા પણ સાથે જ લીધી. ઈશ્વરકૃપાથી અમેરિકામાં પણ ન્યુયોર્ક, કેલીફોર્નિયા, શિકાગો વિગેરેના રામકૃષ્ણ મિશનના પૂ. સ્વામીજીઓના સાંનિધ્યથી ગરીબોની સેવા સાથે આધ્યાત્મની જરૂરિયાતને દ્રઢ બનાવી.

અમેરિકાથી પાછા આવ્યાં બાદ અમે સ્વપ્નાંઓને સાકાર બનાવવાના કામમાં ગળાડૂબ થઈ ગયાં. એકબીજાની અધૂરપોને અને વિશિષ્ટતાઓને ઓળખીને–ઓળખાવીને પૂરક બનવાના પ્રયાસો સતત ચાલતા રહ્યા. કયારેક કયારેક ઝઘડતા રહ્યા, તો કયારેક અબોલા પણ રહેતાં. કયારેક એકબીજા સામે ફરિયાદો, તો વળી કયારેક સ્પર્ધામાં પણ અટવાઈ જતાં. છતાં અમે એકબીજાના મનમાં ચાલતા વિચારોને ખુલ્લા મને વ્યકત કરી શકતા. આધ્યાત્મિકતાની કેડી પર આગળ વધવા માટે એકબીજાને સથવારો આપવાના અમારા પ્રયત્નો ચાલુ રહેતા.

અનિલની ઈશ્વર શરણાગતિ તો અજબની હતી. સાલ ૧૯૮૫માં આંતરડાના કેન્સરથી માંડીને લગભગ બીજી અડધો ડઝન જેટલી ગંભીર બીમારીઓ આવતી ગઈ. અનેક જોખમો સાથે ઑપરેશનો પણ થતાં ગયાં. પરંતુ દરેક વખતે તેના ઉચ્ચારો હતાં: **"ઠાકુર જે કરાવશે તે આપણા માટે સારું જ હશે"**. આ વાકયો માત્ર કહેવા પૂરતાં ન હતાં; પણ મેં અતિ નજીક રહીને જોયું છે કે એણે જીવનમાં ઈશ્વર– શરણાગતિને પચાવી હતી. બીજી એની વિશિષ્ટતા મને લાગી તે એનો પ્રેમાળ, હૂંફાળો સ્વભાવ. આવી ગંભીર માંદગીઓ વખતે પણ હસતું મોઢું રાખીને સંપર્કમાં આવતા દરેકને હુંફ આપીને પ્રેમ કરવાની એનામાં ગજબની શકિત હતી. મિત્રોમાંથી અમે ઈષ્ટમિત્ર બની ગયા. આધ્યાત્મિકતાની કેડી પર આગળ વધવામાં તો હું મારા ઈષ્ટમિત્રની તોલે ન જ આવી શકું. મારા ઉતાવળિયા, અધીરા સ્વભાવને ધીરો પાડવામાં

અને શરણાગતિનો સ્વીકાર કરવામાં તો હજુ બહુ પાછળ છું. છેલ્લી યાત્રાના ૪૮ કલાક પહેલાં જ તેમણે ઉચ્ચારેલાં વાકયોમાંનુ એક, "ભગવાને મારા જેવા સામાન્ય માણસ પાસે એલ. એમ. શાહને મોકલી આપી કે જેથી હું કંઈક કરી શકયો." મારા જેવી નારીને કેટલો મોટો આદર આપ્યો ! કેટલા પતિઓ આટલી હદે પોતાની પત્નીની કદર–આદર કરતા હશે?

આજે તો સદેહે મારા ઈષ્ટમિત્ર મારી સાથે નથી. ભગવાનને એટલી જ પ્રાર્થના કરીશ કે તેના મારા માટેના આ ત્રણ સલાહનાં વાકયોઃ "Thy will be done....Slow down... Empty yourself" જયાં સુધી જીવું ત્યાં સુધી મને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં કરે. આવા ઈષ્ટ મિત્રના સંસ્મરણોને શબ્દોમાં આલેખિત કરવાનું મારું કોઈ ગજુ નથી....

**ડૉ. લતા દેસાઈ**
**અનિલભાઈના જીવનસંગિની**

◈

## ૩. રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓના સત્સંગ અને સાંનિધ્યમાંથી......

૧૯૬૦ના દાયકામાં અનિલભાઈ અમદાવાદમાં જયારે મેડીકલ કૉલેજમાં ભણતા હતા, ત્યારે ૨૦ વર્ષની ઉંમરે એકવાર રિલિફ ટૉકિઝમાં મિત્રો સાથે પિકચર જોવા ગયેલા. ટૉકિઝની સામે જ એક બુક સ્ટોર હતો. નાનપણથી જ તેમને વાંચનનો શોખ, પિકચર પૂરું થયા બાદ તે બુક સ્ટોરમાં ગયા. ત્યાં તેમના હાથમાં શ્રી રામકૃષ્ણદેવના જીવનચરિત્રની પુસ્તિકા આવી. તે તેમણે ખરીદી લીધી. હૉસ્ટેલમાં પાછા આવીને આ પુસ્તિકા વાંચવાની શરૂ કરી દીધી. શ્રી રામકૃષ્ણદેવની સર્વધર્મની સાધના તેમના હૃદયને સ્પર્શી ગઈ. તેમણે "Thus speak booklet" ની બધાં જ ધર્મોની સીરીઝ ખરીદી લીધી. દરરોજ સવારે તેઓ મહોમ્મદ સાહેબ, ઈસુ ખ્રિસ્ત, ભગવાન બુધ્ધ, શ્રીકૃષ્ણ, સ્વામી વિવેકાનંદ, શ્રી રામકૃષ્ણ પરમહંસ, મહાત્મા ગાંધી વિગેરેનું વાંચન તેમજ ચિંતન કરવા લાગ્યા.

ઈન્ટર્નશીપના ગાળા દરમ્યાન તેઓ રામકૃષ્ણ મિશન રાજકોટની મુલાકાતે ગયા. ત્યાં તે વખતે પૂ. સ્વામીજી ભૂતેષાનંદજી મહારાજ અધ્યક્ષ હતા. રામકૃષ્ણ મિશનના આ પહેલ–વહેલાં સ્વામીજીના તેમણે દર્શન અને સ્પર્શન કર્યા. ત્યારબાદ તેઓ જયારે પાકિસ્તાન સાથેની લડત દરમ્યાન સાલ ૧૯૬૫માં લશ્કરમાં સેવા આપવા જોડાયેલા; ત્યારે લખનૌના રામકૃષ્ણ મિશનના સ્વામી શ્રીધરાનંદજીને લતાબેન સાથે મળવા જતાં. ત્યાં ચાલતું મોબાઈલ કિલનિક અને બંધાઈ રહેલ પોલિકિલનિક હૉસ્પિટલ તેમજ સ્વામીજીના 'જીવ સેવા એજ પ્રભુ સેવા'ના આદર્શથી પ્રભાવિત થઈ ગયેલા. લશ્કરી સેવાઓ આપ્યા બાદ અમેરિકા જતાં પહેલાં તેઓ બન્ને એ રાજકોટના તે વખતના અધ્યક્ષ શ્રી આત્મસ્થાનંદજી મહારાજના આગ્રહથી રામકૃષ્ણ મિશનના તે વખતના પ્રેસિડન્ટ મહારાજ પૂ. સ્વામીશ્રી વિરેશ્વરાનંદજી પાસેથી મંત્રદીક્ષા લીધી. એમને ગુરૂદેવ તરફથી પત્રો દ્વારા મળેલા આશીર્વાદ અને સાંનિધ્યમાં થયેલી વાતો.... ખાસ કરીને ગીતાજીના બે શ્લોક..... "

૧. કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ
પૃચ્છામિ ત્વાં ધર્મસંમૂઢચેતાઃ,
યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે
શિષ્યસ્તેઽહંશાધિ માં ત્વાં પ્રપન્નમ્ ॥

**(કાયરતારૂપી દોષને લીધે જેનો સ્વભાવ નષ્ટ થયો છે એવો તથા ધર્મની બાબતમાં મોહિતચિત્ત થયેલો હું આપને પૂછું છું કે જે નિશ્ચિંત રૂપે કલ્યાણકારી સાધન હોય, તે મને કહો, કેમ કે હું આપનો શિષ્ય છું, માટે આપને શરણે આવેલા મને ઉપદેશ આપો.)**

૨. યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્

**(તું જે કંઈ કર્મ કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે દાન કરે છે તથા જે તપ કરે છે. એ સઘળું મને અર્પણ કર.)**

અમારી સાધના વખતે યાદ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અમેરિકામાં આઠ વર્ષો રહ્યાં તે દરમ્યાન તેઓ મા શ્રી શારદાદેવીના શિષ્યો પૂ. સ્વામીશ્રી અશેષાનંદજી, શ્રી નિખીલાનંદજી, શ્રી શ્રધ્ધાનંદજી, શ્રી પવિત્રાનંદજી તેમજ શ્રી પ્રબુધ્ધાનંદજી, શ્રી સ્વાહાનંદજી, શ્રી ભાષ્યાનંદજી તેમજ તેમના પ્રેરણાસ્તોત્ર સ્વામીશ્રી આદિશ્વરાનંદજીના જીવંત સંપર્કમાં આવેલા.

શ્રી રામકૃષ્ણ મિશનના સ્વામીજીઓના પત્રો તેમજ સાંનિધ્ય દ્વારા તે બધાનો તેઓને પ્રેમ, પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ મળતાં જ રહ્યા. અહીં તે સંદર્ભનાં થોડાં વાકયો આપણે વાંચીશું.

૧. અમારા પ્રેરણાદાયી અને સતત અનુમોદન આપનારા સ્વામીશ્રી આત્મસ્થાનંદજીના થોડા સંસ્મરણોને યાદ કરીએ.....

- અમારા કામમાં વિલંબ થયેલ તે સંદર્ભનો તેમનો તા. ૯–૨–૧૯૭૭ ના પત્રમાં– 'My dear Anil and Lata.....Really I/We became anxious, so for heaven's sake, don't be lazy - never be deaf and dumb any more. ડિસે. ૧૨, ૧૯૭૮ ના પત્રમાં I am steel alive ... કેટલી બધી આત્મીયતા.
- તા. ૩૧ ઓકટો. ૧૯૮૯માં સમયસર નક્કી કર્યા પ્રમાણે જઈ ન શકતા, પત્રનો જવાબ ન આપતાં તેઓએ પત્રમાં લખેલ શબ્દો.... Dear Father Desai, You & your company, it seems, are becoming more and more mysterious ! This is the second time when you failed to come after all detailed arrangements were made. Both at the Math and in Puri, lot of arrangements had to be made to provide accommodation for a big respectable group led by none else but father Desai, only to receive a beautiful regret telegram & a 15 paise cryptic post card to Swami Atmasthananda ! ... ઠપકો આપ્યો પણ કેટલી પ્રીત રાખી.
- વળી મે ૪ ૧૯૯૯માં આનંદ પ્રદર્શિત કરતો પત્ર... It was a great joy to meet you and mother Desai.
- ૧૯૯૫માં જયારે એક આદિવાસી ટોળાએ આવી ગુડાંગર્દી કરી ડૉકટરો ઉપર શારીરિક હુમલો કર્યો તે સંદર્ભના સમાચારો સેવા સુવાસમાં બપોરે જમ્યા બાદ સૂતાંસૂતાં વાંચી રહ્યા હતા તેઓ તરત ઊભા થઈ ગયા અને અમને ફોન કર્યો. "તમો જેના માટે કામ કરો છો તે જ લોકો જયારે તમારો વિરોધ કરે અને તમારા ઉપર હુમલો કરે તે તમારા કામની સાચી દિશા બતાવે છે." તે કપરા સમયે આપેલું કેટલું મોટું અનુમોદન, આશ્વાસન અને હૈયાધારણ.
- અમારા કામને પ્રોત્સાહિત કરતો એપ્રિલ ૬ ૧૯૯૮નો પત્ર I am happy to receive a copy of 17th Annual Report of

SEWA Rural. The Report has been presented in a very interesting fashion. Heartiest felicitations for success of SEWA Rural in doing Nara-Narayan seva in the rural areas in as many streams as possible. The Lord bless you and all your colleagues. With best wishes.

૨. સ્વામી આદિશ્વરાનંદજી જે અમારા શિક્ષાગુરુ અને ન્યુયોર્ક સેન્ટરના અધ્યક્ષ હતા. તેમણે આપેલી કર્મયોગની વ્યાખ્યા... " Don't seek Don't avoid."

૩. તેમ જ હાલના 'Vedanat centre, Sidney' ના અમારા માટે સંબોધાયેલા શબ્દો e-mail Dec. 23, 2002, Dear Father Pope and Mother Church...., તેમજ 'સ્વામી શ્રી અશેષાનંદજીએ કારમાં લઈ જતી વખતે અનિલને "You are our parth sarthi" આપેલ બિરુદ તેમજ સાન ફ્રાન્સીસકોના સ્વામી પ્રબુધ્ધાનંદજીએ તેમના જુલાઈ' ૬, ૧૯૭૯ના પત્રમાં અમારા વતી કરેલ પ્રાર્થના અને આપેલા આશીર્વચન "I wish and pray that through the grace of the Lord you will be able to settle down in India without many hurdles, and be able to carry on with your project to, the satisfaction and joy of all concerned. You are a devotee. The Lord follows the devotee wherever he is, to look after him during all the stresses and strains of life."

''આવા તો રામકૃષ્ણ મિશનના અગણિત સ્વામીજીઓના પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં જ રહ્યાં છે અને તેથી જ અનિલભાઈએ તેમના મૃત્યુના ૪૮ કલાક પહેલાં કાઢેલા ઉદ્‌ગારો ''બાપે દીકરાનો હાથ પકડયો હોય પછી પડવાની ચિંતા જ શી?'' સાર્થક થયેલા લાગે છે.

એક ઈષ્ટમિત્ર

◈

## ૪. જીવનમાં આચરણ

જીવનમાં સાંભળેલાં અને સમજેલાં સત્ય અને મૂલ્યોને પોતાના જીવનમાં આચરણ દ્વારા વ્યવહારમાં ઉતારી લેવા એ કોઈપણ આધ્યાત્મિક યાત્રી માટે અંગત રીતે ખૂબ જ જરૂરી છે. એમ કરી શકવું એ જ તમારા ખરા આધ્યાત્મિક વિકાસમાં અતિ આવશ્યક છે. પૂ. અનિલભાઈના જીવનમાં આ વાતનું અંગત અને ઠોસ મહત્વ આપણને જોવા મળતું હતું.

નાના નાના આધ્યાત્મિક મૂલ્યોને પણ તેઓ સમજયા પછી, એને પૂરું મહત્વ આપી, પોતાની નૈતિક ક્ષમતા અને દ્રઢતાથી પોતાના જીવનમાં ઊતારી લેતા. એમ કરતાં કરતાં એ પોતાની સાથે સંકળાયેલા સર્વેને માટે આદર્શરૂપ, પ્રેરણારૂપ અને ઉદાહરણરૂપ બની રહી; માત્ર મોટી મોટી વાત કર્યા વિના, આચરણ દ્વારા જ બીજાના જીવન–ઘડતરમાં એ સહજ અને ઠોસ રીતે ભાગીદાર બની રહેતા. આવી બાબતોમાં સત્યનું આચરણ, નામ સ્મરણનું મહત્વ, વાણી–વ્યવહાર, શરણાગતિનો ભાવ, કર્મઠપણું જેવી ઘણી ઘણી બાબતો એમના સંપર્કમાં

આવતા તમામ માટે સમજવી અને આચરણમાં તારવીએ સરળઅને સહજ બની રહેતું.

સંસ્થામાં કે સંપર્કમાં હોય તે કોઈપણ વ્યકિતને તેઓ જેવી છે એવી જ સ્વીકારી, માત્ર પોતાના આચરણ અને વ્યવહાર દ્વારા કોઈ શાબ્દિક ઉપદેશ વિના સ્પર્શ કરી, એના જીવનના વિકાસમાં સહજ ભાગીદાર બનતા. આમ થવાથી એ વ્યકિતને પણ એમની સાથેના સંબંધનો ભાર ન છતાં એમને સાચી રીતે તેઓ મદદરૂપ સાબિત થતા.

કોઈના પણ વ્યકિતગત, સામાજિક કે આધ્યાત્મિક ઉત્થાન માટેનો એમનો અહેતુક પ્રેમ એ ઉડીને આંખે વળગે એવો હતો. એનો પ્રત્યક્ષ અનુભવ બીજાની જેમ મને પણ ઘણીવાર થયેલ. અને ખાસ તો મહત્વનું એ છે કે એમની આવી ભૂમિકાથી જે તે વ્યકિતનો સમગ્ર વિકાસ સમતોલ અને સર્વાંગીપણે થતો જોવા મળ્યો છે.

સમાજના છેવાડાના માનવી પ્રત્યેની સંવેદના અને કરૂણા તેઓમાં અપાર હતી. એમની બિમારી દરમ્યાન એમને મળતી સારવાર દરમ્યાન જે ગરીબ દર્દીને આવી સારવાર પ્રાપ્ત નહી હોય તેમના પ્રત્યેની કરૂણાથી તેઓ દ્રવી ઉઠતા.

આમ, પૂ. અનિલભાઈ સાથે ગાળેલ તમામ ક્ષણ જીવનના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી બની રહેતી.

**ડૉ. હસમુખભાઈ સાધુ**
**ગાયનેકોલોજીસ્ટ**
**સેવા રૂરલના ટ્રસ્ટી, હાલોલ**
**(જિ. પંચમહાલ)**

◈

## ૫. આદર્શ જીવન જીવનારા

સ્વ. ડૉ. અનિલભાઈ દેસાઈ સાથેનો મારો પરિચય સેવા રૂરલની સ્થાપના અગાઉ થયો હતો. તેઓ વિદેશથી જયારે ભારત પાછા આવ્યા અને સેવા કાર્ય માટે સ્થળની પસંદગી કરવાનું તેમનું પ્રથમ ધ્યેય હતું તે સમયે તેઓ તથા ડૉ. લતાબહેન અમદાવાદ આવ્યાં ત્યારે તેમનો વ્યકિતગત પરિચય થયો હતો. મેં તેમના માટે મોટરની વ્યવસ્થા કરી આપી હતી, જેથી વિવિધ વિસ્તારોમાં જગ્યા પસંદ કરવા જઈ શકે. ગુજરાતમાં રાજકોટ ઈત્યાદિ બે થી ત્રણ સ્થળે આદર્શ જગ્યાની શોધમાં તેઓ ફર્યા. અંતે સેવા રૂરલની સ્થાપના માટે ઝઘડિયાની પસંદગી કરી.

સેવા રૂરલ સ્થાપનાથી આજદિન સુધીના ઘણાં વર્ષો દરમ્યાન તેના સેવા કાર્યો માટે એક દાતા તરીકે અમારા વાઘબકરી ગ્રુપે દાનનો પ્રવાહ દર વર્ષે સતત ચાલુ રાખ્યો છે. બે વર્ષ અગાઉ સેવા રૂરલે નર્સોની ટ્રેનિંગ માટેનું એક તાલીમ કેન્દ્ર શરૂ કરેલ છે. તેમાં અમારી કંપનીના CSR ફંડમાંથી આશરે રૂા. બે કરોડ પચાસ લાખ રૂપિયાનું દાન વાઘબકરી ગ્રુપે આપ્યું હતું.

આ પ્રોજેકટ ખુબ જ સંતોષકારક રીતે ચાલી રહ્યો છે તે બદલ સેવા રૂરલના વર્તમાન મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. પંકજભાઈ, ડૉ. લતાબહેન, શ્રી બંકિમભાઈ તેમજ કાર્યક્ષમ ડૉકટરોની ટીમ અને નાનાથી મોટા સહુએ કર્મચારીઓને હું અભિનંદન પાઠવું છું.

મારી નજરે સેવા રૂરલને મેં ગુજરાતના કેટલાક આધુનિક તીર્થસ્થળોમાંના એક પ્રસંશનીય સ્થળ તરીકે જોયું છે. મારા મનમાં સેવા રૂરલ પ્રત્યે આ અહોભાવ હોઈને હું ઘણી વાર સેવા રૂરલ આવ્યો છું તથા કેટલીક વખત સેવા રૂરલમાં રાત્રી રોકાણ પણ

કરેલ છે. તે સમયે મેં જોયું કે સ્વ. ડૉ. અનિલભાઈ તથા ડૉ. લતાબહેન ઉચ્ચ કક્ષાનું આધ્યાત્મિક જીવન જીવતાં હતાં. સ્વ. અનિલભાઈને ભજનો ખૂબ જ ગમતા. સવારે એકાદ ભજન પરિવારની રૂબરૂમાં ગાઈને અમે સૌ ભકિતનો આનંદ માણતા. સવારના પોતાના ઘરમાં ધ્યાન, પ્રાર્થના ઈત્યાદિ તો તેઓ કરતા; પરંતુ સંસ્થાના સૌ ભેગા મળી એક જ સ્થળે સમૂહ પ્રાર્થના થાય તે માટે એક કુટીર બનાવી હતી. સેવા રૂરલના સ્થાપના દિનથી સમી સાંજે સેવા રૂરલના સૌ કાર્યકર્તા ભેગા મળીને સમૂહ પ્રાર્થના કરે છે. આ ઉદાહરણીય પ્રવૃત્તિ મારા દિલને ખૂબ સ્પર્શી ગઈ.

છેલ્લે છેલ્લે જયારે અવસાનના બે મહિના અગાઉ ડૉ. અનિલભાઈ ખૂબ જ બીમાર હતા ત્યારે તેમના ખબરઅંતર પૂછવા હું સેવા રૂરલ આવ્યો હતો. તે સમયે ડૉ. લતાબેન, ડૉ. શ્રેય અને ડૉ. ગાયત્રી તેમની ખૂબ ભાવપૂર્વક માવજત કરી રહ્યા હતા.

મને સ્મરણ છે કે આંતરડાનું કેન્સર તો તેમને સેવા રૂરલ સંસ્થા શરૂ થઈ તેના પ્રથમ દસ વર્ષ પૂરા થવા આવ્યાં તે અરસામાં જ થયેલ. પરંતુ આહાર–વિહારમાં સંયમ જાળવીને સેવામય જીવન એવી સારી રીતે જીવ્યા કે છેલ્લાં એક–બે વર્ષ બાદ કરતાં ઈશ્વરકૃપાથી નિરોગી જીવન જીવી શકયા. તા. ૧૬ એપ્રિલ'૧૯ના રોજ તેઓના અવસાનના સમાચાર મળતાં મને ઘણું દુઃખ થયું.

આ વિશ્વમાં જે જન્મ લે છે તે જીંદગીનો સમય પૂર્ણ થતાં વિદાય પણ લે છે. ઘણી મહાન વ્યકિતઓ આવી અને ગઈ અને સમાજને તેમનો લાભ આપી સ્મૃતિ છોડાતી ગઈ. ડૉ. અનિલભાઈ આ જ રીતે આદર્શ જીવન જીવ્યા. જે જીવ્યા તે સંપૂર્ણ સેવાની લગનીથી જીવ્યા અને સેવાની સુવાસ ફેલાવી ગયા. વિશેષમાં ડૉ. શ્રેય અને ગાયત્રીના નિર્ણયની હું પ્રશંસા કરુ છું કે બન્નેએ વતનથી દૂર પોતાની કારકીર્દી વિકસાવવાને બદલે પરિવારમાં પરત આવ્યા અને સેવા રૂરલના વિકાસને પ્રાધાન્ય આપ્યુ.

સેવા રૂરલની પ્રતિષ્ઠા માત્ર રાષ્ટ્રીય સ્તરે નહી પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ખૂબ સારી ફેલાવા પામી છે. અતિ આનંદની વાત એ છે કે તેમણે ડૉ.લતાબેન અને તે સમયના સાથીદારોના સહકારથી સેવા કાર્યનો એવો મજબુત પાયો નાંખ્યો કે સેવા રૂરલ સંસ્થાને એક પછી એક સારા કાર્યકરો પ્રાપ્ત થયા તેથી સેવા રૂરલ સતત પ્રગતિના પંથે રહ્યા ને સતત ખ્યાતિ પામ્યું.

**પિયુષભાઈ ઓ. દેસાઈ**
**અધ્યક્ષ**
**વાઘબકરી ચા ગ્રુપ**

◈

## ૬. અનિલભાઈ : સેવા અને ભકિત માર્ગના યાત્રી

અનિલ અને હું મેડીકલ કૉલેજના પહેલા વર્ષથી સાથે અભ્યાસ કરીએ, હું શહેરના મકાનમાં રહેતો અને એ હોસ્ટેલમાં; પરંતુ ફાઈનલ MBBSના છેલ્લા વર્ષમાં હું હોસ્ટેલમાં આવી ગયેલો. સદ્‌ભાગ્યે અમે બંને રૂમ પાર્ટનર હતા. એક જ ખાટલામાં અમે બંને સાથે સૂઈએ અને ગપસપ કરીએ. અમારા બંનેની આંખમાં એક જ સપનું હતું કે તબીબ થઈ જરૂરિયાતમંદોને સહાયરૂપ થવું. એકબીજાને પાનો ચઢાવતા. MBBS પછી ગામ કોઠગાંગડના પ્રાયમરી હેલ્થ કેર સેન્ટરમાં ઈન્ટર્નશીપ જોડે જ લીધી. સાવ નાનું સુવિધા વિનાઓનું ગામ. MBBS

ડૉક્ટર તો મળે જ નહી. એટલે અમે થોડુ માર્ગદર્શન, થોડીક થિયરીની જાણકારીથી પ્રેક્ટીકલ સારવાર આપવા માંડી. અમને વ્યકિતગત આનંદ સાથે લોકોનો પ્રેમ મળવા માંડયો. ગામમાં એવું કોઈ સ્થળ ન હતું કે જયાં જઈને બેસાય, એટલે સાંજ પડે રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મના બાંકડા ઉપર બેસી સપનાંઓ કેવી રીતે સાકાર કરવાં એનું ચિંતન કરીએ અને એકબીજાને પ્રોત્સાહન આપીએ.

બીજા બે મહિના અમારે ભાવનગર સાથે જ ઈન્ટર્નશીપ હતી. એ વર્ષ હતું ૧૯૬૫નું. એ જ સમયે ભારત–પાકિસ્તાનનું યુદ્ધ ફાટી નીકળ્યું. અહી પહેલી વાર અનિલના મક્કમ મનોબળના દર્શન સહુ સાથીઓને થયા. બપોરના લંચ પછી અમે ગોષ્ઠિ કરતા હતા. યુદ્ધના સમાચારો ઉપર ચર્ચા કરતા હતા. એક દિવસ ઓચિંતા અનિલે મોટા અવાજે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો પેરેગ્રાફ વાંચ્યો. "The response of doctors, nurses and paramedicals was spontaneous, encouraging and unbelievable in country to join army. " આટલું વાંચીને અનિલે કહ્યું : 'We are cowards'. ડૉ. ચંદ્રકાન્તે પડકાર ઉપાડતાં કહ્યું : "આમ ના કહે, ચાલો આપણે લશ્કરમાં જોડાઈએ." આટલા નાના પ્રસંગે અમારા પાંચ મિત્રો લશ્કરમાં જોડાઈ ગયા. મક્કમ મનોબળ, દેશભકિત અને સેવાધર્મને સાકાર કરવાનું આ પહેલું પગલું.

લશ્કરમાંથી પરત આવી સર્જન થયો. અમેરિકા આઠ વર્ષ તાલીમ લીધી પરંતું ત્યાંના સુખ–સગવડ, તબીબી ક્ષેત્રની તકો એને ડગાવી ના શકયા. પાંચ વર્ષે પરત ફરી લતાબહેન સાથે ઝઘડિયાના આદિવાસીઓ વચ્ચે ધૂણી ધખાવી દીધી. બાકીનું એનું જીવન ઈતિહાસ બની ગયું.

એનું મનોબળ અને ઈશ્વર પરની શ્રદ્ધા મેં વારંવાર નજદીકથી જોઈ છે. યુવાન કહેવાય એવી ઉંમરથી મૃત્યુ–પર્યંત અસંખ્ય માંદગીઓમાંથી પસાર થનાર મિત્રને દુઃખની ફરિયાદો કરતો, નિસાસા કે નિરાશા વ્યકત કરતો કે કાલની ચિંતા કરતો જોયો નથી. શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના આદર્શોને માત્ર જાણ્યા જ નહી, એ પ્રમાણે જીવ્યો પણ ખરો. કર્મ અને ભકિતના બંને માર્ગોનો સમન્વય કરતો આ મિત્ર સહુના માટે પ્રેરણાદાયી બની રહ્યો છે. એ ઝઘડિયા અને હું અમદાવાદમાં સ્વપ્નો સાકાર કરતા રહ્યા પરંતુ અનિલની સાથે વાતો કરું ત્યારે મારો ઉત્સાહ બેવડાઈ જાય.

મૃત્યુ નિશ્ચિત છે એ જાણવા છતાં ય, સમય આવે બધા જ ડગી જાય છે. ત્યારે મારો આ મિત્ર મૃત્યુનો મહોત્સવ કરી મોક્ષ પામી ગયો છે. એના આત્માને ચિર:શાંતિ પ્રાપ્ત થાય એટલી પ્રભુ પ્રાર્થના.

**ડૉ. ભરત ભગત**
**ચેરમેન, હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન**
**અમદાવાદ**

◈

## ૭. Don't seek, don't avoid"

વારંવાર આ ઉકિત મારા પતિ ડૉ. રાજેશના મુખે સહજીવનની શરૂઆતથી જ સાંભળવા મળતી. માનવસહજ જીજ્ઞાસાપૂર્વક મેં જાણવાની કોશિષ કરી કે આ ઉકિત શીખવનાર કોણ છે ? ત્યારે ડૉ. અનિલભાઈનું નામ જાણવા મળ્યું. લગ્ન પછી મે પહેલી જ વાર "ઝઘડિયા" ગામનું નામ સાંભળ્યું એટલે સેવા રૂરલ પણ એટલું જ અજાણ્યું હતું ! ડૉ. મહેતાની પાંચ વર્ષની સેવા રૂરલની કામગીરી દરમ્યાન એમનો સર્વાંગી વિકાસ કરનાર વ્યકિત

એટલે ડૉ. અનિલભાઈ દેસાઈ. આવું વારે વારે એમના મુખેથી સાંભળવા મળતું અને એટલે જ અનિલભાઈને મળવાની ઉત્સુકતા ઘણી હતી. છતાં લગ્ન પછી ત્રણ વર્ષે તે ફળીભૂત થઈ. લગ્ન પછી નાની–નાની વાતમાં વાદ–વિવાદ થાય ત્યારે ઘણી વાર એ બોલતા કે, 'આ તો હું સેવા રૂરલમાં અનિલભાઈ પાસે ઘડાયો છું એટલે આપણે સાથે રહ્યા છીએ, નહીતર પહેલાંનો હું હોત તો આપણા કયારનાંય છૂટાછેડા થઈ ગયા હોત!!!'

જયારે મારી પહેલી મુલાકાત અનિલભાઈ સાથે થઈ ત્યારે એમને મળીને એમ લાગ્યું કે જાણે મારા નિકટના સ્વજન તથા ગુરુ મળ્યા. અમારી પહેલી મુલાકાતમાં જ અનિલભાઈએ અમુક પાયાના પ્રશ્નો પૂછી જાણી લીધું કે અમારું (લગ્નજીવન રૂપી) ગાડું કેવી રીતે ચાલે છે? તેઓ હંમેશા કહેતાં કે પતિ–પત્નિ ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ સવાર – સાંજ અડધો અડધો કલાક સાથે ચાલવા જવું અને આધ્યાત્મિક વાચન કરવું. સાથે બેસીને અમે કયા ગ્રથનું આધ્યાત્મિક વાચન કરીએ છીએ તેવા તેમના પ્રશ્નોના જવાબમાં ડૉ. મહેતા તો મૌન રહ્યા, પણ મારાથી બોલી જવાયું કે અમે વાંચવા કરતાં વિવાદ વધુ કરીએ છીએ. મને શ્રીમદ્ ભાગવદ, રામાયણ કે ગીતા વાંચવામાં રસ હોય અને મહેતા સાહેબને વચનામૃત કે શિક્ષાપત્રી વાંચવામાં રસ હોય. પૂ. અનિલભાઈએ તરત જ સમાધાન આપ્યું: શ્રી રામકૃષ્ણ પરમહંસ અને વિવકાનંદજીનાં કોઈપણ પુસ્તકો સાથે બેસીને વાંચો એટલે કોઈ વિવાદ નહી થાય. આ ઉપાય કારગત નીવડયો. ત્યારબાદ પ્રસંગોપાત સેવા રૂરલની મુલાકાતે અમે જતા અને કયારેક તેઓ પણ અમારા ઘરે મળવા આવતા. ધીમે ધીમે પૂ. અનિલભાઈ મને એટલા આત્મીય લાગવા માંડયા કે મારા પતિની કોઈપણ ફરિયાદ હું મોકળે મને તેમને કરી શકતી. તેઓ પણ એટલા નિખાલસ અને સત્યના ઉપાસક કે જેનો વાંક હોય તેને માઠું ન લાગે તેમ વઢે.

૧૯૯૯માં ડિપ્લોમા ઈન ન્યુટ્રીશન એન્ડ હેલ્થ એજયુકેશન (DNHE)નો કોર્ષ ઈગ્નુમાંથી પાસ કર્યો. ડૉ. મહેતાના માર્ગદર્શન અને ઈશ્વરકૃપાથી હું ભારતમાં પ્રથમ ક્રમે આવી. મારા પરિણામની જાણ મેં ફોન દ્વારા અનિલભાઈને કરી અને અતિ ઉત્સાહમાં હું બોલી કે સાહેબે દિલ દઈને ભણાવી તો કેટલું સરસ પરિણામ આવ્યું ! સામેથી અતિ મજાકીયા અનિલભાઈ બોલ્યા, 'દિલ દઈને બેઠો હોય તો દિલ દઈને જ ભણાવે ને !' એમની રમૂજવૃત્તિ અનોખી હતી.

મારા પિતાના અંતિમ દિવસોમાં જયારે એમને જાણ થઈ કે તેઓ માત્ર પાણી ઉપર જ છે ત્યારે અનિલભાઈએ ફોન દ્વારા તેમના ખબર પૂછયા અને અમને બધી બહેનોને ખાસ સુચન કર્યું કે ઊંચી આધ્યાત્મિકતા ધરાવનાર વ્યકિત જ આવું વ્રત લઈ જીવનની સફર પૂરી કરી શકે. તમે બધા સ્વજનો તેમની તન–મન–ધનથી સેવા કરી તેમના નિર્ણયમાંથી તેમને વિચલિત ન કરતા. મારા પિતાના દેહત્યાગ બાદ અનિલભાઈ અતિ કાર્યબોજ હેઠળ વ્યસ્ત હોવાથી અમદાવાદ રૂબરૂ નહોતા આવી શકયા. આથી મેં રિસાઈને તેમની સાથે વાત કરવાની ના પાડતાં અતિ પ્રેમાળ અનિલભાઈ એક અઠવાડિયામાં જ રૂબરૂ આવી ગયા.

ચાર વર્ષ પહેલાં પર વર્ષની ઉંમરે મેં MPHમાં એડમીશન લીધું અને એમનાં આશિર્વાદ લેવા ગયા ત્યારે તેઓ ખૂબ ખૂશ હતા. મને પૂછયું, 'તારી ઉંમર કેટલી?' મે એમને રમૂજમાં જવાબ આપ્યો '૨૨ વર્ષ'. ખડખડાટ હસીને અનિલભાઈ બોલ્યા: બહુ સરસ આંકડો બોલી, તરવરાટ બાવીસ વર્ષ જેટલો જ છે અને બંને આંકડાને આગળ પાછળ કરો તો કોઈ ફેર ન

પડે. MPH નું ત્રીજું સેમેસ્ટર તા. ૧૬/૮/૨૦૧૬ એ શરૂ થયું અને તા. ૧૯ ઓગષ્ટની સાંજે મારા પતિ ડૉ. રાજેશ મહેતાનું અપહરણ થયું. તા. ૨૦મી ઓગષ્ટે સવારમાં અનિલભાઈનો ફોન આવ્યો. મને હૈયાધારણ આપી કે 'તું જરાય ચિંતા ન કરીશ. આખા સેવા રૂરલનો પરિવાર તારી સાથે જ છે.' રવિવારે (૨૧/૮) મારી ઘણી ના છતાં પોતે નાતંદુરસ્ત તબિયતના કારણે ના આવી શકયા, પણ પૂ. લતાબેન તો આવ્યા જ. હું પાલનપુર હતી તો લતાબેન પાલનપુર આવ્યા. પાલનપુર પોલીસ સ્ટેશને લતાબેન મને મળ્યા અને તરત અનિલભાઈ સાથે ફોન પર વાત કરાવી. ત્યારે પણ અનિલભાઈએ એ જ વાત દોહરાવી કે 'તું એકલી નથી અમે બધા તારી સાથે છીએ.' છઠ્ઠા દિવસે જયારે ડૉ. મહેતા હેમખેમ મળ્યા ત્યારે અનિલભાઈની ખુશીનો પાર નહોતો જયારે અમદાવાદ પોતાની તબિયત બતાવવા આવવાનું થયું ત્યારે ખાસ સમય લઈને અમને રૂબરૂ મળવા અને શાંતિથી વાતો સાંભળવા આવ્યા. રાત્રિના સાડા દસ સુધી ઘણી વાતો કરી અને અમને બંનેને જીવનનું ભાથું બંધાવતા ગયા. મને કાયમ અનિલભાઈ એક સલાહ આપતા કે 'તારે દુનિયામાં કયાંય ગુરુ શોધવા જવાની જરૂર નથી. તારો ગુરુ માત્ર રાજેશ જ છે.'

તા. ૧/૧૨/૨૦૧૮ ના રોજ મને તેજસ્વી નારીશકિત આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ એનાયત થયો તેની જાણ મેં જયારે અનિલભાઈને કરી ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન થઈને બોલ્યા, 'અમે તો નારીશકિતને કયારની પિછાણી છે પણ એને નવાજવામાં મોડા પડયા'.

પૂ. અનિલભાઈની કાયમી શિખામણઃ 'ઘરનો પૈસો સંસ્થામાં જાય તેનો વાંધો નહી પણ સંસ્થાનો પૈસો ઘરમાં ન આવવો જોઈએ. 'જયારે પણ અનિલભાઈને મળીએ ત્યારે પ્રસન્નતાની સાથે હળવાફુલ થઈ જવાય. આવા અતિ પ્રેમાળ, હસમુખા, પિતાતુલ્ય પથદર્શક અને અદ્રષ્ટ એવા અનિલભાઈને શત્ શત્ વંદન.

**હેમા રાજેશ મહેતા**
**પીપલ્સ હેલ્થ એન્ડ ડેવલૉપમેન્ટ ટ્રસ્ટ**
**અમદાવાદ**

◈

## ૮. એક વિશેષ નેતૃત્વ

- સામે બેઠેલી વ્યકિતના હૃદયમાં બેસીને વાત કરવી અર્થાત્ તે વ્યકિતના દ્રષ્ટિકોણને ઘ્યાનમાં રાખીને વાત કરવી
- જેને વઢીએ તેને એવી રીતે વઢીએ કે તે થેંકયુ થેંકયુ કહેતો જાય અને છતાં આપણી વાત સાથે સહમત થતો જાય
- સામેવાળાને મનમાં શું ચાલે છે તે સ્પષ્ટ વાંચી શકતા
- ઘ્યાનનો મહાવરો હોવાથી સામાન્ય રીતે ડાયરીની જરૂર ન પડતી
- દિવસમાં વાતચીત / મીટિંગ વિગેરેના વિષય તથા સંદર્ભ બદલાય તો પણ દરેકમાં રસપૂર્વક અને ઊંડાણથી એકાગ્રતાપૂર્વક માર્ગદર્શન આપી શકે
- ઝઘડતી ઝઘડતી બે વ્યકિત આવે તે સમજપૂર્વક સમાધાન કરાવી આપે
- પ્રેમાળ સ્મિત
- સામેવાળાને રસ પડે તે રીતે વાતચીતનો દોર શરૂ કરે
- એકવાર પ્રદર્શન અને કેમ્પ માટે ફોલ્ડીગ ટેન્ટ બનાવવા તાડપત્રી–મજબૂત કાપડની જરૂર હતી. હું સાથે ગયો હતો. વેપારી સાથે વાતચીત થઈ તેણે જેટલું જોઈએ તેટલું કાપડ ફ્રીમાં આપ્યું

- અસંખ્ય વિચારો–ટેકનોલોજીના ઉપાયોમાંથી સુયોગ્ય બાબતોને ઘડીને/તારવીને/ વિકસાવીને ઉપયોગ કરવાની સૂઝ
- ત્રિવેણી સંગમઃ પૂર્વનું હૃદય અને ડહાપણ, પશ્ચિમ નું વ્યવસ્થાપન, લશ્કરી શિસ્ત પણ હળવાશથી
- વહેલી સવારે ગીતાના શ્લોકો, વાંચન અને પછી અનિલભાઈનું વિવેચન "આધ્યાત્મિક" અનુભવ
- અન્ય વ્યકિત કે ટીમ સાથે સહમત ન હોય તો પણ એક વખત નકકી કર્યા પછી ખારાશ રાખ્યા વગર પૂરેપૂરો સહયોગ

**ડૉ. રાજેશ મહેતા**
પ્રાફેસર – મેડીકલ કૉલેજ
સોલા, અમદાવાદ

◈

## ૯. ડૉ. અનિલ : એક તબીબી સંત

ડૉ. અનિલભાઈનો પ્રથમ પરિચય બી. જે. મેડીકલ કોલેજમાં હું જયારે પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં જુનિયર લેકચરર હતો ત્યારે મારા વર્ગના એક અત્યંત હોશિયર વિદ્યાર્થી તરીકે થયો. ત્યાર બાદ તેઓ વલસાડના વતની હોઈ મારા ધર્મપત્નીના કુટુંબ સાથે પરિચિત હતા અને એ રીતે અમારા સંબંધ ગાઢ થયા. તે અરસામાં પાકિસ્તાન સાથેની લડાઈમાં તેઓ સ્વૈચ્છિક સેવા માટે જોડાયા. એ જોઈને મારું એમને માટેનું માન તેમજ લાગણી અનેક ગણી વધી.

તેઓ જયારે અમેરિકામાં વધુ અભ્યાસ માટે ગયા ત્યારે મેં અનેક વખત એમની મહેમાનગીરી માણેલી તેમજ મદદ લીધી હતી. તે વખતે એક મુલાકાત દરમિયાન એમની સાથે ન્યુયોર્કના રામકૃષ્ણ મિશનની પ્રાર્થના–સભામાં જવાનું સદ્‌ભાગ્ય પણ પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગ મને હજી યાદ આવે છે કારણ કે બાદમાં એમના જીવનકાળ દરમ્યાન અનેક પ્રસંગોએ એમને પૂ.શ્રીરામકૃષ્ણ પરમહંસ તેમજ સ્વામી વિવેકાનંદના ઉપદેશો અને સિધ્ધાંતોને પૂરેપૂરા તેમના આચરણમાં મૂકેલા મેં જોયા છે. મારા પરિચયમાં આવેલ ઘણીખરી વ્યકિતઓની સરખામણીમાં ડૉ.અનિલભાઈના જીવનના પ્રત્યેક આચરણમાં સ્વામીજીના ઉપદેશનું જે અક્ષરશઃ પાલન જોવા મળ્યું તે ભાગ્યે જ બીજા અનુયાયીઓમાં મેં જોયું હશે.

અમેરિકામાં અભ્યાસ કરીને ત્યાંની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરીને આપણા દેશના લગભગ ૯૯% થી પણ વધુ લોકોની સરખામણીમાં અમેરિકાના અનેક પ્રલોભનોને ઠોકર મારી, સ્વદેશ પાછા ફરી, ખાનગી પ્રેકિટસમાં ધીકતી કમાણીની લાલચને વશ થયા વગર, ગરીબ દર્દીઓની સેવાનો યજ્ઞ એમણે ઝઘડિયા જેવા પછાત વિસ્તારમાં "સેવા રૂરલ" નામે આરંભ્યો, જયાં હજારો આદિવાસીઓની એમણે આધુનિક મેડીકલ સેવા કરી છે. "સેવા રૂરલ" એમના પવિત્ર આત્મા અને કાર્યોનું એક સ્મારક બની ચૂકયું છે. એક તબીબી સંત તરીકે એમનું નામ હમેંશને માટે અમર બન્યું છે.

ઝઘડિયા "સેવા રૂરલ" આશ્રમ અને અનિલ નામના સેવાધારી સંતને મારા લાખ લાખ વંદન.

**ડૉ. પ્રદીપ દેસાઈ**
**સ્પાન ડાયોગ્નોસ્ટીક**
**સુરત**

◈

## ૧૦. અનિલભાઈ : કર્મ, ભકિત અને જ્ઞાનયોગનો સમન્વય

અનિલભાઈ સાથે ઓળખાણ થયે લગભગ ૨૭ વર્ષ થયાં. એમની સાથે બે વર્ષ નજીકથી કામ કરવાની અને વિચાર–વિમર્શ કરવાની અમૂલ્ય તક પણ મળી.

અનિલભાઈના કર્મયોગનું પ્રદાન સેવા રૂરલ સંસ્થાની જવલંત સફળતા માટે જાણીતું છે. એ કર્મયોગ માટે તેમની રામકૃષ્ણ મિશન પ્રત્યેની ભકિત અને શ્રદ્ધાએ એક એન્જીન તરીકે કામ કર્યુ અને ઉપનિષદોનું જ્ઞાન સ્ટીયરીંગ જેવું રહ્યું.

અનિલભાઈ અને લતાબહેનની ભકિત સવારે સેવા રૂરલ આવે ત્યારે પ્રથમ મંદિર જઈને દર્શન કરવામાં સ્પષ્ટ દેખાતી.પોતાના પચાવેલા અનુભવ પરથી તેઓ કહેતા કે સામાજિક કાર્યની સાથે આધ્યાત્મિકતા વણાયેલી હશે તો કાર્યનો થાક નહિ લાગે અને સંકટના સમયે ટકવા માટે બળ મળશે.

એમના જ્ઞાનયોગની ઝલક "રીડીંગ" કલબમાં જોવા મળતી. તેઓ કહેતા કે એ જ જ્ઞાન કામનું છે કે જેનો વ્યવહારિક ઉપયોગ થઈ શકે. આને માટે તેઓ દરેકને કહેતા કે તમારો વ્યકિતગત અનુભવ આધ્યાત્મિક વાર્તાલાપ સાથે જોડો. અનિલભાઈએ કહ્યું હતું કે તેમનું સ્વપ્ન ભારત માટે એવું છે કે જેટલા નિયમો બન્યા છે એ બધાનો રાતોરાત અમલ થઈ જાય ! આવું થાય તો ભારતના મોટા ભાગના પ્રશ્ન ઉકેલાઈ જાય. વ્યકિતગત નૈતિકતા વિષે તેમણે કહ્યું હતું કે "નિશાન ચૂક માફ પણ નહીં માફ નીચું નિશાન."

અમે સેવા રૂરલના અનુભવે શીખ્યા કે નૈતિકતાથી આવી મોટી અને સફળ સંસ્થા ઊભી કરી શકાય છે.

અનિલભાઈ–લતાબેનની દૂરંદેશી તેમની હયાતીમાં સેવા રૂરલના બીજી અને ત્રીજી પેઢીના સુકાનીઓને તૈયાર કરવામાં જોવા મળે છે. આની તૈયારી માટે તેઓએ કાર્યકર્તાઓની પાસે ઘણી ચર્ચાઓ કરાવી અને તેમને સેવા રૂરલ સંસ્થાને પોતીકી ગણાવીને નિર્ણયો લેતા શીખવ્યું. ઘણી સામાજિક સંસ્થાઓ તેમના સ્થાપકો ગયા પછી ભાંગી પડે છે, પણ સેવા રૂરલનું એવું નથી થયું તેને માટે અનિલભાઈ – લતાબેન અને સેવા રૂરલના સમર્પિત કાર્યકર્તાઓને અભિનંદન.

**ડૉ. કિશોર–વર્ષા મિસ્ત્રી**
**કોશિષ–મિલાપ ટ્રસ્ટ**
**વડોદરા**

◈

## ૧૧. સત્ય અને મૂલ્યોને આચરણમાં ઉતારનારા

જીવનમાં સંભાળેલાં અને સમજેલાં સત્ય અને મૂલ્યોને પોતાના જીવનમાં આચરણ દ્વારા વ્યવહારમાં ઉતારી લેવા એ કોઈ પણ આધ્યાત્મિક યાત્રી માટે અંગત રીતે ખૂબ જ જરૂરી છે. એમ કરી શકવું એજ તમારા ખરા આધ્યાત્મિક વિકાસ માટે અતિ આવશ્યક છે.

પૂ. અનિલભાઈના જીવનમાં આ વાતનું અંગત અને નક્કર મહત્વ આપણને જોવા મળે છે.

નાનાં નાનાં આધ્યાત્મિક મૂલ્યોને પણ તેઓ સમજયા પછી અને પુરુ મહત્વ આપી, પોતાની નૈતિક ક્ષમતા અને દ્રઢતાથી પોતાના જીવનમાં ઉતારી લેતાં અને એમ કરતાં કરતાં એ પોતાની સાથે સંકળાયેલા સર્વેને માટે આદર્શરૂપ, પ્રેરણારૂપ અને ઉદાહરણરૂપ બની રહ્યા. માત્ર મોટી મોટી વાત કર્યા વિના, આચરણ દ્વારા જ બીજાના જીવન–ઘડતરમાં એ સહજ અને ઠોસ રીતે ભાગીદાર બની રહેતા. આવી બાબતોમાં

સત્યનું આચરણ, નામ સ્મરણનું મહત્વ, વાણી–વ્યવહાર, શરણાગતિનો ભાવ, કર્મઠપણું જેવી ઘણી ઘણી બાબતો એમના સંપર્કમાં આવતા તમામ માટે સમજવી અને આચરણમાં ઉતારવી એ સરળ અને સહજ બની રહેતું.

સંસ્થામાં કે સંપર્કમાં હોય તે કોઈ પણ વ્યકિતને તેઓ જેવી છે એવી જ સ્વીકારી, માત્ર પોતાના આચરણ અને વ્યવહાર દ્વારા કોઈ શાબ્દિક ઉપદેશ વિના સ્પર્શ કરી, એના જીવનના વિકાસમાં સહજ ભાગીદાર બનતા. આમ થવાથી એ વ્યકિતને પણ એમની સાથેના સંબંધોનો ભાર ન પડવા છતાં એમને સાચી રીતે તેઓ મદદરૂપ સાબિત થતા.

કોઈના પણ વ્યકિતગત, સામાજિક કે આધ્યાત્મિક ઉત્થાન માટેનો એમનો અહેતુકી પ્રેમ એ ઊડીને આંખે વળગે એવો હતો. એનો પ્રત્યક્ષ અનુભવ બીજાની જેમ, મને પણ ઘણીવાર થયેલ. અને ખાસ તો મહત્વનું એ છે કે આવા સર્વાંગી સ્પર્શથી તે વ્યકિતઓના સમગ્ર વિકાસને સમતોલપણે થવામાં તેઓ ભાગ ભજવતા.

સમાજના છેવાડાના માનવી પ્રત્યેની સંવેદના અને કરૂણા તેઓમાં અપાર હતી. એમની બિમારી દરમિયાન એમને મળતી સારવાર ગરીબ દર્દીને પ્રાપ્ત નહી હોય તો તેમના પ્રત્યેની કરૂણાથી તેઓ દ્રવી ઊઠતા.

આમ, પૂ. અનિલભાઈ સાથે ગાળેલ તમામ ક્ષણ, જીવનના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી બની રહેતી.

**ડૉ.ધીરુભાઈ શાહ**
**બાળરોગના નિષ્ણાત**
**મેડીકલ કૉલેજના સહપાઠી**
**જુનાગઢ**

◈.

## ૧૨. મારા અનિલકાકા

અનિલકાકા વલસાડ આવે તો ૧ કે ૨ રાત્રી અમારે ત્યાં રોકાય અને જે દિવસે જે સમયે પહોંચવાના હોય એના ઓછામાં ઓછા ૨૪ કલાક પહેલા ઘરનું વાતાવરણ બદલાઈ જાય. એક ગમતી વ્યકિતને, પપ્પાના વ્હાલા મિત્રને અને આપણાં બધાથી મૂઠી ઊંચેરા વ્યકિત વિશેષને આવકારવાની કંઈક અલગ જ હવા વાતાવરણમાં પ્રસરી જાય. જે ક્ષણે એ અમારા ઘરનું અંતિમ પગથિયું ચઢે અને ઘરના દરવાજામાં પ્રવેશે એ ક્ષણ આજે પણ મારા મન–અંતરમાં અંકિત છે. આવી ક્ષણો વર્ષમાં ૨–૩ વાર આવે અને એ વર્ષો મારી વયના ૬–૭ વર્ષથી માંડી એ ૨૫ વર્ષ સુધીનાં. ૬–૭ થી નીચેના વર્ષોનું કદાચ મને યાદ નહિ હોય. એમના દિવસ દરમ્યાનના નિર્ધારિત કાર્યક્રમો પતે પછી રાત્રે જે વાતોનો ગુલાલ થાય. એ બેઠકની આતુરતાથી રાહ જોવાય. કોઈક વાર એ લાભ બપોરે જમ્યા પછી પણ મળે. મારી પાસે વાતો કરાવે. ઉદાહરણ આપીને સમજાવે. એમ કહે ને સાંભળે ને પછી ખૂબ હસે. એમની વાતો સાંભળવાનો તો આપણે માટે લ્હાવો હતો જ. પણ એઓ આપણને સાંભળે એ ક્ષણને પણ આપણા માટે લ્હાવો બનાવતા એમને જ આવડતું.

દરેક મહત્વના તબક્કે એમનું માર્ગદર્શન મળ્યું છે; પછી તે કારકિર્દીનો વળાંક હોય કે લગ્ન જેવો મહત્વનો નિર્ણય. મારા લગ્નમાં એમનાથી આવી શકાય એમ ન હતું. થોડા દિવસો પહેલા મળ્યા. ત્યારે એમણે આપેલા આશીર્વચનો કયારેય ન ભૂલાય એવા હતા જે આજ સુધી મારામાં અકબંધ છે. જે રીતે વાર્તાલાપની શરૂઆત થઈ અને જે રીતે તેઓ એને આશીર્વચન સુધી લઈ ગયા એ અનિલકાકા સિવાય કોઈ કરી ન શકે. શકય એટલું એમના શબ્દોમાં

મુકવાનો પ્રયત્ન કરું છું. ૧૪–૧૫ વર્ષ પહેલાની વાત છે:

"માનવજીવનની શરૂઆત આદમ અને ઈવના સહજીવનથી થઈ. આદમ અમે ઈવ પૃથ્વી પરનું પ્રથમ દંપતી. માનવ સમૂહ વધતો ગયો. જંગલમાં વસતા આદિમાનવોમાં પણ સગર્ભા સ્ત્રીઓ, બાળકો અને નવજાત બાળકોની માતાઓ જ્યારે વનમાં ભટકીને ખાવાનું શોધવા અસમર્થ બને ત્યારે તેમને એક જગ્યાએ સ્થાપિત કરીને પુરુષો જીવનનિર્વાહ માટેના પ્રયત્નો કરે. એ રીતે કુટુંબ વ્યવસ્થાની શરૂઆત થઈ. ઉત્ક્રાંતિ થઈ અને સમાજની રચના થઈ. સ્ત્રી અને પુરૂષને એકબીજા સાથે જોડી રાખવામાં કયું તત્વ કામ કરે છે ? તમે બન્ને પણ તમારા સહજીવનમાં ઘણા બધા બદલાવો, ઉત્ક્રાંતિ, ઉતારચઢાવ, સંઘર્ષોમાંથી પસાર થશો પણ તમારા વચ્ચેનો પ્રેમ જ તમને આ બધામાંથી પસાર થવાની શકિત આપશે."

એમની આ વાત મને અક્ષરશઃ જીવનના દરેક તબકકે યાદ આવી છે અને એ અક્ષરશઃ સાચુ ઠર્યું છે. આ વર્ણનમાં યાદશકિતની મર્યાદા હેઠળ એમના શબ્દોને કદાચ ન્યાય ન મળ્યો હોય, કંઈક ચૂકાઈ ગયું હોય, કંઈક શબ્દ ફેર થઈ ગયો હોય એવું બને. ૩૫–૪૦–૪૫ વર્ષની પુખ્ત વયે લગ્ન–જીવનની આ વાત કદાચ સાવ સામાજિક લાગે, પણ ૨૪–૨૫ વર્ષની વયે લગ્નજીવનની કેડીએ પગ માંડતા પહેલા આ વાતની મારા ઉપર ખૂબ અસર થયેલી.

બીજો એક પ્રસંગ : મારા દીકરા (હમણાં ૧૦ વર્ષનો) ના જન્મ પછી થોડા દિવસોમાં એમનું આવવાનું થયું. દીકરો બેડરૂમમાં ઘોડિયામાં સૂતો હતો. અમે બધા બેઠક ખંડમાં બેસીને વાતો કરતાં હતાં. અનિલ કાકા ઊભા થઈને અંદર ગયા અને અમારા બધાના આશ્ચર્ય વચ્ચે ઘોડીયામાંથી નવજાત શિશુને ઊંચકીને એમના હાથે બહાર લઈ આવ્યા.

આ મારા દીકરાને મળેલા અનિલનાનાના અમૂલ્ય આર્શીવાદ.

એમનું હાસ્ય અંત સુધી અકબંધ રહ્યું અને તે આપણા સૌના હૃદયમાં પણ રહેશે.

**પ્રાચી ત્યાગરાજન**
**(પિન્કી, અરવિંદભાઈ દેસાઈની સુપુત્રી)**
**વલસાડ**

◈

## ૧૩. અનિલભાઈ સાથેની એ યાદગાર પળો

- સ્કુલ ધો. ૫,૬,૭ વલસાડ : "માણસાઈના દીવા" નાટકમાં શ્રેષ્ઠ અભિનય માટે પહેલું ઈનામ.
- કૉલેજ –વલસાડ: દિલીપભાઈ સાથે વાતો.
- વિદ્યાનગર–અમદાવાદઃ મહોલ્લાથી ખડકી ભાગડા–ખડકી ભાગડાથી પાછા દિક્ષીત મહોલ્લો. આખો દિવસ આ પ્રમાણે ચાલે. અનિલભાઈના બાપુજી કહે, "ગાંડા જેવા વાતો જ કર્યા કરે."
  - "Thus Spake Swami Vivekanand" વાંચી નકકી કર્યું. સામાન્ય જીવન નથી જીવવું. બીજા માટે કંઈક કરી છૂટવું
  - દાકતરીમાં M. S. કરી અમેરિકા જવુ
  - અમેરિકામાં અનુભવ લઈ સ્વદેશ પાછા આવવાનો પાકો નિર્ણય
- અમેરિકાથી પત્રવ્યવહાર ચાલુ. ઘણા પાયાના નિર્ણયોને લગતા પત્રો હજુ પણ ડૉ.લતાબહેન પાસે ઉપલબ્ધ.

- ૧૯૭૩માં સ્વદેશ આવી એક મહિના માટે ગુજરાતના બધા આદિવાસી સ્થળોની મુલાકાત. ડૉ. રામુભાઈની મોટર અને રવલો ડ્રાઈવર. અનિલભાઈ–દિલીપભાઈ મારી આજુબાજુ મોટરમાં પણ વાતો જ વાતો (હસતા–હસતા). વચ્ચે હું કંઈ ડપકો નાખું એટલે બંને આજુબાજુથી મને ગોદા મારે.
- ઝઘડિયા મુલાકાતે પ્રિયવદન કાકા (મઢીવાલા) સાથે કસ્તુરબા મેટરનીટી હોમમાં વાતચીતો. ફૂલહારથી સ્વાગત. ઝઘડિયા આવી હૉસ્પિટલ ચલાવવા ખાસ આગ્રહ.
- મુ. ઈશ્વરભાઈ દેસાઈ (સુરત)( I. J. Desai) સાથે ખૂબ ચર્ચા. અહી તમે કામ કરી શકશો નહી. સરકારી નિયમો પાળી શકશો નહી. અમેરિકા પાછા જવુ.
- અમેરિકાથી પાછા આવી ઝઘડિયા ૧૯૮૦માં હોસ્પિટલનું કામ ચાલુ કર્યું.
- ઉદ્‌ઘાટનને આગલે દિવસે આખીરાત O. T., OPD, ટેબલ–ખુરશીઓ ગોઠવતા, એકદમ ઉત્સાહ સાથે અનિલભાઈને જોવા જેવા હતા.
- સુરત ચાર વર્ષની મીરાને મૂકી ઝઘડિયા આવતા અનિલભાઈની આંખમાં આંસુ
- અમદાવાદ આંતરડાના કેન્સરનું ઓપરેશન. ઓપરેશનને દિવસે સવારે હોસ્પિટલના કમ્પાઉન્ડની ફરતે મારી સાથે મોર્નિંગ વોક (સ્વસ્થ રીતે)
- દર બુધવારે સાંજે પ્રાર્થના પછી વિવેક નિવાસમાં ૫–૧૦ મીનીટ માટે અવશ્ય મળતા. રસોઈવાળા બહેન હોય તો ગરમ બટાકા– પૌઆનો નાસ્તો હોય જ. બહેન ન હોય તો ટેબલ ઉપર સૂકો નાસ્તો અને ફ્રીઝમાંથી મીઠાઈ અવશ્ય ખવડાવે.
- વાતચીતમાં મારો ફૂગ્ગો ( બધું જ હસતા હસતા) તમારા બધા કરતાં પહેલો ફૂટી જવાનો.
- અંતે ફૂગ્ગો ફૂટી ગયો.

**અરવિંદ દેસાઈ**
**બાળપણના મિત્ર**
**સેવા રૂરલના ભૂ.પૂ. ટ્રસ્ટી**
**વલસાડ**

◈

## ૧૪. અનિલભાઈ દીર્ઘદ્રષ્ટા અને કર્મયોગી

ડૉ. અનિલભાઈ દેસાઈ એટલે એવું વ્યકિતત્વ કે જેનું શબ્દોમાં વર્ણન કરવું લગભગ અશકય છે. પાશ્ચાત્ય દેશ અમેરિકાના સુખ સાહ્યબી ભર્યા જીવનને ત્યજીને ભારતની આમ જનતાને પોતાની તબીબી નિપુણતાનો લાભ મળે એ હેતુથી એમનું ડૉ. લતાબહેન દેસાઈ સાથેનું અને સમવયસ્ક યુવા મિત્રો સાથેનું આગમન એક ઐતિહાસિક પગલું હતું. સેવાકાર્ય અસ્ખલિતપણે ચાલતું રહે એ માટે પોતાના મૂળ વતનથી દુર આદિવાસી વિસ્તારને પોતાની કર્મભૂમિ બનાવી અને એને પોતાના પ્રસ્વેદથી સીંચી એ જ એમને દીર્ઘદ્રષ્ટા તરીકે અને એક સાચા કર્મયોગી તરીકે સ્થાપિત કરે છે. આધ્યાત્મિકતાને સંપૂર્ણપણે વરેલા અને સેવા કાર્યોને પોતાના જીવનનું એકમાત્ર મિશન બનાવીને એમણે સેવા રૂરલ સંસ્થાનું બીજ રોપ્યું. આજે વર્ષોના એમના સિંચન બાદ મહાન વટવૃક્ષ સમાન એ આપણા સૌ સમક્ષ છે અને હજુ ફુલીફાલી રહ્યું છે. હું પોતે આધ્યાત્મિક જીવનનો યાત્રી હોઈ, મારું ખૂબ નાની ઉંમરમાં સેવા રૂરલના માધ્યમથી એમના સંપર્કમાં આવવું એ પ્રભુકૃપા સિવાય બીજું કઈ નથી એવું દ્રઢપણે માનું છું.

એમનું સાદગીભર્યું પરંતુ મૂલ્યો સાથે બાંધછોડ ન કરવાની મક્કમતા સાથેનું જીવન આપણા સૌ માટે એક ઉદાહરણરૂપ છે. હું નસીબદાર છું કે મને એમની સાથે વ્યકિતગત રીતે વાતો કરવાનો અને એમના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો મોકો મળ્યો. એમની અને લતાબેનની પ્રેરણા ને લીધે આજે સેવાનાં ઘણાં કેન્દ્રો ગુજરાત જ નહિ પરતું સમગ્ર ભારતમાં સ્થપાયા એ માટે એમનું પોતાનું જીવન જ એક સંદેશ બની રહ્યું.

આધ્યામિકતાને સાચી રીતે સમજી અને પચાવી જાણનાર એવા મહામુલા વ્યકિત્વનું વર્ણન કરવું મારા જેવા અદના વ્યકિત માટે ખૂબ જ કપરું છે. તબીબી શિક્ષણના અંતે તરત જ સેવા રૂરલમાં આંખના સર્જન તરીકે જોડાવાની ઘટનાને હું મારા જીવન માટે સીમાચિહ્નરૂપ ગણું છું બે વર્ષના સમયગાળામાં મારા જેવા એક યુવાનને પોતાના ઉદાહરણ દ્વારા પ્રેરિત કરવા માટે હું એમનો જીવનપર્યંત હૃદયપૂર્વક આભારી રહીશ. ત્યારબાદ મને જયારે લંડન ભણવાનો મોકો મળ્યો ત્યારે માસ્ટર ડીગ્રીના કોર્સના એક વિષયમાં સેવા રૂરલની કેસસ્ટડી (case study) ભણાવાતી હોઈ મને ખૂબ જ આનંદ થયેલો. દેશ વિદેશથી પ્રેરણા લેવા અને તાલીમ લઈ સેવાકાર્યોમાં અનેકોને જોતરનાર એવા આપ આપનો ભવ્ય વારસો અને એના મૂર્તરૂપ સમાન સેવા રૂરલ સંસ્થા પોતાની પાછળ મૂકતા ગયા છો. સીતાપુર – વાંસદા ખાતે આકાર પામી રહેલ અમારા શુભમ્ નેત્ર સેવા ટ્રસ્ટના ગઠન પહેલાં અને પછીના આપના અમૂલ્ય સૂચનો અને મૂલ્યો સાથે કદાપિ બાંધછોડ નહિ કરવાની કડક સલાહોનું અમે હમેશા પાલન કરવાનો સાર્થક પ્રયત્ન કરીશું. આપનું વાકય કે "સેવાકાર્ય એક દરિયો છે અને આપણું સેવાકાર્ય એ ફકત ખોબા ભરેલી અંજલી છે. માટે અહંકારમુકત સ્વશુધ્ધી માટે થઈને જ આ કાર્ય કરવું" એ મારા મન–મસ્તિષ્ક– હૃદયમાં સદાય વણાયેલું રહેશે. મારા પ્રત્યેની આપની ચિંતા અને લાગણી એ મને વ્યકિતગત રીતે ઘણો સંપ્લાવિત કર્યો છે. આપના દ્વારા અન્યોને કહેવાયેલા "રોહનને સાચવજો" માત્ર એ બે જ શબ્દો મને આપની સાથેના પૂર્વ જન્મોના ઋણાનુબંધ સમાન જણાય છે. આપના આશીર્વાદ મારા ઉપર સદા રહ્યા અને અદ્રશ્યપણે પણ રહેશે જ એમાં મને જરાય શંકા નથી.

ભવિષ્યની પેઢી એમને સાદગીના મૂર્તરૂપ, એક મજબુત મનોબળવાળા, આધ્યાત્મિક મૂલ્યોને વરેલા, વૈજ્ઞાનિક અભિગમ સાથે સમાજના છેવાડાના માનવીના જીવનનું ઉત્થાન કરનારા અને લાભાર્થીઓના મૂક આશીર્વાદ પ્રાપ્ત કરનારા, પોતાના ઉદાહરણ દ્વારા અન્યોને પ્રેરિત કરનારા, મુઠી ઉચેરા મહામાનવ જ નહિ પરંતુ મહાસેવક તરીકે હમેશાં યાદ રાખશે.

અમે સૌ આપે ચીંધેલા પદચિહ્નો પર ચાલવાનો સભાનપણે પ્રયત્ન જરૂર કરીશું. સદેહે ભલે આપ અમારી સાથે ન હો પરંતુ આપના શબ્દો સદાય અમારા સૌના દૈનિક જીવનમાં દરેક પગલે આંદોલિત રહેશે એ નકકી.

આપના ચરણકમળમાં અમારા શત શત વંદન.

**ડૉ. રોહન ચરીવાલા**
પ્રમુખ
શુભમ નેત્રસેવા ટ્રસ્ટ
સીતાપુર વાંસદા

## ૧૫. યાદ ન જાયે બીતે દિનો કી

આમ તો સમજુ છું કે જીવનની કડવી ક્ષણો ગાળવાની હોય, વાગોળવાની નહીં. પરંતુ મહેંક થતી અગરબત્તીની સુવાસ જેવું નિઃસ્વાર્થ સાત્વિક, સેવામય કર્તવ્યનિષ્ઠ જીવન જીવીને અનેકના પથદર્શક બની રહેલા સેવા રૂરલ સંસ્થાના સંનિષ્ઠ ઘડવૈયા અને સઘન પ્રયત્નમાં આખી જિંદગી વિતાવી દેનાર પૂજય ડૉ. શ્રી અનિલભાઈના ભાવસમુદ્રને તો વાગોળી શકાય ને? વળી સદાય સથવારો આપતા રહેલા તેમનાં પત્નીને, સહધર્મચારિણી – પૂજય ડૉ. લતાબહેનને પણ ધન્યવાદ આપ્યા વિના કેમ રહી શકાય?

વિશ્વવ્યાપી સત્યોનું અને માનવીના મનોભાવોનું મૂલ્યાંકન કરનારા સ્વામી વિવેકાનંદ, પૂ. શ્રી રામકૃષ્ણ કે મા શારદાદેવી જેવાં સંપન્ન વ્યકિતઓ પાસેથી પ્રેરણા પામી અનિલભાઈએ "સર્વોદય"ના સ્વપ્નોને સાકાર કર્યા છે. અનિલભાઈએ વિષમ પંથ અને ધોમધખતી ધરા પર ચાલતાં ચાલતાં વિચાર્યુ છે કે અંત હોય તો પંથનો હોય, પ્રયત્નનો નહીં. તેથી જ એમણે પોતાના ધ્યેયને આંબવામાં સફળતા મેળવી લીધી.

અનિલભાઈના પરિચયમાં આવીએ એટલે આપણી ક્ષુદ્રતા મહાનતામાં પલટાઈ જાય અને અમર્યાદિત આનંદના ભાવસમુદ્રની લહેરો પર મોજ કરાવતી થઈ જાય. કારણ? એમણે પ્રભુને બે હાથ જોડી પ્રાર્થના કરી, પણ એથીય વધુ તો કોઈની સહાયતામાં લંબાવેલ એક હાથની સાર્થકતા સિધ્ધ કરી છે.

એમના દ્વારા મળેલા સંસ્કારો મારા અને મારા સાથીજનોના ચેતોવિસ્તારનું દ્રઢીકરણ કરનારા નીવડયા છે એ અમારું સદ્‌ભાગ્ય છે.

સેવા રૂરલના સાક્ષીઓએ નિઃસ્વાર્થ ભાવે, કોઈ ચોકકસ પગારની અપેક્ષા વિના કાર્યપ્રવૃત્તિઓ અને પ્રણાલીઓને જાળવી જાણી અને સંસ્થાને સુદ્રઢ કરવામાં યથાશકિત, યથામતિ ફાળો આપ્યો છે. જેમ સહકાર્યકરોની એ નિષ્ઠા છે, તેમ ઈચ્છા અને સિદ્ધિ વચ્ચેના ગાળા દરમ્યાન સાફલ્યનું વરદાન માંગવા સાથે પુરુષાર્થનું તપ કરનારા અનિલભાઈએ સંસ્કાર વાવેતર કર્યું છે.

અંજલિમાં રાખેલ પુષ્પો જેમ બન્ને હાથને સુવાસિત કરે છે તેમ તેમણે ડૉકટર તરીકે આરોગ્ય સેવા કરીને સાથેસાથે બહોળો જનસમુદાયને સર્વાંગી સંસ્કાર ઘડતરનું સિંચન કર્યું છે અને આસપાસના સમાજને ઉજળો કર્યો છે. એમનો આ પુરુષાર્થ સંતોના સત્સંગથી પણ ચડિયાતો છે એમ હું માનું છું.

પૂ. અનિલભાઈ સાથેનો મારો સહવાસ મારા માટે સન્મિત્ર ગરજ સારનાર નીવડયો છે એ મારા માટે નવનીતનો પ્રસાદ છે.

રવિવારીય અનૌપચારિક મીટીંગ વખતે હૉસ્પિટલના કવાટર્સમાં રહેતી ઉદાર મનની બહેનો પોતાના ઘરેથી ચા–નાસ્તો મોકલે, અને એને પ્રસાદરૂપે અમે આરોગીએ એટલે તૃપ્તિના અમીઓડકાર આવે અને એથી જ અમારું કાર્ય આગળ ધપે. નવા પ્રૉજેકટ, નાણાંકીય વ્યવસ્થા જેવા અનેક પ્રશ્નો છેડાય અને એનું લક્ષ્ય એક જ દિશામાં રહે – છેક છેવાડાના માણસોનો વ્યકિતગત અને સંસ્થાકીય વિકાસ સાધવાનો.

અનિલભાઈએ ઋષિ યાજ્ઞવલ્કયના વચનને યાદ રાખ્યું લાગે છે કે 'સૃષ્ટિમાં માત્ર એક જ ધર્મ છે – માનવધર્મ'. બસ, અનિલભાઈની આ એક જ ભાવના, આદર્શ અને તેને હસ્તગત કરવાના સઘન પ્રયાસોએ જ મને અને મારા સાથીમિત્રોને એકસૂત્રે બાંધી રાખ્યા છે.

સેવા રૂરલની કોઈપણ વિષયને લગતી મિટિંગ હોય, શરૂઆત તો એકાદ નાનકડા સદ્‌વાંચનથી જ થાય. અને પછી સંસ્થા વિકાસ માટેનો કર્મદિવડો પ્રકટાવવામાં આવે, જે સંસ્થાનું, અમારા જેવા કાર્યકરોનું અને આસપાસના માનવ સમુદાયના પરિસરનું અંધારું ટાળવા સમર્થ હોય.

આમ તો કહેવત છે કે રાજાને માથે કાંટાનો મુગટ. પરંતુ અનિલભાઈનું સમાધાનવૃત્તિનું સામર્થ્ય જ એવું, સંમોહક વ્યકિતત્વ જ એવું કે સૌ કોઈ ઉત્સાહિત બની હજી પણ વધુ એવી પ્રગતિ હાંસલ કરવા કટિબદ્ધ થાય.

અનિલભાઈની સંમોહિત કરવાની શકિતનો મારા જીવનમાં પણ અમૂલ્ય ફાળો છે. ખાસ કરીને તો વહેલી સવારે તેમની સાથે કરેલો શાસ્ત્ર સત્સંગ, દર્દીની આંખમાં આંખ પરોવી વાત કરી આત્મીયતા કેળવી દર્દી સાથે મનોસેતુ બાંધવાનો સદ્‌ભાવ– અનિલભાઈ તરફથી મળેલી આ અમૂલ્ય ભેટ. હૉસ્પિટલના પરિસરમાં સાંજે લતાબહેન સહિત લટાર મારવા નીકળેલા અનિલભાઈ સાથે કરેલી વિચારગોષ્ઠિ–એજ મને મળેલું બહુમૂલ્ય માર્ગદર્શન.

સેવા રૂરલના તમામ કાર્યકરો સાથે વ્યકિતગત સંપર્કમાં રહી, મૈત્રીભાવ કેળવી, વૈચારિક સુમેળ સાધવાનું શાણપણ–એ જ છે અનિલભાઈની કાર્ય સફળતાનું રહસ્ય. સામી વ્યકિતની ભૂલો પચાવવી એટલે પેટમાં પથરા પચાવવા. પરંતુ વૈચારિક પરિપકવતા ધરાવતા અનિલભાઈને માટે તો એ માત્ર રમતવાત અને તેથી જ તેમણે સૌની સાથે ઘનિષ્ટતા કેળવી હતી.

વેદવાકય છે, "સર્વ દિશાઓથી અમને શુદ્ધ અને સાત્વિક વિચાર પ્રાપ્ત થાઓ." અનિલભાઈ અને લતાબહેન બન્નેની વાંચનસમૃદ્ધિ ઘણી. બહુશ્રુત પણ ખરા, તેથી પરસ્પર વિચારવિમર્શ કરતાં કરતાં દલીલોએ ચઢી જતાં, પરંતુ એથી ફાયદો તો અમને થતો. ઘણું બધુ જાણવા, સમજવા અને શીખવાનું મળતું, અનાયાસ શિક્ષણ મળી જતું.

આ આદર્શ દંપતિ અમારા સૌને માટે ધ્રુવતારક અને પ્રેરણાતીર્થ છે. ભાવજગતના નિર્માતા અને સંસ્કાર જીવનનો પ્રાણવાયુ પૂરો પાડનારાં સાબિત થયાં છે. એ જ અમારું મહામૂલું સદ્‌ભાગ્ય.

અનિલભાઈના સામુહિક કે વ્યકિતગત પ્રયાસો દ્વારા સામાજિક સેવા સુધારણાના પ્રયાસો, મૂલ્યનિષ્ઠ સ્વધર્મ કે કર્તવ્ય–પરાયણતા, આધ્યાત્મિક સાધના અને વૈજ્ઞાનિક અભિગમનો સુમેળ તથા પરંપરાગત પ્રણાલીથી દૂર રહેવા છતાં સરકારી તંત્ર સાથે સુમેળ સાધવાની કુનેહ –એ સર્વમાં મને તો દેખાય છે એક જાગૃત, ચિંતક, પ્રબુદ્ધ અને કુશળતાથી કાર્યસિદ્ધ સાધનાર સિદ્ધ વ્યકિતત્વ.

છેવાડાના માણસ સુધી સર્વ પ્રકારના લાભ પહોંચાડવાની તત્પરતા મને એ મહામાનવમાં દેખાઈ છે. અનિલભાઈનો વણકહ્યો વિચાર વાંચવાનો મેં પ્રયત્ન કર્યો છે ત્યારે સમજાય છે કે બિંદુએ નથી ભૂલવાનું કે એણે સિંધુ બનવાનું છે અને સિંધુએ નથી ભૂલવાનું કે એ એકે એક બિંદુઓનો બનેલો સમૂહ છે.

અનિલભાઈ, દર્દીને રોગમુકત કરવા તમે સમર્થ છો. સંપૂર્ણ નિષ્ઠા ધરાવો છો. દર્દીનો વિશ્વાસ કેળવી, દર્દી નિઃશંક તથા નિઃસંકોચ ન બને ત્યાં સુધી જરૂરી સમય આપી, વાર્તાલાપ કરી, વણકહ્યાં સત્યો તથા છૂપાયેલાં દર્દનાં મૂળ કારણને જાણવાનો પ્રયત્ન કરી, સારવાર આપવાનો પ્રયાસ કરવો એ જ એક સંનિષ્ઠ ડોકટરનું કર્તવ્ય છે, તેવું તમે શ્રદ્ધાપૂર્વક માનો છો. સમાજ પ્રત્યેની સ્પષ્ટ–નિર્ભેળ, નિષ્પક્ષ અને નિર્વ્યાજ સ્નેહભરી સમજણ આથી

વધુ ક્યાં જોવા મળે? એમના આદર્શભર્યા વિચારો તો જૂઓ!

- Be good and do good, and goodness should appear good.
- Best is enemy of good.
- Be friendly but not homely while working.
- If there is dilemma between brain & heart then opt what the heart says.
- In conversation with others, try not to score point but win his heart.

જેને હૈયે સદાય અનાહત નાદ ગૂંજતો રહ્યો છે એવા અનિલભાઈને માટે એટલું જ કહું,

'જેનું જીવન નીલમવરણું, એનું મૃત્યુ સોનલવરણું જ હોય.'

**ડૉ. મુકેશભાઈ – માયાબેન દવે**
**ભૂ. પૂ. કાર્યકર સેવા રૂરલ**
**ભાઈલાલ અમીન હૉસ્પિટલ**
**વડોદરા**

◈

## ૧૬. પૂજય અનિલભાઈ સાથેની યાદો....

છેલ્લા ૨૫–૩૦ વર્ષોથી અમે દિવાળી સેવા રૂરલમાં જ ઉજવીએ છીએ. આ દિવસોમાં સેવા રૂરલ કૅમ્પસમાં જુદા જુદા પ્રસંગો દ્વારા દિવાળીની મજા લઈએ છીએ. અનિલભાઈની વાત કરીએ તો અમારા ઘરના એક પૂજય વડીલ હતા. બંકિમભાઈ, ફાલ્ગુન સાથે વિશેષ સંબંધ. મારા માટે તેમને ખબર કે હજુ આ બાળક સાથે ધમાલ કરતા બાળક જેવો જ છે. ઝંખનાને સત્સંગ ગ્રુપની પ્રવૃત્તિમાં રસ હોવાથી વારંવાર ઝઘડિયા જવાનું થાય; તેથી અનિલભાઈ, લતાબહેનને વારંવાર મળવાનું થાય. તે કારણે વડોદરા આવવાનું થાય ત્યારે અમારા ઘરે આવવાનું ગમે. દિવાળીના મોટાભાગના દિવસોમાં સમૂહ ભોજનનો જ કાર્યક્રમ ઘરમાં અને કૅમ્પસમાં ચાલતો હોય ત્યારે અમારા બધાંની ધમાલ–મસ્તી જોઈને તેમના ચહેરા પર ખૂબ આનંદ દેખાતો. તેઓ પણ તેમાં સામેલ થઈ જતા. તેમને દિવાળીમાં જુદીજુદી Items test કરવાનો આનંદ આવે. અમને યાદ છે કે અમારા આગ્રહથી વડોદરા રહેવા આવ્યા હતા. તેથી અમને સાથે જમવાનો લાભ મળ્યો હતો. તેમને ભજિયા ખૂબ ભાવે. તેથી જુદીજુદી જાતના ભજિયા બનાવી ખાધા હતા. તેમાં તેમની તબિયત પણ બગડી હતી.

એકવાર એવું બન્યુ કે ડૉ. લલિતભાઈનું ઑપરેશન હતું અને અનિલભાઈ, લતાબહેન, શ્રેયભાઈ અને બંકિમભાઈ વડોદરા આવ્યાં હતાં. જમવા માટે અમારી ઘરે આવવાનાં હતાં. ત્યારે ખબર પડી કે તેમની Marriage Anniversary છે. તો Subway માંથી અમે Cake લાવ્યા. Cake તેમને ખૂબ ભાવે. ખુબ યાદગાર પ્રસંગ અમારા માટે હતો.

તેમની અગત્યની વિશેષતા કહો કે ખાસિયત કહો, દરરોજ સવારે તેમને Times of India વાંચવા જોઈએ. તે મળે એટલે તેમના ચહેરા પર આનંદ લાગે.

આમ અનિલભાઈની ખોટ સદાય લાગ્યા જ કરે છે. તેમનો અમારા જીવનમાં, કુટુંબમાં, પરિવારમાં, બાળકોમાં ખૂબ જ મોટો ફાળો હતો.

**બિમલ–ઝંખના શેઠ**
**ભૂ. પૂ. કાર્યકર સેવા રૂરલ**
**વડોદરા**

◈

## ૧૭. અણમોલ માનવરત્ન : ડૉ. અનિલ દેસાઈ

ડૉ. અનિલભાઈ / ડૉ. લતાબહેન મારી તબીબી કોલેજ (બી. જે. મેડીકલ)ના વડીલ સહાધ્યાયી. ૧૯૬૯માં તેઓએ પોસ્ટ ગ્રેજ્યુએશન ચાલુ કર્યું અને વર્ષ પછી મેં પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું કર્યું. તેઓ સર્જન અને પિડીયાટ્રીશિયન થયાં અને હું ફિઝીશીયન થઈ કેન્સર હૉસ્પિટલમાં જોડાયો. અનિલભાઈ / લતાબહેન સ્વામી વિવેકાનંદના વિચારોથી સંપૂર્ણ રંગાયેલા હતા. અમેરિકામાં વધુ અભ્યાસ કરી ૧૯૮૦માં ભારત પાછા આવ્યા અને અમારા સંબંધો મોટાભાઈ / નાનાભાઈ જેવા વિકસ્યા.

'સેવા રૂરલ'ની સ્થાપના પછી અમદાવાદમાં સ્લાઈડ શો દ્વારા સંસ્થાનો પરિચય આપવા આવ્યા ત્યારે તેઓની દરિદ્રનારાયણની સેવા કરવાના ભેખની પ્રતીતિ થઈ. વિદ્યાર્થી તરીકે મેં પણ ગામડાના લોકોની સેવા કરવાના સ્વપ્નો જોયા હતા. અનિલભાઈ / લતાબહેનને પોતાના આદર્શ પ્રમાણે જીવનનૈયા ચલાવતા જોઈ મનોમન આ દંપતિ મારા માટે આદર્શમૂર્તિ બની ગયું.

૧૯૮૫માં અનિલભાઈને મોટા આંતરડાનું કેન્સર થયું. અમારી કેન્સર હૉસ્પિટલમાં તેઓની સારવાર થઈ. આ પ્રસંગ પછી અમારા સંબંધો વધુને વધુ ગાઢ થતા ગયા. કેન્સર જાગૃતિનું કામ કરતાં કરતાં ગરીબ દર્દીઓને કેવી રીતે મદદરૂપ થવું તે મારું લક્ષ્ય હતું. 'કેન્સર એટલે કેન્સલ નહીં' અને 'કેન્સર મટી શકે છે' એ સંદેશ માટે દર્દી તરીકેના અનુભવ જણાવવા મેં અનિલભાઈને વિનંતી કરી. હજુ પણ મને સ્મરણ છે કે તેમણે બહુ જ સંકોચ સાથે સંમતિ આપી હતી. પ્રસિદ્ધિથી દૂર રહેવાનું તેઓ હંમેશાં ઈચ્છતા. આ પછીથી તેમણે અવારનવાર હસતે મોઢે જુદીજુદી બિમારીઓને લડત આપી.

મારી સેવા રૂરલની શરૂઆતના વર્ષોની મુલાકાત દરમિયાન મેં અમેરિકાથી પરત આવેલ દંપતિને સાવ સાદા ભાડાના મકાનમાં રહેતા જોયા. પછીથી લગભગ ચાર વખત સેવા રૂરલની મુલાકાત લીધી. ત્રણેક વર્ષ પહેલાં દિવાળી સેવા રૂરલ પરિવાર સાથે ઉજવી. સ્વચ્છતા / સાદગી / સરળતાએ મને મોહી લીધો. તેમના સુપુત્ર શ્રેયના લગ્ન પ્રસંગે લગ્નગીતો અને આપણી લગ્ન પરંપરા વિશે સુંદર નાની પુસ્તિકા અનિલભાઈ / લતાબહેને મહેમાનોને વહેંચી હતી. આપણા સાંસ્કૃતિક મૂલ્યો જળવાઈ રહે તે માટે સેવા રૂરલ કાયમ પ્રયત્નશીલ રહે છે. અહીં સર્વધર્મ પ્રાર્થના અને બધા જ ધર્મોના તહેવારો સરસ રીતે ઉજવાય છે. થોડા સમય પહેલાં વિજ્ઞાન અને ધર્મ ઉપર મારે પ્રવચન આપવાનું હતું. વિષયને અનુરૂપ વાંચન કરવાની તક મળી. મને લાગ્યું કે સેવા રૂરલમાં અનિલભાઈએ વિજ્ઞાન અને માનવધર્મના સમન્વયથી આદર્શ સંસ્થાનું નિર્માણ કર્યું છે.

સેવા રૂરલની સતત ચાર દાયકાની યાત્રાને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે માણવાનો મને લહાવો મળ્યો. સેવા રૂરલના નિયમિત વાર્ષિક અહેવાલોમાં સેવા રૂરલના સમાજસેવાનાં વિવિધ પ્રયોગો અને સત્યની પૂજાના દર્શન મેં કર્યાં. રાજકારણથી અલિપ્ત પણ સરકારી લોકોપયોગી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી અનિલભાઈની ટીમે પહોંચાડયો. સંસ્થાનું માળખું વ્યકિતનિષ્ઠની જગ્યાએ સિદ્ધાંતનિષ્ઠ બનાવ્યું અને આથી જ શરૂઆતનાં વર્ષોમાં વિશ્વે આરોગ્ય સંસ્થાએ ૧૯૮૫માં 'સાસાકાવા' એવોર્ડ આપ્યો. પછીથી કેટકેટલાય સન્માનો સેવા રૂરલે મેળવ્યાં, પણ કોઈ વ્યકિતગત સન્માન અનિલભાઈએ ન સ્વીકાર્યું.

૨૦૧૩માં વિશ્વે સ્વામી વિવેકાનંદની સાર્ધ શતાબ્દી (૧૫૦મી જન્મજયંતિ) ઉજવી. સેવા રૂરલે આ પ્રસંગે એક ખાસ અંક બહાર પાડયો. ખૂબ સુંદર રીતે સ્વામીજીના વિચારોનું સેવા રૂરલ કેવી રીતે પાલન કરી રહી છે તેનું તેમાં વર્ણન કર્યુ છે. મુ. અનિલભાઈને સમજવા હોય તો આ અંક મેળવી વાંચવા મારી સૌને ભલામણ છે.

સેવા સુવાસના દરેક અંકમાં પૂ. સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીના વિચારોનાં અવતરણ સેવા રૂરલના પાયામાં રહેલ વિચારસરણીના દર્શન કરાવે છે. સેવા રૂરલે (અનિલભાઈની ટોળીએ) પોતાની યાત્રામાં અનેક ચઢાવ–ઉતાર વચ્ચે નિખાલસ રીતે માનવીય ક્ષતિઓને સ્વીકારી છે અને તેનો ઢાંકપિછોડો કરવાને બદલે તેમાંથી પાઠ ભણીને આગળ વધ્યા છે.

નર્મદા કિનારે સરદાર વલ્લભભાઈનું 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' એક નવું યાત્રા–સ્થળ દેશને મળ્યું છે. આ જ નર્મદા કિનારે અનિલભાઈની ચાર દાયકાની સાધનાથી દેશ માટે એક આદર્શ 'સેવા રૂરલ સમાજસેવા મંદિર' બન્યું છે. માતા પિતાના સંસ્કાર વારસાને દિપાવતા ડૉ. શ્રેય– ડૉ.ગાયત્રી તથા સહુ કાર્યકરો સેવા રૂરલની સુવાસને દીર્ઘકાળ સુધી મહેકાવતા રહેશે એવી શ્રદ્ધા છે. મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દી દેશે હાલમાં જ ઉજવી છે ત્યારે ગાંધી વિચારોને આત્મસાત્ કરનાર મુ. અનિલભાઈને હૃદયપૂર્વક વંદન....

**ડૉ. પંકજ એમ. શાહ, પદ્મશ્રી**
**ઉપપ્રમુખઃ સદ્‌વિચાર પરિવાર**
**ઉપપ્રમુખઃ ગુજરાત કેન્સર સોસાયટી**
**અમદાવાદ**

◈

## ૧૮. "Let life be an offering"

પ્રિય સેવા રૂરલ પરિવાર,

અનિલભાઈ (લતાબહેન) નો વિચાર કરવો એ પોતે જ એક મહાન બાબત છે.

હું એમને જાણી – મળી શકયો એ જ મારું સદ્‌ભાગ્ય છે.

મારા પત્નિ ઉષા ૩૫ વર્ષથી સેવા રૂરલ સાથે સંકળાયેલાં છે, જેના થકી હું પણ સેવા રૂરલનાં સંપર્કમાં આવી શકયો. મારી સેવા રૂરલની બધી મુલકાત એક પ્રાર્થના જેવી મને લાગી છે.

અનિલભાઈ અને લતાબહેને ( જેમને હું અનિલતા કહું છું ) ગરીબો અને જરૂરિયાતમંદ લોકોના લાભ માટેનો એક આધ્યાત્મિક માર્ગ જીવી જાણ્યો.

જયારે જયારે હું સેવા રૂરલમાં ગયો છું ત્યારે મને હંમેશા આધ્યાત્મિકતામાં સમર્પિત અને આનંદનો અનુભવ કરતા લોકો જ મળ્યા છે.

હું મારી દૈનિક પ્રાર્થનામાં સેવા રૂરલનાં સુત્રનું પુનરાવર્તન કરું છું "Let life be an offering". લતાબહેન–અનિલભાઈનું જીવન આ જ સુત્રનું મૂર્તિમંતરૂપ છે.

અનિલતાને આ જ અંજલિ.

મને મારા વિચારો રજૂ કરવા દેવા બદલ આભાર.

ૉમ શાંતિ.

**ડૉ. ઉષાબેન અને અજીત મહેતા**
**અમેરિકા**

◈

## ૧૯. અમારા વ્હાલા અનિલભાઈની યાદમાં

ડૉ. અનિલભાઈના અર્ધાંગિની ડૉ.લતાબહેનને છોડીને ફકત અનિલભાઈ માટે લખવું અમારા માટે ખૂબ કઠિન છે. તેઓ એક આત્મા અને બે શરીર છે. અમે અનિલભાઈનો ઉલ્લેખ વર્તમાનકાળમાં જ કરીશું કારણ કે ડૉ. અનિલભાઈ હજી પણ અમારાં હૃદયમાં જીવંત છે અને તેમના પ્રેરિત કરેલા લોકોથી તેમનું સેવા કાર્ય કરી રહ્યા છે. અમે ભાગ્યશાળી છીએ કે તેમને ઓળખવાનો અમને મોકો મળ્યો. તેઓ ફકત રામકૃષ્ણ, શારદામા અને વિવેકાનંદના માત્ર ભકત જ નહી રહ્યા પરંતુ તેમણે તેમના ઉપદેશોને તેમનાં જીવનમાં જીવ્યા અને જીવી રહ્યા છે.

આપણે એવા ઘણા સંન્યાસીઓ અને સંન્યાસિનીઓને જોયા છે જેઓ ભગવાનને પામવા અને માનવતા માટે વિશ્વનો ત્યાગ કરે છે અને આપણે તેમને આદર આપીએ છીએ. આપણને ગૃહસ્થોમાંથી પણ એવા જ ઉદાહરણોની જરૂર છે કે જેઓએ પણ આવુ કર્યું હોય. લતાબહેન અને અનિલભાઈ એવા ત્યાગી ગૃહસ્થોના જીવતાં જાગતાં ઉદાહરણ છે. લોકો યુ. એસ. એ. આવવા માટે ગમે તે કરી છૂટે છે ત્યારે આ બે વ્યકિતઓએ એક ગમતી વસ્તુ પામવા માટે તેમનાં ગ્રીનકાર્ડ, ઉચ્ચ પગારની નોકરી અને સુખ–સુવિધાઓ ત્યજી દીધા. તેમની ગમતી વસ્તુ હતી : “ગરીબોમાં અને સમાજથી પીડિત લોકોમાં ઈશ્વર જુઓ અને તેમની સેવા કરો.”

ઈ. સ. ૧૯૭૩માં અમે પહેલીવાર ડૉ. દિલીપ દેસાઈને વિવેકાનંદ કોટેજમાં થાઉઝન્ડ આઈલેન્ડ પાર્કમાં મળ્યાં. ત્યારે તેમણે અનિલભાઈ અને લતાબહેનને અમને કોન્ટેકટ કરવા કહ્યું અને અનિલભાઈ તરફથી ફોન આવ્યો. આમ અમે મળ્યાં. પ્રથમ મુલાકાતમાં જ અમને તેઓ “આત્મીય” (અમારા પોતાના) લાગ્યા. અમે ઘણી વાર મળ્યાં, સાથે મળીને પ્રાર્થના કરી અને ઠાકુર, મા અને સ્વામીજીના જીવન અને ઉપદેશોની ચર્ચા કરવામાં આનંદ માણ્યો. આ દિવસો દરમ્યાન, અમને ન્યૂયોર્કમાં રામકૃષ્ણ વિવેકાનંદ સેન્ટરમાં સાધુસંગ અને સ્વામી આદિશ્વરાનંદના માર્ગદર્શનનો પણ લાભ મળ્યો.

એક સાંજે અનિલભાઈ અને લતાબહેને અમને પ્રાર્થના અને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું. ત્યાર બાદ તેઓએ અમને ભારત પરત જવાનું અને ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની આરોગ્ય સંભાળ અને શિક્ષણ અંગેના તેમના સ્વપ્ન વિશે જણાવવાનું શરૂ કર્યું. અમે આખી રાત વાત કરી. અમે તેમનાં સ્વપ્ન અને દઢ નિશ્ચયથી આશ્ચર્યચકિત થઈ ગયા. આ સ્વામી વિવેકાનંદનો ભારતીય લોકો માટેનો પડકાર હતો. અમે તેમને પુછયું કે તેઓએ તેમના બાળકોનાં શિક્ષણ અને ભવિષ્ય માટે શું યોજના બનાવી છે? શું તેઓ પછી ફરિયાદ કરશે નહીં કે તમે યુ. એસ. એ. માંના તેમના ઉજજવળ ભવિષ્યથી તેમને વંચિત રાખ્યાં છે? અમે તેમના ચહેરા પર કેટલીક ચિંતા જોયેલી. પરંતુ, સાથે જ અમે ભગવાનમાંની ઊંડી શ્રધ્ધા પણ જોઈ. શું તે ગરીબ માટેની નિઃસ્વાર્થ સેવાનો અગત્યનો અનુભવ નથી? શું તે એક મહાન શિક્ષક નથી? તેમની શ્રધ્ધા અને વિશ્વાસ અમને ખૂબ સ્પર્શ્યા. આ જ શ્રધ્ધાએ અનિલભાઈને આંતરડાનાં કેન્સરના ત્રીજા સ્તરમાંથી બહાર આવવામાં મદદ કરી.

અમે તેમને યુ.એસ.એ. થી ભારત જીવન ગોઠવવાની મથામણમાંથી પસાર થતાં જોયા છે. તેઓએ ટ્રેનમાં પોતાનો મોટા ભાગનો સામાન ગુમાવ્યો હતો. તેમને

ઘર શોધવા માટે મુશ્કેલી પડી રહી હતી અને યુ.એસ.એ. થી તેમના ભારત આવવાના નિર્ણય અંગે લોકોને શંકા હતી. પરંતુ, તેમના નિશ્ચય, ભગવાન પ્રત્યેના પ્રેમ અને વિશ્વાસ, તમામ વ્યવહારમાં તેમના કડક નૈતિક ધોરણો અને સૌથી વધુ ભગવાનની કૃપાથી, તેમના ત્યાગના સમાજમાં ભારે હકારાત્મક પરિણામો આવ્યાં. તેઓએ હજારો લોકોને મદદ કરી છે અને સેંકડો લોકોને માનવતાની નિઃસ્વાર્થ સેવા કરવા પ્રેરણા આપી છે. તેઓ હજી પણ તેમને પ્રેરણા આપી રહ્યા છે. ભગવાનની કૃપાથી, તેમનાં બાળકો મીરા અને શ્રેયનું જીવન પણ અનુકરણીય બન્યું અને તેઓ તેમની પુત્રવધુ ગાયત્રી સાથે માનવતાની મોટી સેવા કરી રહ્યાં છે. આ આખા પરિવારે સમાજમાં અને એમનાં સંપર્કમાં મુકાનાર દરેકના હૃદયમાં ખાસ સ્થાન મેળવ્યું છે.

**ડૉ. મહેન્દ્ર અને વંદના જાની**
**વિવેકાનંદ વિદ્યાપીઠ**
**અમેરિકા**

◈

## Loving memory of our dear Dr. Anil Desai

***Original English Writeup by Drs. Mahendra & Vandana Jani (U.S.A.)***

It is very difficult to write just for Dr. Anil Desai without mentioning his better half, Dr. Lata Desai. They are like one soul and two bodies. We will write into the present tense, because to us Dr. Anil Desai is still with us in our hearts and working through many people whom he had inspired. We consider ourselves very fortunate to know both of them. They are not only great devotees of Sri Ramakrishna, Holy Mother Sarada Devi and Swami Vivekananda, but they have lived their teachings in their lives and are continuing to do so.

We see Sanyasis and Sanyasinis renounce the world for God -realization and to serve humanity and we give them high respect. We need examples of householders who do the same. Dr. Anil and Lata Desai are such examples. We have been fortunate to witness their striking renunciation. People literary die to come to USA, while these two individuals gave up their green cards, high-salary jobs, comforts and possible pleasures of the world to fulfill one desire: "See God in the poor, in the people who have been neglected by the society and who are suffering and serve them."

In 1973, we first met Dr. Dilip Desai at Vivekananda Cottage in Thousand Island Park, USA. He told Anilbhai and Lataben to contact us. We received a phone-call from Anilbhai and we met. From the very first meeting we felt that they are our "Atmitya" (our own people). We met often, did prayers together and enjoyed discussing the lives and teachings of Thakur, Maa and Swamiji. During these days, we also enjoyed holy company and guidance of Swami Adiswarananda at Ramakrishna Vivekananda Center in New York.

One evening Anilbhai and Lataben invited us for the prayer and dinner and afterwards they started to tell us about their dream to go to India and serve poor and needy people by providing them health care and education. We talked for the whole night. We were amazed by their dream and their determination - this was Swami Vivekananda's call to the Indian people. We asked them what plans they have made for their children's education and future. Wouldn't they later complain that you deprived them from their great opportunities in USA? We saw some concerns on their faces, but simultaneously we saw their deep faith in God. They said that God will take care of them. Isn't it that an experience of unselfish services to the poor and needy, itself a great teacher? We were greatly touched by their faith. The same faith helped Anilbhai to come out from the third-level of colon-cancer.

We saw them going through the life-adjustments from the USA to India. They lost most of their belongings on the train, they had a hard time to find a house, and people were suspicious about their coming to India from the USA. But, because of their determination, their love and faith in God, their strict moral disciplines in all the dealings, and above all, by the grace of God, their sacrifices brought great positive results in the society. They have helped thousands of people and have inspired hundreds of people to do unselfish service to humanity. They are still inspiring them. By God's grace, their children Meera and Shreyu have built-up an exemplary lives and are doing great service to humanity along with their daughter-in-law Gayatri. They all have a special place in our hearts.

◈

## ૨૦. "જનસેવા એ જ પ્રભુસેવા"ના– મારા આદર્શ પ્રણેતા

જ્યારે પણ મને કોઈ પૂછે કે હું શિક્ષક કેમ બની ? તો હું હંમેશ તરત જવાબ આપતી હોઉ છું કે જનસેવા એ જ પ્રભુસેવા. મારા જીવનમાં આ જનસેવાનો લ્હાવો લેવાની તક મને મારા માસા– માસી ડૉ. લતા અને અનિલ દેસાઈને લીધે મળી છે. પહેલેથી જ, આ વિશ્વમાં આપણું શું યોગદાન હોઈ શકે તે દિશામાં અનન્ય જોશ અને તાકીદ મારા અનિલ માસા અને લતામાસીએ દર્શાવેલ છે. આ વિશ્વમાં આર્થિક અને જાતિવાદને લીધે ભેદભાવને પરિણામે તકોથી વંચિત રહેલા સમાજના કલ્યાણ માટે કામ કરતી મારા અને મારા જેવી ઘણી વ્યકિતઓ માટે માસા–માસી આદર્શરૂપ છે. મારા માટે અનિલમાસા વિષે સૌથી યાદગાર બાબત એ હતી કે તેમના દ્રઢ આદર્શ અને વિચારો હોવા છતાં તેઓ પોતાનાથી જુદા વિચારો ધરાવનારાઓ સાથે ખુલ્લી અને હાસ્યથી ભરપૂર ચર્ચા કરી શકતા હતા. હું તેમના કરતાં ઉમરમાં ઘણી નાની હોવા છતાં તેઓએ મારા વિચારોને "ચૂપ"

કરવાનો પ્રયત્ન ક્યારેય નથી કર્યો; બલ્કે હંમેશા પ્રોત્સાહન આપ્યું છે જે બદલ હું ખુશ નસીબ છું. જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી, અનિલમાસાએ મારા રાજકારણ, ધર્મ, ફિલોસોફીના વિચારોને હમેશાં આદર અને મોકળાશ આપી છે. આવી મોકળાશ અને સ્વીકાર, ઘણાં ઓછા યુવાનો– યુવતીઓને પ્રાપ્ત થાય છે. મારા વિચારો અને વજૂદનું ઘડતર કર્યુ છે. મારી ભારતની યાત્રાઓ વખતે હું અનિલમાસા– લતામાસી સાથે વિચારશીલ અને પ્રેમસભર વાર્તાલાપો કરવાનો આનંદ મને ક્યારે મળશે તેની દિવસોથી રાહ જોતી રહેતી. આવી વિષદ ચર્ચાઓ અને સેવાના આદર્શવાદને જો કોઈ તોલે આવતું હોય તો તે હતો અમારા પરિવાર–મિલન સમયનો હાસ્ય અને ઉત્સવપૂર્ણ માહોલ. ભારતની મારી છેલ્લી મુલાકાત વખતે મારા દીકરા, નરેનને માસા–માસી, ઝઘડિયા અને સેવા રૂરલને મળવાનો– જાણવાનો મોકો મળ્યો. મારા દીકરાનું નામ (નરેન) મે સ્વામી વિવેકાનંદના નામ પરથી પાડ્યું છે. સ્વામીજીનો પરિચય મને માસા– માસી અને મારા માતા થકી થયો હતો અને જેની પ્રેરણાથી સેવા રૂરલનો જન્મ થયો છે. માસાએ અને નરેને અન્યોન્યને સહજ સ્વીકાર અને જે પ્રેમ કર્યો હતો તે વ્હાલથી હું વર્ષોથી પરિચિત છું. અમે ભલે એકબીજાથી માઈલો દૂર છીએ પણ મારા શિક્ષક તરીકેના જીવનમાં એક પણ દિવસ એવો નથી ગયો કે જ્યારે મને સ્મૃતિ ન રહી હોય કે મને પણ સેવા કરવાનો અદભુત અવસર અને તક મળી છે. આશા રાખું કે અનિલ માસાની જેમ આપણે સહુ સેવા કરવાની આશીર્વાદરૂપ તકને ભરપૂર આનંદ સાથે માણતા રહીએ.

**શ્રધ્ધા પટેલ**
**અનિલભાઈ / લતાબેનના ભાણી**
**શિક્ષણશાસ્ત્રી, અમેરિકા**

## Service to humanity is service to God

***Original English Writeup by*** **Shradha Patel, Anilbhai & Lataben's niece *(U.S.A.)***

When people ask me why I am a teacher, I can immediately answer, "...because you serve God by serving people..." I am blessed to experience the gift of service because of my Masi and Masa, Drs. Lata and Anil Desai. From an early age, Masa and Masi demonstrated a critical drive and urgency regarding our place on the planet. It is their legacy that allows me and countless others to spend their days aggressively working to close an opportunity gap that is grounded in economic, classist, and in the United States, racist ideology. What I remember most though about my Masa is that though the beliefs were deep, the ability to engage in discourse and robust laughter was equally present. My Masa and Masi encouraged important and critical argument and debate. I was never silenced for views as a much younger niece, rather, these were encouraged with heart that I have been so very lucky to know. As long as I can remember, whether it was notions of politics and gender, or religion and theory, Masa was able to respect and share in ideas that

modeled for me the space and acceptance so many young people never experience. On my yearly trips to India, I would eagerly look forward to the joy that came from the thought provoking conversation, grounded in love, that my Anil Masa and Lata Masi bestowed upon me. The only thing matching this intellectual sparring and legacy of service, was the laughter and ebullience that filled our family. I was lucky to have Masa's laugh and pensive reverie as part of my life. On my last visit to India, my son, Naren, named after the same Swami Vivekananda I was introduced to through my mother, Masa and Masi, and whose beliefs SEWA Rural has been inspired by, had the privilege of knowing Masa, Jhaghadia, and the sheer gift that is SEWA Rural. The acceptance and adoration Masa shared with Naren, is the same I have known. Though we have had miles between us, there is not one day in the 20 years since I began teaching, where I am not reminded that to truly serve is a blessing. May we all enjoy this blessing with the deep, resonating rejoicing that my Anil Masa did.

◈

## ૨૧. શ્રી અનિલભાઈને અમારી હાર્દિક શ્રધ્ધાંજલિ

અનિલભાઈ છોટુભાઈ દેસાઈ એટલે દર્દીઓના હૃદયમાં બિરાજમાન શ્રી નારાયણ ભગવાન, દર્દીઓની સેવા – સારવાર કરતાં અનિલભાઈને જોવા એ એક લ્હાવો જ કહેવાય. શ્રી કૃષ્ણમાં જે શ્રધ્ધા અને વ્યકિતભાવથી મીરાંએ ઝેરનો પ્યાલો ગટગટાવ્યો હતો, કે જે શ્રધ્ધાથી નરસિંહે શેઠ શામળિયાને હૂંડી લખી હતી, તેવી જ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે દર્દીઓ ડૉ. અનિલભાઈ પાસે આવતા અને ત્યારે એમના દુઃખ –દર્દો કે યાતના ભૂલાઈ જતાં કે વિસરાઈ જતા વાર લાગતી નહી. આ હકીકતને આપણે સ્વીકારવી જ પડે.

ગુજરાતના એ ફરિસ્તાની જયારે અમેરિકાની ધીકતી કમાણીને ઠોકર મારી ભારતના છેવાડાના ગામડામાં ગરીબોની સેવા કરવા આવવાની વાત જાણી ત્યારે એકવાર તો હૃદય ધબકારો ચૂકી જ ગયું હતું. મારા પિતાશ્રી શ્રી પ્રિયવદન મગનલાલ શાહે જયારે આ વાત કરી ત્યારે એમ જ માન્યું – આ તો બધી વાતો – એમ કંઈ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ફેરવી લેવું સહેલું થોડું જ છે? અને તે પણ સ્વર્ગસમા અમેરિકા જેવા દેશને છોડી, ત્યાંના ડોલરની ચમકને છોડી, ભારતના ગંદા ગોબરા ગરીબો વચ્ચે રહી જૂજ સગવડતાઓ વચ્ચે રહેવું – જીવવું એ કંઈ... અરે, એ તો લોઢાના ચણા ચાવવાના છે. અને મનમાં થતુ આ તો બધી વાતો હોય....

પણ, પછી તો અનિલભાઈએ અમેરિકાને અલવિદા કરી, ઝઘડિયા આવવાના નક્કર પગલાં ભરવાની તૈયારીઓ કરવા માંડી અને એક દિવસ પત્નિ

ડૉ. લતાબહેનને લઈ તેઓ ઝઘડિયા મારા પૂ. પિતાશ્રીને મળવા આવ્યા.

ઘરમાં હું એકલી જ હતી. તેઓએ પોતાનો પરિચય આપ્યો. હું સાત દિવસની દીકરીનું ઘોડિયું હું હીંચકતી હતી. આ દિવસે જ્ઞાનના તેજથી શોભતા સ્વ.શ્રી અનિલભાઈમાં સેવા કરવાના મક્કમ નિર્ધારની મને પ્રતિતી થઈ. આજ સુધી જે વાત કોઈ માનતું ન હતું, તે બનતી પ્રત્યક્ષ મને દેખાવા લાગી. આ દિવસે મારી હાજરીમાં શ્રી અનિલભાઈ, ડૉ. લતાબહેન અને શ્રી દિલીપભાઈને ઘણી ઘણી વાતો મારા પૂ. પિતાશ્રી સાથે થઈ અને તેઓ ટૂંક સમયમાં ભારત આવી ઝઘડિયામાં સેવા સંસ્થાન શરૂ કરવાના કોલ આપી અમેરિકા પરત ફર્યા. આ અનિલભાઈ અને સેવા રૂરલ પરિવારના પ્રથમ પરિચયની વાતો થઈ.

પછી તો સેવા રૂરલની શરૂઆત થઈ ગઈ. મને યાદ છે કે જયારે શ્રી અનિલભાઈ અને પરિવાર ઝઘડિયાની હોસ્પીટલમાં આવ્યા ત્યારે ત્યાંની શી પરિસ્થિતિ હતી? ગામમાં કોઈને પણ બિમારી આવે, પેશન્ટને લઈને ભરૂચ, સૂરત કે વડોદરા તરફ દોડતા લોકોને અને તેમની પરેશાનીઓને મેં જોયાં છે સાથે સાથે કસ્તુરબા મેડિકલ એઈડસ સોસાયટી માટે દોડતા હોસ્પિટલના કાર્યકર્તાઓને કેમ ભૂલાય ? કેટલીય મુશ્કેલીઓથી બંધાએલી આ હોસ્પિટલને ચલાવવા–ગામ લોકોને સારી સારવાર મળે તે માટે કાર્યકર્તાઓને આકાશ–પાતાળ એક કરતાં મેં જોયા છે. અને એવા સમયે જ એક સેવાભાવી ડૉકટરના સ્થાને આખોને આખો સેવાભાવનાને વરેલા ડૉકટરોનો પરિવાર જો મળી જાય તો? અને તે પણ અમેરિકાની ચકમદમકને છોડી દીનદુ:ખીયાની સેવામાં લાગી જાય ત્યારે...? આવા સેવાને વરેલા અનિલભાઈના ચારિત્ર્યને મૂલવવા માટે મારે શબ્દો શોધવા પડે એવું નથી પણ મારી ડિક્ષનરી તેમને મૂલવવા ખરેખર નાની પડે છે.

શ્રી અનિલભાઈ અને પરિવાર ઝઘડિયા આવીને કાર્યકરત થયો. પૂ. પિતાશ્રીની ખૂશીનો કોઈ પાર ન હતો. ખરેખર કહું તો તેઓ શ્રી અનિલભાઈ અને પરિવારની વાતો કરતા થાકતા નહીં.

ગામની જ નહીં, આસપાસના આખા વિસ્તારની કાયાપલટ થવા માંડી. માત્ર ગામની આરોગ્ય પરિસ્થિતિ જ નહી, જુદાંજુદાં ક્ષેત્રે પણ પ્રગતિ થવા માંડી. ઝઘડિયાનું નામ વિશ્વ ફલક પર જાણીતું થયું. વિશ્વકક્ષાના એવોર્ડઝથી સંસ્થા અને ડૉ. અનિલભાઈ સન્માનિત થવા લાગ્યા. જ્ઞાનની ગંગા વહેવા માંડી, શ્રમનું મહત્વ સમજાવા માંડયુ, અજ્ઞાની અને અભણ લોકોને સમજાવી–શિખવાડી–દવાખાનામાં કામ કરતાં કર્યા. લોકો આળસ છોડી–વ્યસન મુકત થઈ, કામ પ્રત્યે જાગૃત થયા. બાળકોના અભ્યાસનું ધોરણ ઉંચુ આવ્યું. કળાના કસબીઓને કામ મળ્યું, બહેનોને સ્વાસ્થ્ય સાથે સ્વાશ્રયી બનાવી, તેમના દ્વારા બનાવાતા નાસ્તા અને પાપડનું વ્યવસ્થિત વિતરણ કરી, બહેનોને આર્થિક સધ્ધરતા અપાવી. ગામડાંની અભણ બહેનોની આંખોમાં આત્મવિશ્વાસ મેં જોયો છે. કોઈપણ મુશ્કેલીમાં પણ અડીખમ ઊભી રહેવા હવે તે સક્ષમ બની ગઈ છે. આ બધાનું શ્રેય શ્રી અનિલભાઈ અને શ્રીમતિ લતાબહેન દ્વારા ઊભી થયેલી અને આજે વટવૃક્ષ બની ગયેલી 'સેવા રૂરલ' સંસ્થાને આભારી છે.

આવા ફરિસ્તા શ્રી અનિલભાઈને અમારાં શત શત પ્રણામ.

**ગીતા રમેન્દ્ર પરીખ**
**અમદાવાદ**

## ૨૨. તુમિ જીવન ભૂલે કોન અનંત સાગરે.....

૧૯૬૦માં બી. જે. મેડીકલ કૉલેજમાં અનિલ અને હું એક જ કલાસના વિદ્યાર્થી બન્યા. કુલ ૧૨૦ વિદ્યાર્થી. ૨૦ની એક તેવી ૬ બેચ બની. અનિલ દેસાઈ (D) તેથી પહેલી બેચમાં, હું વોરા (V) એટલે છેલ્લી બેચમાં. આથી લેકચર કલાસ સિવાય કોઈ સંપર્ક નહી. પરિચય નામ પૂરતો જ. લેકચરમાં અમે બંને ઓછા ઉત્સાહી. આમ ૨ વર્ષ પૂરાં થયાં.

એક રાતે એ અને હું પોતપોતાના મિત્રો સાથે છેલ્લા શો માં મોગલ–એ–આઝમ જોઈ છેલ્લી બસમાં હોસ્ટેલ આવતા હતા અને ચર્ચા જામી. મેં કંઈક વિચિત્ર અભિપ્રાય આપ્યો. અનિલ થોડો ચોંકી ગયો. સ્વભાવની અસમાનતા અને વિચિત્રતાથી આકર્ષણ થાય તેવું જ થયું અને અમે મિત્રો બની ગયા. જયારે હું પૂરા જીવનનું વિહંગાવલોકન કરું છું ત્યારે લાગે છે કે આ શ્રી ઠાકુરની જ કમાલ હશે.

૧૯૬૨થી શરૂ થયેલી મૈત્રી ઘણા ચઢાવઉતાર પછી પણ તેના અવસાન સુધી અવિરત ચાલુ રહી. ૧૯૬૫માં MBBS પૂરું કરી ઈન્ટર્નશીપ માટે તે ભાવનગર હતો અને હું તથા ધીરુભાઈ મહુવામાં હતા. તે દરમિયાન ભારત–પાકિસ્તાન યુદ્ધ શરૂ થયું. ન્યુઝ જાણવા રેડિયો ખરીદવા અમે રવિવારે ભાવનગર આવ્યા. અનિલ સાથે હોસ્ટેલમાં લંચ કરી ટોળું ગપ્પે ચઢયું. તે દિવસના ઈન્ડિયન એકસપ્રેસમાં સમાચાર હતા કે આર્મીને ડોકટરોની તીવ્ર તંગી હોવાથી દરેક રાજય પાસે ૨૫ ડોકટરોની માંગ મૂકી છે. આ સમાચારે અમારામાં ઉત્તેજના આવી ગઈ. તત્કાળ નકકી કરી લીધું– 'ચાલો આર્મીમાં'. આમ અનિલ, હું, ધીરુભાઈ, લતાબહેન અને સૂર્યાબહેન જરૂરી વિધિ કરી મેડીકલ કોરમાં જોડાઈ ગયાં. એક આડી વાત કરી લઉં. કૉલેજકાળમાં સવારે છાપામાં કોઈ ગહન રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સમસ્યાનો ઉલ્લેખ હોય તો ઉકેલવા કાંઈક તો કરવું જ પડે ને ? હવે કહો, કલાસમાં કઈ રીતે જવાય? બસ, અમારી અનંત ચર્ચા જામે. કહેવાનું એટલું જ કે અમે રાષ્ટ્ર માટે ચિંતિત હતા. હવે સમજી ગયાને ? અત્યાર સુધી રાષ્ટ્ર માટે ચર્ચાઓ કરેલી, હવે પહેલી વખત જીવનમાં તેના માટે કંઈક કરવાનો સમય આવ્યો અને ઈશ્વરકૃપાથી અમે પાછા ન પડયાં. ૪ વર્ષ આર્મીમાં સેવા આપી.

આર્મીમાં સેવા આપ્યા બાદ અનિલ–લતા બી. જે. મેડીકલ કૉલેજમાં એમ. એસ. અને એમ. ડી. થઈને અમેરિકા ગયા. અમે પણ (હું અને સરલા) ૧૯૭૬માં તેમની આંગળી પકડી અમેરિકા પહોચી ગયાં. ત્યાં અમે ચાર ઉપરાંત ડૉ. લાલા અને ડૉ. રસીલાબેન એમ છનો સાથ સહવાસ ખૂબ માણ્યો.

પરત થઈ લતાબહેન અને અનિલે અન્ય સાથીદારો સાથે ઝઘડિયામાં સેવા રૂરલની પ્રવૃત્તિનો ૧૯૮૦માં પ્રારંભ કર્યો. અમે પણ તે જ સમયે ભારત પાછા ફર્યા. તેમની સાથે જોડાઈ શકાત, પણ તેવી અંદરથી ઊર્મિ ન જાગી. તેથી થયું કે આ મોરના ટોળામાં મોરના પીછા લગાવી હું જોડાઈશ તો બાવાના બેય બગડશે. આમ છતાં તેમની નજદીક રહેવા અને નાના પાયે સેવા રૂરલમાં કામ કરવા અમદાવાદ છોડી અમે સુરત આવી ગયા, એવું લાગે છે કે આ પણ ઠાકુરની કૃપારૂપ જ હતું.

સુરતમાં પ્રેકિટસ અને આર્થિક સંઘર્ષ વધુ તીવ્ર બન્યો. તેથી ૮૫માં મેં આવવાનું બંધ કર્યુ. એ સમયે જ અનિલને કેન્સર પકડાયું. આ એવો સમય હતો જયારે અમારે ઉલ્ટાના વધુ નજીક આવવાની જરૂર હતી. દુઃખ થાય છે કે એવું હું ન કરી શકયો. ૧૯૮૫માં તૂટેલો તાર ફરીને છેક ૧૯૯૫માં સંધાયો.

૨૦૦૦ થી ૨૦૦૫ દરમિયાન અમારા પારિવારિક જીવનમાં ત્રણેક વખત મોટાં વાવાઝોડાં આવ્યાં અને ત્રણેય વખત અનિલ– લતાએ અમારું સુકાન ખૂબ કુશળતાથી સંભાળ્યું. દિવસો સુધી સેવા રૂરલના કાર્યને બાજુમાં મૂકી, અમારી વહારે આવ્યા. એટલું જ નહીં, પણ ખૂબ કુળશતાથી માર્ગ કાઢી અમને સલામત કિનારે પહોંચાડયા. આ માટે એ બન્નેનાં અમે આજે પણ ઋણી છીએ.

એક પછી એક ત્રણે સંતાનોએ વિદેશની વાટ પકડી અને આર્થિક સલામતી પણ ઠીક કહેવાય તેવી થઈ. એટલે મને થયું કે હવે સમય આવ્યો છે સુરત છોડવાનો અને ઝઘડિયા ફુલટાઈમ જતાં રહેવાનો. અમિતે કૉલેજ દરમિયાન અંધજન શાળાના બાળકોને શિક્ષણ સહાયકનું કામ શરૂ કરેલું. અમેરિકા જતાં તે વારસો સરલાને આપી ગયેલો, જેમાં ઉત્તરોત્તર સરલા વધુને વધુ ખૂંપતી ગઈ. તે બાળકોની મા બની ગઈ. હવે આ કઈ રીતે છોડાય? તેની ઝઘડિયા કાયમી આવવાની સ્પષ્ટ ના. હું પણ તેની વાત સમજતો પણ મારા સ્વાર્થે વારંવાર આગ્રહ કર્યા કરતો. હવે ફરિયાદ આવી અનિલ–લતાની કોર્ટમાં. હું ઓ. પી. ડી. કરવા ગયો અને તે ત્રણેયે ચાર કલાક ખૂબ ચર્ચા કરી. બન્નેએ ઈશ્વરકૃપાથી સરલાના મનનું સમાધાન કરી આપ્યું અને અમે આવી ગયાં ઝઘડિયા.

અનિલને મારો ઉત્સાહ ગમ્યો પણ પોતે ખૂબ પરિપકવ અને તજજ્ઞ એટલે મારા પર વિશ્વાસ ઓછો. આમ પણ મારામાં દાકતરી સિવાય ઊંટના અઢારે વાંકા. એટલે મને ૨ વર્ષનું પ્રોબેશન આપ્યું. ઠાકુર કૃપાથી તેણે ૨ વર્ષના અંતે "કાયમી" બનાવી દીધો. પણ હું તો હજુ મનથી પ્રોબેશન પર જ છું.

મારા સ્વભાવની અળવીતરાઈ ખૂબ (હજુ છે જ). એક વખત તો એક મેડીકલ ઓફિસરને ગુસ્સામાં લપડાક મારી દીધી. પ્રકરણ મોટું થઈ ગયું. અનિલ ખૂબ નારાજ થઈ ગયો. તેણે મને કહી દીધું કે 'હું બે મહિના તારી સાથે બોલીશ નહીં.' મારી તો બોલતી બંધ થઈ ગઈ. મેડીકલ ઓફિસરને અને તેના કુટુંબીજનોને મળ્યો, માફી માંગી અને પૂર્વવત્ સંબંધ થઈ ગયા; પણ મિત્રના અબોલા જે મારા માટેનું તપ હતું તે ચાલુ જ રહ્યું. તેને જાણ તો થઈ ગઈ કે મેં સાચી દિશામાં પગલાં લઈ લીધાં છે. બે મહિના પૂરા થયા અને એક સાંજે અનિલ–લતા અમારે ઘરે આવ્યાં. What a day ! અમે એકબીજાને ભેટીને ખૂબ રડયા. તે પછી મેં ઘણો પ્રયાસ કર્યો છે. તે છતાં કયારેક દર્દીને નુકસાન કે અહિત થતું હોય તો હજુ હું ગુસ્સે થઈ જ જાઉં છું અને અનિલને યાદ કરી તેમાં ઉચિત ફેરફાર કરવાના સંનિષ્ઠ પ્રયાસ કરું છું. માત્ર અને માત્ર અનિલે મારા જીવનમાં કરેલા અનેક ઉપકારોમાંનો તે એક છે.

સેવા રૂરલનો અપ્રતિમ વિકાસ આ બન્નેના અને બીજા તેમના સાથીઓના તપ અને ત્યાગનું જ પરિણામ છે. અનિલે ખૂબ વાંચ્યું, પચાવ્યું અને છૂટ્ટે હાથે સૌને આપ્યું. કાર્ય કુશળતા અને દક્ષતામાં સ્વામીજીની સાથે કૃષ્ણ પણ જાણે તેનામાં ભળી ગયેલા. અનેક ઉચ્ચકક્ષાના લોકોને પ્રેમથી આવકારી, કામમાં ભેળવવાની કુશળતા બન્નેને જાણે ગળથૂંથીથી જ મળી ગઈ છે. અજય–જયશ્રી, સરલા અને હું ૧૨ કે વધુ વર્ષોથી અહી રહ્યા અને રહેવાના તે પણ આ મિત્રના અસિમ પ્રેમને આભારી છે.

હું અને સરલા આધ્યાત્મિક સાધનાનો કોઈ દાવો કરી શકીએ તેવું કંઈ કર્યું નથી, પણ તેમાં પાપાપગલી થઈ છે. આ દિશામાં ઉત્કર્ષના માર્ગે આગળ વધવાનું જે પ્રેરકબળ પ્રાપ્ત થયું છે તે મહ્દઅંશે અનિલ પાસેથી પ્રાપ્ત થયું છે તે શું નાની વાત છે?

ગીતાના ૧૬મા અધ્યાયના પ્રથમ ત્રણ શ્લોકોને સમજવા તેનું જીવન જોઈએ તો આપણા મનમાં ગીતાનો મર્મ પકડાય.

હે મિત્ર ! તેં આ વિશ્વને ઘણું આપ્યું. તેં સેવેલાં સ્વપ્નો પાર પાડયાં અને આવનારા ઘણાં વર્ષો સુધી ચાલે તેટલી મબલખ સામગ્રી આપીને તું ગયો.

તુમિ જીવન ભૂલે કોન અનંત સાગરે.....

**ડૉ. ચંદ્રકાન્ત વોરા**

**મેડીકલ કોલેજથી મિત્ર**
**ફીજીશ્યન સેવા રૂરલ**

◈

## ૨૩. મારી દૃષ્ટિએ ડૉ. અનિલભાઈ દેસાઈ

આજે હું એડવોકેટ છું. મારી દ્રષ્ટિએ મારી જીંદગીનું ઘડતર સેવા રૂરલમાં થયું એમ કહેવું એ સ્પષ્ટ અને ઊંઘાડું સત્ય છે. મારા ઘડતરમાં ડૉ. અનિલભાઈ દેસાઈ અને ડૉ. લતાબેન દેસાઈનો ફાળો ખૂબ મોટો અને મહામૂલ્ય છે.

ડૉ. અનિલભાઈ દેસાઈ ખૂબ શાંત–સૌમ્ય અને શાલીન સ્વભાવના હતા. પોતે અમેરિકામાં સ્થાયી થયેલા છતાં પોતાનું સુખી અને વૈભવી જીવન છોડીને પોતાના દેશમાં એક નાનકડા તાલુકા ઝઘડીયામાં આવીને વસ્યા અને ખૂબ દૂર–દૂર સુધીના ગરીબો અને દરિદ્રોની સેવામાં જીંદગી પૂરી કરી. પોતાનાં બાળકોને પણ અહીયાં જ શિક્ષણ અપાવ્યું. બાકી આજના યુગમાં લોકો બાળકોને પરદેશ ભણવા મોકલે છે. ત્યારે ડૉ. અનિલભાઈ અને ડૉ. લતાબેનના કિસ્સામાં ઊલટું બન્યું છે.

ધન્ય છે તેમની જીંદગીને. ડૉ. અનિલભાઈ પરલોકવાસી થયા પરંતુ તેમનાં કાર્યો હમેશને માટે આ પૃથ્વી પર ગુંજતા રહે એવી પ્રાર્થના સાથે ભગવાન તેમને ખૂબ શાંતિ આપે એવી દુઆ પણ તેમના માટે ગુજારીએ.

**ફિરદૌશ એમ. મન્સુરી**
ભૂ. પૂ. કાર્યકર
એડવોકેટ
સુલતાનપુરા–ઝઘડિયા

◈

## ૨૪. Happy birthday to my manomay (મનોમય)

કદાચ આપણને આશ્ચર્ય થશે કે ઘણાં વર્ષો બાદ દીકરીને પ્રેમ જાગ્યો... પણ એમ નથી. મે હંમેશા, દર વર્ષે, મનોમન રીતે પણ આપને ભૂલ્યા વગર શુભેચ્છાઓ, સાચા અંતઃકરણથી આપના પ્રત્યે વ્યકત કરવાનું ભૂલી નથી.

આવો પ્રેમ ફકત તમારા માટે જ છે એમ હું માનતી હતી પણ એ મારી ભ્રમણા ભાંગી ગઈ.

તા. ૧૬ મી એપ્રિલ ૨૦૧૯ના દિવસે અનાયાસે જ સમાચાર જાણવા મળ્યા કે સેવા રૂરલમાં અનિલભાઈ ગુજરી ગયા. આ શબ્દો મારા માટે એટલા અસહ્ય બની ગયા કે હું તે ક્ષણે જ ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડી. એટલું જ નહિ, બલ્કે કલાકો સુધી અને પૂરી રાત વણથંભ્યા આંસુ આંખમાંથી નીકળી જ રહ્યા. સવાર થતાં આંખો એટલી ફૂલી ગઈ કે ઘર બહાર નીકળવામાં પણ સંકોચ થવા લાગ્યો.

તે પછી પણ ઉઠતા–જાગતા, હાલતા–ચાલતા, ખાતા–પીતા, મુસાફરીમાં ડયુટી અવર્સમાં પણ જયાં, જયારે યાદ આવી જતી ત્યાં, ત્યારે અતિ કંટ્રોલ કરવા છતાં પણ આંખો છલકાઈ જતી. આ

સીલસીલો ઘણો વખત ચાલુ રહ્યો. આજે પણ સાડા ત્રણ મહિનાથી વધુ સમય થઈ ગયો હોવા છતાં પણ પત્ર લખતાં આંસુઓ થંભવાનું નામ લેતા નથી. તેનું કારણ એ જ હોઈ શકે કે મારા દિલોદિમાગમાં, શ્વાસોશ્વાસમાં તેમનું પૂજય સ્થાન વણાઈ ચૂકયું છે.

વર્ષ ૧૯૯૭ થી ૨૦૧૯ સુધીના લાંબા સમય સુધી પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મળવાનું ન થવા છતાં મારું દિલ આટલી હદ સુધી વ્યથા કેમ અનુભવી રહ્યું છે એનો ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે તેઓનું સ્થાન મારા દિલમાં કેવું અને કેટલું ઊંડું છે.

કેટલાક સંસ્મરણો આંખોથી દૂર થતાં જ નથી. જેમ કે ૧૯૮૩માં જયારે અમે સ્ટુડન્ટ હતાં ત્યારે પોતાના કાર્યકાળના અતિવ્યસ્ત સમયમાં પણ મીરા અને ચકુ સાથે ભરૂચ વસંત ટોકીઝમાં પ્રેરણાદાયી ફીલ્મ 'અવતાર' જોવા સાથે લઈ ગયેલા. તેમના અવસાનના પ્રથમ વિકમાં ટીવી પર આ ફીલ્મ આવી તો હું તેને જોવાનું ટાળી શકી નહિ તેમજ તે યાદોને અને તેમના પિતા તુલ્ય પ્રેમને વાગોળવાનું પણ ભૂલી શકી નહિ.

૧૯૮૩માં અમારું સ્ટાઈપન્ડ રૂા.૧૦૦ હતું. સેવા રૂરલમાં કીચનમાં જમવાનો માસિક ચાર્જ રૂા. ૧૨૦ હતો. અમારી કોઈપણ જાતની ફરિયાદ વગર અમારા માટે કિચનમાં જમવાનો ચાર્જ ૫૦% એટલે કે રૂા. ૬૦/– માસ રાખીને અમારી આર્થિક સમસ્યાને સમજવા સમર્થ થયેલ. આમ અન્યની મુશ્કેલીઓને જોઈને પણ મદદરૂપ થવાની તેમની અનોખી રીત હતી.

સંસ્થાના પ્રાંગણમાં જ મંદિરની રચના કરી. સામાન્ય કર્મચારીના દિલમાં ઘરબાઈ રહેલી, સુષુપ્ત આધ્યાત્મિકતાને ઢંઢોળવાનું અને જગાડવાનું કાર્ય પણ તેમણે જ કર્યુ. જેમાં સાંજની પ્રાર્થના દ્વારા અને વહેલી સવારના ગીતા વાંચન દ્વારા મારામાં આધ્યાત્મિકતાને પોષવાનું કાર્ય પણ ત્યારથી શરૂ થયું. કદાચ તેને જ પરિણામે હું સ્વામીનારાયણીય સંપ્રદાયની (જે મારા શ્વસુર પક્ષનો છે) પ્રારંભથી લઈ ઉચ્ચતર સત્સંગ શિક્ષણ સુધીની (અતિ કઠીન લાગતી) પરીક્ષાઓ સફળ રીતે અત્યાર સુધીમાં પૂર્ણ કરી શકી છું. તેનો યશ પણ હું ખરા હૃદયપૂર્વક તેમને જ આપું છું.

એક પિતા તરીકે, એક પતિ તરીકે, એક સંસ્થાના વડીલ તરીકે, એક સંસ્થાના કર્મચારી તરીકે, સંયોજક તરીકે, સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે, એક સામાજિક કાર્યકર તરીકે, એક સામાન્ય વ્યકિત તરીકે અને એક આધ્યાત્મિક પુરૂષ તરીકે તેમનો રોલ અનેરો રહ્યો છે.

સંસારમાં રહીને પણ કુટુંબની, સમાજની, દેશની સેવા કેવી રીતે કરી શકાય તેનું ઉત્તમ મોડેલ તેમના જીવનકાળ દરમ્યાન જોવા મળે છે.

તેમણે ધખાવેલી સેવા રૂરલની ધૂણી તેમના દૈહિક વિલયથી વિલય પામી ગઈ નથી પણ તે ધૂણી સદાયને માટે પ્રજવલિત રહે તેવી વ્યવસ્થા કરીને આ લોકમાંથી વિદાય લીધી છે જે સૌને નતમસ્તક કરી દે છે.

અંતમાં ભગવાનને મારી સાચા હૃદયપૂર્વકની પ્રાર્થના કે આવા પરોપકારી પુનિત આત્માને, પોતાના ધામમાં સદાયને માટે પાસે રાખી સદાય મોક્ષ પમાડે.

**શાંતા પટેલ**
**ભૂ. પૂ. કાર્યકર**

## ૨૫. સેવા રૂરલને આદર્શ સંસ્થા બનાવનાર

મારા માતા અને પિતા બન્ને ૧૯૮૩નાં મે માસના ટૂંકા ગાળામાં ગુજરી ગયા. તેઓની સંપૂર્ણ સંપત્તિ લોકોપયોગી કાર્ય (ચેરીટેબલ કોઝીઝ) માટે આપવાની હતી.

એ માટે મારા અગાઉથી પરિચિત એવા ડૉ. નવનીત ફોજદારને એમની ધરમપૂર ખાતેની પ્રવૃતિઓ અંગેના ટ્રસ્ટને દાન આપવા મેં સંપર્ક કર્યો. તેઓ તબીબી ક્ષેત્રે અને ગરીબોને રાહત માટે ખૂબ જ સારી અને વિશાળ પ્રવૃત્તિઓ કરતા હોવા છતાં આ સહૃદયી માણસે મને નીચે મુજબ જણાવ્યું.

“મારા કરતાં સેવા રૂરલના અનિલભાઈ વધારે સારું કામ કરે છે તમારાં પૈસાનો ત્યાં વધુ સારો ઉપયોગ થશે”.

એ ખૂબ જ નોંધપાત્ર બાબત છે કે ૧૯૮૩ નાં વર્ષમાં જયારે શ્રી નવનીતભાઈ વર્ષોથી દુર્ગમ વિસ્તારમાં ગરીબો માટે કાર્ય કરી રહ્યા હતા ત્યારે સેવા રૂરલ તેના પ્રાથમિક પ્રયત્નોમાં હતું. એ ઉપરથી જ એમ જણાય છે કે શરૂઆતથી જ શ્રી અનિલભાઈના કાર્યોની સુવાસ સમગ્ર ગુજરાતની એનજીઓમાં પ્રસરી રહી હતી.

ઉપરોકત સંજોગોમાં હું અનિલભાઈને મળ્યો. અન્ય કોઈની પણ જેમ એ સમયે કે ત્યાર પછી પણ કયારેય તેઓએ મને સેવા રૂરલને કેટલો ફાળો આપવા માંગો છો એ પૂછયું નથી. અમારી પ્રથમ મુલાકાતમાં જ તેઓએ મારી સામે સ્મિતભર્યા નજરે જોયું. એ પ્રથમ સ્મિત સાથે જ અમારી વચ્ચે જન્મેલી ભ્રાતૃભાવની લાગણી ૩૫ વર્ષો સુધી સેવા રૂરલના કાર્યમાં સર્વે સાથે ચાલુ રહી.

ગુજરાતનાં વિવિધ ટ્રસ્ટોમાં સેવા રૂરલને સુંદર પ્રવૃતિઓ માટે ખૂબ જ જાણીતું–માનીતું બનાવવા માટે અનિલભાઈમાં રહેલી કેટલીક ખાસ બાબતોનો ઉલ્લેખ કરવો મને ગમશે જેમ કે,

૧. ગરીબો પ્રત્યે અનુકંપા ધરાવતા, ટેલેન્ટેડ, પ્રેરિત અને મૂલ્યનિષ્ઠ કાર્યકરોને શોધવાની, તાલીમ આપવાની અને જાળવી રાખવાની અનિલભાઈમાં અદભૂત શકિત હતી.

   દરેક આંખમાંથી આંસુ લૂંછવાનું મહાત્મા ગાંધીનું સ્વપ્ન અને સ્વામી વિવેકાનંદના નીચેના શબ્દોએ તેઓના દિલોદિમાગને રંગી નાંખ્યા હતા.

   “કોઈ ઠેકાણે દુષ્કાળ પડયો હોય, રોગ ફાટી નીકળ્યો હોય કે બીજી કોઈ મુશ્કેલીઓ હોય તો સ્વામી વિવેકાનંદનું લોહી ઉકળી આવતું. તેઓ એકદમ પોકારી ઉઠતાઃ તમારું ધ્યાન, તમારું પાત્ર અને તમારી ભકિતને દૂર ફેંકો. દરિદ્રનારાયણ જયારે ભૂખે મરતા હોય, રોગોથી પીડાતા હોય ત્યારે તેમને ખવડાવવું એ તમારું પ્રથમ કાર્ય. પ્રથમ જીવતા નારાયણને પૂજો પછી જડ નારાયણને, અદ્રષ્ય નારાયણને ભજો.” ગાંધીજી અને સ્વામી વિવેકાનંદના આ સ્વપ્નો અને શબ્દોએ સેવા રૂરલના મિશનને જન્મ આપ્યો અને પોષણ આપ્યું કે જેને લીધે એક ભાડાના મકાનમાં કામ કરતી એક નાની સંસ્થામાંથી આજે રૂા. ૧૫ કરોડના બજેટ સાથે સેવા રૂરલ મોટી સંસ્થા બની છે. સંસ્થાએ સમાજસેવાના વિવિધ ક્ષેત્રોમાં (જેમ કે માતૃબાળ સંભાળ, કૌશલ્યવર્ધન, શિક્ષણ અને સ્ત્રીઓનું કલ્યાણ) વ્યાપ કર્યો.

તેઓએ જે વિવિધ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો તેને સર્વશ્રેષ્ઠ બનાવવા પ્રયાસ આદર્યો.

તેઓએ સેવા રૂરલની પ્રવૃતિઓને–સેવાઓને ગરીબો અને વંચિતો માટે કોઈપણ પ્રકારના વળતરની અપેક્ષા સિવાય કરેલ હોવાના દાખલા મોજૂદ છે.

કેન્સર નિવારણ અંગે વિખ્યાત ફાઈવ સ્ટાર હોટલમાં મિટિંગનું આયોજન કરવામાં આવેલ જેમાં નિષ્ણાતો અને પૈસાપાત્ર મોભી લોકો હાજર હતા, તેમાં ફકત અનિલભાઈ તથા લતાબહેન દેખીતી રીતે અલગ તરી આવે એવા હતાં.

જયારે અનિલભાઈનો બોલવાનો વારો આવ્યો ત્યારે તેઓએ સંક્ષિપ્તમાં કેન્સર સામે લડવાની અને સેવા રૂરલની પ્રવૃતિઓથી શાંતિપૂર્વક કેવી રીતે બદલાવ લાવી શકયા એની સુંદર રજૂઆત કરી.

એક ગરીબ વ્યકિત કે જેણે તેની માંદગીમાં સેવા રૂરલમાં સારવાર લીધી અને તેથી આભારની લાગણી વ્યકત કરવા શ્રી અનિલભાઈને પગે લાગવા પ્રયત્ન કર્યો. ત્યારે ખૂબ જ વિન્રમતાથી આકાશ સામે જોઈને કહેલ :

“આ જગતમાં કોઈનો આભાર માનવાનો નથી. ફકત સર્વશકિતમાન ઈશ્વરનો આભાર માનવો રહ્યો!”

માનવતા અને સેવા કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના કે આભાર જેવી ઔપચારકિતાને પણ ટાળીને કાર્ય કરવું એ સેવા રૂરલની ખાસિયત રહેલ છે.

૨. ગાંધીજીના જીવનમાં તેઓએ આશ્રમમાં હરિજનને પ્રવેશ આપેલ એ પ્રસંગ જાણીતો છે. પૈસાપાત્ર લોકો કે જે આશ્રમને દાન આપતા હતા તેઓને આ ગમ્યું નહી અને તેઓએ દાન આપવાનું બંધ કર્યુ : ગાંધીજીનાં ગાઢ સાથી મિત્ર શ્રી મગનભાઈએ આવીને જણાવ્યું કે હવે ફકત એક સપ્તાહ ચાલે એટલો જ રસોઈનો સામાન છે, ત્યારે ગાંધીજીએ તેઓને કહેલ કે

“ભગવાન જો ઈચ્છતા હશે કે આશ્રમ દ્વારા હું લોકોની સેવા કરું તો તે વ્યવસ્થા કરશે અને જો એમ નહી થાય તો આપણે ભીખ માંગીને પણ લોકોની સેવા કરીશું”.

અને બન્યું એવું કે એક અજાણ્યા દાતાએ આશ્રમમાં આવીને ખૂબ મોટી રકમ દાનમાં આપી.

અનિલભાઈ એ પણ ફંડની જરૂરિયાત માટે કયારેય કોઈ દાતા દ્વારા મૂકાતી ખોટી શરતોનો સ્વીકાર કરેલ નહોતો કે કોઈપણ પ્રકારનું ખોટું સમાધાન કરેલ નહોતું. સેવા રૂરલે કયારેય રોકડ કે ગુપ્ત દાન સ્વીકારેલ નથી.

હું એ પ્રસંગથી જાણકાર છું જયારે એક પૈસાપાત્ર ઝવેરી સેવા રૂરલને માતબર દાનની રકમ આપવા તૈયાર હતા. અને બદલામાં તેઓની સ્વર્ગસ્થ પત્નિનું સ્ટેચ્યુ કેમ્પસમાં મૂકવાની શરત કરી. એ ઝવેરી દ્વારા લાંબા સમય સુધી પ્રયત્નો કરવા છતાં અનિલભાઈ અને લતાબહેને તેઓને જણાવેલ કે, ફકત રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદનાં સ્ટેચ્યુ સિવાય સેવા રૂરલમાં કોઈ સ્ટેચ્યુ ન મૂકી શકાય.

૩. મૃત્યુ સાથેની મિત્રતા એ તિબેટીઅન ફિલોસોફીની એક જાણીતી બાબત છે, એ જ પ્રકારે મૃત્યુ હંમેશા અનિલભાઈની નજદીક ભ્રમણ કરતું રહ્યું. ૧૯૮૦ ની સાલમાં સેવા રૂરલની સ્થાપના બાદ અનિલભાઈને કેન્સર થવા અંગેનું પરીક્ષણ થયું. તેઓનાં પેટના કેટલાંક ભાગ કાઢવા પડયા અને તબીબોએ આશા ગુમાવી. એ સમયે તેઓએ લતાબહેન તથા એમનાં યુવાન બાળકોને બોલાવીને શાંતિપૂર્વક તૈયાર કરવા માંડયા જેથી પોતે મૃત્યુની દિશામાં આગળ વધી શકે.

પરંતુ ચમત્કારિક રીતે તેઓ ફરી એક વાર સારવારથી સારા થયા. બ્રેઈન હેમરેજ હોવા છતાં,

બંને પગનાં ઢીંચણના સાંધાનું ઓપરેશન, કિડનીની નિષ્ફળતાને કારણે નિયમિત ડાયાલિસીસ, છતાં તેઓએ સેવા રૂરલને ખૂબ જ ઊંચાઈએ લઈ જવાના ભગીરથ પ્રયાસો કર્યા.

સતત મૃત્યુની સંભાવના અને પ્રતીતિ વચ્ચે જીવન જીવતાં તેઓની આંતરિક શકિત અને અનુભવ ખૂબ જ દેદિપ્યમાન બન્યા. અન્ય કોઈ વ્યકિતએ ખરેખર આશા ગુમાવી દીધી હોત અને દર્દનાક પરિસ્થિતિમાં હોત. પરંતુ અનિલભાઈની બાબતમાં તેઓએ ધ્યેય હાંસલ કરવાના પ્રયત્નોને ખૂબ જ વેગ આપેલ જે નોંધનીય બાબત છે.

તેઓના મૃત્યુના થોડાક સપ્તાહ પહેલા હું તેઓને મળેલ. તેઓએ શ્રવણશકિત સંપૂર્ણપણે ગુમાવી દીધેલ અને યોગ્ય રીતે બોલી પણ શકતા ન હતા. પરંતુ એમની ભાષા એમના એક માત્ર પુત્ર ડૉ. શ્રેય દેસાઈ સમજી શકતા હતા. આ પરિસ્થિતિમાં પણ તેઓનું બ્રેઈન એકટીવ હતું અને તેઓ શ્રેયભાઈ દ્વારા સ્લેટમાં લખીને વાત સમજાવી શકતા હતા. તેઓ પોતે મૃત્યુ શૈય્યા ઉપર હતા છતાં તેઓને મારા સ્વાસ્થયની એ ચિંતા દર્શાવી. હું એમને મળીને પરત આવ્યો ત્યારે એ જ વિચારતો હતો કે સ્વાસ્થય અંગેની આટઆટલી સમસ્યાઓ છતાં તેઓ કેટલી શાંતિપૂર્વક જીવનને ઝીલતા હતા ! તેઓના જીવનને સ્મરતાં નીચે મુજબની પંકિતઓ યાદ આવી,

"અંતે ભળી જવાનું છે રાખમાં એ જાણતો હોવા છતાંય દોડયે જાઉં છું, કારણ કે દીપક બુઝાય એ પહેલાં ઝળહળી જાય એ બહુ જરૂરી છે".

એક દિવો પ્રગટાવી, તેઓ મૃત્યુને શરણ થયા, જેની જયોતિ આજે પણ સેવા રૂરલના કાર્યોમાં એમના સાથી ડૉ. લતાબહેન, ડૉ.શ્રેયભાઈ, ડૉ. ગાયત્રીબહેન કે ડૉ.પંકજભાઈ શાહ, શ્રી બંકિમભાઈ શેઠ, શ્રી ગિરીશભાઈ શાહ, ડૉ. શોભાબહેન શાહ, શ્રી મયંકભાઈ પંડયા, શ્રી વિક્રમભાઈ વાંસદીયા, શ્રી દિલીપભાઈ પટેલ દ્વારા એવા કેટલાંય કાર્યક્રમો કે જે સેવા રૂરલના પરિવારમાં આદિભાવથી ચાલી રહેલ છે. એ બધાં એમનાથી પ્રજવલિત ઝગઝગે છે.

ભગવાન રામકૃષ્ણ પરમહંસ તેઓના જીવન અને શિષ્યોને અલગ રીતે તારવી, થોડો સમય જીવન પસાર કરી, છૂટા પડયા. અનિલભાઈના અનુયાયીઓ આજે પણ એ પ્રકારે કાર્યરત છે. આજ પ્રકારનું ઉચ્ચ સ્તરનું ગરીબો તથા વંચિતો માટેનું યોગદાન ચાલી રહ્યું છે.

આ કાર્ય બંગાળના બાઉલ ગાયકો (ભકિત સંગીતના ઉપાસક) સાથે સરખાવીને કહેતા કે, "અમે રંગમંચ પર અલૌકિક નૃત્યગાન કરવા આવ્યા છીએ અને અલ્પ સમયમાં વિદાય લઈશું." અનિલભાઈ એક અદ્વિતીય સંસ્થા અર્પણ કરીને ગયા.

સ્વ. શ્રી ડાહ્યાભાઈ આનંદપુરા, ડૉ. દિલીપભાઈ દેસાઈ, ડૉ. હરેશભાઈ શાહ, ડૉ. લલિતભાઈ શાહ, ડૉ. ઉદયભાઈ ગજીવાલા, ડૉ. શ્રીધર અને ડૉ.મંજુષા વિગેરે સેવા રૂરલ સાથે જોડાયેલાં અને ત્યાર બાદ આ પ્રકારની પ્રવૃત્તિ, સંસ્થાઓની સ્થાપના દ્વારા કરી ગરીબો તથા વંચિતોના કાર્યમાં જોડાયેલ છે.

**સુભાષભાઈ શાહ**
**લીલાવતી આર.શાહ ટ્રસ્ટ, મુંબઈ**
**ભૂ. પૂ. ટ્રસ્ટી, સેવા રૂરલ**

◈

***Original English writeup by Subhash Shah "Anilbhai who nurtured SEWA Rural as an "Ideal Organisation"***

Both my parents died in quick succession by May 1983 leaving their entire wealth to be given for charitable causes.

Soon thereafter I approached Dr. Navnit Fozdar, whom I had known earlier, to give

donations to his trust for his work in Dharampur. Though he was doing significant & extensive work in medical & poverty relief, he was such a large hearted person that he told me "**મારા કરતા સેવા રૂરલના અનિલભાઈ વધારે સારું કામ કરે છે. તમારા પૈસાનો ત્યાં વધુ સારો ઉપયોગ થશે.**" It is noteworthy that at that point of time in 1983 SEWA Rural was in its infancy whereas Navnitbhai had already been working in a difficult poverty ridden & arid area for a no. of years. It is thus apparent that Anilbhai's work & charisma had already travelled all over the Gujarat NGO sphere.

It was under these circumstances that I met Anilbhai. Unlike any other person he did not, then or ever, ask me how much contribution I wanted to make to SEWA Rural. He smiled & embraced me at our first meeting. That smile & embrace led to a 35 years sojourn with both of us & everybody else at SEWA Rural as soul brothers.

I wish to dwell upon certain rare qualities of Anilbhai which catapulted SEWA Rural into one of the finest & largest Trust in Gujarat.

i. His ability to draw, train and retain persons who not only had talent, dedication & integrity but also a heart which bled for the poor.

   Mahatma Gandhi's dream to wipe the tear from every eye & Swami Vivekananda's words "**કોઈ ઠેકાણે દુષ્કાળ પડયો હોય, રોગ ફાટી નીકળ્યો હોય કે બીજી ભારી મુશ્કેલીઓ હોય તો સ્વામી વિવેકાનંદનું લોહી ઉકળી આવતું. તેઓ એકદમ પોકારી ઉઠતા. "તમારુ ધ્યાન, તમારુ પાત્ર અને તમારી ભકિતને દૂર ફેંકો, દરિદ્રનારાયણ જયારે ભૂખે મરતા હોય, રોગથી પીડાતા હોય ત્યારે તેમને ખવડાવવું એ તમારું પ્રથમ કાર્ય, પ્રથમ જીવતા નારાયણની પૂજા પછી જડ નારાયણને, તાદશ્યા નારાયણને ભજો**" resonated in Anilbhai's mind and this formed the mission of SEWA Rural which grew from a small institution working from a hired abandoned building into a 15 crore giant traversing such varied fields like woman & child care, vocational education and women's welfare.

Each field it entered into become a centre of excellence.

There was an occasion when he summed up SEWA Rural's service to the poor & distressed without expecting anything in return.

A meeting was called of cancer survivors in a glittering 5 star hotel where most of the survivors & their friends were wealthy socialites & amongst them Anilbhai & Lataben were the 2 odd persons.

When Anilbhai's turn to speak came he briefly dwelt on cancer & how he death with it & quietly, turning to his work in SEWA Rural, he narrated an incident of

a very poor man who, after receiving tender care at SEWA Rural during his illness, wanting to express his gratitude found Anilbhai & tried to bow down to him. Anilbhai, very kindly, pointed to the sky & told him

**"In this place there is nobody to thank. You must thank only HIM"**

This humility & desire to serve without any expectation of any kind including gratitude has permeated to all who work at SEWA Rural.

ii. In Gandhiji's life there is an episode where he had admitted a harijan into the Ashram. Rich people who were donating to the Ashram did not approve of this & stopped donating.

Gandhiji's aide Shri Maganbhai came to him & told him that there was now only enough food to last one week.

Gandhiji remained steadfast and told him

"If God wants me to serve the people through this Ashram he will provide. If not we will beg & work for the people."

As providence would will it an anonymous donor came to the Ashram & without giving his name donated a large sum of money.

Anilbhai never made any compromises on source of funds or any wrong conditions imposed by donors. SEWA Rural never accepted any anonymous or cash donations.

I am aware of an instance where a very rich jeweller wanted to give SEWA Rural a large donation provided a statue of his late wife was installed in the campus. Though the jeweller pursued the matter for a long time Anilbhai & Lataben told him that except the statues of Ramakrishna Paramhansa & Swami Vivekanand, SEWA Rural would not allow any other Statues.

iii. There is Tibetan school of Philosophy which advocates friendship with death. Death always hovered around Anilbhai.

Soon after formation of SEWA Rural in 1980 he was diagnosed with colon cancer and part of his colon was removed. Doctors did not give much hope. So he called Lataben & his, then, young children & calmly prepared them for his passing away.

He miraculously bounced back & took SEWA Rural to greater heights though a brain hemorrhage, replacement of both knee joints operation on the spinal column, failure of the kidneys & dialysis hounded him.

It was as if constant recognition & reminders of death & awareness of the imprudence of life opened up his potential to experience life & the

presence it illuminates. A lesser person would have lost hope and wallowed in self-pity but in his case it spurted him on to redouble his efforts to reach his goal.

I met him a few weeks before he passed away. he had lost his hearing completely & his speech was impaired & only his son Dr. Shrey Desai could understand him. Despite that his brain was active & he communicated through Shrey writing down on a slate.

Though he was clearly on death's door he was worring about my health. When I went back I tried to sum up, how he faced life patiently & stoically despite the numerous health setbacks, through a poem which aptly summed up his journey through life.

**''અંતે ભળી જવાનું છે રાખમાં એ જાણતો હોવા છતાંય દોડે જાઉં છૂં કારણ કે દીપક બુજાય એ પહેલ જળહળી જાય, એ બહુ જરૂરી છે.''**

He passed away after lighting a lamp which glows brightly through those who carry the torch of SEWA Rural like his companion Lataben & Dr. Shrey & Dr. Gayatri Desai, Dr. Pankaj Shah, Bankim Sheth, Girish Shah, Mayank Pandya, Vikram, Dilip & numerous others who constitute the SEWA Rural Pariwar & work like a band of brothers.

Bhagawan Ramakrishna Paramhansa compared the life of himself & his disciples as minstrels on the stage of life who play for some time & depart. Thankfully Anilbhai's minstrels are still playing & also tunefully. This quality of excellence of work dedication to the poor and distressed combined with extreme austerity in their personal life also permeates with Late Mr. Dahyabhai Anandpura, Dr. Dilip Desai, Dr.Haresh Shah, Dr.Lalit Shah, Dr. Uday Gajiwala, Dr. Shridhar & Dr. Manjusha who were initially associated with SEWA Rural & there- after founded their own institutions or carried out other pursuits.

◈

## ૨૬. ઝઘડિયાનું તીર્થસ્થાન : સેવા રૂરલ

સેવા રૂરલ, ઝઘડિયાને સંભારીએ એટલે આપોઆપ આ સ્થળની પૂર્વ સંસ્થા શ્રી કસ્તુરબા પ્રસૂતિગૃહની પણ યાદ આવે જ આવે. આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં માતૃબાળ કલ્યાણના આદર્શને કેન્દ્રમાં રાખી શ્રી કસ્તુરબા પ્રસૂતિગૃહનો આરંભ થયો. આ યજ્ઞકાર્યનો વિસ્તાર જન જન સુધી પહોંચ્યો. આવા કઠીન કાળમાં પણ તે સમયના વહીવટદારોએ તજ્જ્ઞ ડોકટરની સેવા ઉપલબ્ધ કરાવી. આ સંસ્થા વડે સાચા અર્થમાં તે સમયના બોર્ડ પર લખેલી 'જન સેવા એ જ પ્રભુ સેવા'ની ઉકિતને સાર્થક કરી.

સમય પસાર થતાં આ સંસ્થામાં સેવા રૂરલની સ્થાપના થઈ. ગરીબ–અભણ અને દુ:ખી માણસોની સેવા કરવાના સ્વામી વિવેકાનંદના ઉચ્ચ આદર્શોનો ભેખ ધરી, એમના આશીર્વાદથી અમેરિકા જેવા દેશની જાહોજલાલી છોડી ડૉ. અનિલભાઈ દેસાઈ

તથા એમના ધર્મપત્ની લતાબહેન અને એમના સહપંથી મિત્રો સેવા રૂરલને સમર્પિત થયાં.

હું રહ્યો ચિત્રકળાનો વિદ્યાર્થી અને ચિત્રકાર બન્ને. એટલે સેવા રૂરલની સ્થાપનાના આશરે વીસ દિવસ બાદ સંસ્થામાં પેઈન્ટીંગ કામ માટે ડૉ. અનિલભાઈ દેસાઈ, ડૉ. હરેશભાઈ શાહ અને દિલીપભાઈ શાહ મારી ઝુંપડી જેવા કાચા મકાને પધાર્યા. મને તો "શબરી ઘેરે રામ પધાર્યા, ઝુંપડી મારી નાની રે"ની લાગણીનો અહેસાસ થયો. એમને બેસાડવા માટે મારી પાસે ખુરશી પણ તે સમયે નહોતી. એ પ્રથમ પરિચય થકી હૈયુ આનંદ ઉલ્લાસ અને ગૌરવથી ઝુમી ઉઠયું. સેવા રૂરલમાં કામ મળવાથી મનને સંતોષ થયો. એમણે સોંપેલા પેઈન્ટીંગ કામને ચીવટતાપૂર્વક અને સમયમર્યાદામાં રાત્રે ઉજાગરા કરીને પણ પૂર્ણ કરી ધન્યતા અનુભવતો. ત્યાર પછી જયારે આવા કામની જરૂર જણાય એટલે હાજર રહેતો. આ સમય દરમ્યાન અનિલભાઈનો પ્રેમ–લાગણી– નમ્રતા જોઈને, માણીને મેં એમની સાથે હૃદયની આત્મીયતા અને પોતીકાપણાનો ભાવ અનુભવ્યો. તેઓ જયારે પણ મને મળતા, ત્યારે મંદ મંદ હસતો ચહેરો અને બોલાતા એ શબ્દો 'કેમ છો ? બંકિમને મળવા આવ્યા છો ?' હજીયે કાનમાં ગુંજતા રહે છે. આવા ડૉ. અનિલભાઈને પરોક્ષ રીતે કેટલીયવાર મેં મનોમન ચરણ સ્પર્શ કરી ધન્યતા અનુભવી છે.

ડૉ. અનિલભાઈના જીવનકાર્ય તરફ નજર કરીએ, તો સ્વામી વિવેકાનંદના ઉપદેશો ચરિતાર્થ થતાં દેખાય છે. એમણે સમાજમાં નાનામાં નાના માણસની સેવા કરી છે. સાદું જીવન જીવ્યા છે. બીજાનાં દુઃખ જોઈ દુઃખી થયા છે. મજબૂત મનોબળ રાખી કદી નિષ્ફળ રહ્યા નથી. નરસિંહ મહેતાનું પ્રિય ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ....." ની દરેક પંકિતમાં મને ડૉ.અનિલભાઈના દર્શન થાય છે. આ શબ્દો મૂર્તિમંત થાય એવી રીતે તેઓ જીવ્યા છે. ઝઘડિયા સહિત આસપાસના તાલુકાની આદિવાસી ગરીબ પ્રજામાં આ સંસ્થા દ્વારા હોસ્પિટલની સેવા ઉપરાંત આરોગ્ય શિક્ષણ, પાપડ કેન્દ્ર, સીવણ કેન્દ્ર જેવી પ્રવૃત્તિ થકી ગરીબ મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવી છે. વિ.જી.ટી.કે. જેવી સંસ્થા દ્વારા યુવાનોને રોજગારી અપાવી છે. સંસ્થામાં સંતો દ્વારા ધાર્મિક પ્રવચનો, ઉત્સવોની ઉજવણી જેવા અનેક લાભ ઝઘડિયાના ગ્રામજનોને મળી રહ્યા છે. સેવા રૂરલની આવી સિધ્ધીના કારણે રાજય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ સન્માન મેળવી ઝઘડિયાનું ગૌરવ વધાર્યું છે.

વટવૃક્ષ સ્વરૂપે વિસ્તરી રહેલ અને જુદી જુદી પ્રવૃત્તિઓથી જીવંત રહેતી આ સંસ્થાનો શ્રેય નિઃશંકપણે ડૉ. અનિલભાઈ અને ડૉ. લતાબહેનને જ આપવો પડે. એમણે એમની હાજરીમાં જ એક નવી ટીમ તૈયાર કરીને સેવા રૂરલનું સુકાન સોંપ્યું. "જીવન અંજલિ થાજો" ના ભાવ સાથે એમની જીવન લીલા સમાપ્ત કરી આપણને સૌને ઉજળો રાહ ચિંધ્યો છે. સાથે સેવા રૂરલને ઝઘડિયાનું તીર્થસ્થાન બનાવી ગયા છે. એમની ચેતના આ સંસ્થામાં સદૈવ જીવંત રહેશે.

ડૉ. અનિલ દેસાઈ અને એમના કાર્યને પ્રણામ.

**ઈન્દુભાઈ વાળંદ**
**માજી સરપંચ**
**હનુમાન ફળિયા,**
**ઝઘડિયા**

◈

## ૨૭. અમારા માતા–પિતા સમાન લતાબહેન – અનિલભાઈ

સેવા રૂરલ પ્રેરિત શારદા મહિલા વિકાસ સોસાયટી ગારમેન્ટ વિભાગમાં હું ૮ વર્ષથી સુપરવાઈઝર તરીકેની ફરજ બજાવું છું. ત્યારથી હું ડૉ. લતાબહેન અને ડૉ. અનિલભાઈને સેવા રૂરલ હોસ્પિટલના સ્ટાફ, પરિવાર તથા દર્દી ભાઈઓ અને બહેનોને મા–બાપ તરીકે ઓળખતી. ડૉ. અનિલભાઈનો સ્વભાવ શારદાદેવી જેવો હતો. જગતને પોતાનું માનવું. આપણને જ્યારે પણ ક્યાંય પણ મળે કે તરત પૂછે બેટા કેવું છે. બધુ બરાબર છે ને? ત્યારે મને એવું લાગતું કે મને બધું જ મળી ગયું છે. મને કશાની જરૂર નથી. મારું હૈયું ખુશીથી ભરાઈ જતું. મા શારદાદેવી અને રામકૃષ્ણ પરમહંસની વાતો ડૉ. અનિલભાઈના મોઢેથી સાંભળતા અમે એમાં લીન થઈ જતા. એમના જીવનમાંથી અમુક વાતો જીવનમાં ઉતારી લીધી છે. ભકિતભાવના, મળી સંપીને રહેવું, જતું કરવું. કંઈ પણ કામ પોતાનું માની કરવું. આ મારો બીજો પરિવાર છે એમ હું માનું છું.

**સુનિતાબહેન અનિલભાઈ વસાવા**
**કાર્યકર શા. મ. વિ. સો.**

◈

## ૨૮. આદરણીય અનિલભાઈ (દાદા) ની યાદમાં

૨૦૦૧માં સેવા રૂરલમાં જોડાયો ત્યારથી યાદગાર ઘટના બની જેનાથી મારા જીવનમાં ઘણો ફેરફાર કરવાનું સમજાયું. વારસાગત ઘણો ગરમ મિજાજ. એક દિવસ નવા કર્મચારી તરીકે સેવા રૂરલના વડીલશ્રીને મળવા સૂચના મળી. સમયસર મળવા વડીલની ઓફીસે પહોંચીને વાત કરી કે મળવાનું છે. સેવકભાઈએ અંદર સંદેશો મોકલ્યો મને બેસવા જણાવ્યું. ઠીક ઠીક એવો પોણો કલાક રાહ જોયા બાદ અંદર જવાનું થયું. આ દરમ્યાન બે વખત વડીલને તેમની ઓફીસમાંથી હૉસ્પિટલમાં કોઈ કામે જતાં આવતાં મેં તેમને જોયા. પ્રથમ નજરે એમની એક છાપ મારા પર પડી તે હતી, મારા પિતાની બીજી છબી. ૧૯૮૬માં મારા પિતાના અવસાન બાદ પહેલીવાર તેમના દર્શન થયા હોય એમ મને લાગ્યું.

ઓફીસમાં દાખલ થતાં એક સ્નેહભર્યા સ્મિત સાથે, માનથી તેમના બોલાયેલા શબ્દો હજી મને યાદ છે, "આવો બાપુ, રાજપૂત છો ને ? કેમ છો ? જીટીકેમાં ફાવે છે ને ? બેસો"... "હા સાહેબ ફાવે છે". "એકલા છો કે પરિવાર સાથે ?" હાલ એકલો છું... તમારા દિકરાઓ એક અગિયારમાં ધોરણમાં અને એક આઠમાં ધોરણમાં છે. પુષ્પાબેન હાઉસ વાઈફ છે... તેમનો શો અભિપ્રાય છે? જો ભાઈ તેમને ગમે તેવું જ આપણે કરવાનું... તમારુ ગામ રૂપાલ રણાસણ પાસે, અમે ત્યાં તપાસ કરેલી.... તમારા પરિવારની ગામમાં સારી પ્રતિષ્ઠા છે.

મને નવાઈ લાગી કે એક કાર્યકર માટે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી આટલી બધી અંગત માહિતી જાણે છે? તે પણ પહેલી મુલાકાતમાં એક કુટુંબના પરિચિત

સભ્ય સાથે વાર્તાલાપ ચાલતો હોય એવો આત્મીયભર્યો વ્યવહાર ! હું મનોમન પોતાની જાત પર ધન્યતા અનુભવી રહ્યો હતો કે ઈશ્વરીકૃપાથી અડધી જિંદગી વટાવ્યા પછી આ સંજોગો ઉભા થયા છે. કોઈ શકિત મને અમદાવાદથી ઝઘડીયા ખેંચી લાવી હોય એવો અનુભવ થવા લાગ્યો. મળેલી તક છોડવી નથી એવા નિર્ણય સાથે વડીલ સાથેની પહેલી મુલાકાત આજે પણ યાદ છે.

વડીલશ્રીના સાન્નિધ્યમાં રહેવાની લાલચ મને થવા લાગી, તેથી નિયમિત વાંચનમાં જવાનું શરૂ થયું. મારો આધ્યાત્મિક વિકાસ થતો હોય એવું મને લાગવા માંડયું. વારંવાર તેઓ મને વાંચન દરમ્યાન બોલવાની તક આપી પ્રોત્સાહિત કરતા અને પરિણામે આધ્યાત્મિક વાંચન કરવાનો રસ વધતો ગયો, જેથી મેં ઘણા ધાર્મિક પુસ્તકો નિયમિત વાંચવાના ચાલું કર્યા અને જરૂર જણાય ત્યાં પ્રશ્નો પણ પૂછતો ગયો.

આધ્યાત્મિક શિબિરોમાં ભાગ લેતો થયો અને ધીરે ધીરે તેમાં હું કયારે રંગાઈ ગયો મને ખબર ન પડી. મેં પાંચ – સાત વર્ષના મોનમંથન પછી દીક્ષા લેવાનું નકકી કર્યુ. તેમાં બધાએ મને પ્રોત્સાહન પુરું પાડયું અને તા. ૩૧/૩/૨૦૧૩ના રોજ રામકૃષ્ણ મઠ મીશનના ઉપાધ્યક્ષ પૂ. સ્વામી પ્રભાનંદજી મહારાજના હસ્તે દીક્ષા વડોદરા મુકામે લઈ જે ગુરુમંત્ર લીધો તે આજે મને ખૂબ જ બળ આપી રહ્યો છે.

વિજીટીકેના નવા મકાનમાં અમે પૂજા રાખી ત્યારે તેઓ પરિવાર સાથે અમારા ઘરે આવ્યા અને અમારા પરિવારને આશીર્વાદ આપ્યા. મારા પુત્રના લગ્ન થયા હતા તેની વહુ પણ આવી હતી. તેને પણ આશીર્વાદ આપ્યા. તે દ્રશ્ય જોઈ મારી આંખો ભીની થઈ ગઈ. મને લાગ્યું કે મારા માતા–પિતા તો અત્યારે હાજર નથી પણ ખરેખર અનિલભાઈ અને લતાબેને તે કમી પૂરી કરી. અમારો પરિવાર ધન્ય થઈ ગયો. વડોદરાથી મારા પરિવારના સભ્યો આ પ્રસંગે હાજર હતા. તેઓ પણ આ દ્રશ્યથી ખૂબ પ્રભાવિત થયા અને મને કહ્યું તમે ખૂબ નસીબદાર છો.

વડીલ સદગતના આત્માને પ્રભુ શાંતિ આપે...

મને જો બીજો જન્મ મળે તો આ વડીલની સાથે રહીને સેવાની તક મળે એવી પ્રાર્થના સહ વિરમુ છું.

**રહેવર યોગેન્દ્ર**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૨૯. મારી દ્દષ્ટિએ.... સેવા રૂરલના રાહબર એવા અનિલભાઈ

સેવા રૂરલને ટકાવવાનું બીડું ઝડપનાર અમારી સંસ્થાના માર્ગદર્શક, પથદર્શક, પ્રોત્સાહક, પ્રેરક એવા અનિલભાઈએ સંસ્થા માટે લોહીનું પાણી કર્યુ. હાડકાનું ખાતર કર્યુ ત્યારે અડીખમ પર્વતની માફક આજે ૩૯ વર્ષ સુધી વિપરીત સંજોગોમાં પણ સંસ્થા ટકી રહી છે. સંસ્થામાં ખાટી–મીઠી, તડકી–છાંયડી, ચઢાવ– ઉતાર ઘણા આવ્યા; તેમાં અનિલભાઈએ ખૂબ મહેનત કરી. પોતાનો ધ્યેય દ્રઢ હોય પણ એ ધ્યેયને આગળ ધપાવવા આર્થિક બળ–માનવબળ– સંસાધનો વિ. તો જોઈએ જ. દાન મળી રહે–દાનથી સાધનો મળી રહે; પણ માણસોને ટકાવવામાં ખાસ તો હોસ્પિટલના એન્જીન સમાન ડૉકટરો અને આરોગ્યની બાબતમાં સ્વચ્છતાને સુંદરતામાં ફેરવનાર સફાઈ સેવકોને ટકાવવાનું સૌથી અઘરું–કપરું કાર્ય હતું તેમાં માહીર એવા અનિલભાઈ શરૂઆતથી જ એ કાર્યમાં લાગી પડયા તે અંત સુધી મથતા રહ્યા જેમાં બંકિમભાઈ હોય કે

પંકજભાઈ તેઓને તૈયાર કરી આજે તેઓ મહત્વના કાર્યકર તરીકે કામ કરી રહ્યા છે. તેમના માટે તો ૧૦૦ ટચનું આ સોનું જ હતું. સંસ્થાની દરેક પરિસ્થિતિમાં આ બંનેને સાથેને સાથે જ રાખ્યા એટલે તો નિશ્ચિંત બનીને સંસ્થાની ધુરા સંભાળવા પ્રોત્સાહિત કર્યા. તેઓ બાજુ પર ખસીને સવાયા દીકરાની કાર્યપધ્ધતિ, પ્રણાલી જોતાં રહ્યા. નિરખતા રહ્યા જરૂરી લાગ્યું ત્યાં પ્રેમપૂર્વક કાન પકડીને સાથે રાખી સમજાવ્યા અને કાબેલ બનાવ્યા. અમારા જેવા જ્યારે ઢીલા પડીએ ત્યારે સતત ટકોર કરી ઊભા કરતાં; બલ્કે ઊભા નહિ ચાલતા કરતાં – દોડતા કરતાં.

મને મારો પોતાનો પ્રસંગ યાદ છે જ્યારે મને વડોદરામાં IPCL & Petrofils માં નોકરી મળી. હું એમને કહેવા ગયો ત્યારે એક નજીકના લાગણીવશ કાર્યકરને ગુમાવવાનું એમનામાં ભારોભાર દુઃખ જોઈ શકાતુ હતું. મને પણ એમના પ્રત્યે ભારોભાર લાગણી–પ્રેમ–હુંફ–પિતાની ગરજ સારનાર મારા આદર્શ સમા એમને મારાથી નારાજ કેમ કરાય? આ પ્રસંગથી મે મારી કારકિર્દીની સારી તકને વડીલના પ્રેમ લાગણી– નિસ્વાર્થ સેવા ભાવનાને ખાતર જતી કરી. મારી શરૂઆતની નોકરીની કારકીર્દીમાં તેમની સાથે અંગ્રેજી સ્ટેનો–ટાઈપ, ગુજરાતી ટાઈપ, એકાઉન્ટન્ટ, કેશીયર, સ્ટોરકીપર અને ૨૮ વર્ષ સુધી હૉસ્પિટલની ધૂરા સંભાળી. બધામાં જ તેમની સાથે કામ કરવાનો અનુભવ અને એકબીજાને નજીકથી સમજી તેમની રીતે કાર્ય માટે તૈયાર કરવાની તેઓની સરસ કુનેહ હતી.

તેઓએ મને ચાર–પાંચ વાર કહ્યું કે તું મારો બાયોલોજીકલ પુત્ર નથી પણ મારો તેનાથી પણ વિશેષ દીકરો છે. આ શબ્દોને કારણે છેક છેલ્લી ઘડી સુધી તેમનો સાથ છોડયો નથી. બલ્કે, જે પણ કાર્ય સોંપેલ તે જે હોય તે ખરી નિષ્ઠા–પ્રામાણિકતાથી કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો ત્યારબાદ સેવા રૂરલની બહાર જવાનો ફરી વિચાર સુધ્ધા કર્યો નહિ. હૉસ્પિટલના કાર્ય માટે મેં મારા કાર્યકાળનો પોણા ભાગ આપ્યો તે કાર્ય માટે મારા સમોવડીયા બનાવવા માટે મારી ગેરહાજરીમાં એ જગ્યા સંભાળવા કાબેલ કરવા માટે તારે અન્યને તૈયાર કરવાનો છે. આ વાકય મારી નિવૃત્તિના ૩ વર્ષ બાકી હતા ત્યારે મને અનિલભાઈએ કહ્યુ ત્યારે જરાક ગમ્યુ નહિ (હૉસ્પિટલનું કામ છોડવાનો) પણ તેમના બોલને કારણે તે પણ છોડી દીધું. સંસ્થાનું હાર્દસમુ કાર્ય અને જેમાં તેઓ પોતે માહિર હતા તે કાર્ય હૉસ્પિટલ અને માનવ ઘડતરનું હૉસ્પિટલની દરેક આકરી ક્ષણોમાં અમો ખડેપગે સાથે જ રહ્યા પછી તે ઓફીસનું કાર્ય હોય કે હૉસ્પિટલનું. ઍકાઉન્ટનું હોય કે ગ્રાન્ટનું, હૉસ્પિટલના વહીવટી કામમાં પણ ૨૮ વર્ષ સાથે રહ્યા. ૨૫ પથારીથી લઈને આજે ૨૫૦ પથારીની હૉસ્પિટલ થઈ, બધે વહીવટી– સાધનો– ઍકાઉન્ટ–માણસો સતત સાથે રહ્યા.

તેમના જીવનનું સૌથી મોટું આશ્ચર્ય ( તેમની મોટાઈનું સૌથી સચોટ માપ) એ કહી શકાય કે તીવ્ર બુધ્ધિવાળા, સ્વતંત્ર મિજાજના અને પ્રખર વ્યકિતત્વવાળા બીજા અનેક કાર્યકરો તેમની સાથે જોડાયા – જોડાયા નહિ પણ ટકી ગયા, તેઓ જીવ્યા ત્યાં સુધી એમને પૂછીને જ ને એમના પડતાં બોલ ઝીલીને જ કામ કરતાં રહ્યા. આદર્શ સેવા કાર્યકર્તાનું એ લક્ષણ છે. ફકત રસ્તો બતાવે એ તો ભોમિયો કહેવાય પણ રસ્તો બતાવ્યા પછી પોતે આગળ ચાલે અને બીજાઓને પોતાની સાથે ખેંચી જાય એજ સાચો સામાજીક કાર્યકર્તા–સંસ્થાના વડા કહેવાય.

વડામાં દોરવાની–આકર્ષવાની–ખેંચી લાવવાની શકિત હોય છે. તેઓ તો ખરેખરા લોહચુંબક હતા. તેમનામાં માણસને પારખવાની કળા હતી. પંકજભાઈ/ બંકિમભાઈ જોડાયા. સાથે કાર્ય કરતા કરતાં અને એ સાચા ઝવેરાતને પારખી ગયા. મને ખ્યાલ છે તે મુજબ ૧૫–૨૦ મિનીટમાં વ્યકિતની– કાર્યકરની

ઓળખાણ– કસોટી–આત્મીયતા વિ. ત્વરિત જાણી જતાં. તેમની લાગણી – સમર્પણ અને આત્મપ્રદાન પ્રેરવાની અનિલભાઈનામાં અદ્‌ભૂત શકિત હતી. આવી શકિત વિરલ વ્યકિતઓમાં જ હોય છે. લોકોને "બાંધી લેવા" અનિલભાઈનો ખાસ કીમિયો હતો. પ્રેમનું બંધન હતું. એ લેખિત કરાર કરતાં વધુ અસરકારક હતું. અનિલભાઈ પાસે કોઈ આવે, એ એમના જ બની જતા.

શરૂઆતમાં સેવા રૂરલના ધ્યેયો–અભિગમ–સિધ્ધાંતોનો વિચાર મેં નહોતો કર્યો. તેમના જેવી ગરીબો માટેની તિવ્રતા મારામાં નહોતી. છતાંય અનિલભાઈએ એકવાર મને બધાની વચ્ચે કહ્યું હતું કે, 'માણસ સાચો છે, પોતાના જીવનનું સર્વસ્વ સેવા રૂરલને અર્પણ કરીને બેઠો છે અને પોતાનું કામ જાણે છે.' આટલું મારા માટે પૂરતું હતું. એમ કહીને મને જેવો હતો તેવો સ્વીકારેલ. અરે મારા સમાજ – પરિવાર–મિત્રોને લાગતું કે આ તો અંધ અનુયાયી છે. સેવા રૂરલનો આજીવન સભ્ય છે. તેથી હું શરમાતો કે અકળાતો નહોતો અને હસી કાઢતો. જયારથી અનિલભાઈની આગેવાની સ્વીકારી ત્યારથી તે રસ્તો બતાવે અને એમના કહ્યા પ્રમાણે કામ કરવામાં હું શ્રધ્ધા રાખતો હતો.

એક પ્રસંગ યાદ આવે છે જયારે તેઓની શારીરિક તકલીફો જેવી કે ૧૯૮૪માં આંતરડાનું કેન્સર બન્નેવ પગના ઘૂંટણ (Knee Replacement) Spinal Surgery– હાર્ટની તકલીફ તેમાં પાછો એક વધારો ડાયાલિસીસ રૂપે થયો ત્યારે સંસ્થાના સિનિયર કાર્યકર તરીકે મે જણાવ્યું, 'આપણે અહીયા જ ડાયાલીસીસ મશીન લઈ આવીએ' ત્યારે મીઠી ટકોર કરતાં કહ્યું 'કેમ દીકરા, મને આ દર્દ થયું ત્યારે તને યાદ આવ્યું ? આ વિસ્તારમાં ઘણા ગરીબ દર્દીઓ આ સેવા વગર પીડાતા હશે ત્યારે કેમ વિચાર ના આવ્યો ? મારા માટે આ સેવા ? મારાથી શરૂ તો નહી જ કરવા દઉ... મારા ગયા પછી વિચારજો.' તેઓ ભરૂચની સિવિલ હોસ્પિટલમાં નિયમિત દર અઠવાડિએ બે વાર ડાયાલિસીસ માટે જતા. આ એક તેમની ગરીબો પ્રત્યેની ઉત્તમ ભાવના હતી અને પોતાના કારણે કાંઈ ઊભુ થાય તે તેમને લગારે ગમતુ નહિ.

એમનો એ જીવનપાઠ એમની પાસેથી શીખતા– વાગોળતા રહીએ એ જ તો સાચી શ્રધ્ધાંજલી હશે.

અરે હા, તેમનામાં એક બીજો ગુણ પણ હતો.

સ્વમાનનો–આત્મ ગૌરવનો–ઈજ્જત–આબરૂ– ખાનદાનીનો–શ્રધ્ધા–આત્મવિશ્વાસ–અભયનો તેઓ અવશ્ય કહેતા 'માણસના દિલમાં અસ્મિતાનો ભાવ જાગે ત્યારે એ સાચો માણસ બને છે.'

તેમના જીવનના અંત સુધી ગરીબ અને નાના માણસો પ્રત્યેનો પ્રેમસભર લાગણી – ભાવના જળવાઈ રહી અને સતત માર્ગદર્શક રહ્યા હતા.

મૃત્યુની પણ તૈયારી કરતા હોય તેમ સાત વર્ષ અગાઉ હું – ગાયત્રીબહેન – અનિલભાઈ કામ સંદર્ભે બેઠા હતા ત્યારે અનિલભાઈએ તેમની અંતિમ ઈચ્છા કેવી રીતે મૃત્યુ આવે તે તેમના જ શબ્દોમાં જોઈએ." (૧) પ્રાર્થના કરતાં કરતાં મૃત્યુ થાય. (૨) કામ કરતાં કરતાં મૃત્યુ થાય. કામ કરતો હોઉં બહાર કોઈ રાહ જુએ. કોઈ મને જોયા જ કરે. મયંક આવે અને મને હલાવે અને હું ગુજરી ગયો હોઉં. (૩) રસ્તે ચાલતા ચાલતા મૃત્યુ થાય. (૪) રાત્રે કે દિવસે સૂઈ ગયો હોઉં અને ગુજરી જાઉં. અને મયંક છેલ્લી ઘડીએ મારી સાથે હોય અને ભજન ગાતા ગાતા મને લઈ જતા હોય." આ વાત કરતા કરતા તેઓ તેમનું મૃત્યુ જોઈ શકતા હોય તેમ લાગતું અને અંતે તેમના કહ્યા પ્રમાણેનું જ થયું. તેમના ઈષ્ટદેવનું નામસ્મરણ કરતા કરતા દેહાવસાન થયું.

**મયંક પંડયા**
**કાર્યકર, સેવા રૂરલ**

◈

## ૩૦. સેવા રૂરલ : મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ

મેટરનિટિ હોમનું જૂનું મકાન અને આસપાસ ઉગેલાં બાવળીયા, ઝાડી ઝાંખરા અને હૉસ્પિટલમાં કોઈ દર્દી નહી કે સાધનો–સગવડો ના જોઈને મેં મારી જાતને મનોમન પૂછયું કે, "અહીં હું ખોટી જગ્યાએ તો નથી આવી ગયો ને?" ખાતરી કરી કે, આ જ સેવા રૂરલ...

ત્યારથી આજદિન સુધીની મારી યાત્રા સેવા રૂરલમાં ચાલી હી છે. આ જ મારા જીવનનો "ટર્નિંગ પોઈન્ટ". મારા જીવનના રાહબર અને માર્ગદર્શક ડૉ. અનિલભાઈ રહ્યા તેને મારા જીવનની ધન્યતા ગણું છું.

વિવેકાનંદ અને ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયેલ આ એક નિષ્ઠાવાન યુવકોના ગૃપની વાત છે. આ પૈકી ડૉ. અનિલભાઈ વિશે મારે લખવું ઘણું અઘરું છે. સતત ચાર દાયકા સુધી તેમની સાથે કામ કર્યાનો મને વિશિષ્ટ લાભ મળ્યો તેને મારું અહોભાગ્ય ગણું છું.

ચાર દાયકાની યાત્રામાં અનિલભાઈ, લતાબહેન, દિલીપભાઈ દેસાઈ અને સાથી મિત્રોની ગરીબો અને વંચિતો પ્રત્યેની સંવેદનશીલતા વર્ણવી શકાય તેમ નથી. મારા જેવા અનેક ભાઈ–બહેનો માટે આ સેવા રૂરલ અને તેના સ્થાપક કાર્યકરો પ્રેરણારૂપ બન્યા છે.

શરૂઆતનાં વર્ષોમાં એક સામાન્ય લૅબોરેટરી ટેકનીશિયન તરીકે જોડાયેલ અને આજે મેનેજીંગ ટ્રસ્ટી સુધીની ઉંચાઈ સુધી પહોંચ્યો તેમાં ઈષ્ટકૃપા પછી અનિલભાઈ અને લતાબહેનનો સિંહ ફાળો રહ્યો છે. તેઓના વ્યકિતગત અને સંસ્થાકીય જીવનનાં ઘણાં બધાં પાસાંઓ અને પ્રસંગોનો ઉલ્લેખ કરી શકાય પરંતું, જગ્યાની મર્યાદાને લઈને મને સ્પર્શેલા કેટલાક પાસાંઓ જણાવું જેવા કે...

પાષાણમાંથી મૂર્તિ બનાવનાર, ભૂલોમાંથી શીખવનાર, હું આ વિષય અંગે જાણતો નથી એવું કહેવામાં નાનમ નહી, બીજા જાણકાર નિષ્ણાતોની સલાહ લેવામાં હંમેશા તત્પર, પોતે કડવા ઘુંટડા પી ને પણ બધાને એક સાથે રાખનાર, સામેના કાર્યકરની મર્યાદાઓ જાણવા છતાં પણ વિશ્વાસ મૂકનારા સેવા રૂરલના ધ્યેયનું હંમેશા જતન અને દ્રઢિકરણ કરનારા અને કરાવનારા આવા અનેક પાસાંઓ છે.

સેવા રૂરલના મૂલ્યોનું જતન અને ઉચ્ચ પ્રણાલિકાઓ સ્થાપીને સંસ્થાની આગવી ઓળખ ઊભી કરવામાં જાતેપણતપ્યાપરિણામે એમનામાં રહેલા સ્પષ્ટવકતા અને નિર્ભય અને સત્યના આગ્રહી વ્યકિતત્વનો પરિચય મને અને સમાજને થયો.

ખાસ તો અનિલભાઈ–લતાબહેને શરૂઆતથી જ બીજી હરોળના કાર્યકરોને તૈયાર કરીને તેઓની દીર્ઘદ્રષ્ટિનો પરિચય સૌને કરાવ્યો છે. એટલું જ નહી પરંતુ મારી અને ડૉ. પંકજભાઈ શાહની સ્ટાફમાં ટ્રસ્ટી મંડળમાં અને બહારના જગતમાં ઓળખ ઊભી કરવામાં **પોતે બન્ને ઘણા નાના બની ગયા**. સંસ્થાઓમાં કાર્યકરો કેન્દ્રસ્થાને છે અને તેનું મહત્વ મારા જેવા અનેક કાર્યકરોને તૈયાર કર્યા ત્યારે સમજાયું.

આવા અનિલભાઈએ સેવા રૂરલના સંચાલનમાંથી શરૂઆતનાં ૧૨ વર્ષ પછી જ મેનેજીંગ ટ્રસ્ટી અને પછી ટ્રસ્ટી તરીકે સ્વેચ્છાએ ખસી જઈ બીજી હરોળના કાર્યકરો માટે મોકળાશ કરી આપીને એક તંદુરસ્ત પ્રણાલિકા ઊભી કરી છે.

આદર્શ માતા–પિતા તરીકે બંને બાળકોનો ઉછેર અને અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ બાદ ભારત પરત આવી માતૃભૂમિનું ઋણ અદા કરવાના મહાન સંસ્કાર આપ્યા છે.

અનિલભાઈ–લતાબહેનની આધ્યાત્મિક જીવનયાત્રાના પરિણામે તેઓ હંમેશા કહેતા કે 'અમારામાં આંતરિક પરિવર્તનો' થયાં કર્યા છે. તેનો સ્વાદ અમારા જેવા અનેક કાર્યકરો અને મિત્રોને પણ ચખાડયો છે. અમે બધાં સાથે રહીને કામ કરી શકીએ છીએ તેમાં આ આધ્યાત્મિકતા ભાગ ભજવતી હોય તો નવાઈ નહી!

છેલ્લાં થોડાં વર્ષો મને અનિલભાઈ સાથે નિકટ રહેવાનું સદ્ભાગ્ય સાંપડયું. જેમાં તેઓને અનેક પ્રકારની શારિરીક મુશ્કેલીઓ વચ્ચે પણ હંમેશા પ્રફુલ્લિત રહેતા મેં જોયા છે. અંતિમ દિવસોમાં પ્રભુ પાસે જવાની તેમની વ્યાકુળતા નજર સામેથી હટતી નથી. અંતે અંતિમ ક્ષણોમાં પણ ઠાકુરનું નામ સ્મરણ કરતાં કરતાં પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા.

આવા કર્મયોગી સાધુને મારા શત્ શત્ વંદન ...

**બંકિમ શેઠ**
**મેનેજીંગ ટ્રસ્ટી**
**સેવા રૂરલ**

◈

## ૩૧. અમારા પ્રેરણાસ્ત્રોત : ડો. અનિલભાઈ દેસાઈ

તેઓ કહેતા આપણી આસપાસ કોઈ આપણા દુગુર્ણો જુએ તો ઉદાસ / નિરાશ થવાની જરૂર નથી. જેઓ આપણા દોષો જુએ છે તે નજીક હોય તો સારુ. આપણા દુગુર્ણો ધોવાય છે, આપણા કામમાં સુધારો થાય છે. જે મેં મારા જીવનમાં ઉતાર્યુ છે અને મારા સ્ટાફ સાથે પણ શેરિંગ કર્યુ. જયારે કોઈ પરિસ્થિતિનો સામનો કરવાનો હોય ત્યારે ઉપરનું વાકય વારંવાર યાદ કરીએ છીએ. (સૌ સ્ટાફ) " પ્રેમ, આદર, વિશ્વાસ" રાખો એવું વારંવાર કહેતા હતા. મારી સાથે કામ કરતા સાથી કાર્યકરો, સહયોગી બહેનોમાં મે આ ગુણો વિકસાવવા પ્રયત્ન કર્યો છે.

એક દિવસ સાંજે હું અને સહયોગી બહેનો કેમ્પસમાંથી જઈ રહ્યા હતા. સામે અનિલભાઈ મળ્યા અને હસતા – હસતા કહેવા લાગ્યા 'પરવિન્દા સાડા પાંચ કલાકે તારી મીલ તો બંધ થઈ ગઈ'. અમે સૌ હસી પડયાં. આજે પણ તેમના શબ્દો યાદ કરીએ છીએ. (જયારે સમયસર જઈએ ત્યારે) થોડી બહેનો વધુ સમય આપતા થયા છે. બધાના સહયોગથી અમારા ગારમેન્ટ વિભાગની કામગીરી દિન–પ્રતિદિન વિકસી રહી છે.

ભાઈઓને વારંવાર કહેતા બહેનોને માન, આદર, સન્માન આપો. તોછડું બોલીને બહેનોને નીચી ના પાડો. બહેનોમાં ઘણું બધું સારું પણ પડેલું છે. જેથી સ્ટાફના ઘણા ભાઈઓ સ્ટાફની બહેનોને અને પોતાના ઘરમાં બહેનોને માન, આદર આપે છે. મે નજરે જોયુ છે.

**પ્રાર્થના :** વારંવાર થતી મિટિંગો / વર્કશોપમાં કહેતાં રોજ બે મિનિટ તો પ્રાર્થના કરો. પોતાના માહયલા સાથે વાતો કરવી, જેના પરિણામે આપણા જીવનમાં આવેલ વિપરીત સંજોગોમાં શાંતિ મળે છે. ધીરજ હોય તો આપણે ટકી શકીએ. ધીરજ રાખવાનું કારણ – આપણે આપણી જાત સાથે વાત કરીએ છીએ.

મારા વ્યકિતગત જીવનમાં પણ ઘણી મુશ્કેલીઓ આવી જેને સહન કરી અને ઘણી ધીરજ રાખવી પડી હતી. તેથી જ તે મુશ્કેલીઓ પણ પૂલ નીચે વહેતા પાણીની જેમ વહી ગઈ. આવે છે ને જાય છે.

ડૉ. લતાબહેન અને ડૉ. અનિલભાઈ અમને કહેતા કે જીવનમાં ઉતાર–ચઢાવ આવવા જ જોઈએ. આ મુશ્કેલીઓ જ આપણને ઘણુ બધુ શીખવીને જાય છે.

અનિયમિત થતી પ્રાર્થના નિયમિત કરવા પ્રયત્ન કરીશ.

- ૧૯૯૮ થી કામ કરું છું.
- ૨૦૦૫થી ગારમેન્ટ ઓર્ગેનાઈઝર તરીકે કામ સંભાળુ છું.

**પરવિન્દાબેન જયેશભાઈ પટેલ**
**કાર્યકર શા. મ. વિ. સો.**

◈

## ૩૨. વિરલ

સૌ દોડે છે પૈસા પાછળ,
આ વિરલ દોડે છે ગરીબો પાછળ.
સૌ દોડે છે પ્રસિદ્ધિ પાછળ,
આ વિરલ દોડે છે સર્વાંગી વિકાસ પાછળ.
થોડુ કરીને સૌ દોડે બોલવા માટે,
આ વિરલ ઘણુ કરીને દોડે છે મંદિરમાં મૌન માટે.
સૌ કકડે થોડી અમસ્તી તકલીફોથી,
આ વિરલે તો કર્યો સામનો અનેક ઝંઝાવાતોથી.
સૌ ક્કડે થોડી અમસ્તી તકલીફોથી,
આ વિરલે તો કર્યો સામનો અનેક ઝંઝાવાતોથી.
સૌ કહે જે મારુ તે મને અતિ પ્યારુ,
આ વિરલ કહે, જે મારી સાથે આવવાનું તેને કહુ પ્યારું.
પ્રસંગે સૌ પ્રશ્ન કરે ગીતા સારનું,
"કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન".
પણ આ વિરલે તો જીવી જાણ્યુ ગીતા સારને.
સૌ રાખે બહેનોને વંચીત અનેક બાબતોથી,
આ વિરલે બહેનોને વાકેફ કરી અનેક બાબતોથી
પછી ગર્જના કરી, "લગાડ તારી શકિત સમાજકાર્યમાં",
બહેનોના વિકાસ અર્થે પોતે રહ્યાં પડદામાં.
પણ જયારે જરૂર પડી ઢાલ બની ઊભા રહયા,
સ્વામીજી અને ગાંધીજીના સંદેશને જાણે જીવી ગયા.
આ વિરલ છે પાગલોના ઝુંડનો એક સભ્ય,
સાચુ કહું તો આવા પાગલો જ કરે ક્રાંતિકારી કર્મ,
શું છે મારા અને તમારામાં આવા પાગલપણાનું ઝનૂન ?
નથી લાગતું શ્રી ઠાકુરમાંથી લીધો એમણે સંદેશ ?
આજે સમય છે શ્રદ્ધાંજલિ અર્પવાનો આ વિરલને
તેઓના જીવનનું તસુભાર પણ આવે મમ જીવનમાં
તો છે સાચી શ્રદ્ધાંજલિ આ ક્રાંતિકારી વિરલને.

**નેહા પરીખ અને પરિવાર**
**ભૂ. પૂ. કાર્યકર સેવા રૂરલ**

◈

## ૩૩. અમારા નર્સબહેનોના પિતા સમાન અનિલભાઈ

ડૉ. અનિલભાઈ એ મારા માટે પિતાજી તરીકે હતા. અમને એમની પોતાની દીકરીઓ તરીકે માનતા હતા. એમની પાસેથી ઘણું બધું શીખવાનું મળ્યું છે. શરૂઆતનાં વર્ષોમાં તો સાહેબની બહુ બીક લાગતી હતી. એમને જોઈને સંતાઈ જતી હતી. પણ ધીરે ધીરે એમની સાથે વધારે મળવાનું થતું અને રસ્તામાં મળે તો તરત જ ઊભા રહે અને પૂછે કે, "ઘરે કેવું ? બધું બરાબર તો છે ને?" મને એવું લાગતું કે જાણે કુટુંબના એક સભ્ય છે આવું તો અમારા સગાં પણ પૂછતાં નથી. સેવા રૂરલમાં ઘણી સારી ટ્રેનિંગ મળી છે બધી જ રીતે.

જયારે મને આસિસ્ટન્ટ મેટ્રન બનાવવાનું કહેતા હતા તો મે ના પાડી હતી. મને ઘણી બીક લાગતી હતી. કે આટલી મોટી હૉસ્પિટલની જવાબદારી – ઘણા બધા લોકો સાથે કામ કરવાનું અને બીજું કે મે અહીયા ટ્રેનિંગ લીધી હતી અને સ્ટાફ સાથે કામ કરતી હતી અને મનમાં મને એવું લાગતું કે આ સ્ટાફ મારું કહેલું કરશે કે નહિ, તે અંગે મને બહુ બીક લાગતી હતી. પણ ડૉ. અનિલભાઈએ મને બે–ત્રણ વાર બોલાવીને ઘણું સમજાવ્યું કે "અમે બધા તારી સાથે જ છીએ. મયંકભાઈ, મહાવીરભાઈ અને હું તારી સાથે જ છીએ. કંઈ પણ હોય તો તુરંત અમને મળજે, વાત કરજે, ગભરાવાની જરૂર નથી. તું કરી શકશે." ત્યાર બાદ મારામાં હિંમત આવી અને એવું કહેતાં કે 'તું તારી નાની દીકરીને પૂછજે. એ ઘણી હોશિયાર છે એ એકવાર ડૉ. અનિલભાઈને મળી હતી એમની સાથે વાત થઈ હતી એટલે ડૉ. અનિલભાઈ એને સારી રીતે જાણતા હતા એ તને શું કહે છે તે તું મને બીજા દિવસે આવીને મળજે.' મેં બીજા દિવસે દીકરીને પૂછયું તો એનો જવાબ હતો કે 'મમ્મી પ્રમોશન મળ્યું હોય તો સારું જ છે ને. તને મળશે તો તું શું કામ ના પાડે છે?' ત્યારબાદ મેં હા પાડી હતી. એમના સહકારથી જ હું અહીયા સુધી પહોંચી છું. હમેશાં કહેતા કે મતભેદ કરવો, પણ મન ભેદ ન કરવો.

બાળકો વિશે પણ વારંવાર પૂછતા રહેતા હતા. 'ભણાવવામાં તકલીફ હોય તો વાત કરજે. પૈસાની મદદ જોઈતી હોય તો કહેજે'. પૈસા માટે છોકરાઓનું ભણતર બગડે નહી એનું ઘ્યાન રાખવા કહેતા. વિજીટીકેમાં વર્કશૉપ હતો ત્યારે સાહેબ કહેતા હતા કે કોઈપણ કામ કરવું હોય તો એને ૨૧ દિવસ સુધી ચાલુ રાખવું. ૨૧ દિવસ સુધી તકલીફ પડશે, પણ ૨૧દિવસમાં આવડી જશે. આપણી હૉસ્પિટલમાં થતી રોજની પ્રાર્થનામાં જવાનું નકકી કર્યુઃ તો અત્યારે મને સતત ટેવ પડી ગઈ. હું જે દિવસે પ્રાર્થનામાં નહી જાઉં એ દિવસે કંઈક જુદું લાગે છે એટલે હું દરરોજ પ્રાર્થનામાં જાઉં છું. હું સવારે દરરોજ ૬ વાગ્યે ચાલવા જાઉં છું.

બીજું કે જયારે હાઉસિંગમાં સ્ટાફના ઘર બનાવવાનાં હતાં ત્યારે પણ મને કીધું હતું કે હાઉસિંગમાં ઘર લઈ લે. પણ ત્યારે ઘરની પરિસ્થિતિને લીધે લીધું નહી. પણ મારું ઘર બનાવવામાં પણ મયંકભાઈ અને અનિલભાઈનો સારો સહકાર, હુંફ મળ્યા. ડૉ.અનિલભાઈએ મને એમના ઘરે બોલાવીને કહ્યું હતું કે, 'તું ઘર બનાવી રહી છે તેનો મને ઘણો આનંદ છે, તારું પોતાનું ઘર થશે'. લલિતભાઈને પણ બોલાવીને વાત કરી કે મંજુને કાંઈ પણ જરૂર હોય તો તું મદદ કરજે...રેતી, કપચી મટીરિયલ લાવવામાં અને પૈસાની મદદ જોઈતી હોય તો તે પણ વાત કરજે. જયારે મારા ઘરનું વાસ્તુ હતું ત્યારે તબિયત સારી ન હતી તો પણ ડૉ. લતાબહેન સાથે આવ્યા અને મારું ઘર જોઈને ઘણા ખુશ હતા. મને ઘણો આનંદ થયો હતો કે આટલા મોટા ડૉકટર મારા ઘરે

આવ્યા. ડૉ. અનિલભાઈનો સ્વભાવ ઘણો સારો હતો. બધા સ્ટાફને એકસરખાં માનતા હતા. ભેદભાવ કરતા ન હતા. હમણા પણ ડૉ. અનિલભાઈ નથી તો પણ એવું લાગે છે કે વિવેક નિવાસમાં છે એવો જ ભાસ થાય છે. ઘણું દુઃખ લાગે છે.... ખરેખર અનિલભાઈ મારા માટે ભગવાન જેવા હતા.

**મંજુલાબહેન વસાવા**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૩૪. અમારા બુઝુર્ગ

ડૉ. અનિલભાઈ' નામ લખતાં કે સાંભળતાની સાથે જ એક વડીલ (બુઝુર્ગ) નો ચહેરો મારી સામે આવી જાય છે. હું જયારે સેવા રૂરલમાં જોડાઈ ત્યારે મારા કામ બાબતે બે – ત્રણ વાર એમનાં ઠપકા સાંભળવા પડયા હતાં. પહેલા તો મને એમ લાગ્યું કે તેઓ ખૂબ ગુસ્સાવાળા છે. પણ જેમ જેમ એમની સાથે કામ સંદર્ભે સંપર્કમાં આવી ત્યારે મને, ઠપકાઓનો જવાબ મળતો ગયો.

તેઓ જયારે પણ મારી સાથે કામ કરાવવા આવતા ત્યારે હું એમને કહેતી કે, 'તમારે મને બોલાવી લેવાની' પણ તેઓ એમનું કામ જાતે આવીને જ આપી જતા. એટલે પોતાનું કામ જાતે જ કરવાની ટેવ મારામાં પડી. મને એમની સાથે કામ કરવાની ખૂબ જ મઝા આવતી હતી.

'આધ્યાત્મિકતા' માં હું આજે જયાં છું તે કદાચ એમની બદોલત જ છું કારણ કે ઘરમાં તો એ સંસ્કાર મળી રહે પણ તમે જયાં કામ કરતાં હો તે જગ્યા પર તમને તમારા ધાર્મિક રસ્તા પર ચાલવાનો જે મોકો મળે તે મને 'અનિલ દાદા' તરફથી જ મળ્યો છે. જયારે પણ અમારી વાત થતી તેઓ મને 'નમાઝ' અંગે પૂછતા કે "કેટલા સમયની નમાઝ પઢે છે?"

એમને જોઈને હમેશાં "ગમે તેવી પરિસ્થિતિમાં હસતાં રહેવાની" પ્રેરણા મળી છે.

બસ ભગવાન કે અલ્લાહ જે પણ હોય એમની રૂહને હમેશાં શાંતિ મળે. ઉપરવાળાને પ્રાર્થના કે તેઓ અનિલદાદાના સપનાંને સાકાર કરવાની આપણને બધાને શકિત અને બળ આપે. આમીન...

**નફીસા શેખ**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૩૫. પૂ. અનિલભાઈની પ્રેરણાથી આવેલ મારા જીવનમાં ફેરફાર

સેવા રૂરલમાં ઈન્ટરવ્યુનો દિવસ હતો. મારો ઈન્ટરવ્યુ પૂ. અનિલભાઈ, પૂજય લતાબહેને લીધેલો. ઈન્ટરવ્યુમાં નૈતિક મુલ્યો તપાસતા પ્રશ્નો પૂછયા હતા. તેની અસર આજ સુધી મનમાં છે. વ્યાવસાયિક કારકિર્દીમાં તેમના દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યુ મારા માટે ગૌરવની વાત છે, કેમ કે એ વાતને યાદ કરતા નૈતિક મૂલ્યો ટકાવી રાખવાનુ બળ મળે છે. જયારે કોઈ નિરાશાના વિચારો મનને ઘેરી વળ્યા હોય તેવા સમયે પૂ. અનિલભાઈ અને લતાબહેનની બાજુમાંથી પસાર થઈએ તો પણ એક અનોખી પવિત્રતાનો અહેસાસ અનુભવ્યો છે. આ વાતમાં મને કોઈ અતિશયોકિત નથી લાગતી. જયારે અનિલભાઈ દેવલોક પામ્યાના સમાચાર મે મારા પ્રોફેસર દામિનીબેનને આપ્યા ત્યારે તેમણે પણ આ જ કહ્યું કે સેવા રૂરલમાં પૂ. અનિલભાઈ અને લતાબહેનની સાથે હોઈએ ત્યારે પવિત્રતાનો અહેસાસ થાય છે.

મેં પ્રથમવાર ટુવ્હીલર લીધું અને ચલાવ્યું ત્યારે મને જોઈ પૂ.અનિલભાઈ અને લતાબહેન કહે, 'ખૂબ સરસ.' તેમનાં આમ કહેવાથી પોતાના પૈસાથી પોતાના માટે વ્હિકલ ખરીદવાની ખૂશી બમણી થઈ ગઈ.

પૂ. અનિલભાઈ અને લતાબહેન બન્ને મારા ક્વાર્ટરમાં અને મારા વતનના ઘરે આવી ગયા છે. જમ્યાં પણ છે. અહી એટલાં માટે એ વાત કહેવાનુ મન થાય કે મારા મમ્મી–પપ્પા હંમેશા મને કહે કે ૨૦૦ થી ૨૫૦ પરિવારોને જે સંસ્થા નિભાવે છે તેમના સંસ્થાપકોએ તો પૂણ્યનું પોટલું જ બાંધેલું છે. તેઓ હંમેશા કહે છે તારે એકલા રહેવાનું છે ત્યારે સેવા રૂરલ સંસ્થા જ તારા માટે યોગ્ય છે. આમ જયાં કામ કરવામાં પરિવારના સભ્યો પણ ખૂશ હોય ત્યાં કામ કરવાનુ સૌભાગ્ય આપનાર પૂ. અનિલભાઈ અને લતાબહેનને પ્રણામ.

મારા માતા–પિતા શિક્ષક છે. પ્રમાણિકતા, નૈતિકતા, સાચું બોલવું નાનપણથી જ શીખવ્યું. આ જ મૂલ્યોને બહારની દુનિયાના વિચિત્ર વાતાવરણમાં ટકાવી રાખવું મુશ્કેલ છે ત્યારે ખૂબ સહજતાથી મૂલ્યોને કામમાં પરોવવાની અનોખી અદા મને પૂ. અનિલભાઈ અને લતાબહેને તથા ટીમે બનાવેલ વાતાવરણમાંથી મળે છે. બહુ સૂઝ નથી પડતી પણ સેવા રૂરલના વાતાવરણમાં રહી કંઈ ખરાબ તો મારાથી નહીં જ થાય તેની ખાત્રી મળે છે. કેમ કે થોડો સમય સંસ્થાની બહાર બીજી સંસ્થાઓમાં પણ કામ કર્યુ, જયાં નાની નાની બાબતોમાં પણ નૈતિક મૂલ્યો જળવાતાં નથી. એ અહેસાસે જ બીજે કામ કરવુ મુશ્કેલ બન્યું. મન અનાયાસ સેવા રૂરલ અને બીજી સંસ્થા સાથે સરખામણી કરી લેતું અને તેમાં સેવા રૂરલનું પલડું ભારે અનુભવાતું. પૂ.અનિલભાઈ હંમેશા ઍકાઉન્ટની ઉચાપત અને ચારિત્ર્ય બાબતે ન ચલાવી લેવાના સાચા દાખલા આપતા રહેતા. તેનાથી નૈતિકતા વધુ મજબુત બની છે.

પ્રાર્થના કરવાની રીત બદલાઈ છે. પહેલા ભગવાન મારી પાસે આ નથી તે મને આપજે એવું કહેતી પણ પૂ. અનિલભાઈના વર્કશૉપમાં આધ્યાત્મિકતા વિશેની સમજે પ્રાર્થના બીજાઓ માટે કરવાની પ્રેરણા મળતી રહી છે. દુઃખમાં બીજા આગળ વાતો કરવાને બદલે ભગવાન આગળ રડી લેવાથી મન હળવું કરવાની ટેવ પડી છે.

કયારેક મિત્રોની ભૌતિક પ્રગતિ જોઈ લાગે કે આપણે 'કુવામાંના દેડકા' તો નહી બની જઈએ ને ? પણ તે બાબતનું ચિંતન મનન કરવુ તે પણ અહીના નિર્માણ થયેલા વાતાવરણમાંથી જ મળે છે.

મારા જીવનને ઉદેશપૂર્ણ બનાવવા માટે પૂ. અનિલભાઈ, લતાબહેન તથા સેવા રૂરલના બધા જ સિનિયર વ્યકિતઓને મારા પ્રણામ.

**ગાયત્રી કે. પટેલ**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૩૬. સ્વવિકાસ માટે હંમેશા પ્રોત્સાહન આપનારા

પરમ પૂજય આદરણીય શ્રી અનિલભાઈએ એક મીશનથી સેવા રૂરલ શરૂ કરેલ છે જેમાં ગરીબ લોકોનું કામ, મૂલ્ય આધારિત કામ અને સંસ્થા માટે ખૂબ જ અગત્યનું તે કાર્યકરોનો સ્વવિકાસ.

હું જયારે સેવા રૂરલમાં જોડાયો ત્યારે એક મલ્ટીપરપઝ વર્કર (MPHW) તરીકે જોડાયો હતો. બે–ત્રણ વર્ષ આ કામ કર્યા બાદ અન્ય વિભાગમાં જરૂરિયાત ઊભી થતાં અનિલભાઈ અને લતાબહેને

મને વાત કરી કે આંખ વિભાગમાં કેમ્પ ઓર્ગેનાઈઝર તરીકેની જવાબદારી નિભાવવાની છે. શરૂઆતમાં તો મેં ના પાડી કેમ કે લોકોને મળવા જવાનું, કેમ્પનું આયોજન કરવાનું વિગેરે વિગેરે... ત્યારે મને અનિલભાઈએ કહ્યું કે, 'તું આ કામ કરી શકીશ અને તારામાં કામ કરવાની શકિત છે. હું તારી સાથે જ છું.' પછી મેં તેમના પ્રોત્સાહનથી કામગીરી કરી અને માર્ગદર્શન પણ મળ્યું. પછી આઈ કેમ્પ ઓર્ગેનાઈઝરની તાલીમ પણ મદુરાઈ જઈને લીધી. ખૂબ સરસ રીતે કામગીરી ગોઠવાઈ ગઈ. ૨૫ વર્ષ સુધી કેમ્પની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી. પછી બન્યું એવું કે હોસ્પિટલ ઍડમિનિસ્ટ્રેટરની જવાબદારીની વાત આવી. આ એક મોટી જવાબદારી હતી. આ જવાબદારી મેં સ્વીકારી એના એક વર્ષ પહેલા અનિલભાઈએ મને વાત કરેલી કે, 'હવે તારે હૉસ્પિટલની એક વિશેષ જવાબદારી નિભાવવાની છે. તું વિચારજે' પરંતુ મારી હિંમત ચાલતી ન હતી માટે મે અનિલભાઈને ના પાડી. પછી નિરાંતે અનિલભાઈએ મને બોલાવ્યો અને કહ્યું કે, 'હૉસ્પિટલ ઍડમિનિસ્ટ્રેટર તરીકે જવાબદારી તું વહન કરી શકે તેમ છે. મયંકભાઈ સાથે તારી તાલીમ ગોઠવીશું.' ૬ મહિના મયંકભાઈએ મને ખૂબ સારી તાલીમ આપી અને અત્યારે હૉસ્પિટલની વિશેષ જવાબદારી છેલ્લા બે વર્ષથી નિભાવી રહ્યો છું.

કહેવાનો મતલબ એવો છે કે અનિલભાઈ દરેક કાર્યમાં કાર્યકરને પ્રોત્સાહિત કરતા અને ભૂલ થાય તો તે પહેલા અમારી ભૂલ છે એમ કહેતા અને એટલો પ્રેમ પણ કરતા. ઘરની તમામ બાબતો વિશે પૂછતાંઃ 'છોકરો શું કરે છે?, કયાં અભ્યાસ કરે છે?, કોઈ તકલીફ હોય તો જણાવજે' વિગેરે પૂછતા. એક દિવસે મને અને મારા પત્નિ સીમાને બોલાવ્યા અને કહ્યું, 'સીમાએ દીકરાને ખૂબ સારી રીતે ભણાવ્યો, પાર્ટટાઈમ જોબ કરીને.' અત્યારે અમારો દીકરો MBBSના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. જયારે એડમીશન મળ્યું ત્યારે મારા ઘરે મળવા આવ્યા અને અમને કહ્યું કે, 'આજે તારા દિકરાને MBBSમાં એડમિશન મળેલ છે જેનો સૌથી વિશેષ આનંદ મને અને લતાબહેનને થયો છે'.

એમણે સદાય એક વડીલ તરીકેની, એક બાપ તરીકેની જવાબદારી નિભાવી છે.

**દિલીપ બી. પટેલ**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૩૭. અનિલભાઈની વાત

ઈશ્વરકૃપાથી આ મનુષ્ય જન્મ તો મળી જાય છે, પણ તે કેટલો દુર્લભ છે કે તેનો ઉદ્દેશ શું છે, અને તેની મહત્તા શું છે એની સાચી સમજણ. કદાચ, આખું જીવન પસાર થઈ જાય તો પણ ન આવે એવું બને. પણ જો માતા–પિતાના આશીર્વાદ, સાધુ – સંતોનો સત્સંગ અને ગુરુની કૃપા મળી જાય તો આ સમજ વહેલી આવે અને પરિપકવ પણ થાય.

અમે નસીબદાર હતાં કે અમારી પ્રથમ મુલાકાત અનિલભાઈ અને લતાબહેન સાથે અમારી યુવાનીમાં જ થઈ ગઈ કે જયારે અમે જીવનના Formative Stage માં હતા. પછી તો આ મુલાકાત મુલાકાતોમાં, ચર્ચામાં, સત્સંગમાં, વિશ્વાસમાં અને તેની ગાઢ સમજણમાં, પરિવર્તનમાં અને આશીર્વાદમાં પલટાતી ગઈ. જીવનનાં ૩૫ વર્ષ એવાં પસાર થયાં કે જયારે અમને કાંઈ બદલાવ લાગવા માંડયો અને જયાં હતા ત્યાંથી થોડાક આગળ વધતા હોઈએ એવો અનુભવ

થવા લાગ્યો. સાથે સાથે એ પણ દ્રઢ થયું કે જે દિશામાં જઈએ છીએ તે જ સાચી અને સદ્‌ગામી છે.

મને એ વાત હજી પણ યાદ છે કે જયારે અનિલભાઈ એ કહ્યું કે જીવનમાં એવો અભિગમ રાખજો કે "જે કાંઈ કરીએ તે છેવાડાના માણસ માટે અને આપણા અંતિમ લક્ષ્યના વિચારને અનુરૂપ હોય" એ પણ વાત થઈ કે "દરેકની વાત સાચી જ માનવી અને દરેક સમયે તેને Judge અને Analyse કરવામાં શકિત નહી બગાડવી".

અમારા રોજીંદા કાર્યની સાથે અમારો આધ્યાત્મિક વિકાસ થાય તેમાં એમને એટલો બધો રસ અને તેને માટે ખૂબ જ સંવેદનશીલ, કાર્યશીલ રહે અને એટલા જ પ્રેમ સાથે અમારાં બન્નેનું સતત અવલોકન કરે અને આગળ માર્ગદર્શન આપે.

અમે તો ધન્ય થઈ ગયા કે અમને ગુરુ મળી ગયા. એવા અનુભવો થવા લાગ્યા જયાં તેમનો મનઃસ્પર્શ અને ભાવનાત્મક સ્પર્શ સતત અમારી સાથે જ હોય. અમે તો રંગાઈ ગયા રંગમાં અને પડયાં તેમના પ્રેમમાં. જયારે પણ helplessness કે નિરાશા જન્મે ત્યારે તે અમારી સાથે જ હાલતા ચાલતા અને સહજતાથી બધુ જ કરતા દેખાય. ઉપનિષદ અને ગીતાનું અનુસરણ એમનાં દૈનિક કાર્યમાં દેખાય. દરેક કાર્યમાં કાર્યની છણાવટ, તેનો હેતુ, તેના દરેક પગથિયામાં ધ્યેયનું ધ્યાન, દરેક પગથિયાનું મહત્વ અને તેની આંતરિક સમજ આ બધાની સાથો સાથ જીવનના અંતિમ ધ્યેયનું લક્ષ્ય...!

આ ચર્ચા કરતાં કરતાં પણ તેઓ સાથે હોય તેમ લાગે. તેમના આવા સાંનિધ્યથી કાર્ય સરળ થઈ જાય અને ઉત્સાહમાં ઉમેરો થાય. છતાં જે ન પામી શકાય એમાં માત્ર કર્મનો સિધ્ધાંત જ દેખાય.

અમે હંમેશા વિચારતાં રહીએ છીએ કે આ કેવું ઋણાનું બંધ!

આ કાર્યમાં આપણે શું જોઈ શકીએ છીએ અને શું અનુભવી શકીએ છીએ એનો વિચાર કરીએ તો એમના શબ્દો યાદ આવે,

**"We are living in vicinity of God"**

અને

**"We are in the vicinity of God"**

**કલ્પના–ગિરીશ શાહ**
**કાર્યકર, સેવા રૂરલ**

◈

## ૩૮. સ્થાનિક સમુદાય માટે આશીર્વાદ સમાન

સેવા રૂરલ જયારે શરૂ થયુ ત્યારે ગામમાં લોકો કહેતા કે બહાર પરદેશથી તજજ્ઞ ડૉકટર દવાખાનામાં આવ્યા છે, સારી સારવાર કરે છે. કસ્તુરબા હૉસ્પિટલનું ધીમે ધીમે વિસ્તરણ થતું ગયું. કસ્તુરબા હૉસ્પિટલ ૨૫ પથારીની હતી અને તેમાં પણ દર્દીઓ ખૂબ જ ઓછા આવતા હતા, તેથી તે બંધ થવાની તૈયારીમાં હતી. ડૉ. અનિલભાઈ અને તેમની ટીમ અને બીજા કાર્યકરોની મહેનતથી સેવા રૂરલ બનીને વિકાસ પામતી ગઈ. પ્રસુતિગૃહ અને તાવ અને નાના રોગોની દવા આપવાના કાર્યથી શરૂ થઈ પછી આંખ હૉસ્પિટલ, સી. એચ. પી. વિભાગ, ટ્રેનિંગ સેન્ટર શરૂ કરી, ગામડાઓમાં નાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કર્યા, આંગણવાડી કેન્દ્રો શરૂ કર્યા, દાઈ બહેનો તાલીમ આપવાનું કામ શરૂ કરાવ્યું, જંગલમાં વૃક્ષારોપણનું કાર્ય કર્યુ. ગામડાનાં ગરીબ બાળકો માટે એમણે વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર શરૂ કરાવ્યું, ગ્રામોદ્યોગમાં તેલઘાણીનો પ્રોજેકટની

શરૂઆત કરી. આવા તો ઘણાં બધાં કાર્યો એમના હસ્તે શરૂ થયાં.

ડૉ. અનિલભાઈ, લતાબહેન અને અન્ય ટ્રસ્ટીઓના પ્રયત્નથી સેવા રૂરલ સંસ્થાની શરૂઆત થવાથી અમારા ગામના લોકોને અને અમારા વિસ્તારના લોકોને સારામાં સારી સેવા મળી રહી છે. ઉપરાંત અહીયા સ્થાનિક લોકોને અને બહારના લોકોને રોજગારી મળવાથી તેમનું ગુજરાન ચાલી રહ્યું છે. સેવા રૂરલના ગારમેન્ટ પ્રોજેકટમાં બહેનો કપડાં સીવીને રોજગારી મેળવી રહ્યાં છે. આ ઉપરાંત તેઓ બાળકોની પણ ચિંતા રાખતાં હોવાથી તેમણે ટ્યુટોરિયલ કલાસ પણ શરૂ કરાવીને આજે ગરીબ અને નિઃસહાય બાળકોને શિક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા કરી છે. દરેક ધર્મના ઉત્સવો ઉજવવાનું કાર્ય તથા દર ત્રણ માસે શ્રમયજ્ઞ કરવા જેવા વિવિધ કાર્યક્રમો કરીને હોસ્પિટલને સ્વચ્છ રાખવાનો એમનો ઘણો પ્રયત્ન રહ્યો છે. તેમણે સેવા રૂરલના કર્મચારીઓ માટે રહેઠાણની સગવડ, ભણવાની સગવડ અને કર્મચારીઓ, મહેમાનો અને દર્દીઓ માટે જમવા માટે કીચનની સગવડ ઊભી કરી, જેનો આજે કેટલા લોકો લાભ લઈ રહ્યા છે. સેવા રૂરલમાં કામ કરતાં કર્મચારીઓનાં બાળકો પણ સારું ભણીને અહી સેવા રૂરલમાં નોકરી કરી રહ્યાં છે અને ઘણાં બાળકો બહાર નોકરી કરી રહ્યાં છે. કર્મચારીઓનાં પત્ની પણ આ કાર્યક્રમ જોડાઈ ગયાં છે.

હું સેવા રૂરલમાં નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા આવ્યો ત્યારે મારો ઈન્ટરવ્યુ ડૉ. અનિલભાઈ, ડૉ. લતાબહેન અને ડૉ. પંકજભાઈ એ લઈને મારી ટાઈપીસ્ટ તરીકે નિમણુંક કરી. ડૉ. અનિલભાઈ લાગણીશીલ સ્વભાવના હતા. તેઓ પાસે મારે તો દરરોજ ટાઈપનું કામ કરવાનું હોવાથી મેં એમની સાથે ઘણો સમય કામ કર્યું છે. કોઈ વખત સમય મળી જાય તો મારા ઘરના પણ તેઓ ખબર અંતર પૂછી લેતા. અનિલભાઈ અને લતાબહેન સવારે ચાલવા જતાં ત્યારે મારા પિતાજીને ઘણીવાર મળવાનું થતું. ત્યારે તેમની સાથે પણ વાત કરતાં અને મને કહેતા કે તારા પિતાજી આજે મળ્યા હતા.

મારી નાની દીકરીને હૃદયમાં કાણાં હતા, તો એમણે મને ખાસ રસ લઈને આર્થિક રીતે ખર્ચમાં રાહત અપાવીને ઓપરેશન કરવામાં મદદ કરી હતી, તે આજે પણ હું અને મારા પરિવાર યાદ કરીએ છીએ. મારી દીકરીના ઓપરેશન પછી અમદાવાદ અનિલભાઈ અને બંકિમભાઈ ખબર જોવા પણ આવ્યા હતા. સાથે આપણા વિસ્તારના ગરીબ, આદિવાસી દર્દીઓને પણ ઘણાં મોઘાં ઓપરેશન (૫૦ જેટલા હૃદયના દર્દીઓના ઓપરેશન) મફતમાં કરાવી આપ્યાં હતાં.

મને ટાઈપીસ્ટ તરીકે નોકરીએ રાખ્યા પછી મને બઢતી આપીને કોમ્પ્યુટર ઓપરેટરનું કામ સોંપવામાં આવ્યું. ત્યાર બાદ હાલમાં હું સિનિયર કોમ્પ્યુટર ઓપરેટર તરીકેની ફરજ બજાવું છું. મારું કામ તો પુસ્તક, એન્યુઅલ રીપોર્ટ, સેવા સુવાસ છાપવાનું હોવાથી એમની સાથે કામ કરવાની ઘણી મઝા આવતી હતી. તેમના અક્ષર સ્વચ્છ અને ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું લખાણ પણ વાંચવાનું મન થાય એવું હતું, અનિલભાઈ અને હું પુસ્તક તૈયાર કરવાનું કામ કરતાં હોઈએ ત્યારે ફાઈલ મોટી હોવાથી કોમ્પ્યુટરમાં ફાઈલ સેવ કરવા મૂકીએ તો ખાલી બેસી રહેવું પડતું. ત્યારે ઘણીવાર એમની સાથે પારિવારિક વાતો પણ થતી. મને એવું થતું કે આટલા મોટા ડૉકટર હોવા છતાં કેવા નિરાભિમાની અને લાગણીશીલ છે. ઘણી વખત બીજી હૉસ્પિટલમાં જવાનું થતું ત્યારે સેવા રૂરલ હૉસ્પિટલ

ઝઘડિયાનું નામ કહીએ એટલે ત્યાં તરત, અનિલભાઈ–લતાબહેન તથા અન્ય ડૉકટર કાર્યકરોના નામ કહે અને કહે કે અમે ત્યાં આવી ગયા છીએ અને એમને ઓળખીએ છીએ. અનિલભાઈની ચીરવિદાયથી તેમની ખોટ તો હંમેશા સાલશે જ. પરંતુ રામકૃષ્ણદેવને ગમ્યુ તે ખરું!

**રમેશ ગોસ્વામી**

**કાર્યકર સેવા રૂરલ**

## ૩૯. પરોપકારી જીવનનું ઉદાહરણ

અનિલ દાદાની વાણી અને જીવનશૈલીમાં કોઈ તફાવત ન હતો.

હું હાઉસિંગમાં રહેતો હતો. મારા નાનાં નાનાં બે બાળકો અને મારી પત્ની. પત્ની સેવા રૂરલમાં જોબ કરે, બાળકો શિશુ કક્ષામાં ભણે અને મારો પોતાનો ધંધો ઝઘડિયા ચાર રસ્તા પર. મારી પરિસ્થિતિ સાવ સામાન્ય.

રોજ સવારે વહેલાં બાળકોને સ્કુલે મુકવા જવાનું. બંને બાળકો નાનાં, માટે ઊંચકીને જ જતો હતો. પાછો ઘરે આવું અને ફરી દુકાને જાઉં. બાળકોને સ્કુલેથી ઘરે લેવા માટે જાઉં. રોજની આ પ્રવૃત્તિ જરા મુશ્કેલ હતી. મારી પાસે ગાડી હતી નહીં અને ગાડી લેવાય એવી પરિસ્થિતિ પણ ન હતી.

પરંતુ એક વખત અનિલ દાદાએ મને બોલાવ્યો અને મારી સાથે વાત કરી કે 'તને રોજ મુશ્કેલી પડે છે તો મારી બાઈક સ્પ્લેન્ડર છે તે તું લઈ લે. પણ તારી પાસે લાયસન્સ છે?', 'ના નથી', 'તો તું લાયસન્સ કઢાવી લે અને પછી મને બતાવજે અને ત્યારે મારી પાસેથી ગાડી લઈ જજે.' આમ મૂલ્યોની જાળવણીમાં ખૂબ જ સજાગ હતાં. ખરેખર મેં એમની પ્રેરણાથી લાયસન્સ કઢાવ્યું અને દાદાને બતાવ્યું. પછી દાદાએ મને સ્પ્લેન્ડર ગાડી આપી. એ ગાડીથી મને ખૂબ જ રાહત થઈ, ઉપયોગી બની. ગાડી કરતાં પણ વધારે એમની પ્રેરણાથી જે મેં લાયસન્સ કઢાવ્યું તે મારા જીવનમાં, R.T.O.ના નિયમમાં અને મારી નોકરીમાં ખૂબ જ ઉપયોગી થયું છે.

જો અનિલ દાદાએ મને લાયસન્સ કઢાવ્યા વગર ગાડી આપી હોત તો હું આજે પણ લાયસન્સ વગર જ હોત.

એમની આ પ્રેરણાથી મેં પણ મારા– જીવનમાં મૂલ્યોની જાળવણી પ્રત્યે જાગૃત બન્યો છું.

મારા પ્રશ્નો માટે તો અનિલ દાદા એક પિતા સમાન હતા. જીવન ઘડતરમાં પોતાના પિતા કરતા પણ અનિલ દાદાનો ફાળો વધારે છે. દાદાનું જીવન એટલું ઉચ્ચ કોટીનું અને અદભુત હતું કે લખવા માટે શબ્દ નથી. આજે હું જે કોઈ સફળતા મેળવી શકયો છું તે આ દાદા અને લતાબાને આભારી છે.

**બકુલ લીંબચીયા**

**કાર્યકર સેવા રૂરલ**

## ૪૦. ડૉ. અનિલભાઈ દેસાઈ.... અમારા પથદર્શક

અમને બન્નેને સેવા રૂરલમાં કામ કરવાની ઉત્તમ તક તો મળી, સાથે સાથે પૂ. ડૉ. અનિલભાઈના સતત સત્સંગ અને એમના પ્રત્યેક વ્યવહારમાંથી કાંઈને કાંઈ શીખવાનું– અનુભવવાનુ મળ્યું. એ બધાને મર્યાદિત શબ્દોમાં લખવું ખૂબ અઘરું છે, પરંતુ અમને અંગત રીતે સ્પર્શી ગયેલી કેટલીક વાત આજે લખીશું.

આજે કોઈ પણ સંસ્થામાં કે જાહેર જીવનમાં વિચારો, મૂલ્યો સ્થાપિત કરવાં અને એને પોતાના વ્યવહારિક આચરણમાં મૂકીને રોલ મોડેલ બનવું એ ખૂબ અગત્યનું છે. ગરીબોનું કામ, મૂલ્ય આધારિત કામ અને આધ્યાત્મિકતા જેવી પાયાની બાબતોને અનિલભાઈએ પોતાના રોજબરોજના જીવનમાં વ્યવસ્થિત સ્થાપન કરી બતાવી.

આ એક પ્રસંગ જણાવું કે જેણે મને મૂલ્યની જાળવણી શું છે તે શીખવ્યુ. મારા અહીં જોડાવાનાં શરૂઆતના દિવસો. ડૉ. શ્રેયભાઈના લગ્નનો પ્રસંગ. શારદાકુંજ સોસાયટીમાં એમના ઘરે થોડું સુશોભન કરવાની જવાબદારી અમને સોંપવામાં આવી. આ પ્રસંગને ધ્યાનમાં રાખી અમે સંસ્થાના કેમ્પસમાંથી થોડા ફુલોના કુંડાં લાવી તેમના ઘર આગળ સરસ રીતે ગોઠવી દીધાં. બપોરે પૂ. ડૉ. અનિલભાઈ – પૂ. લતાબહેન જમવા આવ્યાં. બહારથી જ "સરસ ગોઠવ્યું છે" કહી અંદર ગયા પછી અમને બોલાવ્યાં. 'આ કુંડા કયાંથી લાવ્યાં ?' અમે તો સહજભાવે કહ્યું, 'સંસ્થાનાં કેમ્પસમાંથી' તરત જ અનિલભાઈએ કહ્યું, 'આ સંસ્થાની મિલ્કત છે. આપણા વ્યકિતગત કામ માટે આ ન વપરાય. એ એની જગ્યાએ પાછા મોકલી દેજો. હા, પણ, આ સુશોભન સરસ લાગે છે એટલે નજીક કોઈ નર્સરીમાંથી ભાડે કુંડા લાવી ગોઠવી શકાય'. આ માટીના કુંડાં કંઈ ખરાબ થવાનાં નહોતાં કે કંઈ એમાં વપરાશની વાત પણ નહોતી. છતાં પણ જેણે આ બધું ઊભું કર્યું છે તેવા સંસ્થાના સ્થાપક, મેનેજીંગ ટ્રસ્ટી હોવા છતાં આ એક નજીવી વસ્તુ પણ અંગત કામમાં ન વાપરે. એ મૂલ્યોની જાળવણીની પરાકાષ્ઠા નથી તો બીજી શું ! આવી તો ઘણી બાબતો છે. સંસ્થાનું વાહન અંગત કામ માટે ન વાપરવું, પોતે ડાયાલીસીસ માટે ભલે બીજી હોસ્પિટલમાં જવુ પડે, પણ પોતાના માટે કોઈ નવી વ્યવસ્થા ઊભી ન કરવી, એ જ બાબતનાં બીજા ઉદાહરણ છે.

સંસ્થાની દરેક પ્રવૃત્તિમાં 'છેવાડાનો માણસ' તો હોય જ. સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ, સન્માન, ઍવોર્ડ, કંઈક સારું થાય તો દરેક વખતે "ઈશ્વરની કૃપા અને દર્દીઓના મૂક આશીર્વાદ" આને લીધે જ આપણું કાર્ય સતત ચાલતું રહે છે એ ભાવના. સતત ગરીબો માટેની ચિંતા.

એમના સત્સંગમાં સૌથી અગત્યનું જે અનુભવવાનું– જાણવાનું–શીખવાનું મળ્યું તે સતત ભગવાનનું નામ, જપ, પ્રાર્થના અને ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા. એકવાર મેં (વિનોદ) પૂછયું કે 'સેવા કરતાં કરતાં વ્યકિતમાં પરિવર્તન કયારે આવે ?' અનિલભાઈએ કહ્યુ, 'હઠાગ્રહ, દૂરાગ્રહ ઓછા થાય, અહમ્‌ને નીચો કરી, હૃદય ઉદાર બનાવી અને અન્યને માફી આપતો થાય'. સંસ્થાના કોઈપણ સમારંભમાં અનિલભાઈને આગળ મુખ્ય સ્થાને નહી પણ સામાન્ય વ્યકિતની સાથે પાછળ જ બેઠેલા જોયા છે. વર્ષોથી સતત ઈશ્વરનું નામ રટણ એ જ એમની સાધના રહી. કદાચ આને કારણે જ છેલ્લાં બે–ત્રણ વર્ષમાં અનેક માંદગીઓ, નાના–મોટા ઓપરેશનો, અરે.... છેલ્લાં તો નિયમિત ડાયાલીસીસની સારવારને કારણે

અસહ્ય વેદના, આટઆટલું છતાં મોં પર સદા એક પ્રેમાળ મીઠું હાસ્ય. છેલ્લે જયારે એક ઓપરેશન વખતે મહાવીર હૉસ્પિટલ–સુરત દાખલ હતા ત્યાં એમને અમે મળવા ગયા ત્યારે કહ્યું 'ભગવાનની કૃપાથી બધું સારું થઈ ગયુ'. તરત જ અનિલભાઈએ હસતાં હસતાં કહ્યું, 'વિનોદ, કદાચ ખરાબ થયુ હોત ને તેમાં પણ ભગવાનની કૃપા સમજવી'. કોઈ ફરિયાદ નહી. બધી જ ઈશ્વરની ઈચ્છાથી થાય છે એ સમર્પણ ભાવ.

આવા સંજોગોમાં મૃત્યુ તો કયારેય પણ આવી શકે છે એનો સહજતાથી સ્વીકાર. અંતિમ સમયે ઠાકુરનું નામ અને મોં પર આધ્યાત્મિકતાની આભા દેખાતી હતી. અને પરમ શાંતિનો આનંદ હતો. આવા આ સંત પૂ. અનિલભાઈને કોટિ કોટિ વંદન.

પૂ. અનિલભાઈ સાથે આટલાં વર્ષો કામ કરતાં કરતાં એમનામાં ઘણા વિશિષ્ટ ગુણોના જાત અનુભવના દર્શન થયાં.

- હસમુખો અને ઉત્સાહપૂર્વક ચહેરો (અનેક માંદગીઓ વચ્ચે)
- મિટિંગો દરમ્યાન વિરુધ્ધ મત રજૂ કરનાર પ્રત્યે આદરભાવ
- સતત પ્રાર્થના દ્વારા વ્યકિતનું હૃદય ઉદાર થાય, અન્યને માફી આપતો થાય
- દરેકને પોતાના આપ્તજન માનવા
- ભગવાન પર અતૂટ શ્રદ્ધા
    - એકવાર મેં પૂછયું કે, 'સતત આટલાં વર્ષો પગાર લીધા વિના કઈ રીતે કામ કરો છો?' તેમણે જણાવ્યું કે, 'ભગવાનની કૃપા'
    - વ્યકિતગત એવોર્ડનો અસ્વીકાર. કોઈપણ એવોર્ડ સંસ્થાને નામે મળે મંદિરમાં ભગવાનને અર્પણ
- તેઓને બધા પ્રત્યે પ્રેમ, તેમનું અહિત કરનાર પ્રત્યે દ્વેષભાવ નહી અને તેનું ભલું થાય એવી સદા પ્રાર્થના
- સહનશીલતાનો ગુણ અને બીજાને સાંભળવાની કળા. સંસ્થાની મિટિંગોમાં તેઓ તેમના વિરુધ્ધ કઈ પણ વાતો વિચાર રજુ કરી શકે અને તેનો આનંદ ઉત્સાહપૂર્વક સાંભળી પ્રત્યુત્તર આપતા રહે. બલ્કે એવું પણ કહેતા કે તમો મારા વિરુધ્ધ કંઈ પણ બોલી શકો છો.
- સત્યને આચરણમાં મૂકી જીવન જીવ્યા. મૂલ્યો સાથે બાંધછોડ નહી, સંસ્થાની કોઈપણ વસ્તુ વ્યકિતગત વપરાશ માટે લેતા નહી.

**વિનોદ–જાગૃતિ શાહ**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૪૧. હમેશાં પ્રોત્સાહન આપનાર અનિલભાઈ

પૂ. ડૉ. અનિલભાઈ આપણી વચ્ચે શારીરિક (શરીરથી) હાજર નથી. પરંતુ આપણા બધાના સ્મરણમાં અને સ્મૃતિ સ્વરૂપે તો કાયમ માટે હાજર છે અને તેમના આશીર્વાદ આપણને મળતા જ રહેશે. સૌ પ્રથમ તેમને કોટી કોટી વંદન. જેમણે આ સેવા રૂરલની સ્થાપના ઠાકુરની કૃપા અને એમના મકકમ મનોબળ અને પુરુષાર્થથી કરી, જેથી આજે આપણે સૌ સેવા રૂરલના વટવૃક્ષમાં એક સાથે રહીને તેમના સ્વપ્નને પૂરું કરવા અને કાયમ પ્રજવલિત રાખવા સાથે છીએ.

હું મારા અનુભવની વાત કરવા માગું છું. પણ લેખક નથી કે એટલું સારું લખી શકુ. શબ્દ પણ નથી જડતાં, છતાં પ્રયત્ન કરું છું.

૧૯૮૩માં હું સેવા રૂરલ હૉસ્પિટલમાં નર્સિંગ આસિસ્ટન્ટ તરીકે જોડાયેલી; ત્યારે બીજી એક દીકરી ઝઘડિયાની પણ જોડાયેલી અને તે વખતે સરકારશ્રી દ્વારા ચાલતા F. H. W. ના કોર્ષ ભરૂચની બેચની ૬ બેનો (છોકરીઓ) પણ હતી. ૬ માસ માટે ફિલ્ડ પોસ્ટીંગ થયેલું. એટલે થીયરી લેકચર તેમની સાથે થતા હતાં અને પ્રેકટીકલની હૉસ્પિટલમાં કામ કરતાં કરતાં તાલીમ મળતી હતી. એક માસની તાલીમ પછી મને ઑપરેશન થિયેટરમાં તાલીમ માટે મૂકવામાં આવી. ત્યારે ડૉ. અનિલભાઈ સર્જન હતા. સર્જરી કરતા હતા અને ત્યારથી મને તેમના દ્વારા તાલીમ મળી અને તેમના દ્વારા મારું ઘડતર શરૂ થયું એમ કહેવાય. આમ ૧૦–૧૧ માસ થયા હશે અને મને અનિલભાઈ અને લતાબહેને એમની ઓ.પી.ડી. ચાલતી હતી ત્યાં બોલાવી અને પૂછ્યું, 'તારે આગળ ભણવું છે? કેવો રસ' વગેરે... અને મને આગળ F. H. W. ની તાલીમ માટે મોકલી આપી. આવી તક આપી અને મેં તાલીમ પછી F. H. W. નું કામ કર્યું તે દરમ્યાન પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા. આ કામ દરમ્યાન મને પ્રમોશન મળ્યું. સુપરવાઈઝર બની. આમ મારો વિકાસ થયો.

આધ્યાત્મિક વિકાસમાં પણ પ્રાર્થનામાં વાંચનની શરૂઆતથી પ્રોત્સાહન મળ્યું. પ્રેરક ચર્ચાઓ અને વકતવ્ય દ્વારા ઘણું ઘણું હૃદયને સ્પર્શી જાય તેવું સાંભળવાની તક મળી. પરિવારમાં સારા–માઠા પ્રસંગોમાં પણ રૂબરૂમાં હાજરી આપતા. ડૉ.લતાબહેન અને અનિલભાઈને કાયમ ડગલે પગલે સાથેને સાથે જોયેલાં – એક વિચાર ધારાવાળા.

ખાસ એમને પહેલેથી જ હૉસ્પિટલમાં નર્સિસ દીકરી ઓ માટે ખૂબ પ્રેમભાવ અને દીકરીઓને પગભર કરવા, તેમનામાં જે શકિત છુપાયેલી છે તે બહાર લાવવામાં ખૂબ જ રસ. છેલ્લે સુધી પોતાના સંતાન માની નર્સિંગ સ્ટાફને સન્માન આપ્યું છે.

ઘણી ભૂલો થઈ પણ માફ કરી પ્રોત્સાહન આપ્યું છે. પૂ. અનિલભાઈ ખરેખર એવું જીવન જીવી ગયા કે પોતે કોઈ દિવસ સ્ટેજ ઉપર આગળ આવ્યા નથી, બીજાને મોકલ્યા છે. બીજા માટે ઉપયોગી થયા છે અને કામો પણ સમાજ ઉપયોગી જ કર્યા છે. પોતાનાથી જો બીજાને દુઃખ થાય તેવું બોલાયું હોય તો ખબર પડતી કે તેઓ ભગવાન પાસે પ્રાર્થના કરતાં. પ્રાર્થના કરતાં હોય તે રીતે તેમને જોવા એ અનુભવ કર્યો હતો. સેવા રૂરલના કાર્યકરોની શારદાકુંજ સોસાયટી બની. તે પણ અદભૂત કાર્ય એમના થકી જ થયું. આજે અમે એમાં રહીએ છીએ.

**રંજન અટોદરિયા**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૪૨. અનિલભાઈ મારે મન

અનિલભાઈ એટલે સદા હસતો ચહેરો અને પ્રસન્ન વ્યકિતત્વ ! ગંભીર વાતાવરણને હળવું બનાવતો તેમનો રમૂજી સ્વભાવ. પંકજે લગ્ન પહેલાં જ તેમનો પરિચય કરાવેલ. અનિલભાઈ, લતાબહેન એટલે અમારા મને God Father and God Mother ! તેની અનુભૂતી અમને સેવા રૂરલમાં જોડાયા પછી થઈ.

ગરીબો જેમના કેન્દ્રમાં અને કાર્યકરો માટે ખૂબ લાગણી. પોતાના ધ્યેયની સ્પષ્ટતા તો તેમને હતી જ. પરંતુ સેવા રૂરલના મીશનને કાર્યકરોમાં પણ સતત તેમણે જીવંત અને જાગૃત રાખ્યા.

તેમની કામ કરવાની રીત, નિર્ણય શકિત, જીવન જીવવાની રીત અદ્‌ભુત હતી. તેમને વિચારોની ખુબ સ્પષ્ટતા હતી. અમને સૌને તેમણે એક મંત્ર આપ્યો હતો તે પરસ્પર પ્રેમ, આદર અને વિશ્વાસ (Love, Respect & Trust) નો ! આધ્યાત્મિક માર્ગ પર તેઓ ચાલ્યા અને અમને સૌને સાથે સાથે આધ્યાત્મિક માર્ગ પર ચાલવાની પ્રેરણા આપી !

બહેનો માટે તેમના દિલમાં ખૂબ લાગણી અને અહોભાવ હતાં. બહેનોની પ્રગતિ જોઈ તેઓ ખૂબ આનંદિત થતા. તેઓ દીર્ઘદ્રષ્ટા હતા !

અમારા બાળકો અને પરિવારમાં પણ તેમને ખૂબ રસ હતો. ઘરની કોઈપણ વાત અમે એમને કરી શકતા. મારા પરિવારમાંથી કોઈ મને મળવા આવે તો મને એવું થાય કે અનિલભાઈના વિચારોનો એમને જરૂર સ્પર્શ થવો જોઈએ. તેઓ અમારા આદર્શ છે. નિ:સ્વાર્થ ભાવે પોતાનું જીવન આદિવાસી વિસ્તારના ગરીબ લોકો માટે અર્પે એવા તે વિરલ હતા. તેમના વિચારો અને વિચારસરણી દ્વારા આજે પણ તેઓ યાદગાર છે.

**ડૉ. શોભા શાહ**
**ડૉ. પંકજ શાહ**
**કાર્યકર સેવારૂરલ**

◈

## ૪૩. ડૉ. અનિલભાઈએ આપેલું નામ KD

વર્ષ ૧૯૮૦ થી ૨૦૦૪ સુધી કામ કર્યું. તેનાં ખૂબ સંભારણાં છે. થોડા સ્ટાફ સાથે ખૂબ આનંદથી કામ કર્યું. નર્સિંગ સ્ટાફની ખૂબ ખેંચ. હું જોડાઈ ત્યારે મારા મનમાં વિચાર આવ્યો હતો; એવી નર્સબેનો તૈયાર કરવી જે પોતાના કુટુંબનું જીવન સુધારે અને સંસ્થાને પણ વફાદાર રહે. આ કામ કરી શકયા, તેનો જીવનમાં આનંદ છે. આમાંથી એક બહેન ઈન્ચાર્જ છે, એક સ્ટાફ મેટ્રન છે અને એક સ્ટાફ નર્સ મેટ્રન તરીકે પણ કામ કરે છે.

૧. હું જયારે ૧૯૮૦માં જોડાઈ ત્યારે ખૂબ ઓછા માણસો. કામના ભારણને લીધે એકબીજાને મળી ન શકાય. આથી ચિઠ્ઠી પ્રથા શરૂ થઈ.
૨. જયારે જોડાઈ ત્યારે મિટિંગો ભરે. જયારે પણ અનિલભાઈને મળવા જાવ ત્યારે મિટિંગ ચાલુ હોય. ત્યારે અનિલભાઈએ એક વાકય બનાવેલું : સેવા રૂરલવાળા (અ) બે મળે તો વાતચીત કરે. (બ) ત્રણ મળે તો ચર્ચા કરે. (ક) ચાર મળે તો જયાં ઊભા હોય ત્યાં મિટિંગ કરે.

આ સૂત્ર સ્વાભાવિક રીતે જાહેરમાં અમને કહેલું. ત્યારે ડૉ. દિલીપભાઈ દેસાઈ સંસ્થામાં આવતા. તેઓ જીપમાં બેસતા બેસતા પણ વાત કરતાં જાય. ચર્ચા કરતાં કરતાં ગાડીનો ટાઈમ થયો હોય તો પણ વાત ચાલુ. તેમની સાથેના ખૂબ સંભારણાં છે.

મારી બેન દક્ષા મારી સાથે કેસબારી પર કામ કરતી, હાલ લંડન છે. મેરેજ પછી તેણે મને ત્યાંથી એક વાત કહી હતી કે, 'હું જયારે કેસ કાઢવાની સાથે સાથે રામકૃષ્ણ પણ લખતી ત્યારે એક વાર ડૉ. અનિલભાઈ આવ્યા અને ટકોર કરીને કહ્યું કે, 'પહેલાં કામ કરો', કારણ કે દર્દી વધી ગયા હતા.

તેઓ મિટિંગમાં કાયમ કહેતા, 'પેશન્ટ જોડે આપણે સારા સંબંધો રાખવા. દર્દી છે તો હોસ્પિટલ છે.'

બીજા બે પ્રસંગ યાદ આવે છેઃ ત્યારે સેલ્સમેન દવા માટે આવતા. મારી બેને સેલ્સમેન પાસે વિટામીનની ગોળી માંગી. સેલ્સમેને ના પાડી. એટલે મારી બહેન દક્ષા તરત ચાલુ મિટિંગમાં ડૉ. અનિલભાઈ પાસે ગઈ અને કહ્યું કે, 'સેલ્સમેન મને ગોળી આપવાની ના પાડે છે'. ત્યારે ડૉ. અનિલભાઈએ મારી બહેન દક્ષાને સમજાવ્યું કે, ગોળીની શું જરૂર છે. સારો ખોરાક આવે એટલે બધું આવી જાય (સમજાવવાની રીત)

મારા (KD) બધા દાંત પડાવવાના હતા. ત્યારે ડૉ. સુધીરભાઈ (દાંતના ડૉકટર) અંકલેશ્વરથી આપણે ત્યાં આવતા હતા. તેમણે બધા દાંત પાડવાની ના પાડી. મેં જીદ કરી. ત્યારે તેમણે ડૉ. અનિલભાઈને નીચે ઓપરેશન થીયેટરમાં બોલાવ્યા અને વાત કરી. ત્યારે ડૉ.અનિલભાઈએ કહ્યું કે, તે કહે છે તો બધા દાંત કાઢી આપો. પણ ટેબલ પર કંઈ થાય તો કંઈ નહિ એક ભારણ ઓછું થાય. (સંમતિ આપવાની હતી)

ઓ. ટી. કામ કરતા શરૂઆતમાં ખૂબ ઓછો સ્ટાફ એટલે ખેંચ પડે. ઓપરેશન ચાલુ હતું. હું ઓ. ટી. માં બૂમાબૂમ કરતી હતી. આ માટે ગોસપીસ પેડ જોઈતા હતા. ત્યાંથી અનિલભાઈ પસાર થતા હતા. તેઓ ગોસપીસ પેડ લઈને આવ્યા. કેટલી સહજતા ! મારો સ્વભાવ ખૂબ ગુસ્સાવાળો હતો. તેમની સાથે કામ કરતા કરતા ઠાકુર કૃપાએ સપોર્ટીવ થઈ ત્યાં સુધીમાં ખૂબ ફરક પડયો.

**કુમુદબેન દેસાઈ**
**ભૂ.પૂ. કાર્યકર સેવા રૂરલ**

◈

## ૪૪. અમારા પૂ. અનિલભાઈ કેવા હતા !

પૂજય અનિલભાઈ આજે આપણી વચ્ચે સદેહે નથી રહ્યા. પરંતુ તેમના વિચારો, સિદ્ધાંતો, કાર્યપદ્ધતિ અને જીવન શૈલીમાંથી ઘણું જાણવા શીખવા મળ્યું છે. આજની પળે તેમની સાથેના સંસ્મરણોને વાગોળતાં તેમને યાદ કરીએ.

સંસ્થાના કાર્યકરો માટે તેમને ખૂબ ભાવ, પ્રેમ અને લાગણી હતી. તેઓ કહેતા, 'સંસ્થાને જેઓ આર્થિક સહયોગ કરે છે તેઓ અગત્યના છે જ. પરંતુ જેઓ આ સેવા કાર્યમાં પોતાની જાત ઘસી રહ્યા છે તેઓ કંઈક અંશે વિશેષ છે.'

સંસ્થામાં બધાને સાથે રાખીને કામ કરવાની કળા તેમનામાં જોવા મળી છે. તેઓ ઘણી વાર કહેતાઃ 'બધાને સાથે લઈને ચાલવું એ કળીયુગની તપશ્ચર્યા છે.' દરિદ્રનારાયણની સમજ તેમની પાસેથી શીખવા મળી. કોઈ પણ કાર્યક્રમ પાછળનો ભાવ, ભિનાશ અને અસરકારકતા ટકી રહે તે માટે બધાને સજાગ રાખતા.

સંસ્થામાં જયારે કોઈ ઘટનામાં સામેની વ્યકિતને ટકોર કરવાની હોય કે કડવું કહેવાનું હોય ત્યારે સામેનાની ગરિમા સાચવીને કહેવા યોગ્ય કહી પણ દેતા.

કયારેક મિટિંગમાં નિરસતા જેવું વાતાવરણ અનુભવાય તેવા સમયે કાંઈક રમૂજી વાતો કહી બધાને ખૂબ હસાવતા હતા. 'વિજ્ઞાનની પાંખને અધ્યાત્મની આંખ લાગવી જોઈએ.' એમ તેઓ કહેતા. કોઈ પણ સાધન કે નવી ટેકનોલોજી સંસ્થામાં લાવતાં પહેલા ગરીબોને તેનાથી શું ફાયદો થવાનો છે તે પ્રથમ વિચારતા હતા.

સંસ્થાના કાર્યકરોનો વધુ ને વધુ સ્વવિકાસ કેવી રીતે થઈ શકે તે દિશામાં સતત પ્રયત્નશીલ રહેતા. તેમની પાસે જે વિશેષ જાણકારી અને અનુભવજન્ય વાતો હોય તે બધાને ખાસ કહેતા. કાર્યકરોને તેમની ક્ષમતા અને આવડત મુજબ કામની સોંપણી કરતા; જેથી તેમનો કામ કરવામાં ઉત્સાહ વધે અને ગમતું કામ કર્યાનો સંતોષ પણ થાય.

સંસ્થામાં જયારે કોઈ પડકારરૂપ પ્રશ્ન સર્જાય ત્યારે તે પ્રશ્નને ખૂબ ગંભીરતાથી લઈ દીર્ઘદ્રષ્ટિ રાખી ઉકેલની દિશામાં માર્ગદર્શન આપતા. જે તે પ્રશ્નમાંથી શું શીખવા મળ્યું તે બાબતે સમજ આપતા. આ પ્રકારનો પ્રશ્ન ફરી ઊભો ન થાય તે માટે ધ્યાન રાખવા જણાવતા.

સેવા રૂરલની પરિવાર ભાવનાને ઉજાગર કરવામાં તેમનો વિશેષ ફાળો રહ્યો છે. કાર્યકરોના કુટુંબના સભ્યોની પણ તેઓ ખબર અંતર પૂછતા રહેતા. કાર્યકરોના ઘરે પ્રસંગોપાત હાજરી પણ આપતા. તેમને ઘણી શારીરિક તકલીફો હોવા છતાં મારા દીકરાના લગ્ન પ્રસંગમાં હાજરી આપી તે ક્ષણોની યાદ આજે પણ મારા ઘરનાં સભ્યોને આનંદ આપી જાય છે અને પોતીકાપણાનો અહેસાસ કરાવી જાય છે.

તેઓ સાચે જ એક કર્મયોગી બનીને નિઃસ્વાર્થ જીવન જીવી ગયા. વ્યકિતગત માન–સન્માન પ્રસિધ્ધિથી ખૂબ દૂર રહ્યા. સંસ્થાને જયારે પણ સન્માન, એવોર્ડ મળ્યાં તેવા પ્રસંગોમાં પોતે આગળ ન રહેતા સંસ્થાના કાર્યકરોને આગળ કર્યા છે, યશના ભાગીદાર બનાવ્યા છે.

તેઓ હંમેશા બધાને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા પ્રોત્સાહિત કરતા રહ્યા. "સમય મળે સાધના ભજન કરતા રહેજો" એવું ઘણી વાર કહેતા. તેમની આ લાગણી આજે પણ આ દિશામાં આગળ વધવા જરૂરી બળ પૂરું પાડે છે.

તેમની સાથે કાર્ય કરતાં અનુભવ્યું કે તેમની પાસે એક વિશિષ્ટ પ્રકારની કુદરતી બક્ષિસ હતી જે જવલ્લે જ કોઈ વ્યકિતમાં જોવા મળે. આમ તેઓની વિવિધ પ્રકારની ઉષ્માસભર છાપ ગરીબો માટે કાર્ય કરતા રહેવાની અને કલ્યાણકારી માર્ગ પર ચાલતા રહેવાની અમને પ્રેરણા આપતી રહેશે.

અસ્તુ

**વિક્રમસિંહ વાંસદીયા**

**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૪૫. અનિલભાઈ, આધ્યાત્મિક જીવન જીવી જનાર સંતપુરુષ !

અનિલભાઈ, આધ્યાત્મિક જીવન જીવી જનાર સંતપુરુષ ! કર્મયોગ, ભકિતયોગ અને જ્ઞાનયોગના અદ્‌ભુત ત્રિવેણી સંગમનો અમલ કરીને અમારા જેવા ઘણાં બધાંનાં તેઓ આદર્શરૂપ બનેલા છે અને રહેશે.

મારા સેવા રૂરલના ઈન્ટરવ્યુ દરમિયાન જ તેમના વિશે આગવી છાપ મનમાં ઊંડી ઉતરી ગઈ હતી. આધ્યાત્મિક દષ્ટિકોણ એટલે શું; તેનું પ્રત્યક્ષ ઉદાહરણરૂપ બની અમારા પથદર્શક બન્યા. ગરીબ દર્દીઓ પ્રત્યે ઉંડી લાગણી, મૂલ્યો પ્રત્યે સતત જાગૃતિ અને બહેનો તથા બાળકો માટેનો લગાવ તેમની દરેક વાતમાં દેખાયા જ કરે.

અમારા જેવા કાર્યકરોના વ્યકિતગત જીવનમાં પણ તેઓ ખૂબ ઊંડો રસ લઈ, તેમાં શ્રેષ્ઠ કરવા તરફ સમજણ આપતા. અનિલભાઈ દ્વારા નાની– નાની

ટેવો થકી વ્યકિતગત જીવન કેવું ભગવતમય બનાવી શકાય તે સંદર્ભે ઘણું શીખવા મળ્યું.

દરેક કાર્યકરના સારા–નરસાં પ્રસંગમાં અનિલભાઈ તથા લતાબેનની હાજરી હોય જ. અનિલભાઈનો એક નાનો સ્પર્શ તમામ મુંઝવણને ત્વરિત દૂર કરી લેતો.

મિટિંગોમાં તેમના આધ્યાત્મિક જ્ઞાન ઉપરાંત વૈશ્વિક જ્ઞાનનો પણ અમને બહોળો લાભ મળતો અને પ્રેરણા મળતી. દરેક કાર્યકર પોતાના ઈષ્ટદેવની સવાર–સાંજ પ્રાર્થના કરે અને તેમાં તેમનાં કુટુંબનાં સભ્યો પણ જોડાય તેવા પ્રયત્નો જીવનની અંતિમ ક્ષણ સુધી કરતા રહ્યા. તેઓ હાજર નથી ત્યારે તેમની ગેરહાજરીમાં તેમણે કરેલ વાતો, પ્રયત્નો વધારે યાદ આવી રહ્યા છે.

મારા અંગત જીવનમાં પણ તેમણે ખૂબ રસ લઈને મારામાં રહેલ આવડત પર વધારે ધ્યાન આપવા કહેલું; જેનો હું રોજબરોજ અમલ કરવાનો પ્રયત્ન કરું છું.

અનિલભાઈ તથા લતાબહેન જેવા આદર્શ દંપતિને મળીને જીવનમાં કંઈક કરી છૂટવાની ઈચ્છાથી નોકરી કરવા આવેલ મારા જેવો કાર્યકર સંસ્થાનો આજીવન સભ્ય બની ગયો.

**ડૉ. ધીરેન મોદી**
**કાર્યકર, સેવા રૂરલ**

◈

## ૪૬. આધ્યાત્મિક દષ્ટિકોણના પ્રણેતા : ડૉ. અનિલભાઈ

ડૉ. અનિલભાઈ સાથે મારી પ્રથમ મુલાકાત પટાવાળાની જગ્યા માટેના ઈન્ટરવ્યુ માટે તા. ૧૩–૩–૧૯૯૦ના રોજ સમય સવારે ૧૦ કલાકે થઈ હતી. ઈન્ટરવ્યુ ડૉ. અનિલભાઈ તેમજ શ્રી મયંકભાઈએ લીધો હતો. પ્રથમ મુલાકાતે જ મારા કુટુંબની સઘળી માહિતી પૂછનાર ડૉ. અનિલભાઈ પ્રથમ વ્યકિત હતા. જેમણે કહેલું 'માતાપિતાની સારસંભાળ રાખજો. છોકરાઓને બરાબર ભણાવજો. અને સલાહ–સૂચનની જરૂર હોય તો મળજો' અને કહ્યું કે આવતીકાલથી પટાવાળાની જગ્યા ઉપર ચાલુ થઈ જજે. તેમના આ વચને મારી ફરજ બજાવી રહ્યો છું. તેમણે મને આખું આયુષ્ય ખૂટે નહિ એવા ગુણો આપેલ છે. પ્રમાણિકતા, નિયમિતતા, આધ્યાત્મિકતા (ભકિત) વગેરેના ગુણો આપેલ છે જે અવિરત ચાલતા રહ્યા છે અને ચાલતા રહેશે. આ ગુણોનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. આ ગુણોને લીધે મારા ઘરની અને મારા પરિવારની આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિ સુધરી છે. આજે મારો પુત્ર મિકેનિકલ એન્જિનિયર (ડીગ્રી) બની ગયેલ છે અને મારી પુત્રી B. Sc. નર્સીંગના ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. ડૉ. અનિલભાઈની પ્રેરણાથી તેમજ સેવા રૂરલ સંસ્થાના કાર્યકરો તેમજ સેવા રૂરલ સંસ્થાનું વાતાવરણ અને તેમની મદદ વડે આ શકય બનેલ છે. મને સાલ ૧૯૯૯ ના રોજ પટાવાળાથી બઢતી આપીને ઓફિસ આસિસ્ટન્ટની જગ્યાએ મૂકવામાં આવેલ છે.

ડૉ. અનિલભાઈના હ્દયમાં આધ્યાત્મિકતા (ભકિત) સંપૂર્ણપણે ભરેલ હતી. તેમના વિષે મને સંતકબીર

સાહેબની એક સાખી યાદ આવે છે.

**"ભકિત બીજ પલટે નહીં હો જાય જુગ અનંત"**
**"ઊંચનીચ ઘર અવતરે આખર સંતના સંત"**

સંત કબીર સાહેબની આ સાખી પરથી સત્ય સમજી શકાય એમ છે. કારણ કે આધ્યાત્મિક પ્રવૃત્તિ (ભકિત) ડૉ. અનિલભાઈની સાથે જ રહેશે જે સંતકબીર સાહેબની સાખી પરથી ફલિત થાય છે. ડૉ. અનિલભાઈ આપણી વચ્ચે નથી પરંતુ આ આધ્યાત્મિક સંતે (ડૉ. અનિલભાઈએ) તો મનુષ્ય અવતાર લીધો હશે એમાં શંકાને સ્થાન નથી જે આ સંત કબીરની સાખી પરથી સમજી શકાય છે.

સાચી અંજલિ ત્યારે જ આપી શકીએ કે જયારે આપણે બધા ભેગા મળી સંકલ્પ કરીએ કે ડૉ. અનિલભાઈનું સપનું આપણું સેવા રૂરલ ખૂબ જ આગળ વધે અને ખૂબ જ નામના વધે.

ચાલો, આજે સંકલ્પ લઈએ અને એમને સાચી અંજલી આપીએ.

**સરાધ વસાવા**
**કાર્યકર સેવા રૂરલ**

◈

## ૪૭. મારી ચિંતા કરતા દાદા

મારા દાદા ખૂબ જ સૂલઝેલા માણસ હતા. જયાં સુધી જીવ્યા ત્યાં સુધી તે ભગવાનમાં મગ્ન રહેતા. તેમની અંતિમ ઈચ્છા ઈશ્વર દર્શન કરવાની હતી. તે માટે તે સવારે ઉઠતા, તૈયાર થતા, નાસ્તો કરતા, પ્રાર્થના કરતા, જમતા, આરામ કરતા, પ્રાર્થના કરતા અને જમીને ઊંઘી જતા. આમાં કેન્દ્રમાં પ્રાર્થના જ હતી.

બધા આવું કહે છે કે મારા દાદા અને મારામાં ઘણી સમાનતાઓ છે. જેવી કે મને અને દાદાને દહીં ખૂબ જ ભાવે. જયારે હું તેમની સાથે હાઉસિંગ રહેવા જતો ત્યારે તેઓ મને હંમેશા ઊંઘતી વખતે ચોક મારવાનું કહેતા કે જેથી કોઈ પણ જીવડું મને કરડે નહી. ત્યાં મને મારા દાદા ખૂબ જ ગમતા કારણ કે તેઓ મને સારી રીતે મોડી રાત સુધી ટી. વી.માં કાર્ટૂન જોવા દેતા. હું જે ખાવાનું કહું તે દાદા બાને કહીને તે વાનગી બનાવવા કહેતા. અમૂક વાર બા ના હોય તો તેઓ મને કોફી પણ બનાવી આપતા. તેઓ મને ખૂબ જ વ્હાલ કરતા હતા અને હું પણ તેમને ખૂબ વ્હાલ કરતો હતો. અમે જયારે ટી. વી. જોતા ત્યારે મને ટી.વી. ની પાસે બેસવા દેતા નહી, જેથી મારી આંખો ખરાબ ના થાય.

તેઓ મને એક વાકય કહેતા, " Try your best, then believe in the God ". આ વાકય હું આખું જીવન યાદ રાખીશ અને તેને અપનાવીશ.

**આર્જવ શ્રેય દેસાઈ**
**ધોરણ : ૮ ઝઘડિયા**
**અનિલભાઈ અને લતાબહેનના પૌત્ર**

◈

## ૪૮. મને દાદા બહુ ગમે

પહેલા દાદાના સારા માર્કસ ન હતા આવતા. ત્યારે દાદાએ એક ચોપડી વાંચી. રોજ એક એક વિચાર વાંચ્યો પછી જોશ આવ્યો એટલે સેવા રૂરલનો જન્મ થયો. પછી હૉસ્પિટલ થઈ. ત્યાં બધા માણસો સેવા કરવા આવતા હતા. પછી હોસ્પિટલ મોટી થઈ. ત્યાં અનેક ડોકટર, નર્સ વગેરે માણસો કામ કરવા આવ્યા. સેવા રૂરલમાં ગરીબ માણસોને બહુ ઓછા રૂપિયામાં સેવા મળતી અને સેવા રૂરલનો જન્મ દાદાએ વાંચેલી નાની "શકિતદાઈ વિચાર" નામની ચોપડીથી થયો.

થોડા વર્ષો પહેલા સેવા રૂરલમાં ઘણા લોકો ગુસ્સામાં આવ્યા હતા. બધા ગભરાઈને પાછળ ખસી ગયા. દાદા, બા અને બંકિમ કાકા આગળ આવ્યા. પછી બધા જતા રહ્યા. હું શીખી કે કયારે પણ ડરવું નહી.

અમે હાઉસિંગમાં જયારે બા–દાદાની બર્થડે હોય ત્યારે કાજુ બદામથી 'હેપ્પી બર્થડે' લખીએ છીએ. મને દાદા બહુ ગમે. હું અને મારો ભાઈ આજુ જયારે ગાડીમાં બા–દાદા જોડે જઈએ ત્યારે દાદા–બા અમને ખવડાવે છે.

**અસ્મિ શ્રેય દેસાઈ**
**ધોરણઃ ૫ ઝઘડિયા**
**અનિલભાઈ અને લતાબહેનના પૌત્રી**

◈

## ૪૯. અનિલભાઈ : અમારા પિતા, મિત્ર, આદર્શ અને સાધનાપથના સહયાત્રી

અનિલભાઈ સાથેનો મારો પહેલો નાતો પિતા–સંતાનનો હતો. મારા જીવનનાં પહેલાં ૧૫ વર્ષ દરમિયાન આ પિતા–સંતાન સંબંધમાં સાચું કહું તો ડર અને Awe મુખ્ય હતા. પછી અમે ગાઢ મિત્રો બન્યા. પરંતુ અનિલભાઈના જીવનનાં છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન તેઓ અમારા આદર્શરૂપે વધુ ઘૂંટાયા. અનિલભાઈના આ વર્ષો સૌથી ભવ્ય અને અમારા માટે યાદગાર હતા. આ દરમિયાન ડાયાલીસીસ શરૂ થયું, ઘણી માંદગીઓ આવી, કાર્ય ખરી પડયું. સાથે સાથે અનિલભાઈએ જે માનસિક આધ્યાત્મિક ભૂમિકાની વર્ષોથી ખેવના કરી હતી તે ઘણે અંશે ફળીભૂત થઈ. અંતરાત્મા શું ઝળહળ્યો ! એમના જીવનના આ ઓછાં જાણીતાં છેલ્લાં વર્ષોની ભવ્યતાનું વર્ણન કરીએ છીએ.

મે–૨૦૧૬માં કીડની કામ કરતી બંધ થઈ અને ડાયાલીસીસ શરૂ થયું. ડાયાલીસીસ શરૂ કરવું કે ન કરવું તે વિષે અનિલભાઈને અસમંજસ હતી. તેમને ડાયાલીસીસ માટે મનાવવા અઘરા હતા. સેવા રૂરલના પ્રાર્થના મંદિરે એક સાંજે અમારા બંને વચ્ચે પેટ છૂટી ચર્ચા થઈ. **ડાયાલીસીસને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવાની તકમાં પરિવર્તિત કરવાનો તેમણે નિર્ધાર કર્યો.** ડાયાલીસીસ શરૂ કર્યા પછી પહેલા છ મહિના થાય પછી આગળ ચાલુ રાખવું કે નહી તે પુનઃવિચારણાની શરતે ડાયાલીસીસ શરૂ થયું.

પછી જે થયું તે અદ્‌ભુત હતું. દર અઠવાડિયે બે વાર ડાયાલીસીસ માટે અંકલેશ્વર–ભરૂચ જવાનું થતું. ડાયાલીસીસના ચાર કલાક દરમિયાન, જપ–ધ્યાન, ભજનો સાંભળવા અને મહાભારત–

રામાયણ—બેલુર મઠની વિડીયો જોવી. ન છુટકે દર અઠવાડિયે બે વાર ચાર કલાક મશીનથી બંધાઈ જવાની ઘટનાને અનિલભાઈએ જપ—ધ્યાનથી તરબોળ એકાંતવાસમાં પરિવર્તીત કરી. છેલ્લાં ત્રણ વર્ષોમાં કાર્ય સહજ રીતે ખરી પડયું. મન હવે મહ્દઅંશે ઠાકુરમાં પરોવાયેલું રહ્યું. ઘરે, નાના રૂમમાં, કલાકો સુધી સાધનભજનમાં રચ્યાં પચ્યાં રહેતા.

મૃત્યુના બે મહિના પહેલા અચાનક, સાંભળવાનું બંધ થયું. અમે બન્ને સુરતમાં ENT સર્જન ડો. વિનોદભાઈને મળવા ગયા. વિવિધ તપાસ પછી વિનોદભાઈએ જણાવ્યું કે હવે અનિલભાઈ કયારેય નહી સાંભળી શકે. હીયરીંગ એઈડથી પણ નહી ! હું ઢીલો પડયો. કારમાં બેસીને અનિલભાઈને લખીને સમાચાર આપ્યા. પછી જે બન્યું તે અને તેમના ઉદ્ગારો હું કયારેય નહી ભૂલું. "Thy will be done. ઠાકુર વધુ અઘરી પરીક્ષા કરી રહ્યો છે. જો તું મને ઝેરનો કટોરો પણ આપશે તો હું એ પી જઈશ એમ માનીને કે આ તારી જ ઈચ્છા છે. હા, ડાયાલીસીસ દરમિયાન ભજન કેવી રીતે સાંભળીશ? કંઈ વાંધો નહી... ભજનો મારી ડાયરીમાં લખી લઈશ અને મનમાં ગાઈશ": સંપૂર્ણ સમર્પણ.

અનિલભાઈના જીવનમાં "ઈશ્વર સમર્પણ" નો ભાવ વિશેષ અને તેમના અસ્તિત્વના કેન્દ્રસ્થાને હતો. સમર્પણ ભાવનો જન્મ છેક ૧૯૬૦માં થયો કે જયારે ઠાકુર—મા—સ્વામીજી અને મીરાબાઈ જીવનમાં આવ્યા. રોજ પોતાની સમજ મુજબ પ્રાર્થના શરૂ થઈ કે જે જીવન પર્યંતે ચાલુ રહી. મીરાબાઈના ઝેરના કટોરીવાળી ઘટના તેમને ખૂબ સ્પર્શી ગઈ. રોજ "Thy will be done" (ધાર્યું ધણીનું થાય) એક જીવનમંત્ર બન્યો. ૧૯૬૦થી ઘૂંટેલા સમર્પણભાવનું પરિણામ અમે છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન વારંવાર અનુભવ્યું. તેમણે પોતે પણ અનુભવ્યું. છેલ્લા મહિનાઓ / વર્ષો દરમિયાન કયારેક તેમનું હૃદય ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતાથી છલોછલ ભરાઈ જતું. આંખોમાં આંસુ સાથે તેઓ કહેતા મારા જેવો સાવ સામાન્ય માનવી, ઠાકુર કૃપાથી કયાં પહોંચી ગયો ! પણ હવે જો ઈશ્વર પંથે પ્રગતિ ન થવાની હોય તો મને તમારી પાસે લઈ લો. બે દિવસ બાદ તેમણે દેહ છોડયો.

જો આજે અનિલભાઈએ તેમના વિશેના સેવા સુવાસ વિશેષાંકમાં લખવાનું હોત તો તેઓ શું લખતે? તેઓ કહેતે કે "તમારા સૌના થકી હું અને લતા ધન્ય થઈ ગયા." સેવા રૂરલની યાત્રા, લતાબહેન સાથેનું અનોખું દાંપત્યજીવન, ગરીબ દર્દીઓ, સહકાર્યકરો, મિત્રો વિગેરે અનેક વ્યકિતઓ દ્વારા મળેલ પ્રેમ થકી તેઓએ હંમેશા ધન્યતા અનુભવી.

પૂ. શ્રી રંગઅવધૂત મહારાજની આ બે કડી અમને બન્નેને ખૂબ ગમતી—

**તમારે ને અમારે ના કશો સંબંધ છે મૂળે,**
**મળ્યા ભેગા, પડયા છૂટા, નદીના કાષ્ઠ સમ પૂરે....**

**ડો. શ્રેય દેસાઈ**
**ડો. ગાયત્રી દેસાઈ**
**કાર્યકરઃ સેવા રૂરલ**
**અનિલભાઈ અને લતાબેનના પુત્ર અને પુત્રવધુ**

◈

## ૫૦. અમારા આત્મીય અનિલ કાકા...

સમાજમાં સામાન્ય રીતે ત્રણ પ્રકારના માણસો હોય છે. પહેલા પ્રકારના માણસોને સંયોગો ઘડે છે અને એ માણસો સંયોગોના પ્રવાહમાં તણાય છે. બીજા પ્રકારના માણસો સંયોગોનો સામનો પણ નથી કરતા તેમજ સંયોગોના પ્રવાહમાં તણાતા પણ નથી. ત્રીજા પ્રકારના માણસોને સંયોગો નથી ઘડતા; પરંતુ તે માણસ પોતે સંયોગોને ઘડે છે અને સમય આવ્યે સંયોગો પર વિજય મેળવે છે. જગત પર આવા માણસોની ચિરસ્થાયી સ્મૃતિ રહી જાય છે.

હા, આવા જ ત્રીજા પ્રકારના માણસ એટલે અમારા આત્મીય અનિલકાકા.

પોતાનું સમગ્ર જીવન પૂ. રામકૃષ્ણ પરમહંસ, પૂ. સ્વામી વિવેકાનંદ તથા પૂ. ગાંધીજીએ બતાવેલ આદર્શો તથા સિધ્ધાંતો પર ચાલીને સમાજના છેવાડાના માણસની સેવા, તેઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સમર્પિત કરનાર સેવા રૂરલ ઝઘડિયાના 'ભિષ્મપિતામહ' એટલે અમારા આત્મીય અનિલકાકા.

આમ તો એમના માટે ઘણાં સંબોધનો વાપરી શકાય; જેવા કે વંદનીય, પૂજનીય, મુરબ્બી વગેરે; પરંતુ મારા માટે મને જે સૌથી યોગ્ય લાગે તે છે 'આત્મીય'. ખરેખર હું તેઓની સાથે લાંબો સમય રહ્યો નથી જીવનકાળના ખૂબ જ ઓછા કલાકો મેં એમની સાથે વિતાવ્યા છે. પરંતુ તેઓ હરહંમેશ મારા દિલની, મારા આત્માની ખૂબ જ નજીક રહ્યા છે. મને લાગે છે કે અમે કોઈ વિશિષ્ટ લાગણીના સેતુથી જોડાયેલા હતા. મારા પરિવારમાં કોઈનો પણ જન્મદિવસ હોય, લગ્નની વર્ષગાંઠ હોય કે કોઈપણ સારા– નરસા પ્રસંગ હોય– સૌ પ્રથમ ફોન અનિલ કાકા–લતા કાકીને કરવાનો. અવારનવાર ફોન ઉપર એમની સાથે વાતો કરીને મનને ખૂબ જ પ્રસન્નતા મળતી અને મને લાગે છે તેઓને પણ આવી જ લાગણી થતી.

એમની સાથેના થોડાક પ્રસંગો કે જેણે મારા માનસપટ પર અમીટ છાપ છોડી છે:

હું ધોરણ–૭માં ભણતો ત્યારે અમે ગોધરા ખાતે રહેતા. મારા પિતાશ્રી રણજીતભાઈ દેસાઈની સમયાંતરે બદલી થતી રહેતી. આત્મીય અનિલકાકા તથા લતાકાકી ત્યારે અમેરિકાથી આવેલા અને અમને મળવા ગોધરા આવેલા. ત્યારે સ્કૂલોમાં ઘણી વાર હું ગીતો ગાતો. આથી જયારે અમો બેઠા હતા ત્યારે મારા પિતાશ્રીએ કહ્યું ધર્મેશ ખૂબ સરસ ગાય છે. મને ગીત સંભળાવવાનો આગ્રહ કર્યો ત્યારે મેં ફિલ્મ 'કભી કભી' નું "કભી કભી મેરે દિલમેં ખયાલ આતા હૈ" ગીત ગાયેલું, સાંભળીને એમણે મને પ્રોત્સાહિત કર્યો. પછી પાસે બેસાડીને કહેલું "તું સરસ ગાય છે, પણ એકાદ ભજન કે પ્રાર્થના પણ તૈયાર કર." આ વાકય મારા મગજમાં અંકાઈ ગયેલું અને થોડા સમય પહેલાં જ અમારા ગજરાબા ગોપાળજી પરિવારનું સ્નેહમિલ ઝઘડિયા થયેલું ત્યારે એક સુંદર પ્રાર્થના પરિવાર સહ તેઓની સમક્ષ રજૂ કરેલ ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન થયેલા.

ઝઘડિયામાં સેવા રૂરલની શરૂઆત થઈ ત્યારે હું ૧૫–૨૦ દિવસ ઝઘડિયા રહેલો. ત્યારે કસ્તુરબા હોસ્પિટલના પ્રાંગણમાં તંબુ બાંધીને ઓફિસ ચલાવતા ત્યાર બાદ સેવા રૂરલ દ્વારા વલસાડમાં પણ કાર્યક્રમ કરેલ, જેમાં પણ મને સેવા કરવાનો અને સંસ્થા સાથે જોડાવાનો લાભ મળેલ.

બે વર્ષ પહેલાં જ હું જયારે અનિલકાકાને મળવા આવેલ ત્યારે તેમણે મને એક ટી શર્ટ ભેટમાં આપેલ, મેં એ ખૂબ હોંશભેર પહેરીને ફોટો પાડીને એમને મોકલાવેલ. આમ તો અનિલકાકા મોટેભાગે કફની–પાયજામો જ પહેરતા પરંતુ અમારી

ઈચ્છાથી મેં એક ખાદીની કોટી (બંડી) એમને માટે લીધેલ, જે રણાસણ ખાતે મુ. અનિતાબેનની દિકરીના લગ્ન વખતે તેમને ભેટ આપેલ અને આગ્રહ કરેલ કે આ લગ્નમાં તેઓ પહેરે. અમારા આગ્રહને માન આપીને તેમણે એ બંડી તે દિવસે પહેરેલી જે અમારા માટે ખૂબ મોટી વાત હતી. અમારા ગજરાબા ગોપાળજી પરિવાર માટે તેઓ એક પ્રેરણાસ્ત્રોત અને પથદર્શક રહ્યા છે. કહેવાય છે કે,

**"કુલમ પવિત્રમ, જનની કૃતાર્થા**
**વસુંધરા પૂણ્યવતી ય યેન"**

જેમના જન્મથી કુળ પવિત્ર બને છે, માતા કૃતાર્થ બને છે અને ધરતી પૂણ્યવતી બને છે એવા ઝઘડિયા ગામને તેમણે કર્મભૂમિ બનાવી પોતાનું સમગ્ર જીવન સેવા રૂરલને સમર્પિત કર્યું.

તેઓ હરહમેંશ માન, સન્માન, પ્રસંશા કે પુરસ્કારથી અલિપ્ત રહ્યા હતા. અનાવિલ સમાજ વલસાડ દ્વારા જયારે તેમને સન્માનિત કરવાની વાત કરેલ ત્યારે એમણે અંગત માન–સન્માન સ્વીકારવાની ધરાર ના પાડેલ.

**જિંદગી મળવી એ નસીબની વાત છે**
**મૃત્યુ મળવું એ સમયની વાત છે.**
**પરંતુ મૃત્યુ બાદ પણ કોઈના દિલમાં જીવતા**
**રહેવું એ જિંદગીમાં કરેલા કર્મની વાત છે**

મારા તથા મારા પરિવાર માટે આત્મીય અનિલ કાકા આજે પણ અમારી સાથે જ છે અને હમેશાં અમારા દિલમાં રહેશે.

**હેમાંગિની – ધર્મેશ દેસાઈ તથા પરિવાર**
**વલસાડ**

◈

## જીવન અંજલી થાજો

જીવન અંજલી થાજો, મારૂં જીવન અંજલી થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,
દીનદુઃખીયાના આંસુ લોતા, અંતર કદી ન ધરાજો !
મારૂં જીવન અંજલી થાજો !

સતની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો,
ઝેર જગતના જીરવી જીરવી, અમૃત ઉરનાં પાજો !
મારૂં જીવન અંજલી થાજો !

વણથાકયા ચરણો મારાં નિત, તારી સમિપે ધાજો,
હૈયાનાં પ્રત્યેક સ્પંદને, તારૂં નામ રટાજો !
મારૂં જીવન અંજલી થાજો !

વમળોની વચ્ચે નૈયા મુજ, હાલકડોલક થાજો !
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે હોલવાજો !
મારૂં જીવન અંજલી થાજો !

## ભાગ–૨



# આવા હતા આપણા અનિલભાઈ

(અનિલભાઈના અવસાન બાદ કેટલાંક સામયિકોમાં છપાયેલ લખાણો)

## ૫૧. ડૉ. અનિલ દેસાઈ

**(લેખક : મનસુખ સલ્લા 'કુમાર' ઓગષ્ટ'૨૦૧૯ )**

કેટલાક માણસોની ધાતુ જ વિશિષ્ટ હોય છે. તેઓ અન્યની વેદના જોઈને હલી જતા હોય છે. તેમનાથી અન્યનાં પીડા–અભાવ–વેદના જોઈ શકાતાં નથી. તેઓ વ્યકિતગત સુખ–સગવડ–પદ–પ્રતિષ્ઠા માટે જન્મ્યા નથી હોતા. અન્યનાં સુખ–સગવડ– વેદના મુકિત વધે એમાં તેમનું ચિત્ત રમમાણ રહે છે. એટલે જાતનો હોમ કરવામાં તેમને તૃપ્તિ અને પ્રાપ્તિ લાગે છે. કોઈનું આંસુ લૂછવામાં નિમિત્ત બનતાં તેમને પરમ આનંદ અનુભવાતો હોય છે. એટલે બિચારાં–બાપડા–અશિક્ષિત–અરક્ષિતના ભેરૂ બનવા તેઓ ધરતીની ધૂળમાં ચાહીને ઊતરે છે. ડૉકટર અનિલભાઈ દેસાઈ આવા ઉમદા ડૉકટર અને ઉત્તમ માણસ હતા.

પિતા છોટુભાઈ અને માતા ઝીણીબહેનનાં ચાર સંતાનમાં તેઓ સૌથી નાના. પિતાને બર્મામાં ધીકતો ધંધો હતો, પણ બીજા વિશ્વ યુધ્ધને કારણે બર્મા છોડવું પડયું. ભાગ્યનું પાંદડું ફરી ગયું. એના આઘાતથી માતાને માનસિક બીમારી થઈ. તેથી નાના બાળક અનિલભાઈને તેમના સગા વલસાડના ગોપાલજી દેસાઈ અને ગજરાબહેને પુત્ર તરીકે સ્વીકારી લીધા. લોહીના સગાં નહોતા તે સગાં બન્યાં. એ બીજ અનિલભાઈમાં વિશાળ આદિવાસી પટ્ટીના હજારોના સ્વીકાર કરવા રૂપે પાંગર્યુ.

વલસાડમાં જીવનભરના મિત્ર દિલીપ દેસાઈ મળ્યા. ભણવા કરતાં વધુ ધ્યાન રમતમાં રાખનાર અનિલભાઈ સાયન્સ કોલેજમાં અભ્યાસમાં ગંભીર બન્યાં. અને ડોકટર બનવા બી. જે. મેડિકલ કોલેજમાં દાખલ થયા. પૈસા કમાવા ડોકટર નહોતું બનવું, પરન્તુ મિત્ર દિલીપ દેસાઈએ યુવાવસ્થામાં આપેલ સ્વામી વિવેકાનંદનું નાનકડું પુસ્તક “Thus Speak Vivekanand” માંથી મળેલાં મૂલ્યોને જીવવા માટે બનવું હતું. અનિલભાઈ ઉપર સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીની ચિરંજીવી અસર પડેલી છે. ગરીબોની સેવા અને ગરીબોનું ઉત્થાન એ જીવન સાધનાનાં લક્ષ્ય બન્યાં. પ્રાર્થના–સમર્પણ–અગવડોને હસતા મોં એ સ્વીકારી–ગમે તેવી કટોકટીમાં પ્રભુ શ્રધ્ધા રાખવી – આ સઘળાં તેમના આંતર આધાર બન્યાં.

ઈન્ટર્નશિપ દરમિયાન બાવળા હોસ્પિટલમાં જીવનસાથી લતાબહેન શાહનો પરિચય થયો. લતાબહેનના કાકા સ્વાતંત્ર્ય સેનાની હતા એટલે તેઓ ગાંધી વિચારથી રંગાયેલા હતાં. બન્નેની પ્રકૃતિ અલગ, પરંતુ ધ્યેય સમાન હતું, તેથી બંને પરસ્પર પૂરક બની રહ્યાં. એટલે અનેક બાબતોના સ્વીકાર અને ત્યાગમાં કદી કચવાટ ન થયો. બંનેના હાથ કાયમ જોડાયેલા રહ્યા. અનિલભાઈએ કાયમ લતાબહેનના વ્યકિતત્વનો આદર કર્યો.

પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે (૧૯૬૫માં) બે વર્ષ લશ્કરમાં વોલેન્ટિયર ડૉકટર તરીકે પણ રહ્યાં. અનિલભાઈ એમ. એસ. (સર્જરી) થયા, પણ નાણાં હતાં નહીં. તો ખપ પૂરતાં નાણાં કમાવા આઠ વર્ષ અમેરિકા ગયા. જતાં પહેલાં રાજકોટમાં સ્વામી આત્મસ્થાનંદજી પાસે મંત્ર–ઉપાસના દીક્ષા લીધી. ન્યૂયોર્કમાં આધ્યાત્મિક જીવનનું પોષણ, ઉત્તમ મિત્રો અને ભારતમાં કામ કરવા માટે પ્રાથમિક નાણાં– એમ ત્રણે મળ્યાં. મિત્ર દિલીપભાઈ અને પ્રતિમાબેન સાથે

ભાવિ સંસ્થાનું નામ આખરી કર્યું હતુંઃ 'સેવા રૂરલ' (SEWA Society for Education, Welfare and Action in Rural) તેનો પાયો અમેરિકામાં જ નખાયો હતો. પછી જાણે પ્રત્યેક પગલું એ ધ્યેય તરફનું હતું.

અમેરિકાનાં સગવડો, સાધનો, નિરાંત કે વૈભવ – કશુંતેમને બાંધી ન શકયું. ૧૯૭૯માં ભારત આવીને વિસ્તાર અને સ્થળની શોધ શરૂ કરી. એટલું નક્કી હતું કે ગ્રામ પ્રદેશ હોય અને બને તો આદિવાસી વિસ્તાર હોય. એ માટે દિલીપભાઈ અને દિનકર દવે અને બીજા મિત્રો સાથે (સપત્નીક) પ્રવાસ કર્યો. સંસ્થાઓ જોઈ. સૌથી વધુ સ્પષ્ટતા મળી મનુભાઈ પંચોળી અને વજુભાઈ શાહ પાસેથી. આદર્શ અને વ્યવહારની સમતુલા મળી. વ્યકિતગત જીવનધોરણની સ્પષ્ટતા મળી. જીવન વૈભવી નહીં. તેમ ગાંધીના આશ્રમની સાદગી નહીં. એ વખતે હું લોકભારતીમાં હતો. બેઠકમાં હાજર હતો. બેઠક પછી મેં અનિલભાઈને પૂછયું, 'તમારે તો બધી બાબતમાં અનિશ્ચિતતા છે. મોટો પ્રશ્ન આર્થિક પણ છે. શું ગોઠવાઈ જશે આ બધું?' તેમનો જવાબ મારે માટે અનપેક્ષિત હતો અને તેમની ઓળખાણ આપે તેવો હતો. 'મનસુખભાઈ, એ ઠાકુરે (રામકૃષ્ણ પરમહંસ) જોવાનું છે. તેઓ બધું ગોઠવશે.' આવા આધુનિક, વૈજ્ઞાનિક વલણવાળા માણસમાં આવી અવિચળ શ્રધ્ધા! મને ત્યારે જવાબ ગળે નહોતો ઉતર્યો. પણ એમનો જવાબ મારે માટે એમની કાયમી ઓળખ બની ગયો. અને એ જવાબ સાચો પડયો છે.

“સેવા રૂરલ” નામમાં પસંદગીમાં પણ ઉચ્ચ પ્રેરણા છે. સેવા શબ્દમાં ઠાકુર અને રામકૃષ્ણ મિશનની પ્રેરણા છે, તો રૂરલમાં ગાંધીજીનો માર્ગ છે. શહેરો સંપન્ન અને સુવિધા ભર્યા હોય અને છેવાડાના પ્રદેશો વિપન્ન હોય એ રચના તેમને સ્વીકાર્ય નહોતી. “જેણે સૌથી નીચેનાને ઉપર ઉઠાવવા હોય તેમણે જાતે ધરતીની ધૂળ ઉપર આવવું પડે છે”. એ શ્રી અરવિંદના કાવ્યનો ભાવ વાંચ્યા વિના પણ તેમને હૈયે બેઠેલો હતો.

ત્રણ સ્થાનમાંથી ઝઘડીયા પસંદ થયું. એક ટ્રસ્ટનું બાર પથારીનું મેટરનિટી હોમ સંભાળ્યું. પોતાનું ટ્રસ્ટ રજિસ્ટર કરાવ્યું. મિત્રો દિલીપભાઈ–પ્રતિમાબહેન, અરવિંદભાઈ, હરીશભાઈ–ચૌલાબહેન, દિનકરભાઈનો સાથ મળ્યો. પરંતુ હવે જ આકરી કસોટી હતી. અજાણ્યા હોવાથી કોઈ ઘર ભાડે ન આપે. સંડાસ–બાથરૂમ હોય નહીં. ગેરકાયદે કશું ન લેવાનો આગ્રહ તેથી ગેસ સિલિન્ડર હોય નહીં. પ્રાઈમસ પર રસોઈ કરવી પડે. એસી તો દૂરની વાત, પંખો પણ વીજળી વારંવાર જાય તેથી ન ચાલે. એથી મચ્છરો સક્રિય થાય. અમેરિકામા ંમોટરમાં ફરનારા અહીં સાઈકલ, સ્કુટર કે રિક્ષાને સહજ ગણતા હતા. બીજાઓ આવી કઠણાઈઓથી કામ છોડી દે, પણ આ દંપતી અને મિત્રોએ એને સાધના રૂપે સ્વીકાર્યુ. ઓફિસ માટે મકાન નહોતું, ટેન્ટમાં ઓફિસ શરૂ કરી. પ્રારંભમાં હું ગયો ત્યારે મેં જોયું કે સેવા રૂરલમાં સૌથી પહેલું બાંધકામ હતું પ્રાર્થનાનો ખંડ બાંધવાનું. પ્રારંભે તો એ પણ કાચો હતો. અંદર રામકૃષ્ણદેવ, શારદામણિદેવી અને વિવેકાનંદના મોટા ફોટા મૂકેલા. સવારે કામ શરૂ કરતાં પહેલાં સૌ દસ મિનિટ પ્રાર્થના હોલમાં બેસે. સાંજે ઘેર જતાં પહેલાં દસ મિનિટ પ્રાર્થના ખંડમાં બેસે. ફરજિયાત નહીં. પણ ડોકટરો, નર્સો, કમ્પાઉન્ડર, વ્યવસ્થાના કામ કરનારાં સૌ આવે. જાણે અહીંથી સઘળી ઉર્જા મળતી હતી, શ્રધ્ધા બળવત્તર બનતી હતી.

૧૯૮૦માં શરૂ થયેલી યાત્રા ૪૦ વર્ષ પછી કેટલે પહોંચી તેની વિગતો પણ હૈયું ઠારે એવી છે.

બાર પથારીમાં બસો પથારી ધરાવતી કસ્તુરબા હોસ્પિટલનો લાભ આજે પચીસસો ગામડાંના લોકો લઈ રહ્યા છે. કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ દ્વારા સમુદાય કક્ષાએ વિવિધ પ્રયોગોનો ભરૂચ, ગુજરાત, દેશ કક્ષાએ સ્વીકાર થયો છે. પ્રાથમિક આરોગ્ય સુધારણાનુ઼ંમોટું કામ થયું છે. હેલ્થ ટ્રેનિંગ સેન્ટર દ્વારા રાજયના અને બહારના, એનજીઓ અને રાજય સરકારના હેલ્થ કાર્યકરોને અને વિદ્યાર્થીઓને તાલીમ અપાય છે. કોમ્પ્રીહેન્સીવ આઈ કેર પ્રોગ્રામ હેઠળ એક લાખથી વધુ લોકોનાં આંખના ઓપરેશન થયાં છે. સાધનો અદ્યતન છે, ડૉકટરો નિપુણ છે. સમુદાય પુનર્વસન કાર્યક્રમમાં આઠસો અંધજનોને તાલીમ આપી સ્વબળે જીવતા કર્યા છે. માત્ર આરોગ્ય નહી, સર્વાંગીણ નજર હતી. તેથી વિવેકાનંદ ગ્રામિણ તકનીકી કેન્દ્ર સ્થાપ્યું. ત્રણ હજાર ગરીબ આદિવાસી યુવકોને તાલીમ આપી. તે સૌ આર્થિક રીતે પગભર થયા છે. શારદા મહિલા વિકાસ સોસાયટી શરૂ કરી. ૨૦૦૨ થી સ્વતંત્ર સંસ્થા તરીકે સ્ત્રીશકિતકરણનું કામ કરી રહી છે.

આવું મોટું અને ઉત્તમ પરિણામ કેમ મળ્યું? કારણ કે પ્રથમ દિવસથી સંસ્થા વિકાસ અને વ્યકિત વિકાસને અભિન્ન ગણ્યા. કાર્યકરોની ગુણવત્તા વૃધ્ધિ માટે શ્રધ્ધા અને સજજતા બંને પર ભાર મુકાયો. ઓળખ આગેવાનની નહી, સંસ્થાની હોય તેનો આગ્રહ રાખ્યો. સહકાર્યકરો અનુયાયીઓ નહી, પોતાનું ગણીને કામ કરનારા કાર્યકરો હોય એ દ્રષ્ટિ હતી. એટલે WHOનો સન્માનીય ઍવોર્ડથી લઈને અનેક ઍવોર્ડ "સેવા રૂરલ" ને મળ્યા છે. પણ સ્વીકારે છે બીજી–ત્રીજી હરોળના કાર્યકરો. દર્શક ફાઉન્ડેશનનો ગ્રામ પુનરૂથ્થાન એવોર્ડ અપાયો ત્યારે સ્વીકાર કરનાર હતા : ડોકટર, નર્સ, વ્યવસ્થાપક, બહેનોનું કામ કરનાર અને લૅબોરેટરી વર્કર. સમારંભમાં અનિલભાઈ અને લતાબહેન સાવ છેલ્લી હરોળમાં બેઠા હતા.

વ્યકિત કેન્દ્રિત સંસ્થાના જોખમો સ્પષ્ટ છે. અનિલભાઈની સમજ સ્પષ્ટ હતી. એટલે નિર્ણયમાં ભાગીદારી, કાર્યકરોની દ્રષ્ટિનો વ્યાપ અને કામના કેન્દ્રમાં છેલ્લો માણસ રહે એની સતત જાગૃતિ રહી.

આવી સ્વનિર્ભર સંસ્થાની કસોટી કરનારાં પરિબળો તૈયાર જ હોય છે. એક હિસાબનીશ વર્ષોથી હતો. બીજા પ્રાંતનો હતો. તેનું મન બદલાયું. ઉચાપત કરીને ભાગી ગયો. અનિલભાઈએ ઢાંકોઢૂબો ન કર્યો. જાહેર કર્યુ. ટ્રસ્ટીઓ અને ડૉકટરોએ ટુકડે ટુકડે બધી રકમ ભરી દીધી. એમની પ્રતિષ્ઠા એવી હતી કે સહેલાઈથી દાન મળી ગયું હોત. તેમણે જવાબદારીના સ્વીકારનો માર્ગ લીધો.

તેવું જ એકવાર એક દાતા મોટી રકમની દરખાસ્ત લઈ આવ્યા. આવી સંસ્થાઓને નાણાંભીડ એ કાયમી ઓળખ હોય છે. પણ અનિલભાઈએ રકમ સ્વીકારવાની સાદર ના પાડી. કારણ કે દાતા રકમ ચેકથી નહી, રોકડથી આપવાની વાત કરતા હતા. આવા અસ્વીકારમાંથી જ સંસ્થાની તેજસ્વિતા પ્રગટ થતી હોય છે. સત્ય સાથે બાંધછોડ કરનાર સંસ્થા બહારથી ગમે તેટલી ભભક ભરી હોય, પણ અંદરથી લૂણો લાગતો હોય છે. સેવા રૂરલે સંસ્થાના પ્રારંભથી જ ત્રણ અભિગમ સ્વીકાર્યા હતા : સમાજસેવા, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને આધ્યાત્મિક વિકાસ. એમાંથી સમજાય છે કે સેવા રૂરલનું ચારિત્ર કેમ વિશિષ્ટ બન્યું.

ઘણીવાર પ્રશ્ન થાય કે આવું કામ કરનારની ભગવાન વધુ પડતી કસોટી કેમ કરતો હશે ? કહી શકાય કે વધુ તપાવીને વધુ શુધ્ધ કરવા માટે. ૧૯૮૫માં અનિલભાઈને આંતરડાનું કેન્સર થયું. ઉંડી આધ્યાત્મિકતા અને સમર્પણભાવથી એનો સ્વીકાર કર્યો. ઉત્તમ સારવારથી સાજા થયા. પછી સંસ્થા સંચાલનમાંથી પોતે ખસતા ગયા. જવાબદારી બીજાને સોંપતા ગયા. પ્રાર્થના–નામસ્મરણ તીવ્ર બન્યાં. આંતરશકિત અખૂટ, પણ શરીર અસર પામતું ગયું. ૨૦૦૪માં બ્રેઈન સ્ટ્રોક આવ્યો. પછી બ્રેઈન હેમરેજ થયું. કમરની સર્જરી કરાવવી પડી. જાણે કસોટી વધુ ને વધુ તીવ્ર થતી ગઈ. ૨૦૧૬ માં કિડની કામ કરતી બંધ થઈ. નિયમિત ડાયાલીસીસ જરૂર બન્યું. આ બધાની વચ્ચે તેમની પ્રસન્નતા અને મુકત હાસ્ય અખંડ રહ્યા. તમે મળો તો ખબર જ ન પડે કે અનિલભાઈ કેવી પીડા વચ્ચેથી પસાર થઈ રહ્યા છે. એક વર્ષ પહેલાં હું તેમના કાર્યકરોના ઓરિએન્ટેશન માટે "સેવા રૂરલ" ગયો હતો. અનિલભાઈ થોડીવાર પછી આવ્યા. કાર્યક્રમ પછી મળ્યા તો કહે, "ડાયાલિસિસ કરાવવા ગયો હતો. એટલા કલાક મને પ્રાર્થના અને ઈશ્વરની નજીક રહેવાનો સમય મળે છે". મેં સ્વાસ્થય માટે શુભેચ્છા આપી તો કહે, "ભીષ્મની જેમ મને ઈચ્છા મૃત્યુનું વરદાન છે. ડાયાલિસિસ બંધ કરો કે તુરત મૃત્યુ." ને ખડખડાટ હસી પડયા.

પાંચેક મહિના પહેલાં કમરમાં ઈન્ફકેશન થયું. એન્ટીબાયોટિક દવા લેવી પડી. એથી શ્રવણ શકિત ચાલી ગઈ. ભજનો સાંભળવાની અતિપ્રિય પ્રવૃતિ પણ બંધ પડી. તો એનો પણ સ્વીકાર. ન ઉચાટ, ન અકળામણ. જાણે જીવનની પ્રત્યેક ક્ષણ ઈશ્વરની વધુ નિકટ જવાની તૃપ્તિ જ તેમના તમામ વ્યવહારોમાં દેખાતી. મૃત્યુના ૪૮ કલાક પહેલાં તેમણે વ્યકત કરેલ હૃદયભાવમાં તેમણે શી પ્રાપ્તિ કરી હતી તેનો અણસાર મળે છે. "હું તો સામાન્ય છોકરો હતો. ભગવાને સામાજિક કામો માટે એલ. એમ. શાહ (લતાબેન) સાથે મારો મેળાપ કરાવ્યો. જો દીકરાએ પિતાનો હાથ પકડયો હોય તો દીકરો કદાચ પડી જઈ શકે. પણ પિતાએ દીકરાનો હાથ પકડયો હતો. એટલે ન જ પડે. મને મારાં વખાણ સાંભળવાનું ખૂબ ગમતું હતું, માટે ભગવાને મારા કાન કાપી નાંખ્યા જેથી મારું બધું ધ્યાન ઈશ્વરમાં પરોવી શકું. મેં ભગવાનને પ્રાર્થના કરી છે કે જો આધ્યાત્મિક માર્ગમાં વધુ વિકાસ ન થવાનો હોય તો મને તારી પાસે લઈ લે. (Thy will be done).

અને ઈશ્વરે અનિલભાઈને વધુ શુધ્ધિ માટે પોતાની પાસે બોલાવી લીધા. આવી વ્યકિતઓ દેહથી વિદાય લે છે પરંતુ ઉત્તમ મૂલ્યો, ઉત્તમ પ્રણાલીઓ, ઉમદા વ્યવહારો અને મધુર સંબંધોથી એવું જીવન રસાયણ મૂકી જાય છે જે પછીની પેઢી માટે સંજીવની બની રહે છે. "સેવા રૂરલ" માંઅત્યારે ત્રીજી પેઢી ચાલે છે અને એ સૌ પૂરતાં ખમતીધર, સજાગ અને સમર્પિત છે.

અનિલભાઈ દેસાઈનું પ્રત્યક્ષ ક્ષેત્ર હોસ્પિટલનું હતું. પરંતુ તેઓ માત્ર ડોકટર ન હતા તેઓ સેવાના મુખ્ય સ્થાપક હતા, પરંતુ તેઓએ માન–સન્માન–પ્રતિષ્ઠામાં છેવાડે રહેવાનું પસંદ કર્યુ. તેમણે "સેવા રૂરલ" ને અનેક દિશામાં વિકસાવી, સાથે જ મૂલ્યોનો પાયો મજબૂત કર્યો. એક ઉત્તુંગ વ્યકિત અને બાકીના એમને જોઈને ચાલે, તેને બદલે સૌનું સમર્પણ, સૌની કર્તવ્યનિષ્ઠા અને સૌનો આંતર

વિકાસ થાય એવી અનિલભાઈની દ્રષ્ટિ હોવાથી ત્રીજી પેઢીએ પણ સંસ્થા અખંડ રહી છે.

વ્યકિતગત જીવનમાં વારંવારની માંદગી, અપાર પીડાઓ પછી પણ અનિલભાઈ મુકતપણે હસી શકતા. એ દર્શાવે છે કે આધ્યાત્મિકતા તેમનામાં કેટલી પચી હતી. સત્યનિષ્ઠા અને અડોલ શ્રધ્ધાનું આવું જીવન એ આપણે માટે બધી રીતે દિશા સૂચક છે.

માણસનું માપ બે રીતે નીકળતું હોય છે. એક પ્રકાર છે – કેટલું નામ કમાયા ? કેટલા પૈસા કમાયા ? કેટલું સ્થાન કમાયા ? મોટાભાગનાને એનાથી સંતોષ હોય છે. બીજા પ્રકારના માણસો એવા હોય છે જેમની આત્મશ્રી ખીલી હોય છે. જીવનમૂલ્યોને આત્મસાત કર્યા હોય છે અને આચરણમાં મૂકયા હોય છે, સૌને આનંદ વહેચ્યો હોય છે. એને આધારે તેમનું માપ નીકળતું હોય છે. ડૉકટર અનિલભાઈ દેસાઈ આવા બીજા પ્રકારના માણસ હતા. એટલે મૃત્યુ પછી છાપાની એક દિવસની વિગત બનીને અટકી ન ગયા, પરંતુ મૂલ્યલક્ષી, સત્યપ્રિય, બીજા માટે ઘસાનારા એવા અનેક લોકો અને હજારો દર્દીઓના હ્દયમાં લાંબો વખત યાદ રહેશે. યાદ રહીને પ્રેરક અને નમૂનારૂપ પણ બનતાં રહેશે.

**(મનસુખ સલ્લા 'કુમાર' મેગેઝીન ઓગષ્ટ ૨૦૧૯માંથી સાભાર)**

◈

## પર. ડૉ. અનિલ દેસાઈ અને સેવા રૂરલનો યજ્ઞ

**(લેખક : વિદ્યુત જોષી, નવનીત સમર્પણ–જૂન–૨૦૧૯ )**

નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા અને આફ્રિકામાં સ્વાસ્થ્ય સેવામાં જીંદગી વિતાવી દેનાર આલ્બર્ટ સ્વાઈત્ઝરને કોણ ન ઓળખે ? તેમના પર તો એક સરસ અને પ્રખ્યાત ફિલ્મ પણ બની છે. ગઈ તા. ૧૬ એપ્રિલના રોજ રાત્રિના આગમને સેવા રૂરલ, ઝઘડિયાના પ્રણેતા અને પ્રાણ, હું જેમને આપણા આલ્બર્ટ સ્વાઈત્ઝર કહેતો એવા ડૉ. અનિલ દેસાઈનું લાંબી બીમારી બાદ અવસાન થયું. આલ્બર્ટ સ્વાઈત્ઝર અને અનિલભાઈ વ્યવસાયે તબીબ, હાડોહાડ આધ્યાત્મિક, સંગીતપ્રેમી, આકર્ષક વ્યકિતત્વના માલિક, મિશનરી સ્પિરિટ ધરાવનાર, મધુર હાસ્યધારી અને ટોપ ઓફ ઓલ ગરીબો માટે જીવન સમર્પિત કરનાર. ૧૯૮૦ થી ૨૦૦૪ સુધીનો મારો સમય એવો ગયો કે ઝઘડિયા પાસેથી પસાર થતા હોઈએ અને અનિલભાઈ અને લતાબહેનને ન મળીએ તો સહેજ ઊણું લાગે. અનિલભાઈનું ધીર ગંભીર હાસ્ય આજે પણ નજર સામે તરવરે છે.

ડૉ. અનિલ દેસાઈનો જન્મ બર્મામાં ૧૯૪૧માં અનાવિલ કુટુંબમાં થયો હતો. પિતા વેપારી હતા. રાજકીય સ્થિતિ બદલાતાં, મુશ્કેલી આવતાં કુટુંબ વતન વલસાડ આવ્યું. માતા–પિતાની ગેરહાજરીમાં બાળક અનિલનો ઉછેર તેમના માતાના પક્ષે ગોપાલજી દેસાઈએ કર્યો. તેમને શાળામાં હતા ત્યારથી જ આધ્યાત્મિક જીવનમાં રસ. વલસાડમાં ઈન્ટર સાયન્સનાં શિક્ષણ દરમિયાન તેમના મિત્ર દિલીપભાઈએ **'ધસ સ્પેક વિવેકાનંદ'** નામનું

પુસ્તક, જે તેમણે લગભગ ૫૦ વાર વાંચ્યું હતું, તે આપ્યું. પુસ્તક અનિલભાઈને ખૂબ જ અસર કરી ગયું. તેમાં લખેલું એક વાકય "દુઃખીને ઈશ્વર માનવો" એ અનિલભાઈનો જીવનમંત્ર બની ગયો. જાણે જીવનની દિશા બદલાઈ ગઈ. રોજ પ્રાર્થના કરવી, અને ગરીબો માટે જીવન સમર્પિત કરવાની ભાવના વિકસી.

અમદાવાદમાં તબીબી શિક્ષણની ડિગ્રી લીધા પછી બાવળામાં ઈન્ટર્નશિપ સમયે ગાંધીવાદી કુટુંબનાં લતાબહેનનો પરિચય થયો, જે પ્રણય અને પછીથી લગ્નમાં પરિણમ્યો. લતાબહેન જુદા સ્વભાવનાં, પરંતુ બન્ને સેવાને સમર્પિત. ૧૯૬૫ના ભારત–પાકિસ્તાન યુધ્ધ દરમિયાન ડોકટરોની કમી ધ્યાન પર આવતા બંને ભારતીય સેનામાં જોડાયાં. થોડા વર્ષો પછી સેનામાંથી રાજીનામું આપી બન્ને આગળ અનુસ્નાતક અભ્યાસમાં જોડાયાં. અનિલભાઈ એમએમ જનરલ સર્જરી થયા અને લતાબહેન એમડી (પિડીયાટ્રીકસ) થયાં. રામકૃષ્ણ અને વિવેકાનંદના રંગે રંગાઈ ચૂકેલાં બન્નેને રાજકોટના રામકૃષ્ણ મિશનના અધ્યક્ષે બોલાવી રામકૃષ્ણ મિશનના ૧૦મા પરમ અધ્યક્ષ પૂ. સ્વામીશ્રી વીરેશ્વરાનંદજી મહારાજ પાસેથી મંત્ર દીક્ષા અપાવી. ત્યારબાદ બન્ને અમેરિકા ગયાં. અમેરિકામાં તેમનો રામકૃષ્ણ મિશન સાથેનો પરિચય ચાલુ રહ્યો અને અહીં જૂના મિત્ર દિલીપભાઈ પણ મળી ગયા. આનાથી ભારત માટે કંઈક કામ કરવાનું મિશન પાકું બન્યું, અમેરિકામાં જ સેવા (સોસાયટી ફોર એજયુકેશન, વેલ્ફેર એન્ડ એકશન) ની સ્થાપના માટે વિચારી રાખ્યું હતું, આઠ વર્ષ અમેરિકામાં કામ કર્યા બાદ બન્ને ભારત પરત ફર્યા.

ભારતમાં આવીને દરિદ્રનારાયણની સેવા કરવા માટે કયાં સ્થિર થવું તે જોવા માટે ગુજરાતના અનેક આદિવાસી વિસ્તારોમાં ફર્યા. આદિવાસીઓની દારુણ ગરીબી જોઈને કરુણા વધુ દ્રઢ બની અને છેવટે ઝઘડીયા પર મન ઠર્યું. અહી પહેલેથી જ ઝઘડીયાની એક સંસ્થાએ કસ્તુરબા પ્રસુતિગૃહ ૧૯૫૩માં બનાવી રાખ્યું હતું, જે મુશ્કેલીમાં હતું. ઝઘડીયાની સંસ્થાએ ઉદાર હૃદયે કસ્તુરબા પ્રસુતિગૃહ સેવા રૂરલને હસ્તક આપ્યું. આમ, સેવા રૂરલની સ્થાપના ૧૯૮૦માં થઈ કે જેમાં તેમના સાથી મિત્રો–દિલીપભાઈ, પ્રતિમાબહેન, ડો. હરેશભાઈ, ચૌલાબહેન, દિનકરભાઈ, જયશ્રીબહેન, અરવિંદભાઈનો સિંહફાળો હતો. દંપતીએ તબીબી કાર્ય સંભાળ્યું, જયારે વિજ્ઞાની દિલીપભાઈએ તકનિકી શિક્ષણનું કામ હાથમાં લીધું. હવે, કસ્તુરબા પ્રસૂતિગૃહ માત્ર દવાખાનું જ નહોતું, તમે એમાં પ્રવેશો એટલે તમને ગાંધી અને વિવેકાનંદના આદર્શો પર કામ કરતા આશ્રમની ઝાંખી થાય. બધાને સરખું જ જમવાનું, રહેવાનું સાદગીભર્યુ, સહુ પોતાનું કામ જાતે કરે. રોજ સાંજે પ્રાર્થના થાય, સંસ્થામાં વિવેકાનંદની મૂર્તિ પ્રેરણાદાયી વાતાવરણ આપે અને ચોખ્ખાઈ તો ઉડીને આંખે વળગે. અનિલભાઈ અને લતાબહેનના આદર્શોને અનુરૂપ થાય તેવા સાથીઓ–પંકજભાઈ, શોભાબહેન, બંકિમભાઈ જેવા અનેક આવી મળ્યાં અને આ બધાએ સેવા રૂરલને જીવન સમર્પિત કરી દીધું. ડાહ્યાભાઈ આનંદપુરાનો અપૂર્વ સાથ પણ મળ્યો. કયારેક તો એવું પણ બન્યું કે અપરિણીત કાર્યકર સેવાને ધ્યાનમાં ।ખીને જીવનસાથી પસંદ કરતાં.

સંસ્થા ચલાવતા હોઈએ ત્યારે અનેક બાંધછોડ કરવી પડે. અમુક લોકોને મહત્વ આપવું પડે. રાજકીય લોકોને સન્માન આપવું પડે. નિયમોમાં જતું કરવું પડે. આ વાતો અનિલભાઈ, લતાબહેન અને તેમની ટીમે કયારેય નથી કરી. સંસ્થાની પ્રવૃતિઓમાં રાજકીય નેતાઓ ભાગ્યે જ આવ્યા છે. કોઈ દિવસ લાંચ આપી નથી. કોઈને વીઆઈપી ટ્રીટમેન્ટ આપી નથી. તબીબી નીતિ વિરૂધ્ધ કહેવાય એવું એક પણ કામ નથી કર્યુ.

દવાખાનું શરૂ કર્યાનાં પાંચ વર્ષ પછી ટેકનિકલ શિક્ષણનો વિભાગ પણ શરૂ કર્યો. દવાખાનામાં પણ ધીમે ધીમે નવા નવા વિભાગો શરૂ થયા અને વિકાસ પામ્યા. ૧૯૮૮માં આંખની હોસ્પિટલની સ્થાપના પણ કરી. માત્ર દવાખાનાનો જે વિકાસ થયો તેની જ વાત કરીએ તો તેની માહિતી ચાર તબકકામાં જોઈ શકાય.

| **વર્ષ** | **અંદરના દર્દીઓ** | **બહારના દર્દીઓ** | **પ્રસૂતિ** | **શસ્ત્રક્રિયા** |
|---|---|---|---|---|
| ૧૯૮૦–૮૧ | ૧૫૫૨ | ૧૩૩૦૦ | ૨૦૭ | ૫૪૩ |
| ૧૯૯૧–૯૨ | ૪૭૧૬૪ | ૪૮૫૪૬ | ૫૦૬ | ૩૨૫૭ |
| ૨૦૦૪–૦૫ | ૮૬૧૮ | ૬૩૬૨૭ | ૧૦૪૩ | ૭૨૩૪ |
| ૨૦૧૪–૧૫ | ૧૬૧૩૦ | ૮૭૮૮૩ | ૩૬૬૪ | ૬૬૯૩ |
| ૨૦૧૭–૧૮ | ૨૧૨૪૯ | ૧૫૮૪૬૫ | ૬૦૬૮ | ૬૭૨૨ |

સેવા રૂરલની કામગીરીને પરિણામે આ વિસ્તારમાં ૨૦૦૨માં માતા મૃત્યુ આંક ૫૪૪ હતો જે ઘટીને ૨૦૧૪–૧૫માં ૬૪ પહોંચી ગયો. તેવી જ રીતે બાળમૃત્યુ આંક જે ૨૦૦૩ માં ૪૨ હતો તે ઘટીને ૨૦૧૪–૧૫માં ૨૫ થઈ ગયો. આજે ૩૯ વર્ષની સફર બાદ સેવા રૂરલ હૉસ્પિટલ એક પૂર્ણ કક્ષાની હૉસ્પિટલ બની ચુકી છે. આજે અહી ૨૦૦ પથારીની હૉસ્પિટલ, આંખ, ગાયનેક, મેડિસીન, બાળ વગેરે અને સ્પેશિયાલીટીના વોર્ડસ, કાયમી અને પૂર્ણ કક્ષાના ૨૦ તબીબો અને ૧૦ મુલાકાતી તબીબો, વાર્ષિક દોઢ લાખ બહારના દર્દીઓ ૧૦૦૦૦ અંદરના દર્દીઓ, ૨૪ કલાક એનેસ્થેસીયા સગવડ, દર્દીઓ માટે મફત ભોજન, દર્દીઓનાં સગાં માટે રાહત દરે ધર્મશાળા અને ભોજન, બહેનો – બાળકો અને વૃધ્ધોનું વિશેષ ધ્યાન, તમામ આધુનિક ઉપકરણો, સસ્તી દવા, સાવ સસ્તી એમ્બ્યુલન્સ સેવા, જરૂરતમંદ દર્દીઓને સાવ મફત સારવાર (અને આવા દર્દીઓ આ વિસ્તારમાં વિશેષ હોય છે) વગેરે સગવડો ધરાવતી આ હૉસ્પિટલ માનવીય સેવાનું એક આદર્શ ઉદાહરણ છે.

અનિલભાઈ અને લતાબહેને એક સ્વપ્ન જોયું હતું કે પછાત વિસ્તારમાં માત્ર દવાથી જ સ્વાસ્થય નહી સુધરે. મૂળ સવાલ ગરીબી અને પછાતપણાનો છે. આથી સેવા રૂરલ અનેક આનુષંગિક પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો ચલાવે છે. સર્વ પ્રથમ તો અહીંનું વિવેકાનંદ ગ્રામીણ તકનીકી કેન્દ્ર છે, જેમાંથી તાલીમ પામેલા યુવાનોને અંકલેશ્વર અને પાનોલી ઔધોગિક વસાહતોમાં જ નોકરી મળી જાય છે. આ યુવાનોમાં ૭૦–૮૦% આદિવાસી યુવાનો હોય છે. ટેકનીકલ શિક્ષણ સાથે અહી ટયુટોરિયલ વર્ગો પણ શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા ચાલે છે. આ સોસાયટી બહેનો માટે મહિલા વિકાસના કાર્યક્રમો પણ

ચલાવે છે. આ બહેનો પાપડ, ગારમેન્ટ વગેરે વસ્તુઓનાં ઉત્પાદન થકી કમાણી કરે છે. એક સમયે અહીં સામાજિક વનીકરણનો કાર્યક્રમ પણ ચલાવવામાં આવ્યો હતો. અહી આંખની અલગ હોસ્પિટલ ચાલે છે, જેમાં અંધજનોના પુનર્વસનનું કામ પણ ચાલે છે. આ સંસ્થામાં નર્સિંગ તાલીમની સંસ્થા પણ ચાલે છે. અહી સ્વાસ્થ્ય માટે ગૃહ મુલાકાત કાર્યક્રમ પણ ચાલે છે, જેમાં સંસ્થાના કાર્યકરો લોકોની મુલાકાત તેમના ઘેર લે છે.

સેવા રૂરલ દ્વારા ટીબી અને સિકલસેલ એનિમિયાના કાર્યક્રમોનો અમલ પણ કરવામાં આવે છે. સંસ્થામાં સતત કોઈ ને કોઈ તાલીમ કાર્યક્રમો ચાલતા હોય છે. આ વિવિધ કાર્યક્રમો માટે યુનિસેફ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન વગેરે પાસેથી પ્રકલ્પો લેવામાં આવે છે. આ પ્રકલ્પો માટે જે અનુદાન મળે છે તેમાંથી કાર્યક્રમો ચાલે છે. આ અનુદાન મળે છે તો પણ ૩૦૦ થી વધુ કાર્યકરોનું આ વટવૃક્ષ ટકાવી રાખવા માટે વર્ષે ઓછામાં ઓછો ૧૫ કરોડનો ખર્ચ આવે છે. આમ હોવાથી અનિલભાઈ અને તેમના મિત્રો તથા સેવા રૂરલના ટ્રસ્ટીઓ દેશ–વિદેશથી સતત રીતે મદદ મેળવે છે.

સંસ્થાનું મેનેજમેન્ટ એક આધ્યાત્મિક દષ્ટિકોણથી આલે છે. અનિલભાઈ અને લતાબહેનનો આ આગ્રહ હતો. તેઓ કહેતાં કે જનસેવા એ જ પ્રભુસેવા છે. અમે તો ઈશ્વરના દાસ છીએ. સંસ્થામાં સર્વ ધર્મ મંદિર છે. રોજ પ્રાર્થના થાય છે. આધ્યાત્મિક કાર્યક્રમોની ઉજવણી થાય છે. આધ્યાત્મિક શિબિરો પણ યોજાય છે. દર પંદર દિવસે કાર્યકરો મળીને ચર્ચા કરે છે, જેમાં દરેક કાર્યકરને પોતાની વાત કહેવાની તક મળી રહે છે. જયારે કોઈને ભેટ આપવાની હોય ત્યારે આધ્યાત્મિક પુસ્તકો અપાય છે. અનિલભાઈ કાર્યકરોને ત્રણ બાબતો ખાસ કહેતા, (૧) તંત્ર વધારશો નહિ, (૨) તત્વ ચૂકશો નહિ અને (૩) સમતા ખોશો નહિ.

સન ૨૦૦૩ માં મેં સેવા રૂરલનું મૂલ્યાંકન કર્યુ ત્યારે અનિલભાઈ સાથેની વાતમાં તેમણે કહ્યું હતું, “અહી બેઠા છીએ, પણ જે પરિવર્તનની અપેક્ષા રાખતા હતાં તેમાંનું બહુ કામ થયું નથી”. તેમણે કહ્યું હતું કે રોજીરોટી, મકાન, જમીન અને ખેતીનાં કામો બહુ નથી થઈ શકયાં. આવી નિખાલસ વાણી મેંવેડછી આશ્રમના જુગતરામ દવેના મુખે પણ સાંભળી હતી. અનિલભાઈ માટે સ્વાસ્થય કર્મ વ્યાપક સામાજિક, આર્થિક પરિવર્તન માટેનું પ્રવેશદ્વાર હતું આથી જ તેઓએ સન ૨૦૩૦ માટેનો એક નકશો પણ બનાવ્યો હતો. તેમને પરિવર્તનના વધુ વાહકો જરૂરી લાગતા હતા. આ નકશામાં એક ગરીબી ઉપયોગી સંશોધન કેન્દ્ર સ્થાપવાની, પરિવર્તન લાવવા માટે સંવેદનશીલ યુવાનોને સામેલ કરવા, છેવાડાના માણસ સુધી પહોંચવું, રચનાત્મક અને આધ્યાત્મિક અભિગમ ટકાવી રાખવો, મેનેજમેન્ટની કાર્યદક્ષતા વધારવી અને સંસ્થાના વધતા જતાં કદ સામે મૂલ્યોની જાળવણી કરાવવી વગેરે બાબતો છે.

આવડી મોટી સંસ્થા લઈને બેઠા હોય એટલે સમસ્યાઓ તો ઊભી થવાની જ. આ સમસ્યાઓ તબીબી સ્વરૂપની, મેનેજરિયલ સ્વરૂપની, માનવ સંબંધો સ્વરૂપની કે સરકાર સાથેના સંબંધોની હોઈ શકે. અનિલભાઈ આ સમસ્યાઓના અસ્તિત્વને નકારી કાઢતા નહી. પરંતુ વ્યાપક મૂલ્યોમાં બાંધછોડ કર્યા વિના ઉકેલો શોધી કાઢતા.

આવા અનિલભાઈને અને તેમની સંસ્થાને અનેક સન્માનો અને પારિતોષિકો સ્વાભાવિક રીતે જ મળ્યાં છે. તેમ છતાં અનિલભાઈના મોં પર કદી આછકલાઈ નથી જોઈ. અનિલભાઈએ જીવનનાં છેલ્લાં વર્ષોમાં અનેક બીમારીઓ જોઈ. ૧૯૮૫ માં તેમને કેન્સર થયું હતું, સન ૨૦૦૪ માં તેમને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો, પછી બ્રેઈન હેમરેજ થયું હતું. સન ૨૦૧૬ માં તેમની કિડની કામ કરતી બંધ થઈ ગઈ અને સતત ડાયાલીસીસ કરાવતા રહેવું પડયું. ૨૦૧૮માં કમરે દુખાવો થતાં એન્ટિબાયોટીકની અસર હેઠળ તેમણે સાંભળવાની ક્ષમતા ગુમાવી દીધી. આ બધી તકલીફો હોવા છતાં તેમણે પોતાનો આંતરિક આનંદ અને ઉત્સાહ ઓછો થવા નહોતો દીધો. ગયા માર્ચ મહિનામાં તેઓની એક શસ્ત્રક્રિયા થઈ હતી. ત્યારે એમણે ભાખ્યું હતું કે એક મહિનામાં તેઓ દેહ છોડો દેશે. તેમણે ૧૬ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ વહેલી રાત્રે ૧૦.૨૦ કલાકે દેહત્યાગ કર્યો.

જયારે કોઈ પ્રચંડ વ્યકિતત્વ ધરાવતી વ્યકિતની ક્ષમતાઓ કે આકાંક્ષાઓ તેના દેહમાં ન સમાય ત્યારે તે સંસ્થારૂપે વિસ્તરે છે. આવી સંસ્થાઓ તે વ્યકિતના પડછાયા રૂપ હોય છે અને તે વ્યકિત જતાં તે સંસ્થામાંથી જાણે પ્રાણ જતો રહયો હોય એ રીતે આવી સંસ્થાઓ ચાલે છે. આ પ્રકારની ચર્ચાઓ મારે અનિલભાઈ, આણંદપુરા અને અનિલ ભટ્ટ સાથે અગાઉ થઈ હતી. અનિલભાઈનું વ્યકિતત્વ ભલે પ્રચંડ હતું, પરંતુ તેમણે સંસ્થાના દરેક સાથીદારોને પૂરતા તૈયાર કર્યા છે અને સંસ્થાનું ચારિત્ર્ય (નાનાભાઈ ભટ્ટના શબ્દો) અખંડિત છે. તેથી અનિલભાઈ અને સાથીદારોએ ૨૦૩૦ માટે જે દર્શન તૈયાર કર્યુ છે તે પથ પર સંસ્થા ચાલતી રહેશે એવો મને માત્ર વિશ્વાસ જ નથી, હું અનિલભાઈ–લતાબહેનના સાથીદારોને ઓળખુંય છું તેથી ખાતરી છે.

**(લેખક – વિદ્યુત જોષી**
**'નવનીત સર્મપણ' જૂન–૨૦૧૯માંથી સાભાર)**

◈

## ૫૩. 'બી ગુડ' ડુ ગુડ'

**(લેખક : ઈન્દુકુમાર જાની 'નયામાર્ગ' મે ૨૦૧૯)**

“ગાંધી અને વિવેકાનંદના આદર્શોથી દોરાયેલા ઝઘડિયા પંથકના ગામોમાં આરોગ્ય અને રોજગારીનું છેલ્લાં ૩૫ વર્ષથી કશા દેખાડા કે પ્રદર્શન વિના સાદગીપુર્વક અને નૈતિક મૂલ્યો જાળવીને 'સેવા રૂરલ' જે કામ કરી રહી છે તે વિશિષ્ટપણે સરાહનીય છે...”

ડીસે.'૨૦૧૫માં સેવા રૂરલના ૩૫માં વાર્ષિકોત્સવ વેળા આ સંસ્થાની સેવાયાત્રાનું નિરૂપણ કરતું પુસ્તક 'ધન્યતાની કેડીએ...એકબીજાને સથવારે' પ્રગટ થયેલુ. તેમાં ઈલાબહેન ર. ભટ્ટે ઉપરોકત શબ્દોમાં સેવાકાંક્ષીની સાર્થકતા વ્યકત કરી છે.

'સેવા રૂરલ'ના સ્થાપકો પૈકી એક ડૉ. અનિલભાઈ દેસાઈનું તા. ૧૬મી એપ્રિલે દુઃખદ અવસાન થયું. ભારે ખોટ પડી છે, પરંતુ સંસ્થાનું કામ 'ટીમવર્ક' થકી અને સાચા અર્થમાં પરિવાર ભાવનાથી ચાલે છે એટલે વિક્ષેપો નહીં નડે. ગાંધીજી, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના આધ્યાત્મિક મૂલ્યોને વરેલી આ સંસ્થાએ, વિવેકાનંદજીની શીખ હૃદયસ્થ કરી છેઃ એવું તંત્ર ગોઠવો કે, કોઈ એક વ્યકિતને આધારે નહિં પણ વ્યવસ્થાને આધારે

આપમેળે ચાલ્યા જ કરે....'

'સેવા રૂરલ'ના સ્થાપકો અનિલભાઈ, દિલીપભાઈ, અરવિંદભાઈ દેસાઈ સાથે ભણતા. આ મિત્રો પહેલેથી ખૂબ જ ભાવનાશાળી. ભારત પાછા ફરીને ગરીબો માટે આરોગ્યલક્ષી પ્રવૃત્તિ શરૂ કરવાનું સ્વપ્ન સેવતા હતા જે સાકાર થયું છે. ૧૯૮૦માં અમેરિકા છોડયું. આદિવાસી વિસ્તાર ઝગડિયામાં પ્રવૃત્તિ શરૂ કરી. અહીં ૧૯૫૩થી કસ્તુરબા પ્રસુતિગૃહ ચાલતું હતું. ટ્રસ્ટીઓએ જગ્યા 'લીઝ' પર આપી. કામ ધમધમતું શરૂ થઈ ગયું. અહી લાખોની સંખ્યામાં ઓપીડીનો તેમ જ હજારોની સંખ્યામાં ઓપરેશનોનો લાભ ગરીબોને મળ્યો છે. સરેરાશ જન્મદર અને મૃત્યુદર ઘટયો છે. નેત્રરક્ષા કાર્યક્રમ હેઠળ નેત્રમણિ આરોપણથી લઈને અંધજનોનું પુનવર્સન થયું છે. રાજય સરકારના આરોગ્ય વિભાગ સાથે સંકલન સાધીને કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ ચલાવ્યો તે અભૂતપૂર્વ પ્રવૃત્તિ ! યુવકોને રોજગારલક્ષી તાલીમ આપી કમાતા કર્યા છે. મહીલાઓને પણ વિશાળ પ્રમાણમાં રોજી અપાઈ છે. મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. લતાબહેન કહે છે : અમે જે મૂલ્યો સાથે પ્રવૃત્તિ આરંભી છે એમાં કયારેય બાંધછોડ નથી કરી. પક્ષીય રાજકારણથી દૂર રહ્યાં છીએ. સરકાર કે ઉધોગપતિ સાથે કામ ન જ થાય એવું અમે માનતાં નથી. આરંભે માત્ર આરોગ્યનાં જ કામ કરવા ધારેલાં. જરૂર લાગી એમ પ્રવૃત્તિ વિસ્તારતાં ગયાં. અમે તો માનીએ છીએ કે 'બી ગુડ–ડુ ગુડ.' જયાં છીએ ત્યાંથી એક ડગલું આગળ વધીએ.

એ અધ્યાત્મ માર્ગના યાત્રીને નતમસ્તક સ્મરણાંજલી.

◈

## ૫૪. શાશ્વત મૂલ્યોના જયોતિર્ધર અનિલભાઈ દેસાઈ

**(લેખક : ભીખુભાઈ વ્યાસ, નયામાર્ગ મે'૨૦૧૯ )**

અનિલભાઈને પહેલીવાર આશરે ચાર દાયકા પૂર્વે દિનકર સંગાથે વાલોડમાં મળ્યાનું ઝાંખું સ્મરણ છે. ભવિષ્યમાં જેણે આકાર પકડયો તે એમના (અને સાથીઓના) સોણલા સાંભળી અંજાઈ ગયેલો. પછી સમાગમ વધતો ગયો ત્યારે સમજાયું કે આ નોખી માટીના માનવી લાગે છે. આ પ્રથમ દષ્ટીનો પ્રેમ હતો. ત્યારે એમની પાસે ભાવિનો નકશો તો હતો, પણ કાર્યક્ષેત્ર નિશ્ચિત નહોતું. પહેલા–પહેલ ભાઈ દિનકર હાંસોટ જઈને વસ્યા. અનિલભાઈ અને મિત્રોના આંટા તે તરફ વધતા ગયા. દિશા પકડાતી ગઈ. મોટર સાયકલ પાછળ ટીંગાઈ અનિલભાઈ (વારાફરતી) અને બીજા મિત્રોની અણવિકસિત ગરીબ પ્રદેશની ખોજ માટે રખડપટ્ટી ત્યાંથી શરૂ થઈ. આખરે ઝઘડિયાને શોધી સૌ જંપ્યા. હીરાપારખુ શ્રેષ્ઠી અને સેવાના રંગે રંગાયેલા ઝઘડિયાના સ્વ. પ્રિયવદનભાઈ શાહનો જબરદસ્ત સથવારો મળી ગયો. ત્યાં ચાલતું કસ્તુરબા પ્રસૂતીગૃહ અનિલભાઈની ટોળીને સોંપાયું. 'સેવા રૂરલ' ના નામે તેણે નવો આકાર ધારણ કર્યો.

આ સુશીક્ષિત યુવાનો પાસે ભાવનાની મહેક હતી, પણ તે સિવાય ભૌતિક રીતે જોઈએ તો માત્ર થોડી બચત. તે બધી સેવા રૂરલના યજ્ઞમાં હોમી દીધી. સદ્‌ભાગ્યે એક ભગિની સંસ્થાની સહાય અણીના વખતે મળી ગઈ. પરિણામે એક નાનકડા ટેકામાંથી આખું વટવૃક્ષ પલ્લવિત થતું ગયું. તેની રોમાંચક કથા સર્વવીદિત છે.

મને સૌથી પ્રભાવિત કરી ગઈ અનિલભાઈની અનન્ય મૂલ્યનીષ્ઠા, તેમાંય છેલ્લા માણસને ખપમાં આવવા માટેની એમની તાલાવેલી. સ્વામી વિવેકાનંદે જેમનું દરિદ્રનારાયણ નામાભિધાન કર્યું તે ખરે જ અનિલભાઈનો અને સેવા રૂરલનો 'દિલ કેરો દેવ' બની ગયો. આ જ મિશન.

યાત્રાની દડમજલ વેગ પકડતી હતી તેવે સમયે અનિલભાઈને કેન્સર થયાના સમાચાર મળ્યા. લાગલા કોકી સંગાથે અમે એમને અમદાવાદની હોસ્પિટલમાં મળવા દોડયા. કોકી ભાંગી પડી. ડગલામાં ડગલું માંડતાં લતાબહેન પણ ઢીલાં પડી ગયા. અનિલભાઈની સ્થિતપ્રજ્ઞ અવસ્થાનું ત્યારે મને દર્શન થયું. કહે, 'હવે તમે મને બોલવા દેશો? જુઓ, તમને કોઈને ખબર નથી કે તમારી પાસે કેટલાં વર્ષ શેષ છે? મને ઠાકુરે ચેતવ્યો છે. મારી પાસે બહુ વર્ષ હવે નથી. આથી કામની મારી ગતિ વધારવી પડશે.' પછીથી એમણે હરણફાળ જ ભરી. 'સેવા રૂરલ'ને જાણે પાંખો આવી.

કેટલું વિધાયક ચિંતન? તે પણ મોતના પડછાયાની વચ્ચોવચ. ક્રમશઃ રોગમાંથી તેઓ સાજા થયા. સારવાર ઉપરાંત એમની આ નિર્લેપ ભૂમીકાનો પણ ફાળો ખરો. પાછળથી બીજા જાતજાતના રોગોએ એમને ગ્રસી લીધા. પણ ગાંઠે તે અનિલભાઈ શેના? એમની અખંડ અધ્યાત્મ યાત્રામાંથી એમણે જબરો સાક્ષીભાવ કેળવ્યો. જાણે માંદગીઓ એમના શરીરમાત્રને થઈ; મનના અગોચર ખૂણા પર, એમના મઘમઘતા ઊર્મિતંત્ર પર એની કોઈ અસર નહીં. મળવા આવનારને જરાય ખબર પડે નહી કે આ ભાઈ અનેક બીમારીઓના શિકાર છે. પાંચેક વર્ષ પર અમારા ધરમપુરના કામની ઉજવણીનો સમારંભ થયો. અનિલભાઈ તે વેળા આવશે તેવી અપેક્ષા નહોતી. એમની માંદગીની (અશકિતની) અમને ખબર, પણ એ તો આવી ચડયા. જીપમાંથી ઉતરતાવેંત કહે, 'દાકતરોની મનાઈ હતી. પણ હું મારા પર કાબુ રાખી શકયો નહીં.' આવી હતી અનિલભાઈની ચેતના.

મૂલ્યનિષ્ઠા જેવી જ સિધ્ધાંત પ્રિયતા. મારી હાજરીમાં બનેલો આ પ્રસંગ ટાંકવાનું મન થાય છે. એક સહૃદયી દાતા એક મોટી રોકડ દાનની ઓફર લઈને આવેલા. ત્યારે 'સેવા રૂરલ'ને નાણાંની ભારે જરૂર પણ અનિલભાઈએ દાન સ્વીકારવાની સાભાર ના પાડી.

'સેવા રૂરલ' ને માન–અકરામનો તોટો નહી. તેવા પ્રસંગે પણ વ્યકિતપૂજા આવી ન જાય તેની તકેદારી. બીજી અને ત્રીજી હરોળની વ્યકિતઓને ઍવોર્ડ લેવા આગળ કરાતા. નેતૃત્વનું આ અનોખું વિકેન્દ્રીકરણ હતું. સાથોસાથ નવી પેઢીના નેતૃત્વની કેળવણી. એક નેતા અને બાકી બધા અનુયાયી એવી શૈલીનો સેવા રૂરલમાં પરહેજ. કેવો અનોખો અનુબંધ? સતત એક જૂથ (ટીમ) રુપે 'સેવા રૂરલ' ફેલાયેલું છે. અરે, સંસ્થાના મોભી અનિલભાઈને જવલ્લે જ વ્યાસપીઠ પર બેઠેલા જોયા છે. એમનું પ્રવચન સાંભળવાનું સ્મરણ નથી. એમણે જાણે નેપથ્યમાં જ રહેવાનું પસંદ કર્યું.

અનિલભાઈએ પૂજા કરી હોય તો એકમાત્ર સત્યની. મહાત્મા ગાંધી પહેલા કહેતાઃ 'ઈશ્વર સત્ય છે' પછી કહ્યું, 'સત્ય જ ઈશ્વર છે.' અનિલભાઈ માટે સત્ય જ સર્વસ્વ હતું. નિવૃત્તિ લીધી હોય કે માંદગીનું નિરંતર ચક્ર ચાલતું હોય, એમની સૂક્ષ્મ નજર આ તત્વ પર ખોવાયેલ રહેતી. અંગત લાભની તો વાત જ ન હોય. સંસ્થાના હિતમાં પણ આ વિશે કોઈ સમાધાન થતું નહી. એ પર એમની નજર સદા

મંડાયેલી રહેતી. આટલો બધો ઘટાટોપ વિસ્તર્યો તેમાં સત્ય અને આદર્શ (મિશનઃ છેલ્લો માનવી) ને ઊણી આંચ નહીં આવે તે બાબતે નિરંતર જાગૃતિ. તેમના ટકોરાબાજ સાથીઓ પણ આ જ ઘાટીમાં કેળવાયા. અવસાનના સમાચાર મળતાં અમે ઝઘડિયા દોડયા. 'સેવા રૂરલ'ના દરવાજેથી પ્રવેશ્યા ત્યારે આ ઘટનાનો કોઈ અણસાર નહીં. જીપ એક તરફ ઊભી રાખી મંદિર તરફ ડગલાં માંડયાં. બધું જ નિત્યની જેમ ચાલતું જોયું. સંસ્થાના મોભી અને મૂલ્યોના જયોતિર્ધર આ ફાની દુનિયા છોડી અનંતની યાત્રાએ નીકળી ગયા છે એવું લગીરે લાગ્યું નહીં. છેક મંદિર પાસે પહોંચ્યા ત્યારે અનિલભાઈના પાર્થીવ દેહની સન્મુખ ગીતાપાઠ થતો સાંભળ્યો. બધા જાણે ધ્યાનસ્થ. આવો સંસ્કાર–વારસો તેઓ મૂકી ગયા. અનિલભાઈને આપણે ઘણું જાણ્યા, પણ એમને તો પામવાના હોય. 'સેવા રૂરલ' સામે અને સૌ સ્નેહી શુભેચ્છકો સામે જો કોઈ પડકાર હોય તો આ છે.

◈

## અબ સોંપ દીયા ઈસ જીવનકા

અબ સોંપ દીયા ઈસ જીવનકા,
સબ ભાર તુમ્હારે હાથો મેં (૨)
હૈ જીત તુમ્હારે હાથો મેં,
ઔર હાર તુમ્હારે હાથો મેં (૨) અબ સોંપ....
મેરા નિશ્ચય બસ એક યહી,
એક બાર તુમ્હેં પા જાઉં મેં
અર્પણ કર દું દુનિયાભરકા,
સબ ભાર તુમ્હારે હાથો મેં (૨) અબ સોંપ....
જો જગ મેં રહું તો એસે રહું,
જયો જલમેં કમલકા ફૂલ રહે
મેરે સબ ગુણ દોષ સમર્પિત હો,
ભગવાન તુમ્હારે હાથો મેં.... (૨) અબ સોંપ...
યદિ માનવ કા મુઝે જન્મ મિલે,
તો તવ ચરણો કા પૂજારી બનું,
ઈસ પૂજક કી એક એક રગકા,
હો તાર તુમ્હારે હાથો મેં (૨) અબ સોંપ
જબ જબ સંસાર કા કેદી બનું
નિષ્કામ ભાવસે કર્મ કરું,
ફિર અંત સમય મેં પ્રાણ તજું,
સાકાર તુમ્હારે હાથો મેં (૨) અબ સોંપ...
મુઝ મેં, તુજ મેં, બસ ભેદ યહી
મૈં નર હું, તુમ નારાયણ હો,
મૈં હું સંસાર કે હાથો મેં
સંસાર તુમ્હારે હાથો મેં (૨) અબ સોંપ..

ભાગ–૩



# અનિલભાઈ પછી શું ?

(અનિલભાઈના અવસાન બાદ સેવા રૂરલના કાર્યકરો વચ્ચે થયેલ ગ્રુપચર્ચાની ઝાંખી)

## અનિલભાઈ પછી શું ?
## સેવા રૂરલના કાર્યકરોનું મનોમંથન

અનિલભાઈની ખોટ સંપૂર્ણ રીતે પૂરી શકાય તે શકય નથી. તેમ છતાં, એક ટીમ, એકબીજાને પૂરક બનીને, વધુ પરિશ્રમ થકી, કદાચ, અનિલભાઈની ખોટ આંશિક રીતે પુરી શકીએ માટે, "અનિલભાઈ પછી શું?" તે પ્રશ્ન આપણા સૌ માટે યોગ્ય અને પ્રસ્તુત છે. વર્ષો જેમની સાથે પસાર કર્યા હોય, જેમના વિચારોએ અને કાર્યોએ સંસ્થાના ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવી હોય એવી વ્યકિત જયારે કાળના પ્રવાહમાં લય પામે ત્યારે મથામણ તો થાય. શું? શા માટે? શી રીતે? શું કરવા? જેવા પ્રશ્નોની વણઝાર ચાલે. એમને ગમ્યું હોત? એવી વિમાસણ પણ જાગે. આ મથામણનો નિચોડ એટલે અમારા આ અંકનો ત્રીજો ખંડ: સ્મરણ પર્વ.

વિગત સ્વજનને સ્મરવા અને એમને ગમતું, એમને ગમ્યું હોત એવું કામ કરવા સજજ થવું એનાથી સાચું સ્મરણ બીજું શું હોઈ શકે? અમે ત્રણ સ્તર પર આ મથામણ આદરી. અનિલભાઈ પાસેથી શું શીખ્યા? જે શીખ્યાં એને હજી વધારે સારી રીતે અમલમાં મૂકવા શું કરવું જોઈએ? અને સહુથી મોટી મથામણ તો એ હતી કે આ બધી વાત અંકમાં લખવી કે નહી? કારણ કે અનિલભાઈ હમેશાં પાછલી હરોળમાં જ બેસતા. એઓ કયારેય મંચ કે આગલી હરોળમાં બેસતાં નહી. તો એમને આ બધું લખાણ પ્રગટ થાય એ ગમશે? પછી થયું કે ભવિષ્યની પેઢી માટે, આવાં સેવાકાર્ય સાથે જોડાવા માંગતી કોઈપણ વ્યકિત કે સંસ્થા માટે પણ આવું દસ્તાવેજીકરણ આવશ્યક છે. આપણું મથવું કયારેક હંફાવનારું પણ નીવડે. છતાં એ લેખિતરૂપમાં જળવાય એ અનિવાર્ય છે, એટલે જ આ ત્રીજો ખંડ અહીં પ્રગટ કર્યો છે.

ડૉ. અનિલભાઈના મૃત્યુ બાદ સંસ્થામાં એક ખાલીપો મહેસૂસ થતો હતો અને થાય છે.

અનિલભાઈનાં જીવનમાંથી આપણે બધાં રોજબરોજના કામમાં શું કરી શકીએ? કેવી રીતે તેમને સાચી શ્રધ્ધાંજલી અર્પણ કરી શકીએ? તે મનોમંથનમાંથી નીચેના વિચારો પ્રકટ થયા.

- સમગ્ર સ્ટાફ પરિવારની ગ્રૂપચર્ચા કરીએ.
- સ્ટાફ મિટિંગમાં અનિલભાઈ તમારે મન પર જેને જે લખવું હોય એ લખે.
- વિભાગીય કો–ઓર્ડીનેટરની મિટિંગમાં તેની ચર્ચા કરીએ.
- કોરગૃપમાં તેની ચર્ચા કરીએ.
  અહી દરેક વાકય લખવું અશકય છે, પણ ઉપરોકત મનોમંથનમાંથી અમૃતરૂપી સાર લખીરહ્યા છીએ.
- **તા. ૪ મે'૨૦૧૯ ના રોજ** કુલ ૧૦ ગ્રુપ બનાવવામાં આવ્યાં હતાં. સમગ્ર સ્ટાફનું તેમાં યોગદાન રહેલું હતું.

☛ **મુખ્યત્વે બે પ્રશ્નો પર ચર્ચા થયેલી:**
- ○ અનિલભાઈના જીવનમાંથી સંસ્થાને આગળ વધારવા આપણે શું શું ધ્યાન રાખીશું? શું કરીશું? શું નહી કરીએ?
- ○ મારા વ્યકિતગત / કૌટુંબિક જીવનમાં અનિલભાઈનું પ્રદાન તેને હજુ કેવી રીતે આગળ લઈ જઈશું?

**પૂ. અનિલભાઈના જીવનમાંથી સેવા રૂરલ સંસ્થાને આગળ વધારવા આપણે બધાં શું દયાન રાખીશું? શું કરીશું?**

- ગરીબ દર્દીને કેન્દ્રમાં રાખીને જ કામ કરવું.

- સર્વધર્મ સમભાવ
- નાત–જાત, ઊંચનીચના ભેદભાવ રહિત કામ
- પરિવાર ભાવના, બધાંને સાથે લઈને કામ કરીશું.
- ટીમવર્કમાં કામ કરીશું.
- ઉદાહરણરૂપ બનીને બીજા કાર્યકરોને પ્રોત્સાહન આપીશું.
- સંસ્થાના વહીવટ અને વ્યકિતગત જીવનમાં પારદર્શિતા
- સાચું બોલવામાં/કહેવામાં સંકોચ નહી રાખીએ.
- ગરીબ દર્દી, સ્વવિકાસ અને મૂલ્ય આધારિત કામને ધ્યાનમાં રાખીને કામ કરીશું.
- આપણને સોંપવામાં આવેલ કામ પૂરી નિષ્ઠાપૂર્વક કરીશું.
- બધામાં દરિદ્રનારાયણનાં દર્શન કરીશું.
- કામમાં કે સંસ્થામાં થતાં પરિવર્તનને સહજતાથી સ્વીકારીશું.
- બીજા માટે જગ્યા કરી આપીશું.
- નવું શીખવાની તૈયારી રાખીશું.
- મતભેદ,મનભેદમાં ના પરિણામે થાય તેનું ધ્યાન રાખીશું.
- બિનરાજકીય રહીશું.
- વ્યકિત પૂજા નહિ પણ ટીમવર્કને પ્રાધાન્ય આપીશું.
- ચારિત્ર્ય જાળવીશું.
- વાણી–વર્તનની શુદ્ધિનો આગ્રહ
- ભૂલનો સ્વીકાર કરીશું.
- બહેનોનું સન્માન કરીશું.
- રહેણી–કરણી, જીવનમાં સાદગી રાખીશું.
- અંગત જરૂરિયાત માટે સંસ્થાનો કે તેની મિલ્કતનો ઉપયોગ નહી કરીએ.
- વહાલાં – દવલાં ન કરતાં, તટસ્થ રહીશું.
- આપણું લખાણ મજબુત બનાવીશું.
- કોઈપણ કામ વ્યકિત આધારિત ન કરતાં, વ્યવસ્થા આધારિત કરવું.
- કોઈપણ પરિસ્થિતિનો હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ પડકાર ઝીલવો જોઈએ, ઝઝૂમવું જોઈએ.
- વારંવાર ભૂલી ના જવાય તેનું ધ્યાન રાખવું.
- સામૂહિક નિર્ણય – બધાને સાથે રાખીશું.
- કાર્યકરોને સ્વતંત્રતા
- જો લીડર બનવું હોય તો અનિલભાઈ જેવા લીડર બનવું.
- કાર્યકરોના સ્વવિકાસ પર પૂરતું ધ્યાન આપીશું, પ્રોત્સાહિત કરીશું.
- સંસ્થાના મિશન અને ધ્યેયને સતત વાગોળતા રહીશું.
- ઈશ્વરમાં અખુટ શ્રધ્ધા રાખતાં શીખીશું.

**શું નહી કરીએ ?**

- સંસ્થાનું અહિત થાય તેવું કોઈપણ કાર્ય નહી કરીએ.
- રાજકારણમાં નહી પડીએ.
- મૂલ્યોમાં બાંધછોડ નહી કરીએ.
- ભેદભાવ ન કરવો જોઈએ.
- ખોટો દંભ કે અભિમાન ન કરવું.
- પડકારો સામે હારી જવું નહી.

**મારા વ્યકિતગત જીવનમાં / કૌટુંબિક જીવનમાં અનિલભાઈએ શું પ્રદાન આપ્યું ? તેને હવે કેવી રીતે આગળ લઈ જઈશું ?**

- કુટુંબને સધ્ધર કરવા પતિ–પત્નિ કામ કરી શકે તો બંનેને કામ પર રાખ્યા.
- બાળકોનાં અભ્યાસમાં મદદ કરી.
- ઘરના પ્રશ્નો,કામના પ્રશ્નો શાંતિથી સાંભળતા અને જરૂર પડે કયારે આર્થિક અને નૈતિક રીતે (સાચી સલાહ આપીને) મદદ કરતાં, પ્રોત્સાહન પુરું પાડતાં.

- કાર્યકરોનાં પોતાના ઘર બનાવવા માટે સીધી કે આડકતરી મદદ કરી.
- કાર્યકરોના આધ્યાત્મિક વિકાસ, સ્વવિકાસમાં અંગત રસ લેતા.
- કાર્યકરોનાં બાળકોની હંમેશા ચિંતા કરતા.
- હોસ્પિટલમાં કામ કરતી નર્સ બહેનોને દીકરીનું વહાલું ઉપનામ આપીને જ સંબોધતા, આદર આપતા.
- બધાંની રસરુચિ પ્રમાણે પ્રોત્સાહિત કરતા.
- પરિવારનાં તમામ સુખ–દુઃખના પ્રસંગોમાં અચૂક હાજરી.
- સંસ્થાનાં વડાની જગ્યાએ કુટુંબના વડા તરીકેનો ભાવ.
- કાર્યકરોની નાની–નાની વાતોનું ધ્યાન રાખતા.
- ઘરે તેમને મળવા જઈએ તો જાતે જ ફ્રીજમાંથી ઠંડુ પાણી, ચોકલેટ લઈને પ્રેમથી આપતા.

**તેમના વ્યકિતગત જીવનમાંથી શું શીખવું જોઈએ ?**

- સત્યને પકડી રાખો તો તેથી તમારી ચોકકસ જીત થશે અને ભગવાન તમારી સાથે જ છે.
- તકલીફો વચ્ચે આનંદમાં કેમ જીવવું તે શીખીશું.
- સવાર – સાંજ બે વાર પ્રાર્થના કરીશું.
- સ્પષ્ટ અને કડવું હોય છતાં તેને કેવી સારી રીતે કહેવું તે શીખવાનો પ્રયત્ન કરીશું.
- તેમના જેવું "મધુર દામ્પત્યજીવન" જીવવાનો પ્રયત્ન કરીશું.
- ચારિત્ર્યશીલતાની શરૂઆત આપણાથી જ કરવી.
- કાર્યકરોનાં સારા–નરસા પ્રસંગોમાં હાજરી આપીશું.
- પોતાનું કામ પોતાની જાતે જ કરીશું.
- સહન કરતાં શીખીશું.
- સારું વાંચન કરીશું.
- સમયનો સદ્‌ઉપયોગ કરતાં શીખીશું.

**"અનિલભાઈ અમારે મન" સ્ટાફના પ્રતિભાવો :**

**નર્સ બહેનો :**

- હંમેશા બીજા માટે વિચારવું, બધું જ મારું હોય તે ભાવનાથી વિચારવું.
- અમને દીકરી તૂલ્ય ગણીને અમારું જીવન સાર્થક કર્યુ.
- સર્વધર્મ સમભાવ ખૂબ ગમતો.
- ગરીબો માટેનું કામ.
- આજે અમે જે કંઈ પણ છીએ તે એમના થકી જ છીએ.
- અમારું જ નહીં, પણ અમારા પરિવારનું પણ ખૂબ ધ્યાન રાખતા.
- તેમનાં પ્રોત્સાહનથી જ નર્સિંગનો અભ્યાસ પૂરો કર્યો.
- મારી જેવી કેટલી બધી છોકરીઓને સ્વમાનભેર જીવતા કરી.
- સારા સંસ્કારોનું સિંચન કર્યું છે જે આજે દરેક કાર્યકરના વર્તનમાં દેખાય છે.
- ઘણી બધી હુંફ મળી છે.
- નિયમિત પ્રાર્થના કરવાની પ્રેરણા મળી.
- વિકટ પરિસ્થિતિમાં પણ તટસ્થ રહેવાની પ્રેરણા મળી.
- ઉંમર ગમે તેટલી હોય પણ સ્ફુર્તિભર્યુ જીવન જીવવાની પ્રેરણા મળી.
- બિમારીમાં પણ પોતાને મજબૂત રાખતાં શીખી.
- જીવન જીવવા કરતાં માણતાં રહેવું તે હંમેશાં ધ્યાનમાં લઈ જીવીશ.
- તેમની જેમ ગરીબ દર્દીઓ સાથે પ્રેમભાવથી કામ કરતાં શીખી.

- ગયા જનમનાં સંબંધો હશે એટલે જ આપણે બધાં ભેગાં થઈને આ સેવાનું કામ કરીએ છીએ તે સ્પર્શી ગયું.

**સફાઈ કાર્યકરો / પટાવાળા ભાઈઓ / ચોકીદાર / ડ્રાઈવરોના પ્રતિભાવો :**

- આટલી ધીકતી કમાણી છોડીને અહી આવીને એમણે ધૂણી ધખાવી અને અન્ય કુટુંબોને પણ સામેલ કર્યા.
- અમારા જેવા નાના માણસને પણ ખૂબ પ્રેમથી બોલાવતા, વાતો કરતા, ચિંતા કરતા, બધા માટે સારું જ વિચારે
- એકવાર કેસબારી પર સાહેબે ખભે હાથ મૂકીને સારા કામની શાબાશી આપી હતી ત્યારથી વધારે સારું કામ કરવાની ધગશ વધી.
- અનિલ દાદા માત્ર પુસ્તકો વાંચતા નહી પણ જીવનમાં ઉતારતાં.
- મૂલ્યોની જાળવણી માટે પોતે કુરબાન થઈ જવાની તૈયારી રાખતા.
- આ મહાન વ્યકિતના બગીચાનું ફૂલ બનીને હું પણ મારા પરિવારમાં ત્યાગ–બલિદાન – સચ્ચાઈની સુગંધ ફેલાવાનો પ્રયત્ન કરીશ.
- એમના દ્વારા પ્રેરણા મળી કે જેઓ બીજા માટે જીવે છે તે જ ખરેખર જીવે છે.
- અમારા માટે સારું કામ કરીને ગયા.
- આપણે જે ધારીએ તે કરી શકીએ.
- પોતાની ઝળહળતી કારકીર્દી છોડીને ગરીબો, વંચિતો માટે અત્યંત પછાત વિસ્તારમાં આવી "સેવાયજ્ઞ" કાર્ય કોઈ "પાગલ" માણસ જ કરી શકે.
- એમના માટે નીચેની ઉકિત ખરેખર સાર્થક છે. "મે અકેલા હી ચલા થા જાનીબે મંઝીલ, મગર લોગ મિલતે ગયે, કારવૉ બનતાં ગયા".
- પ્રેમભર્યા વર્તનથી અમારામાં હિંમત અને ઉત્સાહમાં વધારો થતો જતો.
- દાદામાં માણસની આવડતને ઓળખવાની કળા હતી.
- એમણે એક બીજ એવું રોપ્યું કે આજે જેના સાંનિધ્યે નીચે આપણે સૌ ભેગા બેઠા છીએ. તેમણે વિશાળ વટવૃક્ષ ઉભું કર્યુ છે "I MISS YOU, SIR".
- દાદા એક સંસારી સંત હતા, આ જમાનામાં આવી રીતે સેવાનું કામ કરવું ખૂબ કઠીન છે.
- દાદાનું એક વાકય મને ખૂબ યાદ આવે છે "આપણે જીવન એવું જીવવું જોઈએ કે કોઈ યાદ કરે, એવું ન જીવવું જોઈએ કે કોઈ આપણે ના હોઈએ તો ફરિયાદ કરે".
- ધન્ય ધન્ય ધરા ગુજરાતની, ધન્ય ધન્ય ઝઘડીયા ગામ, ધન્ય ધન્ય ડો. અનિલભાઈ ને જેમણે સ્થાપ્યું સેવા રૂરલ ધામ.

**અન્ય કાર્યકર મિત્રોના પ્રતિભાવો :**

- પિતાતુલ્ય પ્રેમ આપ્યો.
- પ્રશ્ન લઈને જઈએ તો સમજાવવાની કુનેહ – પ્રેમાળ સ્વભાવ
- સ્ટાફ પરિવારની દિકરીઓ માટે વિશેષ ચિંતા
- પ્રશ્ન કે મુશ્કેલી હોય તો તેમને મળવાથી ભાર હળવો થઈ જતો.
- કોઈપણ કામને યાદ રાખવા માટે નોંધ ટપકાવવાની ટેવ
- ગુસ્સો આવે તો શું કરવું તે માટેની તેમની રીત.
- દિવસમાં એક વખત પણ તેમનું 'સ્માઈલ' મળે તો દિવસ ધન્ય થઈ જાય.
- આપણા કામમાં થનગનાટ અને ઉત્સાહ વધારવાની વાત કરેલી જે મને વધુ ગમી.
- I could not work with you personally but I could feel you everywhere while working through the discipline, sincerity, humbleness, hard work, promptness and many more values.

- જરૂરિયાત પૂરતું ખરીદવું, ન જરૂરની કોઈ પણ ચીજ આપણી પાસે હોય તો જરૂરિયાતમંદને આપવી.
- બોલતાં પહેલા થોડું થોભીને બોલવું.
- ગુસ્સો આવવો સ્વાભાવિક છે, ત્યારે વ્યકિત પર નહી, કારણ પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- પરિવાર સાથે પ્રાર્થના કરવા બેસવું.
- અનિલાદાદાની નાનામાં નાના વ્યકિત માટે જે લાગણી અને ભાવના હતી એ મારા જીવનમાં લાવવાનો પ્રયત્ન કરીશ.
- પ્રાર્થનામાં જોડાવા માટે સતત પ્રયત્નશીલ.
- જાણે કે પોતાના દીકરા–દીકરી હોય તેવી અમારાં બાળકોની ચિંતા કરતાં
- જીવ સેવા દ્વારા ઈશ્વર સેવા માટેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ તેમણે પુરું પાડયું છે તે પ્રમાણે જેટલું શકય છે તેટલું કરવા પ્રયત્ન કરીશું.
- પૂર્ણ સમર્પિત રૂપસે જીના ઔર દુસરો કો પ્રેરીત કરના ઐસા કુછ હી લોગ કર શકતે હૈ. અનિલભાઈ ઉનમે સે એક થે.
- કપરા સંજોગોમાં કેવી રીતે બહાર નીકળવું.
- દુઃખમાં ભગવાન આપણને મદદ કરે છે, એ એમની પાસેથી શીખવાનું મળ્યું.
- ઈન્સાન જન્મ સે મહાન નહી હોતા, કર્મ સે મહાન હોતા હૈ, ઈસી તરહ અનિલભાઈને ઉનકી સારી જીંદગી મે ગરીબ કી સેવા કે લીયે કર્મ કીયે તો મહાન હો ગયે.
- પ્રેમ, આદર, વિશ્વાસ દરેકમાં રાખો, જેથી આપોઆપ નકકી કરેલા કામો થઈ જશે એવું કાયમ કહેતા.
- જેવું તમે કરશો તેનું તમારા બાળકો અનુકરણ કરશે.
- કયારેય પોતાના માટે નથી વિચાર્યુ, સતત ગરીબો ની જ ચિંતા કરી છે.
- દરેક વ્યકિતને સાથે લઈને નિર્ણય લેવાની આવડત અદ્‌ભૂત હતી.
- હું મારી જીંદગીના છેલ્લા દિવસો સુધી અનિલ દાદાના કીધેલા માર્ગ પર ચાલવાનો પ્રયત્ન કરીશ.
- કોઈ પ્રોબ્લેમનો હસતાં હસતાં સામનો કરી શકાય છે.
- એ મારા પ્રેરણાસ્ત્રોત હતા અને સદા રહેશે.
- મને એમનામાંથી ગરીબ અને બિમારની સેવા કરવાની પ્રેરણા મળી.
- કાર્યકરોનો સ્વવિકાસ તરફ તેમણે ખૂબ ધ્યાન આપ્યું.
- દાદા જયારે પણ કંઈક અમને વાત કરતાં ત્યારે એક વાત કહેતા કે જો જો આપણે બધા એકજ નાવડીમાં બેઠા છીએ. પણ આ નાવડીને ડૂબવા નથી દેવાની. એક કાણું પણ નથી પાડવા દેવાનું એક કાણાને લીધે આખી નાવડી ડૂબી જશે. આ વાત મને કાયમ યાદ રહેશે. જયાં છું ત્યાં પૂરી નિષ્ઠાથી કામ કરીશ.
- પૂ. દાદાએ “પ્રાર્થના” શબ્દનો સાચો અર્થ સમજાવ્યો. તે અર્થ ખૂબ જ સરળ અને મનને, આત્માને સ્પર્શી ગયો. તેમણે કહ્યું હતું કે પ્રાર્થના એટલે પોતાની જાત સાથે વાત કરવાની. પ્રાર્થના તો રોજ કરતી હતી પણ સાચો અર્થ તે દિવસે સમજાયો
- દરેક પ્રાણીમાત્રમાં ભગવાન સમાયેલો છે એને માન આપો, પ્રેમ કરો.
- એમનામાં પોતીકાપણાની લાગણી ખૂબ જ હતી.
- મારી બન્ને દીકરીઓનાજીવનઘડતરમાં શરૂઆત ની ટકોર કરી દિશા બદલી.
- તેઓ કહેતા ગમે તે ધર્મ પાળો, ગમે તે ઈશ્વરને માનો પણ ભગવાનની બીક રાખવી. તો જ તમારો ઉધ્ધાર થશે.

- પોતાના ભાગે આવેલું કામ, યજ્ઞ સમજીને કરીએ. એ જ જીવનને ચરિતાર્થ કરશે.
- ગરીબોનું કામ કરીશું તો સહાય મળી જ રહેશે તેવી અતૂટ શ્રધ્ધા.
- સંતોનો સતત સત્સંગ એમના થકી જ મળ્યો.
- ગમે તેવી બિમારી હોય, બેચેની હોય તો પણ પ્રાર્થના સમયે તેમની નિયમિત હાજરી ખૂબ પ્રભાવિત કરી ગઈ. તેથી મનથી મેં નિયમિત પ્રાર્થનામાં આવવાનું નકકી કર્યુ.
- મારા વતનના ઘર ધોળકા તથા સેવા રૂરલમાં જયાં રહેતી હતી બંને સ્થળે પૂ. અનિલભાઈ તથા પૂ. લતાબહેનની પધરામણી થયેલ. મને આશીર્વાદ મળેલ છે જે મારા તથા મારા પરિવાર માટે જીવનભરનું સંભારણું છે.
- અનિલભાઈ પાસેથી દયાભાવ શીખવા મળ્યો.
- સારા કામની પ્રશંસા કરી કાર્યકરને હંમેશા પ્રોત્સાહિત કરતાં.
- બીજાનું હંમેશા ભલું થાય એવી ઈચ્છાવૃતિ અને કાર્ય.
- બધું જ હોવા છતાં પણ એમનામાં જે સાદગી હતી તે જીવનમાં ઉતરવા જેવી છે.
- પોતાના ધ્યેયને પ્રામાણિકપણે વળગી રહેવાનું શીખવા મળ્યું.
- સરળ નેતૃત્વની કળા શીખવા જેવી.
- એમણે જે રસ્તો અપનાવ્યો તે ખૂબ જ અઘરો હતો પણ અડગ રહીને મૂલ્ય સાથે પૂર્ણ કર્યો.
- જે રીતે ગાંધીજીએ કહ્યું હતું કે મારું જીવન એ જ મારો સંદેશ છે. હું કહું છું કે અનિલભાઈનું જીવન એ જ એમનો સંદેશ.
- રોજ રાત્રે આખા દિવસનું કામ ભગવાનને અર્પણ કરવું.
- અહમ્‌ને ઓગાળતા જવું.
- રોજ જયાં છીએ ત્યાંથી આગળ વધવું.
- સતત ઈશ્વર સ્મરણ કરતાં રહેવું.
- નવું–નવું શીખવાની જીજ્ઞાસા રાખવી.
- જે કામ હાથમાં લો તેમાં ખૂબ ઉંડા ઊતરવું.
- ટીમમાં કામ કરવાની ટેવ
- આપણો અભિપ્રાય જુદો હોય છતાં સામૂહિક નિર્ણયને અનુસરવું.
- મન દુઃખ થયેલ વ્યકિતને કે અણગમતી વ્યકિતને પ્રાર્થનામાં / ધ્યાનમાં સામે લાવીને તેના માટે શુભ પ્રાર્થના કરવી.
- સર્વધર્મ સમભાવ
- આપ લોહચુંબક જેવા હતા. એક વખતે ચોંટી જાવ એટલે પછી છુટા ના પડાય.
- ભૌતિક વસ્તુના ટૂંકા આનંદને બદલે બીજાને મદદ કરી વિશેષ આનંદ મેળવવાનું શીખવા મળ્યું.
- Extraordinary leader, had tremendous capacity to motivate, nurture and lead.
- I learn almost all management and leadership style from him.
- ગરીબ બહેનો માટે એમના દિલમાં ભારોભાર સંવેદના, કોઈ એક કેસ સ્ટડી સાંભળી, કલ્પના કરે અને માણે–આવી સંવેદનાને પોષણ આપવામાં ખૂબ મોટો ભાગ એમણે ભજવ્યો.
- અમુક વાકયો ખૂબ અસરકર્તા રહ્યા.
  - Trust but verify
  - Don't give threat, you can't fulfill
- હોસ્પિટલમાં ફેરફાર કરવાની વાત આવી ત્યારે હું શરૂઆતમાં તૈયાર નહોતો. પણ અનિલભાઈએ કહ્યું હું તારી સાથે છું તેથી મને બળ મળ્યું અને અત્યારે એ કામ તેમના આદર્શ મુજબ હું કરી

રહ્યો છું.

- કામ કરતાં કરતાં આધ્યાત્મિક ઉન્નતિ થાય તેવા પ્રયત્નો કરવા.
- મારા દીકરા માટે અંગ્રેજીમાં સરસ બાયોડેટા બનાવી આપ્યો નોકરી માટેનાં પણ ખૂબ પ્રયત્નો કર્યા.
- કોઈપણ કામ કરો ત્યારે તેની અંદર ઉતરીને કામ કરશો તો કામ સારું થશે અને કામની સાથે ભાર ના રાખતા, આનંદમાં રહેવું.

## Extended Core Group Members ગૃપમાં ચર્ચા

આ ગૃપમાં ૧૦ સિનિયર લેવલના સભ્યો છે. અનિલભાઈ પાસેથી શું શીખવાનું હતું, તેમનાં ગયા પછી શું ધ્યાન રાખવાનું છે તેની વિસ્તૃત ચર્ચા આ ગૃપમાં થઈ જેનો સારાંશ નીચે મુજબ છે:

- તેમનામાં સમપર્ણ ભાવ અદ્દભુત હતો, તે બધાંએ શીખવા જેવો.
- પ્રાર્થના, ઉપાસના પર ખૂબ ભાર આપતાં
- જીવનમાં આવેલ દરેક કસોટીને મા એ ઝેરનો પ્યાલો આપ્યો છે તે સમજીને પચાવ્યો.
- તેમનામાં મૂલ્યો પ્રત્યેની તીવ્રતા ગજબની હતી.
- દરેક વસ્તુને / કામને આધ્યાત્મિકતા સાથે લીંક કરો, તમામ કામ સરળ થઈ જશે.
- દરેક મિટિંગમાં બધાને સાથે રાખવાનો અભિગમ છેક છેલ્લે સુધી રાખ્યો.
- તેઓ બધાને પ્રેમ–આધ્યાત્મની સાથે જોડતા. તેમનામાં ચુંબકીય આકર્ષણ હતું.
- ગરીબો માટે મારે જે કરવું પડે તે કરીશ. એવી ભાવના હતી.
- વ્યકિત વિકાસમાં ખૂબ જ રસ.
- પોતાનું Personal Example(ઉદાહરણ) આપવામાં બીલકુલ ખચકાતા નહી.
- બહેનોને ગાડીમાં હમેશાં આગળ બેસાડતાં.
- વાચન ખૂબ સારું. જનરલ વાચન, આધ્યાત્મિક વાંચન વગેરેને સરસ રીતે જોડીને વાત કરી શકતા. ઉદાહરણ આપી શકતા.
- Great Communicator.
- હંમેશા કહેતા Macro to Micro ની દિશામાં જવું, વિચારવું. પરદેશમાં કે દેશમાં શું ચાલે છે તેની સંસ્થા પર શું અસર પડશે તે વિચારતા.
- ટેકનોસેવી, મોબાઈલ (Smart) પણ શીખી લીધો અને સરસ ઉપયોગ કરતા.
- તેમનું લખાણ,ભાષા પ્રત્યેની ચીવટ અદ્દભુત હતા.
- તેમનાં મનમાં જે હોય તે જ કરે, Transperent હતાં.
- દરેક વ્યકિત કે કાર્યકરની વાતને શાંતિથી સાંભળ્યા પછી જ જવાબ આપતા.
- તેમનામાં વ્યકિતને પારખવાની અદ્દભુત શકિત હતી.
- વ્યકિત જેવો છે તેવો સ્વીકારી લેવાની વૃત્તિ હતી.
- અમારા બધા વચ્ચે જોડાણનું કામ કરતા.
- કાર્યકરોની Personal Care બહું રાખે. તરત મદદ કરે.
- આપણા બધાં માટે ખૂબ પ્રેમ હતો. સેવા રૂરલ ને આગળ લઈ જવા માટે આ જ ગ્રૂપ છે, તેનું પોષણ કરવું, સાંભળતા રહેવું તેમ વારંવાર કહેતા.
- હવે પછી ૫–૧૦ વર્ષ બે જ વસ્તુ કરીએ તો પણ બહુ છે.
  (૧) સાધના કરતા રહીએ.
  (૨) આપણે બધાં એકબીજાને પ્રેમ કરતાં રહીએ, મિત્રતા ચાલુ રાખીએ.
- કંઈ પણ કામ કરતા કરતા Habit પડે અને પછી તેની Practice થાય તેમ વારંવાર કહેતા.

- પોતે સાથે રહી બીજાને આગળ કરતા, એકબીજા ના પૂરક બનતા.
- મતભેદ અને મનભેદ વચ્ચેનો ફરક વારંવાર સમજાવતા.
- Formal & Informal વધારે મળવાનું કહેતા.
- જેવા છો તેવા જ દેખાવા પ્રયત્ન કરશો.
- સામેવાળાને આગળનું કેવી રીતે કહેવું તેની સુંદર કળા હતી.
- સેવા રૂરલનાં ભવિષ્યના નિર્ણયો પ્રત્યે ખૂબ જ સજાગ હતા.
- તેમની ગેરહાજરીમાં બહાર અને અંદર જે Challenges આવશે તેની પૂર્વ તૈયારી કરવાની રહેશે.
- અનિલભાઈ, લતાબહેનની જેમ સમાજ સાથે Dealing કરતાં તેવું હવે કોણ કરી શકે તેની ચર્ચા કરવી રહી.
- તેમની પાસેથી આપણે કોઈને મોટા કરવાનું શીખીએ.
- Out of the way જઈને કહેવામાં, અનિલભાઈ જે Balance રાખતાં તે શીખવું પડશે.

તા. ૭/૫/૨૦૧૦ના રોજ અમારી Extended Core-group meeting માં અનિલભાઈના ૭૦ વર્ષની ઉંમરે કામના સંદર્ભમાં વાત થઈ ત્યારે તેઓએ જે વાતથી તેમનો સેવાભાવ સ્પષ્ટ કર્યો; તે આજના યુવાનોને શરમાવે તેવો છે:

'અમારું પરમ સૌભાગ્ય છે કે તમે બધા અમારા કામનો વિચાર કરો છો.'

તમારા બધાનો પ્રેમ મેળવવા અમને બન્નેને લાયક ગણ્યા તે ગ્રેટ છે. અમારા પર ભગવાનની ઘણી બધી કૃપા છે. તમારા જેવા બધા મળ્યા તેથી મને (અનિલભાઈ) કામનો કોઈ ભાર લાગતો નથી. મને સખત દુઃખે છે. ડિસેબીલીટી લાગે છે. મારે આવવુ પડે છે.

મને સ્વામીજીએ લખેલુ સાચુ લાગે છે. બાળ સહજ અમે બન્ને જણાએ માની લીધેલુ. અમે અમારી જાતને ભૂલી ગયાં. આવું સુંદર કામ થાય છે તેથી અમારી આંતરિક રીતે પ્રગતિ થઈ છે. અમારા બાળકોમાં આશ્ચર્ય (ગાયત્રી સામે જોઈને) આ બધું સાચું લાગે છે. તમને વિચાર, સ્ફુરણા, પ્રેરણા આવી જાય તો કાર્ય કરજો. આ બધા કહી ગયાં તે માનજો. આજે મને સલીલ મહારાજ (સ્વામી શ્રીધરાનંદજી) અને સ્વામી આદિશ્વરાનંદજીની વાત સાચી લાગે છે. આ યાત્રા ચાલુ રાખુ છું. ૪ થી ૬ કલાકની વાત કરું છું. ૪ થી ૬ કલાક કામ કરવા તૈયાર છું. આપણા આ ગ્રૂપની જરૂરિયાત છે; તે કરવા તૈયાર છું. પહેલા કરતાં મારા દુઃખાવામાં – વલણમાં સારો એવો ફરક પડયો છે. આ યાત્રા ઘણી બધી અલભ્ય હશે તેવું લાગે છે. એટલે તેવું કામ મળે તો સારું. કામ ઓછુ તો કરવું જ છે તે માટે પ્રશ્ન નથી. પણ વ્યવસ્થાનો ભાર લાગે છે. વ્યવસ્થામાં ૫૦% કામ કરવા કહો તો રેડી છું. જયારે પણ કામ સોંપો તો ગ્રાઉન્ડ ફ્લોર પર કામ આપજો. હું સુખી છું. મારા પર ભગવાનની કૃપા છે મને મઝા જ આવી રહી છે. ગમ્મતમાં કહુ તો મયંક અને બંકિમ Maximum અમારા Contact માં છે. Problem Problem લાગતો નથી.

◈

ભાગ–૪



# અનિલભાઈને ગમતાં ભજનો

## સંગે હરિચરણમાં રહીએ

સંગે હરિચરણમાં રહીએ તમે અમે
સંગે હરિપ્રણયમાં રહીએ તમે અમે
સંગે પરાક્રમ ઘણાં કરીએ તમે અમે
તે સંગભંગ બનજો ન કદાપિ આપણો

તેજસ્વી પ્રાણવાન થાજો સદા જીવન આપણું
ન કદાપિ થજો ભિન્ન વિદ્વેષે મન આપણું

જે અંતરે કરી પ્રવેશ સૂતેલ માહી
વાણી સજીવન કરે નિજ ભર્ગ પ્રેરી
જે રોમ રોમ મહી પ્રાણ પૂરે પ્રતાપી
તે શકિતનાથ પુરુષોત્તમને પ્રણામ

## તું તારા દિલનો દીવો થાને રે

તું તારા દિલનો દીવો થાને રે
ઓરે ઓરે ઓ ભાયા,
રખે કદી તું ઉછીનાં લેતો
પારકા તેજ ને છાયા;
એ રે ઉછીનાં ખૂટી જશે ને
રહી જશે પડછાયા. તું તારા...

કોડિયું તારું કાચી માટીનું
તેલ દિવેટે છુપાયાં,
નાની શી સળી અડી ના અડી
પ્રગટે રંગ માયા. (૨) તું તારા...
આભમાં સૂરજ, ચંદ્ર ને તારા
મોટાં મોટાં તે જ રાયા;
આતમનો તારો દીવો પેટાવવા
તું વીણ સર્વ પરાયા. તું તારા...

## પ્રાણી માત્રને રક્ષણ આપ્યું

પ્રાણી માત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમસહુને
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને..
.....પ્રાણી માત્રને

જનસેવાના પાઠ શીખવ્યા, મધ્યમ માર્ગ બતાવીને
સંન્યાસીનો ધર્મ ઉજાળ્યો (૨)
વંદન કરીએ બુદ્ધતને... .....પ્રાણી માત્રને

સઘળા કામો કર્યા છતાં જે, રહ્યા હંમેશા નિર્લેપી
એવા યોગી કૃષ્ણ પ્રભુમાં (૨)
રેજો અમ મનડાં ખૂંપી... .....પ્રાણી માત્રને

પ્રેમરૂપ પ્રભુપુત્ર ઈશુ જે, ક્ષમા સિન્ધુને વંદન હો
રહમનેકીના પરમ પ્રચારક (૨)
હજરત મહંમદ દિલે રહો.... .....પ્રાણી માત્રને

જરથોસ્તીના ધર્મ ગુરૂની, પવિત્રતા ઘટમાં જાગો.
સર્વ ધર્મ સંસ્થાપક સ્મરણો (૨)
વિશ્વ શાંતિમાં ખપ લાગો... .....પ્રાણી માત્રને

# સમર્પુ મા અંબા

સમર્પુ મા અંબા નિજ સકળ તારા ચરણમાં,
સદા તારુ મીઠું સ્મરણ મુજ હૈયે રમી રહો
વિલાસોની વાંછા નવ યશ ન સિધ્ધાઈ ન ચહું,
હું તો માંગુ મારુ હૃદય તવ પ્રિત્તે નિત વહો
નિરાળો, નિર્લોભી અમલ ધવલો પ્રેમ પ્રગટે,
જગન્માતા મારું હૃદય બસ એ પ્રેમ જ રહે.
નિહાળી સોનેરી ભવવિભવની મોહ છલના,
અરે, જો જે તારો અબુધ શિશુ ભૂલો નવ પડે.
તને ભૂલે ના હો જનની પળવારે નિરખજે,
કદી કામે લોભે જીવના હરતા ઝેર ન ચડે,
ન જાણું માતા કે તુજ વિણ સહારો કંઈ નથી
અકેલી તુ મા છે અભય કર મીઠી નજરથી
ન જાણું હું તારુ પુનિત મધુરૂ નામ જપતાં
નથી ભકિત, શ્રધ્ધા તવ ચરણ પદ્મે લઈ જતાં
નથી ઊંડો સાચો રગરગ ભર્યો પ્રેમ જનની.
અધૂરો હું મારા નવ કદી વિલાપો વિરમતા
હવે ચાંપી હેતે હૃદય સરસો પ્રેમ તવ દે
કૃપા ના હો તારા કિરણ થકી નિઃસીમ વર દે.

## સત્ત કેરે પંથ જાવા હું દીવડો રે પ્રગટાવું

સત્ત કેરે પંથ જાવા હું દીવડો રે પ્રગટાવું
અંતરમાં અભિલાષ ભરીને તારે દ્વારે આવું
કાયા કેરું કોડિયું કિધું ને મનડા કેરી વાટયુ
શ્રધ્ધા કેરું તેલ રે પૂરી ઝગમગ જયોત જગાવું
ભૂલા ન પડીએ તુજ મારગ શોધતા અધવચમાં અટવાઉં અંતરમાં
અભિલાષ ભરીને તારે દ્વારે આવું

ઝંખના જેને હૈયે જાગી, રાગી થયો વિતરાગી
મહેર કરો ગુરુ અમ પર એવી કે ભવના ફેરા જાય ભાંગી
જીવન કેરી રાત અંધારી સૂજ પડે ના કયાં જાવું
અંતરમાં અભિલાષ ભરીને તારે દ્વારે આવું.

સત્ત કેરે પંથ જાવા હું દીવડો રે પ્રગટાવું
અંતરમાં અભિલાષ ભરીને તારે દ્વાર આવું.

## તારી શિતળ છાયલડીમાં

તારી શિતળ છાંયલડીમાં સૌને સુવડાવજે,
તપજે તું તારા સંતાપે એકલો............
દઘી તરવાં સાંગરનાં તેડાં સૌને કરજે
બુડી જાજે આશા ભર્યો તું એકલો......
તારી ફોરમમાં ફોરમ સૌ કોઈની ભેળવજે
તું થાજે બદબુંનો ઘણી એકલો
ફુલ ફુલના ધાવોમાં સાથીને આડી દેજે
તું સહજે ઘણાનો ધાવ એકલો.......(૨) ......તારી.....

કોઈ નિર્દોષી ફાંસીએ લટકેલને જીવાડી
ચડી જાજે સુળી પર તું એકલો
તારા વસ્ત્રોની પાંખે જગને ઢાંકી દેજે.
બસ રહેજે ઉઘાડો તું એકલો....... (૨) ......તારી.....

ખુસખુસના મેવા સૌની આગળ ધરી દેજે
ભરી લેજે ઉનો નિઃસાસો એકલો
તારા વૈકુંઠને કેડે જગને તેડા કરજે
બસ જાજે દોજખમાં તું એકલો......(૨) ......તારી.....

ચીરંજીવીઓને ધરણીના છેડા દઈ દેજે
કરી લેજે કાચી મઢુલી એકલો
રણ લડતાંલથડતાં શત્રુને સેવા દેજે
તું હસ–જે હારીને હૈયે એકલો..... (૨) ......તારી.....

તારા હંસના ટોળામાં સૌ કોઈને ભેળવજે
બસ રહેજે તું તારે કાગ એકલો
તારા સુંદર વાજીંત્રો મિત્રોને દઈ દેજે
લઈ લેજે તારો તંબુરો એકલો.....(૨) ......તારી......

હુંશિયારીની ગાંસડીઓ સૌને બંધાવજે
છેતરાજે સમજયા છતા તું એકલો
ચૌદ રત્નો મંથનમાં વિષ્ણુ ને દઈ દેજે
શિવ થાજે સાગર કિનારે એકલો....(૨) .......તારી......

# મ્હાંને ચાકર રાખોજી

મ્હાંને ચાકર રાખોજી, ગિરિધારી લાલા, ચાકર રાખો જી.

ચાકર રહસૂં, બાગ લગાસૂં, નિત ઊઠ દરસન પાસૂં;
વૃંદાવનકી કુંજ ગલિનમેં ગોવિંદ લીલાં ગાસૂં. ....મ્હાંને

ચાકરીમેં દરસન પાઊં, સુમિરન પાઊં ખરચી;
ભાવ–ભગતિ જાગીરી પાઊં, તીનોં બાતાં સરસી. ....મ્હાંને

મોર મુગટ, પીતાંબર સોહે, ગલે બૈજંતી માલા;
વૃંદાવનમેં ધેનુ ચરાવે મોહન મુરલીવાલા. ....મ્હાંને

ઊંચે ઊંચે મહલ બનાઊં, બિચ બિચ રાખૂં બારી;
સાવરિયાં કે દરસન પાઊં, પહિર કુસુમ્બી સારી ....મ્હાંને

જોગી આયા જોગ કરનકૂં, તપ કરને સંન્યાસી;
હરિ–ભજનકૂં સાધુ આયે, વૃંદાવન કે વાસી. ....મ્હાંને

મીરાં કે પ્રભુ ગહિર ગંભીરા, હૃદે રહો જી ધીરા;
આધી રાત પ્રભુ દરસન દીન્હોં, જમુનાજી કે તીરા. ...મ્હાંને

**(મીરાબાઈ)**

## વૈષ્ણવજન તો તેને રે કહીએ...

વૈષ્ણવજન તો તેને કહીએ...
        જે પીડ પરાઈ જાણે રે

પર દુઃખે ઉપકાર કરે તોયે
        મન અભિમાન ન આણે રે...    વૈષ્ણવજન

સકળલોકમાં સહુને વંદે
        નિંદા ન કરે કેની રે..
વાચ કાછ મન નિશ્ચળ રાખે.....(૨)
        ધન ધન જનની તેની રે...    વૈષ્ણવજન

સમદષ્ટિને તૃષ્ણાત્યાગી
        પરસ્ત્રી જેને માત રે....
જીહ્વા થકી અસત્ય ન બોલે.....(૨)
        પરધન નવઝાલે હાથ રે...    વૈષ્ણવજન

મોહમાયા વ્યાપે નહિ જેને,
        દ્દઢ વૈરાગ્ય જેના મનમાંરે,
રામનામ શું તાળી રે લાગી.....(૨)
        સકળ તીરથ તેના તનમાંરે...    વૈષ્ણવજન

વણલોભીને કપટ રહિત છે,
        કામ–ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં...(૨)
        કુળ ઈકોતેર તાર્યા રે...    વૈષ્ણવજન

**( નરસિંહ મહેતા )**

## મૌંકો કહાં ઢૂંઢો બંદે

( ઉપાય : શ્રદ્ધા )

મૌંકો કહાં ઢૂંઢો બંદે, મૈં તો તેરે પાસ મોં–
ન હૌં યે મૈં ઝઘડી બીગડી, ના છૂરી ઘડાસમોં,
ન હૌં યે મૈં ખોલ રોમમોં, ન હડ્ડી ન માંસ મોં–
ન દેવરમોં, ન મસ્જિદમોં, ન કાશી કૈલાસમોં;
ન હૌં મૈં અવધ દ્વારકા, મેરી ભેટ વિશ્વાસમોં–
ન હૌં મૈંક્રિયા કરમમેં, ન યોગ વૈરાગ્ય સંન્યાસમોં,
ખોજેગા તો અબ મિલૂંગા, પલભરકી તલાશમોં–
શહરસે બહાર ડેરા હમારા, કુટિયાં મેરી મોં વાસમોં,
કહત કબીરા સુનો ભાઈ સાધો, સબ સંતનકી સાથમોં–

( કબીર )

## સકળ તમારી ઈચ્છા

સકળ તમારી ઈચ્છા, ઈચ્છામયી તારા તમે,
તવ કર્મ તમે કરો, લોકો બોલે કરીએ અમે....સકળ
પંકમાંહી બાંધો હાથી, પંગુથી ઓળંગાવો ગિરિ;
કોઈને આપો બ્રહ્મપદ; કોઈને કરો અધોગામી....સકળ
અમે યંત્ર, તમે ચાલક, અમે ઘર, તમે માલિક;
અમે રથ, તમે રથી;, ચલાવો જેમ, તેમ ચાલી....સકળ

## ભૂલુ નહિ શયને કે સપને

ના દો તો પ્રભુ, ભલે ન દેશો, દર્શન તમારાં,
આ ને આ જન્મે મારા.
મિલન હજુ નથી થયું તમારું, એના ભણકારા
રહેજો અંતરમાં મારા.
ભૂલું નહિ શયને કે સપને
શલ્ય જેવા સાલો મનને
મિલન હજુ નથી થયું તમારૂં, એના ભણકારા. રહેજો.

આ સંસારી ગુજરીમાં મુજ ઝાઝા કે થોડા,
ગુજરજો જીવનના દહાડા,
ઘનના ગના વડે ભરાજો હાથ ભલે મારા,
લાઘજો સુખ અપરંપારા,
ખરી કમાણી કશી ન થઈ હજુ એના ભણકારા. રહેજો.

વાટ વચ્ચે ભરાય અંગો આળસથી મારાં
વધે નહિ આગળ પગ મારા
ભોંય પર હું ભલે પડી રહું, ગાત્રો આ મારાં
પસારીને હિંમતહારા,
આખી વાટ હજુ રહી બાકી એના ભણકારા. રહેજો.

મંગળ વાદ્યો મચી રહે ને આનંદ ફુવારા
ભરી દે મંદિરિયાંમારાં,
ઓચ્છવ રંગે ભલે જ રમીએ ઘરનાં જન સારાં,
સજીને શણગારો સારા,
તમે હજુ ઘેર નથી પધાર્યા એના ભણકારા. રહેજો.

## પ્રેમ મુદિત મનસે કહો રામ રામ રામ

પ્રેમ મુદિત મનસે કહો રામ રામ રામ,
શ્રી રામ રામ રામ, શ્રી રામ રામ રામ ॥

પાપ કટે દુ:ખ મિટે લે કે રામનામ,
ભવસમુદ્ર સુખદ નાવ એક રામનામ ॥

પરમ ભકિત સુખ નિધાન નિત્ય રામનામ,
નિરાધાર કો આધાર એક રામનામ ॥

સંત હૃદય સદા બસત એક રામનામ,
પરમ ગુપ્ત પરમ ઈષ્ટ મંત્ર રામનામ ॥

મહાદેવ સતત જપત દિવ્ય રામનામ,
કાલ શમત ભીત સતત કહત રામનામ ॥

માતા પિતા બંધુ સખા સબહિ રામનામ,
ભકતજન જીવનધન એક રામનામ ॥

## જૂનું તો થયું

જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું.
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહ્યું. ....મારો

તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે,
ઊડી ગયો હંસ, પીંજર પડી રહ્યું. ....મારો


બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ રે,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં. ....મારો

**(મીરાબાઈ)**

## ભાગ–૫



# ડૉ. અનિલભાઈ : તસવીર સ્વરૂપે




આર્મીના અનિલભાઈ




આર્મીમાં મિત્રો સાથે અનિલભાઈ



બા–બાપુજી, જેમણે  અનિલભાઈનો  દિકરા તરીકે ઉછેર કર્યો




લતાબહેન સાથે શરૂઆતનાં વર્ષો દરમિયાન અનિલભાઈ




રાજઘાટ ખાતે અનિલભાઈ અને લતાબહેન કે જયારે તેઓ આર્મીમાં હતાં



અમેરિકામાં શરૂઆતના વર્ષો ૧૯૭૦–૭૯



રામકૃષ્ણ મઠ અને મિશનના દસમા અધ્યક્ષ,
સ્વામી વિરેશ્વરાનંદજી મહારાજ,
અનિલભાઈ – લતાબહેનના ગુરુદેવ.



રામકૃષ્ણ મઠ અને મિશનના પંદરમા અધ્યક્ષ,
સ્વામી આત્મસ્થાનંદજી મહારાજ,
અનિલભાઈ – લતાબહેનને સતત આશીર્વાદ આપનાર.



વેદાંત સોસાયટી ન્યૂયોર્કમાં પૂ. સ્વામીશ્રી આદિશ્વરાનંદજીના સાંનિધ્યમાં
અનિલભાઈ, લતાબહેન અને મિત્રો



પ્રેરણાતીર્થ : પૂ. સ્વામીશ્રી આદિશ્વરાનંદજીની સાથે અનિલભાઈ, ન્યૂયોર્ક



અનિલભાઈ અને લતાબહેન – અવિરત સંવાદ



સેવા રૂરલનાં શરૂઆતનાં વર્ષો દરમિયાન મિટિંગમાં



સેવા રૂરલના કાર્યકરો સાથે અનિલભાઈ



એમિટી શાળામાં  વાર્ષિક  ઈનામ વિતરણ સમારંભમાં  અતિથિ વિશેષ પદે પધારેલ
ડૉ. અનિલભાઈ દેસાઈ (તા. ૧૮–૦૩–૧૯૮૭)



રામકૃષ્ણ મિશનના સંતોને આવકારવામાં ધન્યતા અનુભવતા અનિલભાઈ અને લતાબહેન



દેડીયાપાડા વિસ્તારમાં સેવા રૂરલના નવા સોપાન પ્રસંગે આ ઉંમરે પણ ઉત્સાહથી ભરપુર




રામકૃષ્ણ મિશનના પૂ. સ્વામીશ્રી  શ્રીધરાનંદજી મહારાજ સાથે
૧૯૬૫થી જીવંતપર્યંત ગાઢ આદરસભર નાતો રહ્યો



સેવા રૂરલમાં 'રમજાન ઈદ'ની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા
ઝઘડિયા સ્થિત કાયામુદ્દિનબાવા સાહેબના પીરજાદા / રફીકુદ્દિનબાવા સાહેબ




જવલ્લે જ ઉદ્‌બોધન કરતાં અનિલભાઈ વર્ષ – ૨૦૧૫




સેવા રૂરલના ૩૫માં વાર્ષિકોત્સવ પ્રસંગે, 'ધન્યતાની કેડીએ, એકબીજાને સથવારે'
પુસ્તિકાનું વિમોચન કરતાં સૌ સ્થાપક ટ્રસ્ટીઓ, વર્ષ ૨૦૧૫



જનરલ ઑપરેશન થિયેટરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઈશ્વરકૃપા યાચતા અનિલભાઈ



પરિવાર સાથે



પૌત્ર  આર્જવ સાથે હાસ્યભર્યું વાંચન



સેવા રૂરલના  કાર્યકરોના યુવાન સંતાનો સાથે



આધ્યાત્મિક શિબિરમાં અનિલભાઈ અને પૂ. સ્વામી બ્રહ્મેશાનંદજી
અને પૂ. સ્વામીશ્રી  રાઘવેન્દ્રાનંદજીના સાંનિધ્યમાં



એક માંદગી બાદ



આનંદમાં રહેવું રે... અનિલભાઈ – લતાબહેન



અસત્યો માંહેથી  પ્રભુ પરમ સત્યે  તું લઈ જા......
જન્મ તારીખ : ૨૦–૧૧–૧૯૪૧ મહાપ્રયાણ : તા. ૧૬–૪–૨૦૧૯



ભકત મીરાંબાઈનાં ભજનો અનિલભાઈને પ્રિય હતાં.
મીરાંબાઈનો ઝેરનો કટોરો પીવાનો કિસ્સો કે
જેમાં મીરાંબાઈનો ઈશ્વર પ્રત્યેનો સંપૂર્ણ સમર્પણભાવ જોવા
મળે છે, તે કિસ્સો અનિલભાઈના મનોજગતમાં કેન્દ્રમાં રહયો છે.

હું એ માર્ગ જાણું છું.
એ માર્ગ તલવારની ધાર જેવો
તીક્ષ્ણ અને સાંકડો છે
એના પર ચાલતા હું આનંદ અનુભવુ છું.
જયારે એ માર્ગથી ચલિત થાઉ છું
ત્યારે હું રોઉ છું.
ઈશ્વરનું વચન છે –
'જે શુભનિષ્ઠાથી પ્રયત્ન કરે છે,
તેનો કદી નાશ થતો નથી.'
મને એ વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા છે.
તેથી હું મારી નબળાઈને લીધે
ભલે, હજારોવાર ચલિત થાઉં
પરંતુ હું શ્રદ્ધા ગુમાવીશ નહીં,
અને મને આશા છે કે
એક દિવસ એવો જરૂર આવશે
જયારે મને
આ દિશામાં પ્રકાશ લાધશે.

મહાત્મા ગાંધી

# અમારા પ્રેરણાસ્ત્રોત

સ્વામી વિવેકાનંદે "દરિદ્રનારાયણની સેવા એ જ સાચી પૂજા"
કર્મયોગનો મંત્ર પ્રસ્થાપિત કર્યો.
શ્રી રામકૃષ્ણ દેવે વિવિધ ધર્મોની સાધના દ્વારા ફલિત કર્યું કે
દરેક પંથ એક જ પરમ તત્વને પામવાના જુદા જુદા રસ્તા માત્ર છે.
મા શારદાએ પ્રેમ, કરૂણા અને ત્યાગ દ્વારા વ્યાપક માતૃભાવ અને
નેતૃત્વ શકિતનો આદર્શ પૂરો પાડયો.
મહાત્મા ગાંધીએ મૂલ્યનિષ્ઠ જીવન દ્વારા ગામડાના વંચિત સમાજ માટે
સતત કાર્યરત રહેવાનો સંદેશો આપ્યો.
....જીવન અંજલિ થાજો !...


પ્રકાશક :

**સેવા રૂરલ**

ઝઘડિયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત

**E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http://www.facebook.com/sewarural**
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૭૮૭૭૦૭૪ (મયંકભાઈ પંડયા)